ISSN 2454-7697
RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 5 • ISSUE : 9 • DECEMBER 2017 • PAGES 60 • PRICE 30/-
ગુજરાતી-અંગ્રેજી વર્ષ - ૫ (કુલ વર્ષ ૬૫) અંક-૯ • ડિસેમ્બર ૨૦૧૭ • પાનાં ૬૦ • કિંમત રૂા. ૩૦/-



## જિન-વચન

समयाए समणो होई बंभचेरेण बंभणो।
नाणेण उ मुनि होइ तवेण होइ तावसो।।

One become a monk by equanimity; a Brahmana by practising celibacy; an ascetic by acquiring knowledge and a Tapasa by penance.

समता से श्रमण होता है। ब्रह्मचर्य के पालन से ब्राह्मण होता है। ज्ञान से मुनि होता है और तपसे तापस होता है।

સમતાથી સાધુ થવાય છે; બ્રહ્મચર્યના પાલનથી બ્રાહ્મણ થવાય છે; જ્ઞાનપ્રાપ્તિથી મુનિ થવાય છે અને તપશ્ચર્યા કરવાથી તાપસ થવાય છે.

ડૉ. રમણલાલ ચી. શાહ 'જિન વચન' ગ્રંથિત માંથી

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૭માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૫માં વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૫.
- કુલ ૬૫મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબસાઈટ ઉપરથી જોઈ સાંભળી શકશો.
- 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

## પૂર્વ તંત્રી મહાશયો

| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |

## આચમન

### સતયુગ અને કળજુગ સાથે સાથે

એક પર્વત પર બે મિત્રો બેઠા હતા. કળજુગ અને સત્યુગ. મને નવાઈ લાગી તેથી પૂછ્યું - આપ બંને સાથે કેવી રીતે? તમે બે તો એકબીજાના વિરોધી ગણાવ છો. સત્યુગ હોય ત્યારે કળજુગના હોય અને કળદજુગ હોય ત્યારે સત્ યુગ ના હોય. હાલમાં તો કળજુગ ચાલે છે ને?

બંને બોલ્યા - અમારે એકબીજા સાથે કોઈ અણબનાવ નથી. હળીમળીને રહીએ છીએ. લોકો જેને સત્યુગ કહે છે તેમાં પણ સાથે હતા અને આજે જેને લોકો કળજુગ કહે છે તેમાં પણ સાથેજ છીએ. સાથે રહેવામાં કોઈ તકલીફ નથી.


મેં પૂછ્યું કે તો પછી લોકો જેને કળજુગ કહે છે તેનું કારણ શું?

બંને એ કહ્યું કે એ તો એક બહાનું છે. જે લોકો પવિત્રતા (વીતરાગતા) માટે પુરૂષાર્થ નથી કરવા માગતા તેઓનું પોતાના બચાવ માટેનું આ એક કારણ છે, - ''હાલમાં કળજુગ છે તેમાં કોઈ પવિત્ર રહી શકતું નથી.'' બહાના માસ્તર માટે હંમેશા કળજુગ હોય છે. જેઓ પુરૂષાર્થ કરવા માગે છે તેમના માટે સદા સત્યુગજ છે. મેં કહ્યું - બંને સાથે મળીને ઘોષણા કરો કે હાલમાં સત્યુગ અને કળજુગ બંને સાથે છે તો લોકોની ભ્રમણા દૂર થશે અને પવિત્ર બનવાનો ઉત્સાહ જાગશે.

હિંદી : સંત અમિતાભ   અનુ. : પુષ્પાબેન પરીખ

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | જીવન પીંછીના લસરકા... | ડૉ. સેજલ શાહ | ૩ |
| ૨. | વિપશ્યના સાધના અને તેનું વૈજ્ઞાનિક સ્વરૂપ | આચાર્ય શ્રી વિજય નંદીઘોષ સુરિજી | ૬ |
| ૩. | ભૌતિક ભોગવટાની ભીતરમાં | પૂ. આચાર્યશ્રી વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મ. | ૮ |
| ૪. | મહાત્મા ગાંધી : જીવનના કલાકાર | રમેશ સંઘવી | ૧૦ |
| ૫. | ધર્મ માત્ર - દિલની ધડકન | મીરાં ભટ્ટ | ૧૪ |
| ૬. | ભુતાન પ્રવાસના સંસ્મરણો : ૩ | કિશોરસિંહ સોલંકી | ૧૬ |
| ૭. | તપની શુદ્ધ પ્રક્રિયા | ડૉ. છાયા શાહ | ૧૯ |
| ૮. | જિનાગમ : આત્મદર્શનનો અરીસો | પારૂલબેન ભરતકુમાર ગાંધી | ૨૦ |
| ૯. | શંખેશ્વર - એક વિશિષ્ટ મહાતીર્થ | આરતી ત્રિવેદી | ૨૪ |
| ૧૦. | ''રાજ'' માર્ગ એકજ | જયકાન્ત એસ. ઘેલાણી | ૩૦ |
| ૧૧. | ઉપનિષદમાં પાંક્તવિદ્યા | ડૉ. નરેશ વેદ | ૩૧ |
| ૧૨. | અભ્યંતર તપ - સ્વાધ્યાય-ધ્યાન અને કાયોત્સર્ગ | સુબોધીબેન સતીશ મસાલીઆ | ૩૪ |
| ૧૩. | ન્યાયતીર્થ, ન્યાયવિશારદ મુનિરાજ શ્રી ન્યાયવિજયજી : ક્રાંતિકારી સાધુ | આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી | ૩૭ |
| ૧૪. | ઈમોનેશલ મધર અને ડિવાઈન ફાધર...! | ડૉ. ભદ્રાયુ વછરાજાની | ૩૯ |
| ૧૫. | ૧૯૪૩થી ૧૯૪૮ : મહાત્માની આખરી તાવણી અને ચિરવિદાય | સોનલ પરીખ | ૪૧ |
| ૧૬. | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૪૨ |
| ૧૭. | ભાવ-પ્રતિભાવ | — | ૪૪ |
| ૧૮. | સંસ્થા સમાચાર | — | ૪૭ |
| ૧૯. | જ્ઞાન-સંવાદ | ડૉ. પાર્વતીબેન ખીરાણી | ૫૦ |
| ૨૦. | મનુષ્ય જીવન અને મરણ | નટવરભાઈ દેસાઈ | ૫૨ |
| ૨૧. | Aparigraha in Jainism | Prof. Sagarmal Jain | ૫૩ |
| ૨૨. | Obstinacy to yourself...through "TRUE MIRROR"! | Prachi Dhanvant Shah | ૫૫ |
| ૨૩. | Jainism Through Ages | Dr. Kamini Gogri | ૫૭ |
| ૨૪. | જો હોય મારો અંતિમ પત્ર તો... | ધીરુ પરીખ | ૬૦ |

### મુખપૃષ્ઠ

वाग्वादिनी नमस्तुभ्यं वीणापुस्तकधारिणी।
मह्यं देहि वरं नित्यं हृदयेषु प्रमोदतः ।।१।।
काश्मीरमण्डनी देवी हंसस्कन्धसुवाहने।
ममाऽज्ञानं विनाशाय कवित्वं देहि मे वरम् ।।२।।

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા

(પ્રારંભ સન ૧૯૨૯ થી)

# પ્રબુદ્ધ જીવન

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-    વિક્રમ સંવત ૨૦૭૪ • વીર સંવત ૨૫૪૪ • માગશર વદ -૧૩

માનદ તંત્રી : ડૉ. સેજલ શાહ

**તંત્રી સ્થાનેથી...**

## જીવન પીંછીના લસરકા...

બાળકના જન્મોત્સવને રંગેચંગે પાર પાડ્યો. માતા-પિતાએ અઢળક મહેમાનોને બોલાવ્યા હતા. નામ પાડવાથી લઈ બધી જ બાબતોમાં માતા-પિતાએ નાનામાં નાની બાબતોનું ધ્યાન રાખ્યું હતું.

નામ પણ કેટલું સુંદર પાડ્યું, 'તથાગત', ધીરેધીરે 'તથાગત' ભાઈને સ્કુલે મોકલ્યા, સારામાં સારી સ્કુલ, માતા-પિતાનો ઈન્ટરવ્યુ લેવાયો. આગલે દિવસે જીવનની પરીક્ષા ન હોય, તેમ બંને જણાં ખૂબ જ ટેન્શનમાં હતા. સ્કુલમાં પ્રવેશ મળી ગયો અને માતા-પિતાએ, પણ જાણે એક પડાવ પાર કર્યો ન હોય! સ્કુલના અંતિમ વર્ષે દસમાં ધોરણની પરીક્ષા, બોર્ડની પરીક્ષા, જાણે માતાપિતાનું જ બોર્ડ. આઠમા ધોરણથી જ ચર્ચાઓ થવા માંડી, 'તથાગત શું બનશે?' તથાગતનું ડ્રોઈંગ બહુ સારું છે. એને એન્જીનીયર બનાવો! ના, ના તથાગત નાનો હતો ત્યારે સ્ટેથોસ્કોપ હાથમાં પકડીને સૂઈ જતો, એને ડોક્ટર બનાવો. ના, ના તથાગતને વકીલ પણ બનાવી શકાય.. ના ના તેને ફાઈનાન્સ મેનેજમેન્ટમાં મૂકો.... અઢળક અવાજોથી ઘર ભરાઈ જતું. તથાગત મમ્મીને કહેતો, 'હું નીચે રમવા જાઉં છું' અને તે રમવા ચાલ્યો જતો. ઘરમાં બધા જ તથાગતે શું બનવું જોઈએ, શું બનશે તેની ચર્ચા કરતાં. દસમા ધોરણની બોર્ડની પરીક્ષા આવી, તથાગત બહુ જ સારા માર્ક પાસ થયો, તથાગતને એન્જીનીયર બનાવવો, એવું નક્કી થયું. તથાગત એન્જીનીયર બની ગયો. તથાગતનું જીવન પણ, હવે પેલા નિશ્ચિત ચોકઠામાં ગોઠવાવા માંડયુ. તથાગત સારી નોકરીએ ચઢી, સારી રીતે ગોઠવાઈ ગયો. પછી મા-બાપે એનું પણ ગોઠવી નાખ્યું અને હવે તથાગતના ઘરે પણ બાળકો થયા.

એક દિવસ કોઈએ પૂછ્યું, 'તથાગતના બાળકો શું બનશે?' હજી કોઈ જવાબ આપે, એ પહેલાં જ તથાગત બોલ્યો, 'આ ઘરમાં હવેથી કોઈએ પ્રશ્ન ચર્ચવાનો નથી!'

તથાગતના બાળકો એ જ બનશે, જે એમને બનવું હશે. પણ તથાગત પોતાના બાળકોને સૌથી પહેલાં 'સારા માણસ' બનાવશે.

આ છે આપણું જીવન! ઘાંચીના બળદની જેમ નક્કી કરેલા વર્તુળમાં ચાલ્યા કરે, બળદને ખ્યાલ ન આવે એમ એમની આંખે પાટા બાંધી દેવાય, અને આખી જિંદગી તેલ પીલાવ્યા કરે.

સમાજ બાળકોને 'સ્વપ્નો' આપે અને બાળકો એ 'સ્વપ્નનો'

**આ અંકના સૌજન્યદાતા**

**પુણ્ય સ્મૃતિ**

**પિતાશ્રી શ્રી દીપચંદ ગાર્ડી**

**હસ્તે**

**શ્રી હસમુખભાઈ દીપચંદ ગાર્ડી**

**વિજય ફ. દોશી**

**( Vijay F. Doshi)**

**ની પ્રેમાળ સ્મૃતિમાં**

**શાર્લેટ, નોર્થ કેરોલાઈના-અમેરિકા**

**હસ્તે**

**નલિની, માલવ, મોના અને અંજન**

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટેલિફોન :૨૩૮૨૦૨૯૬
• ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. 0039201 000 20260, બેન્ક ઓફ ઇન્ડિયા IFSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

ભાર ઉપાડી ચાલ્યા કરે, એક પછી એક પરીક્ષાઓ પસાર કર્યે જાય અને નક્કી કરેલાં જીવનની રૂપરેખા અનુસાર ચાલ્યાં કરે, અને છેવટે એક દિવસ ૬૦-૭૦ માં વર્ષે વિચારે કે મેં તો આખી જિંદગી આ જ ભાર વેઢાર્યો પણ મારે તો એમ નહોતું કરવું!!!

દરેક માતા-પિતા પોતાના બાળકોને સ્વપ્ન આપતા હોય છે અને એ સ્વપ્નના બોજથી બાળકની નિર્દોષતા હણાય છે પછી, યુવાની અને પછી આખું જીવન એ સ્વપ્નને સાકાર કરવામાં નીકળી જાય છે. આપણા દરેક સ્વપ્નનું સીધુ સંધાન આર્થિક સ્વતંત્રતા છે, પૈસાદાર બનવાનું સ્વપ્ન સમાજ દ્વારા અપાય છે, ભૌતિક સમૃધ્ધિનું સ્વપ્ન અપાય છે.

આપણે સંસ્કાર, સંસ્કૃતિ, મૂલ્યની વાવણી કેમ નથી કરતાં? વૃધ્ધાવસ્થામાં બાળકો મા-બાપને ધિક્કારે છે કારણ આ જ બાળકોને સમાજે શીખવાડ્યું છે કે જે પ્રોડક્ટીવ નથી તે કામનું નથી. તેથી બાળકોને વૃધ્ધાવસ્થા પ્રોડક્ટીવ લાગતી નથી. પરંતુ જો નાનપણમાં જ એમ રોપાયું હોત કે મનુષ્યના મનુષ્ય સાથેના વ્યવહારમાં સંવાદિતા હોવી જોઈએ. મનુષ્ય માટે મનુષ્યનો સંબંધ મહત્વનો છે.

જેટલા સ્વપ્નો આપણે ભૌતિક સમૃધ્ધિ અને અંગ્રેજી સંસ્કૃતિના રોપ્યાં, તેટલાં સ્વપ્નો આપણે સભ્યતા અને માતૃભૂમિનાં રોપ્યાં હોત તો મનુષ્યની કિંમત ભૌતિકતાથી ન તોલાતી હોત!

બાળકને પ્રકૃતિની નિકટ લઈ જનાર બાળકને આકાશના રંગો દેખાડનાર, બાળકને ક્ષિતિજની સુંદરતા દેખાડનાર-મા-બાપોની એક આખી પેઢી ખોવાઈ ગઈ છે. બધાને જ મશીનમાં ઉચ્ચતમ ફીટીંગ કરીને પરફેક્ટ પ્રોડક્ટ બનાવવું છે, તે 'સંપત્તિ' જન્માવામાં કેટલું સહાયક બને છે, એ પ્રમાણે એની માર્કેટ વેલ્યુ નક્કી થાય છે! અને આવું વાતાવરણ જન્માવનાર એક આખી પેઢીને પોતાના આ કર્તૃત્વના ફળ મળી રહ્યા છે. ભૌતિક સંપત્તિનું મહત્વ વધી ગયું છે. મનુષ્યનું મહત્વ ઘટી ગયું છે. મનુષ્યનું મૂલ્ય **'સંપત્તિ'** આધારિત છે, જેનો પ્રવેશ કુટુંબમાં પણ થઈ ગયો છે.

ખેર, આ તો આપણે જ સર્જેલો સમાજ છે. **'આપણા સ્વપ્નબીજ-માંથી જન્મેલો સમાજ.'**

સ્વપ્ન શું છે? અને જીવનમાં આપણે શું હસ્તગત કરવા માંગીએ છીએ? એ સવાલ કદી કોઈએ, કોઈને પૂછ્યો નથી. તમારું જીવન 'સ્વપ્ન' શું છે? બીજનું રોપણ, એનું ફળમાં રૂપાંતર અને એ સર્જનથી તૈયાર થતો સમાજ, જે આપણું જ સર્જન છે. જેમાં આપણે જીવીએ છીએ અને એની જ ફરિયાદ કરીએ છીએ, આપણી આપણા સર્જન સામેની આ ફરિયાદ છે, એવું એકવાર સમજ્યા પછી, આપણી કેળવણી બદલાશે, કદાચ, ફરી પાછો એ સમાજ આવશે જેવો આપણે ઈચ્છીએ છીએ. પ્રત્યેક ફરિયાદ, એ આપણી જ પ્રતિક્રિયાનું પ્રતિબિંબ હોય છે. જગતમાં કોઈપણ બાબત, કારણ વગર નથી થતી. તર્કવિચારણા કહે છે કે જે બને છે તેની પાછળ કારણ હોય છે.

આજનો સમાજ, આજના પર્યાવરણના પ્રશ્નો, વૃધ્ધાવસ્થાના પ્રશ્નો, મનુષ્યની એકલતાના પ્રશ્નોનું મૂળ, આપણા જ કર્મો સાથે જોડાયેલું છે, ચાલો ફરી ચિંતવીએ કે આ સમાજ, જેની સામે ફરિયાદ છે, તેને હાનિ પહોંચાડવામાં મેં શું ફાળો ભજવ્યો? અને હવે હું શું કરી શકીશ?

✦✦✦✦✦

સંવાદ કોની સાથે કરી શકાય? તમારી સાથે, જાત સાથે, પુસ્તકો સાથે? કોણ મનને શાતા આપે છે મનુષ્ય? આકાશ કે દરિયો? કે કવિતા?

આમ તો દરેક વખતે સંવાદ શરૂ કરીએ છીએ ત્યારે લાગે છે કે આપણે એકબીજા સાથે સંવાદ કરતાં હોઈએ છીએ, પરંતુ સાવ સાચું તો એ છે કે આપણે આપણા મંતવ્યો, ભ્રમો, માન્યતાઓ, અહ્‌મ અને વિચારોને આધારે, નક્કી કરેલા શબ્દોને વ્યક્ત કરતાં હોઈએ છીએ અને માનીએ છીએ કે સંવાદ કરીએ છીએ. સંવાદનો એક અર્થ સાંભળવું, સમજવું અને સમાંતર ભૂમિકાએ કયાંક જોડાવું પણ મોટા ભાગે 'સંવાદ' શબ્દને અધકચરી ભૂમિકાએ સ્વીકારી આગળ ધપાય છે.

આત્મા સાથેનો સંવાદ, પરમાત્મા સાથેનો સંવાદ, મનુષ્ય સાથેનો સંવાદ પણ એ અહિંસક હોવો જોઈએ, અને સંવાદિતા રચાય, ત્યારે સંવાદ સાર્થક થાય.

✦✦✦✦✦

***ઘડીભર રોકાઈને આપણે આપણા***
***સ્વપ્ન સાથે સંવાદ રચી લઈએ.***
***ઘડીભર રોકાઈને આપણે આપણા***
***મન સાથે સંવાદ રચી લઈએ.***
***ઘડીભર રોકાઈને જીવન સામે જ ઊભું છે, તેને મળી લઈએ,***
***ઘડીભર રોકાઈને જે નહોતું ગમતું તેને વીતી જવા દઈએ,***
***ઘડીભર રોકાઈને આ ઘોંઘાટને થંભી જવા દઈએ,***
***ઘડીભર રોકાઈને આ શબ્દોને પણ વહી જવા દઈએ,***
***અંદરથી એક નાદ સંભળાય છે,***
***અંદરથી એક સાદ સંભળાય છે...***
***ઘડીભર રોકાઈને ચાલ ખુદને મળી લઈએ.***

✦✦✦✦✦

લખાણ સાધના હોય છે. કાગળ પર ઉતરતો પ્રત્યેક શબ્દ અંતરના ઊંડાણના **'નીતરતા નીર'** હોય છે. ઘણીવાર આ શબ્દ યોગ્ય પરિપાટીના અભાવે પાછો ઊછળીને સામે આવે છે, તો ઘણીવાર આ શબ્દ સામેના હૃદયને ભીંજવી દેતો હોય છે. સૃષ્ટિમાંથી જન્મતા પ્રત્યેક વિચારનું નિમિત્ત હોય છે. એક વિચાર-સાધના સુધી લઈ જાય અને તેનું નિમિત્ત 'શબ્દ' બને, એનાથી મોટું સુખ કયું હોઈ

શકે ? 'પ્રબુધ્ધ જીવન' આપણા આંતરનાદનું, આંતરસંવાદનું માધ્યમ છે. આ માધ્યમ આપણા નેહને અંદરથી પવિત્ર કરે, અંદરથી સૌહર્દપૂર્ણ બનાવે, એવો પ્રયત્ન રહ્યો છે.

આજે માણસ બીજા માણસ સાથે વાત કરતી વખતે ડિપ્લોમેટીક બની જતો હોય છે. વ્યક્તિ માટે વ્યક્તિ નહી, સંજોગો મહત્વના છે. સંજોગો મનુષ્યને કાબુ કરે તેમ નહી, પરંતુ મનુષ્ય સંજોગોને કાબૂ કરે, તેમ હોવું જોઈએ. પરંતુ મનુષ્ય સંજોગોને તાબે થઈ જાય છે. વ્યક્તિ પોતાના સ્વાર્થ માટે અન્યનો ઉપયોગ કરતાં અચકાતી નથી અને સમય આવે ઈર્ષાબળથી પ્રેરાઈને એને નીચી દેખાડવાનો પ્રયત્ન કરે છે. મનુષ્ય-વ્યવહારનો આવો દંભ ચારેકોર પડઘાઈ રહ્યો હોય ત્યારે મન કલૂષિત થઈ જાય છે. સંવેદનશીલ મન ખિન્ન બનીને પોતાને સમેટી લેવાનો પ્રયત્ન કરે છે પણ દરેક વખતે આકાશનો નાદ, સમુદ્રનો લય, પવનના હેલો મનને કહે છે, **'એક પ્રયત્ન કરી જો...'** કદાચ આ વખતે સંવાદ રચી શકાશે. કદાચ આ વખતે દંભ વગરના મૈત્રીભાવનું વિશ્વ રચાશે અને ફરી આશાવાદ સાથે, મન વાત માંડે છે અને તમારી સામે મૂકે છે, એ જ વાત, ફરી એક વાર, બારબાર!

✦✦✦✦✦

*અંતરને ઉલેચી લો, મનને વાળી લો.*
*વધુને વધુ આંતરકેન્દ્ર તરફ વાળો,*
*બધા પ્રત્યેનો વિરાગ અને આત્માની શુધ્ધિ પ્રત્યેનો રાગ જન્મે*
*મારે કોઈ સાથે, કોઈ પાસે કશું કેમ જોઈએ?*
*મને મારી પાસેથી, મારું શુધ્ધત્વ ખપે છે,*
*એવી અપેક્ષા કેળવો.*
*આ જગતનું પરમસુખ કોઈજ સંબંધમાં,*
*કોઈ જ અપેક્ષામાં નથી.*
***મારા સ્વપ્નનો આધાર જો અન્ય પર હોય તો તે સ્વપ્ન પણ નિરર્થક.***
*મારો અર્થ હું જ કેળવું,*
*હું પ્રત્યેક બાહ્ય આવરણથી મારા તરફ વળું.*
*હું એક નવા સ્વપ્નબીજને વાવું,*
*જો મધદરિયે પણ નહીં વાવી શકાય તો ક્યારે?*
*આ જ ક્ષણે, આ જ ઘડીએ, આ જ યોગ છે!*

❑ **સેજલ શાહ**
sejalshah702@gmail.com
Mobile : +91 9821533702

**સમયાનુસાર નવી પેઢીને સમજવામાં અનુકૂળ અંગ્રેજી માધ્યમમાં ''પ્રબુદ્ધ જીવન'' પણ લેખો પ્રકાશિત કરવામાં આવે છે. નવેમ્બર ૨૦૧૭થી પ્રબુદ્ધ જીવન ઉપર ૧૯૨૯થી જુલાઈ ૧૯૨૯ સુધીના માસિક અંકો વેબસાઈટ ઉપર ઉપલબ્ધ થયા છે.**

**વેબસાઇટ www.prabuddhjeevan.in ની મુલાકાત લઈ, નીચેના વિશેષાંકો ડાઉનલોડ કરી શકાય, જે જાણીતા સંશોધકો દ્વારા જૈન ધર્મમાં ઊંડી સમજ આપે છે અને તે તમને જૈન ધર્મ સમજવા અને અનુસરવા માટે સમૃદ્ધ બનાવશે.**

| | |
|---|---|
| જૈન સાહિત્ય ગૌરવ ગ્રંથો વિશેષાંક | ઓગસ્ટ ૨૦૧૦ |
| જૈન સાહિત્ય કથા વિશેષાંક | ઓગસ્ટ ૨૦૧૧ |
| જૈન નવપદ વિશેષાંક | માર્ચ ૨૦૧૨ |
| જૈન આગમ ગ્રંથો વિશેષાંક | ઓગસ્ટ ૨૦૧૨ |
| મહાવીર સ્તવન વિશેષાંકો | એપ્રિલ ૨૦૧૩ |
| જૈન ગણધરવાદ વિશેષાંક | ઓગસ્ટ ૨૦૧૩ |
| કર્મવાદ વિશેષાંક | ઓગસ્ટ ૨૦૧૪ |
| જૈન તીર્થ વંદના અને શિલ્પ સ્થાપત્ય વિશેષાંક | ઓક્ટોબર ૨૦૧૪ |
| ગાંધીજીવનનો અંતિમ અધ્યાય વિશેષાંક | ફેબ્રુઆરી ૨૦૧૫ |
| અનેકાંતવાદ, સ્યાદવાદ અને નયવાદ વિશેષાંક | માર્ચ ૨૦૧૫ |
| જૈન ધર્મ અને અન્ય ધર્મ ની આવશ્યક ક્રિયાઓ | ઓગસ્ટ ૨૦૧૫ |
| મહાત્મા ગાંધીજીના સહયાત્રીઓ વિશેષાંક | ફેબ્રુઆરી ૨૦૧૬ |
| બાર ભાવના વિશેષાંક | ઓગસ્ટ ૨૦૧૬ |
| જ્ઞાનયોગી શ્રીમદ રાજચંદ્રજી વિશેષાંક | માર્ચ ૨૦૧૭ |

તા. ૧લી એપ્રિલ ૨૦૧૬ થી પરદેશ માટેના લવાજમના દર નીચે પ્રમાણે રહેશે.
**૧ વર્ષના લવાજમના $ 30 ● ૩ વર્ષના લવાજમના $ 80 ● ૫ વર્ષના લવાજમના $ 100 ● ૧૦ વર્ષના લવાજમના $ 200/-**
વાર્ષિક લવાજમ આપશ્રી **$ (ડોલર)** માં મોકલાવો તો **$ પાંચ બેંક ચાર્જીસ** ઉમેરીને મોકલશો.

**ભારતમાં વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૭૫૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂ. ૧૨૫૦ ● દસ વર્ષનું લવાજમ રૂ. ૨૫૦૦**
શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c No. : બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c No. 003920100020260. IFSC:BKID0000039

# વિપશ્યના સાધના અને તેનું વૈજ્ઞાનિક સ્વરૂપ

**આચાર્ય શ્રી વિજય નંદીઘોષ સૂરિજી**

**એ**ક દિવસે સાંજે અમે વિપશ્યના સાધના માટે વિપશ્યના કેન્દ્રમાં આવ્યા. સાંજે સાડા છ - સાત વાગે વિપશ્યના સાધના કરવા આવનાર સૌને ભેગા કરી સાધના દરમ્યાન પાળવાના નિયમોની સમજ આપી. જે નિયમો અમારા માટે રોજિંદા આચરણના હતા. હા, ગૃહસ્થો માટે આ નિયમો પાળવા કદાચ અઘરા લાગે પરંતુ સાધનામાં આ નિયમોમાં કોઈ છૂટ આપવામાં આવતી નથી. તેને અહીંના લોકો પંચશીલનું પાલન કહે છે. જૈન પરંપરામાં સાધુ સાધ્વીજીઓએ પાળવાના પાંચ મહાવ્રત અને પંચશીલમાં મૂળભૂત રીતે કોઈ તફાવત નથી. હા, સૂક્ષ્મ સ્તરે થોડો તફાવત જોવા મળે છે પરંતુ તેવો તફાવત તો સર્વસામાન્ય છે.

શુદ્ધ વિજ્ઞાનની શુદ્ધ ધર્મ સાથે સરખામણી કરીએ તો વિજ્ઞાનના સિદ્ધાંતો કોઈ પણ વ્યક્તિ માટે ચાહે તે જૈન હોય, બૌદ્ધ હોય, શીખ હોય, ખ્રિસ્તી હોય, હિન્દુ હોય કે મુસ્લીમ હોય, સૌ માટે એક સરખા જ હોય છે, દા.ત. ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત બધા માટે એક સરખો જ હોય છે પછી તે જૈન માટે અલગ, હિન્દુ માટે અલગ, બૌદ્ધ માટે અલગ, મુસ્લીમ, ખ્રિસ્તી વગેરે માટે અલગ અલગ હોતો નથી. તે જ રીતે શુદ્ધ ધર્મ સૌ માટે એક જ હોય છે. શુદ્ધ ધર્મ જ્ઞાની, અજ્ઞાની સૌ માટે એક સમાન હોય છે.

વિજ્ઞાન વાસ્તવવાદી છે. પ્રાયોગિક રીતે જે સિદ્ધ થઈ શકે અથવા સિદ્ધ થાય તેને જ વિજ્ઞાન માન્યતા આપે છે. વિજ્ઞાન એ સત્યનું શોધક છે. વિજ્ઞાનના સત્યો અમુક અપેક્ષાએ સાર્વજનીન, સર્વકાલીન અને સર્વદેશીય હોય છે. વિજ્ઞાનનો કોઈ પણ સિદ્ધાંત, જો તે સત્યનું યથાર્થ પ્રતિપાદન કરતો હોય તો પ્રત્યેક મનુષ્ય માટે, પ્રત્યેક દેશ-પ્રદેશ માટે અને સર્વકાલ માટે એક સરખો જ રહે છે. શુદ્ધ સત્ય સદા એક જ રહે છે, તેને દ્રવ્ય, ક્ષેત્ર, કાળની મર્યાદા નડતી નથી.

વસ્તુતઃ શુદ્ધ વિજ્ઞાનના સિદ્ધાંતો સાર્વજનીન, સર્વકાલીન અને સર્વદેશીય જ હોય છે કારણ કે તે સત્યનું પ્રતિપાદન કરતા હોય છે. પછી ભલે ને આધુનિક વિજ્ઞાનમાં તેને બહુ મોડેથી માન્યતા મળી હોય અથવા કદાચ ન પણ મળી હોય, તેમ છતાં સત્ય હંમેશા સત્ય જ રહે છે. તે જ રીતે શુદ્ધ ધર્મ પણ સાર્વજનીન, સર્વદેશીય તથા સર્વકાલીન હોય છે. તેને દ્રવ્ય, ક્ષેત્ર, કાળની મર્યાદા નડતી નથી.

દશ દિવસ દરમ્યાન સાધનાનો એક અનોખો અનુભવ લીધો અને તે સાથે તે અંગેની સમજ પણ કેળવી. મૂળભૂત રીતે જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મમાં દાર્શનિક માન્યતાઓ સિવાય કોઈ ભેદ જણાતો નથી. ભારતીય પરંપરામાં પ્રચલિત વિવિધ સાધના પદ્ધતિઓમાં સૌથી વધુ સામ્ય હોય તો જૈન પરંપરા અને બૌદ્ધ પરંપરામાં છે. અલબત્ત, દરેક પદ્ધતિના મૂળમાં જઈ તપાસ કરીએ તો ઘણી વખત મૂળભૂત તત્ત્વ એક જ લાગે. હા, દાર્શનિક પરિભાષા અને દાર્શનિક માન્યતાઓનો જ તફાવત હોય છે.

વિપશ્યના સાધનામાં કેવલ અવલોકન જ કરવાનું હોય છે અને તે પણ પોતાના શરીરની શારીરિક પ્રક્રિયાઓ અને અનુભૂતિઓનું કોઈ પણ જાતના રાગ દ્વેષ વગર, પ્રતિક્રિયા કર્યા વગર માત્ર નિરીક્ષણ કરવાનું છે અને તે જ એક પ્રકારના રાગ દ્વેષથી મુક્ત થવાની પ્રક્રિયા છે. બહુ અઘરી પ્રક્રિયા છે પરંતુ અશક્ય નથી. પૂર્વભવના સાધક આત્માઓ માટે બહુ અલ્પ શ્રમ દ્વારા તે સાધ્ય બને છે. અહીં કલ્પનાને કોઈ સ્થાન નથી. જે છે તેનો જ અનુભવ કરવાનો છે. જે વસ્તુનું અસ્તિત્વ નથી તેની કલ્પના કે વિચાર સુદ્ધા કરવાનો નથી. વર્તમાન ક્ષણમાં જીવવાનું છે. સામાન્ય રીતે આપણે કાં તો ભવિષ્યની ચિંતા કરીએ છીએ કાં તો ભૂતકાળની સ્મૃતિમાં ખોવાઈ જતા હોઈએ છીએ. આ સાધનામાં ભૂતકાળને યાદ કરવાનો નથી અને ભવિષ્યનો વિચાર કરવાનો નથી માત્ર વર્તમાન ક્ષણમાં શું બની રહ્યું છે તેનું શરૂઆતમાં સ્થૂલ સ્વરૂપે અને જેમ જેમ સાધનામાં આગળ વધતા જઈએ તેમ તેમ સૂક્ષ્મ સ્વરૂપે સમતા ભાવે નિરીક્ષણ કરવાનું છે. આપણું મન કોઈપણ ક્રિયાની તુરત પ્રતિક્રિયા કરે છે. એ પ્રતિક્રિયામાંથી મુક્ત બનાય તો સાધના સફળ બને છે.

આધુનિક વિજ્ઞાન મનના ત્રણ પ્રકાર/વિભાગ બતાવે છે. ૧. જાગૃત મન (Conscious Mind) ૨. અર્ધજાગૃત મન (Sub-conscious Mind) અને ૩. અચેતન મન (Unconscious Mind). મનુષ્ય સામાન્ય રીતે જે કોઈ ક્રિયા કરે છે, તે તેના જાગૃત મન દ્વારા થાય છે. દા.ત. ખાવું-પીવું, લખવું-વાંચવું, હરવું-ફરવું આદિ. જાગૃત મન દ્વારા જે કોઈ ક્રિયા થાય છે. તેના વિશિષ્ટ સંસ્કાર અચેતન મનમાં દૃઢીભૂત થઈ જાય છે. તે જ રીતે અર્ધજાગૃત મન અર્થાત્ તંદ્રાવસ્થામાં આવતા સ્વપ્ન આદિ પણ આપણા અચેતન મનમાં ગાઢ સંસ્કાર પેદા કરે છે. આ પ્રકારનાં સંસ્કાર ફક્ત વર્તમાન જન્મનાં જ હોય એવું નથી. પૂર્વજન્મોનાં સંસ્કાર પણ તેમાં સંગૃહીત હોય છે.

આપણા જાગૃત મનનો હિસ્સો માત્ર પાંચ જ ટકા હોય છે. અર્ધ જાગૃત મનનો હિસ્સો ૨-૩ ટકા હોય છે, જ્યારે અચેતન મનનો હિસ્સો ૯૨-૯૩ ટકા હોય છે. સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે આપણા અચેતન મનને કાંઈ જ ખબર પડતી નથી અને તે નિષ્ક્રિય હોય છે. વસ્તુતઃ આપણું આ અચેતન મન

જેટલું સક્રિય છે, તેટલું બીજુ કાંઈ પણ સક્રિય નથી. આપણા આ અચેતન મનમાં દઢીભૂત થયેલા રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભ, આસક્તિના સંસ્કારો એટલા જોરદાર હોય છે કે વર્તમાન ક્ષણના કોઈપણ સારા કે નરસા અનુભવની એ તુરત પ્રતિક્રિયા આપે છે, જેની આપણા જાગૃત મનને પણ ખબર પડતી નથી. દા.ત. આપણને મચ્છર કરડ્યો તો જાગૃત મન ભલે બીજા કાર્યમાં રોકાયેલ હોય અથવા સૂતું હોય તો પણ - આપણે ઉંઘમાં હોઈએ તો પણ આપણું અજાગૃત મન એ મચ્છરના કરડવાથી ઉત્પન્ન થયેલ સંવેદના તરફ દ્વેષ કરશે અને અનાયાસ ઉંઘમાં જ ખંજવાળવા મંડી પડીએ છીએ. તે જ રીતે ગરમીમાં રાત્રે ઠંડો પવન આવે તો આપણું અજાગૃત મન તેના તરફ રાગ ઉત્પન્ન કરે છે. આ અજાગૃત મનને કાબુમાં રાખવું ખૂબ અઘરું છે અને એથી વધુ અઘરું છે આ અજાગૃત મનમાં દઢીભૂત થયેલા રાગ, દ્વેષ, આસક્તિ, મોહ, ક્રોધ, માન, માયા, લોભના સંસ્કારોને દૂર કરવા.

જૈનદર્શન અનુસાર આપણા મનની ચાર અવસ્થા છે. ૧. નિદ્રાવસ્થા, ૨. સ્વપ્નાવસ્થા, ૩. જાગૃતાવસ્થા અને ૪. ઉજ્જાગર અવસ્થા. પ્રથમની ત્રણ અવસ્થા આપણા જેવા જીવોના મનની હોય છે. જે ઉપર બતાવી છે. એ ત્રણે અવસ્થા દૂર થાય અને સંપૂર્ણ જાગરૂક અવસ્થા, જેમાં ઉપરોક્ત ત્રણમાંથી એક પણ પ્રકાર ન હોય, પ્રતિક્ષણ સજગતા/ઉપયોગ/સાવધાની હોય તેવી ઉજ્જાગર દશા જેના દ્વારા પ્રાપ્ત થાય તે ધર્મ, સાચો ધર્મ/શુદ્ધ ધર્મ છે.

જે ધર્મ આપણા આ આંતરમનની ઊંડાઈમાં અર્થાત્ અજાગૃત મનમાં પડેલ કુસંસ્કારોને નિર્મૂળ કરે તે ધર્મ સાચો. ભગવાન મહાવીરે પોતે સાડા બાર વર્ષની સાધનામાં પોતાના આંતર મનમાં પડેલા રાગ, દ્વેષ, આસક્તિ, મોહના સંસ્કારોને દૂર કરી પોતે સંબુદ્ધ-કેવળી બન્યા. એ પછી પોતે કરેલ સાધના પ્રયોગની વિધિ અન્ય સાધકોને શીખવાડી.

એ જ સાધના પદ્ધતિ અહીં શીખવવામાં આવે છે. હા, પારિભાષિક શબ્દો કદાચ જુદા હોય પરંતુ શુદ્ધ સાધક માટે પરિભાષાનું કોઈ મહત્ત્વ નથી. જેમ કોઈ પરદેશી ભૂખ્યો માણસ હોય તેને તમે ભોજન આપો તો તેણે ભોજન સાથે મતલબ હોય તેનું નામ તમે શું આપો છો તેની સાથે તેને કોઈ મતલબ હોતો નથી. ચાહે તમે રોટલી કહો, બાટી કહો, ચપાટી કહો કે બ્રેડ કહો અને શાકને સબ્જી કહો કે વેજીટેબલ કહો એની સાથે તેને કોઈ લેવા દેવા હોતી નથી. તેમ શુદ્ધ સાધકને સાધનાના પરિણામ સાથે સંબંધ છે. સાધનાના નામ કે પદ્ધતિ સાથે સંબંધ હોતો નથી. આ સાધના પદ્ધતિમાં પારિભાષિક શબ્દોના કોચલાને ભેદીને જોવામાં આવે તો તે જૈન સાધના પદ્ધતિ સાથે ખૂબ જ સામ્ય ધરાવતી જણાય છે. એટલું જ નહિ જૈન પદ્ધતિ અને આમાં કોઈ જ તફાવત જણાતો નથી. બંને એક જ લાગે છે.

આ સાધના દરમ્યાન દરેકને જુદા જુદા પ્રકારનો અનુભવ થાય છે. બધાને એક સરખો અનુભવ ક્યારેય થતો નથી કારણ કે દરેકની માનસિક અવસ્થાનું સ્તર જુદું જુદું હોય છે. મારા પોતાના અનુભવની વાત કરું તો છેલ્લાં કેટલાંક વર્ષોના વિભિન્ન રાગ-દ્વેષજનિત અનુભવો-પ્રસંગોના કારણે મારા અવચેતન મનમાં ઘર કરી ગયેલી કેટલીક ગ્રંથિઓ શિથિલ બનવા લાગી, અને આંતરમનના એ વિકારો ભિન્ન ભિન્ન પ્રતિક્રિયા દ્વારા બહાર આવવા લાગ્યા. અને તે અંગે મારી કેટલીક ભૂલોની સ્વાભાવિક કબૂલાતો થવા લાગી. એ રીતે આંતરશુદ્ધિની એક પ્રક્રિયાનો પ્રારંભ થયો.

❑❑❑

# દિવ્ય...વૈશ્વિક બેંકનો ચેક

અમરાવતીના સૌથી ધનાઢ્ય શેઠનું અવસાન થયું. અંતિમ વિધિઓના દિવસો પૂરા થયા પછી શેઠના મુનીમે શેઠના એકના એક પુત્ર સુમેદ સમક્ષ શેઠના ધંધાના કારભાર અને સંપત્તિના કાગળોની સમજણ આપીને ચાવીઓ સોંપતા જણાવ્યું કે હવે આ બધી સંપત્તિના આપ માલિક છો.

સુમેદે સંપત્તિના તમામ કાગળો જોઈ જાણ્યું કે, બધી મળીને આ સંપત્તિ રૂપિયા દસ અબજની છે અને એ જ ક્ષણે મુનીમે જોયું કે તેની આંખોમાં આંસુ છે. મુનીમે પૂછ્યું, ''પૂર્વજોએ તમારા માટે વારસામાં અબજોની સંપત્તિ આપી છે, છતાં તમે કેમ રડો છો?''

સુમેદે મુનીમને કહ્યું, ''મારા કોઈ પૂર્વજો મૃત્યુ સમયે આ સંપત્તિ તેમની સાથે ન લઈ ગયા પરંતુ તમે મને યુક્તિ બતાવો કે હું મૃત્યુ પછી આ બધી જ સંપત્તિ મારી સાથે લઈ જઈ શકું.''

મુનીમે સુમેદને જવાબ આપ્યો, ''મૃત્યુ બાદ કોઈ કશું જ સાથે લઈ જઈ શકે જ નહીં.''

પરંતુ સુમેદે યુક્તિ શોધી લીધી. તેણે દાન દ્વારા સંપત્તિનું વિસર્જન કરવાની શરૂઆત કરી અને સઘળી સંપત્તિ વિવિધ સત્કાર્યો માટે દાનમાં આપીને સંયમમાર્ગે વળ્યો.

ભાવપૂર્વક સુપાત્રે દાન દેવાથી લક્ષ્મી મહાલક્ષ્મી બને છે. લક્ષ્મીનો ભોગ તેની ભવ્યતાનું પ્રતિનિધિત્વ કરે છે, લક્ષ્મીનું દાન તેની દિવ્યતાના દર્શન કરાવે છે.

સુમેદે ત્યાગપૂર્વકના દાન દ્વારા પુણ્ય નામની દિવ્ય વૈશ્વિક બેંકમાં સઘળી સંપત્તિ જમા કરાવી. હવે ભવોભવ આ બેંકનો ટ્રાવેલર્સ ચેક તેમની સાથે જ રહેશે.

**સૌજન્ય : 'જીવનદીપ' પુસ્તકમાંથી**

# ભૌતિક ભોગવટાની ભીતરમાં

## પૂ. આચાર્યશ્રી વિજય પૂર્ણચન્દ્ર સૂરીશ્વરજી મ.

**મૃ**ગજળ કાંઈ જળ નથી, જળનો આભાસ કરાવતું મૃગજળ એક છળથી વિશેષ કંઈ જ નથી. એમાં મૃગનો પડછાયો નથી કે જળનું બિન્દુ જેટલું પણ અસ્તિત્વ નથી, લહેરાતા સાગરનો આભાસ કરાવીને મૃગને આમથી તેમ દોડાદોડ કરાવતું મૃગજળ, ખરેખર મૃગને મોતના મુખમાં હોમી દેતી, એક જીવલેણ છલના સિવાય બીજું શું છે?

સંસારનું સુખ સુખ નથી. સુખની ભ્રમણા જન્માવતી છલનાનું જ બીજું નામ સુખ છે. મૃગજળનેય મહાત કરે એવું મહા-મૃગજળ સંસારનું સુખ છે કારણ કે માનવ જેવા માનવને એ સુખના ભૂલાવામાં ભટકાવીને અંતે દુઃખના દરિયામાં ધકેલી મૂકવાની ધિઠ્ઠાઈ કરતું હોય છે. સંસારના પૌદ્ગલિક ગણાતા જે સુખ પાછળ સમગ્ર સંસાર ગાંડો ઘેલો છે, જેને મેળવવા પાછળ રાત-દિવસ સૌએ આંધળી દોટ મૂકી છે તેમ જ જેને ઓછાવત્તા અંશે મેળવ્યાની ભ્રમણામાં રાચતા સૌ એને વધુ માત્રામાં મેળવવાના મનોરથની પૂર્તિ માટે જ મોઢામાંથી ફીણ નીકળવા માંડે, એ જાતની હોડદોડમાં સ્પર્ધાપૂર્વક જોડાયા છે, જનમોજનમથી આવી જહેમત આજ સુધી ચાલુ હોવા છતાં એ મહેનતમાં હજી સફળતા સાંપડી નથી. એથી એવો સવાલ બાણ બનીને લમણે ભોંકાય છે કે આજ સુધી સુખની પ્રાપ્તિ ન થવાનું કારણ શું?

આનો જવાબ એક સુભાષિતમાંથી શોધવા મથીશું, તો સાચું કારણ જડી આવશે. સુભાષિત કહે છે કે, એક ખભેથી બીજા ખભે ભાર મૂકનારો મજૂર જેમ 'હાશ'ની જે અનુભૂતિ કરે, એ સાચી-તાત્ત્વિક નથી, કોઈ દુઃખ થોડા જ સમય માટે દૂર થવાથી માણવામાં આવતી સુખાનુભૂતિને પણ સાચી ન ગણી શકાય. તાત્ત્વિક સુખાનુભૂતિ તો તેને જ કહી શકાય કે જેમાં સુખાસુખની સ્વતંત્ર અનુભૂતિ થવા પામતી હોય. સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતા 'સુખ' ને કંઈ દુઃખના અભાવ રૂપે જ ન ઓળખાવી શકાય.

ઉપલક નજરે તરત જ ન સમજાય, એવું સુભાષિતનું સત્ય જરાક ઊંડા ઉતરીશું, તો એકદમ સરળતાથી સમજાઈ જશે. કોઈ મજૂર અથવા ડોળી ઊંચકનારને નજર સમક્ષ ઉપસાવીને આ સત્યને સમજવાનો પ્રયાસ કરીએ. મણમણનો ભાર ઉઠાવવાથી લોથપોથ થઈ ગયેલો મજૂર જ્યારે બોજો નીચે મૂકે છે ત્યારે 'હાશ' ની અનુભૂતિ કરે છે અને આને સુખ સમજે છે. આ જ રીતે ડોળી ઉઠાવનાર મજૂર ખભો બદલીને સુખાનુભૂતિ માણે છે. આ વાત તો સ્વાનુભવ સિદ્ધ પણ છે. આટલું સ્વીકારી લઈને હવે વિચારવા જેવો મુદ્દો એ છે કે, 'ભારમુક્તિની પળે મજૂરને થતી સુખાનુભૂતિને આપણે સાચી કે તાત્ત્વિક કહી શકીશું ખરા? આવી અનુભૂતિને તો જ સાચી ગણી શકાય કે, બોજનું દુઃખ કાયમી અથવા કામચલાઉ દૂર થવા ઉપરાંત મજૂરને 'સુખ' જેવી કોઈ સ્વતંત્ર પ્રાપ્તિ થવા પામતી હોય!' મજૂર અજ્ઞાની હોવાથી દુઃખની અભાવાત્મક સ્થિતિને 'સુખ'નો દરજ્જો આપી દેવાની ભલે ભૂલ કરે, પણ જ્ઞાની તો આવી ભૂલનો ભોગ ન જ બને અને સુખનું સ્વભાવાત્મક અસ્તિત્વ જ સ્વીકારે. અંધકારના અભાવને જેમ 'પ્રકાશ' ન મનાય આમ માનવામાં આવે તો જેનું એકાદ કિરણ ફૂટતા જ દૂમ દબાવીને નાસી છૂટવા અંધકારને મજબૂર બનવું પડે, એ સૂર્ય જેવા સ્વતંત્ર સામ્રાજ્યના સ્વામીનું અવમૂલ્યન કર્યું ગણાય, એમ 'સુખ' નું સ્વરૂપ માત્ર દુઃખની ગેરહાજરી રૂપ ન જ માની શકાય.

દુઃખના અભાવનું જ નામ સુખ નથી, પણ અનેકવિધ સદ્ભાવોથી સમૃદ્ધ સામ્રાજ્યના સ્વામી તરીકે શોભતા રાજવી તરીકે જ સુખને બિરદાવવું યોગ્ય ગણાય. આવી સમજણથી સમૃદ્ધ જ્ઞાનીઓ મૃગજળ જેવા આભાસિક સુખની પ્રાપ્તિ માટે મથતા નથી, પરંતુ આત્મિક સુખ માટે જ પુરુષાર્થ કરતા હોવાથી તેઓ સુખ-શોધમાં સફળ બની શકે છે. એથી તેઓ એવું સુખ - સામ્રાજ્ય પામી શકે છે કે જેને મેળવવા કોઈની ગુલામી ન કરવી પડે. જેને માણવા માટે ય કોઈના ગુલામ ન બનવું પડે. જેની માલિકી કોઈ ઝૂંટવી ન શકે અને મળ્યા બાદ જેમાં ઘટાડો થવો તો ક્યારેય સંભવિત જ ન હોય! અધ્યાત્મની દુનિયા આવા સુખના સ્વામી બનાવવાનો કોલ બરાબર પાળી બતાવવાની સુસમર્થતા ધરાવે છે, માટે સુખ પ્રાપ્તિનો સાચો માર્ગ **'અધ્યાત્મ'** જ છે.

ભૌતિક સુખોની સૃષ્ટિ મૃગજળ સમી છે, માટે એને સુખ તરીકે સન્માનવાની તો જ્ઞાનીની તૈયારી જ ક્યાંથી હોય? ભૌતિક સૃષ્ટિ જેને 'સુખ' તરીકેનો દરજ્જો આપે છે, એવી કોઈપણ 'સુખાનુભૂતિ'નું સ્વરૂપ દર્શન કરીશું, તો જોવા મળશે કે, દુઃખના કામચલાઉ અભાવને ત્યાં સુખ સમજી લેવાની ભારેખમ ભૂલ થતી હોય છે. ભોજન-પાણીની જ વાત વિચારીએ. ખાવાથી ભૂખનું દુઃખ દૂર થયાનો અને પાણી પીવાથી પ્યાસ મટ્યાનો અનુભવ થાય છે. આ અનુભૂતિમાં આનંદ કે સુખનું કોઈ સ્વતંત્ર અસ્તિત્વ જ ક્યાં જોવા મળે છે? આમાં તો માત્ર ભૂખ-તરસનું દુઃખ માત્ર થોડીવાર માટે જ આગળ ઠેલાયું ગણાય. ગંભીર અને જીવલેણ બિમારીનો ભોગ બનનારા દર્દી માટે મોત નિશ્ચિત હોય છે. જીવનદાતા ગણાતો ડૉક્ટર દવા અને ઈંજેક્શનના જોરે માત્ર એના મોતને આગળ ઠેલવામાં થોડી ઘણી સફળતા પામવા છતાં એ 'જીવનદાતા' તરીકેનો ખોટો જશ પડાવી લેતો હોય છે. બરાબર આ જ રીતે ભૌતિક ભોગવટો સંસારીના પનારે પડેલા ભૂખ-

તરસ જેવા અનેકાનેક દુઃખોને માત્ર થોડીવાર માટે આગળ ઠેલવામાં જ સફળ બનતા હોવા છતાં 'સુખદાયક' તરીકેનું સન્માન પત્ર એ પચાવી પાડતા હોય છે. આટલું જો બરાબર સમજી જવાય, તો અનાદિકાળથી આપણે જે ભ્રમણામાં ભરમાયા અને ભટક્યા કરીએ છીએ, એનો અંદાજ આવવા પામે અને ભૌતિક ભોગવટાને 'સુખપ્રદાયક'નો માન મરતબો આપવાની મૂળની ભૂલ સુધારી લેવા ઉપરાંત આપણે એને માત્ર 'દુઃખ પ્રતિકારક' તરીકે જ ઓળખવા - ઓળખાવવાનો પ્રારંભ કરી દઈએ.

કોઇપણ ભૌતિક ભોગવટો દુઃખને થોડાક સમય માટે જ દૂર કરવા સિવાય, બીજી કશી જ ફલશ્રુતિ પેદા કરવા માટે સાવ વાંઝિયો છે. સુખનું સંતાન તો તે ભોગવટો કોઈ કાળે પેદા કરી શકે એમ જ નથી. જન્મની સાથે જ આપણો પીછો પકડવા મથતા મૃત્યુને મહાત કરીને ડૉક્ટર જેમ જીવનદાતા બની શકતો નથી, બહુ બહુ તો એ મોતને આગળ ઠેલી શકે છે. બરાબર આ જ રીતે ભૌતિક ભોગવટો આપણા પનારે પડેલા દુઃખને સમૂળગું દૂર કરીને સુખપ્રદાતા બનવા સમર્થ નથી જ બની શકતો. આ મૂળ મુદ્દો બરાબર સમજાઈ જાય, તો મૂળની ભૂલ સુધરી જતા સુખના સરવાળાનું સાચું ગણિત માંડવાનો શુભારંભ થવા પામે.

એક સવાલ જાગવો શક્ય છે કે, દુઃખને દૂર કરવા પૂરતી સમર્થતા તો ભૌતિક-ભોગવટાના ભાલે અંકિત કરી શકાય ને? જવાબ નકારમાં છે. ખાવા-પીવાથી ભૂખ-પ્યાસનું દુઃખ દૂર થયાની ફલશ્રુતિના સર્જનમાં કારણભૂત ભૌતિક-ભોગવટો નથી, પણ એ ભોગવટાની લોભ-લાલચથી મુક્ત બનીને જે સંતોષનો સહારો લેવાય છે, એ સંતોષ ગુણના પ્રતાપે જ દુઃખ દૂર થવાની ફલશ્રુતિ સરજાય છે. બાકી ભૌતિક ભોગવટો જો અકરાંતિયા બનીને ચાલુ જ રાખવામાં આવે, તો ભૂખ-તરસની પીડા કરતાય કંઈ ગણી વધુ પીડાઓમાં આપણે એવા સપડાઈ જઈએ છીએ કે એ પીડાઓનો વિપાક મોતને ખેંચી લાવ્યા વિના ન જ રહે.

કોઇપણ ભૌતિક ભોગવટો દુઃખને દૂર કરવા પૂરતો પણ ત્યારે જ સફળ થઈ શકે છે કે, જ્યારે ભોગમાંથી આપણે ત્યાગ તરફ વળીએ છીએ. તૃષ્ણામાંથી તૃપ્તિ તરફ વળવું, એને ધર્મ ગણી શકાય. આવા ધર્મના જાણ્યે-અજાણ્યે આપણે આશ્રિત બનીએ છીએ. એથી જ દુઃખને થોડા સમય માટે પણ દૂર ધકેલી શકીએ છીએ. ખૂબ જ ઊંડા વિચારક બનીને આ મુદ્દો સમજી લઈએ, તો પછી તૃષ્ણામાંથી કાયમી તૃપ્તિ તરફ વળવા ધર્મનું સાચી રીતે આચરણ કરવાનું મન થયા વિના ન જ રહે. એના પ્રભાવે ખભો બદલાવવો જ ન પડે. ભાર ઉઠાવવાનો જ ન રહે. એ જાતના સ્વતંત્ર, સનાતન અને ઈન્દ્રિયાતીત સુખના સ્વામી બનવાની સ્વપ્ન સૃષ્ટિ આપણી આંખમાં અવતરવા અને રમવા માંડે.

❑❑❑

*પ્રેષક : પ્રવચન શ્રુતતીર્થ*
*શંખેશ્વર - વિરમગામ હાઈવે,*
*મુ.પો. શંખેશ્વર તીર્થ - ૩૮૪૨૪૬ તા. સમી, જિ. પાટણ.*
*ઉ.ગુજરાત. સંપર્ક : ૦૯૦૧૬૭૪૮૮૮૬*

## પ્રશ્ન કેમ જાગ્યો ?

દોઢ હજાર વર્ષ પૂર્વે બોધિધર્મ નામના એક ભિક્ષુક ભારતમાંથી ચીનની યાત્રાએ ગયા. અહીં ચીનના રાજા વૂ સાથે એમનો મેળાપ થયો. સમગ્ર ચીનમાં રાજા વૂ એમનાં ભવ્ય ધર્મકાર્યો માટે વિખ્યાત હતા. એમણે અનેક મંદિરો અને મૂર્તિઓ બનાવ્યાં હતાં. રાજાને ખબર પડી કે ભારતથી કોઈ બૌદ્ધ ભિક્ષુ પોતાના દેશમાં આવે છે, તો એમને મળવા માટે ગયા. એમણે બોધિધર્મને કહ્યું, ''મેં અનેક ભવ્ય મંદિરો બનાવ્યાં છે, ધર્મની પાછળ મેં અપાર ધન ખર્ચ્યું છે. આપે પણ મેં રચેલાં મંદિરો જોયાં હશે.''

બોધિધર્મે કહ્યું, ''હા, મેં એ મંદિરો જોયાં અને મૂર્તિઓ પણ જોઈ છે. તમારી ધાર્મિકતાની ઘણી લોકપ્રચલિત કથાઓ પણ સાંભળી છે.''

આ સાંભળી રાજા વૂને મનમાં અહંકાર જાગ્યો અને એને મૃત્યુ પછી નિર્વાણ કે કોઈ મહાપદ મળશે એવું બોધિધર્મ કહે એવી અપેક્ષાથી પૂછ્યું, ''આટલાં બધાં ધર્મકાર્યોને પરિણામે મને શું પ્રાપ્ત થશે?''

બોધિધર્મે કહ્યું, ''કશું જ નહીં.''

એમણે ફરી પૂછ્યું, ''આવું કેમ? હું અત્યંત ધાર્મિક વ્યક્તિ છું. મોકળે હાથે દાન આપું છું. તેમ છતાં મને આપે આવું કેમ કહ્યું?''

રાજાની વાત સાંભળી બોધિધર્મ બોલ્યા, ''એ માટે કહ્યું કે તેં આ બધાં કાર્યો પોતાના સ્વાર્થને સિદ્ધ કરવા માટે કર્યાં છે. તેં ભવ્ય મંદિરો બંધાવીને તારા અહંકારને વધુ મોટો અને ભવ્ય બનાવ્યો છે. તે કિંમતી મૂર્તિઓની રચના કરી છે; પરંતુ તેની પાછળ તારો આશય પ્રજાને મૂર્તિઓના દર્શન કરાવવાનો નહીં; પરંતુ મૂર્તિની બહુમૂલ્યતા દર્શાવવાનો છે. તેં ધર્મકાર્યમાં જેટલું ધન ખર્ચ્યું, એથી વધુ પ્રશંસાની અપેક્ષા રાખી છે; આથી તને કશું પ્રાપ્ત થશે નહીં.''

રાજા વૂએ કહ્યું, ''મારી ભૂલ મને સમજાય છે. મારે કઈ રીતે ધર્મકાર્ય કરવાં જોઈએ?''

બોધિધર્મે કહ્યું, ''રાજન્! તારે શ્રદ્ધાથી ધર્મકાર્ય કરવાં જોઈએ. જે તેં શ્રદ્ધા અને સમર્પણથી ધર્મકાર્ય કર્યાં હોત, તો તારા મનમાં એવો પ્રશ્ન ક્યારેય જાગ્યો ન હોત કે આ બધાથી તને શું મળશે? તારી શ્રદ્ધા અને સમર્પણે જ એ સઘળા સંશયોને નષ્ટ કરી નાખ્યા હોત.''

**સૌજન્ય : 'જીવનદીપ' પુસ્તકમાંથી**

# મહાત્મા ગાંધી : જીવનના કલાકાર

**રમેશ સંઘવી**

મહાત્મા ગાંધી ભારતીય સંસ્કૃતિ અને પરંપરાના પૂર્ણ વિકસિત પુષ્પ સમાન હતા. તેમના પ્રત્યેક વિચાર અને વ્યવહારમાં ધર્મ અને નીતિ, શીલ અને સદાચારની સોડમ ઉઠતી હતી. તેઓ યુગપુરુષ હતા. સમગ્ર યુગના પ્રત્યેક ક્ષેત્રમાં તેમણે નવતર, પાયાનું અને અદ્‌ભૂત પ્રદાન કર્યું છે. જીવનનું કોઈપણ ક્ષેત્ર તેમની વિચારધારા અને કર્મધારાથી અછૂતું રહ્યું નથી. રા.વિ. પાઠકે વર્ષો પહેલાં કહેલું ''જીવનનો એવો એક પણ પ્રદેશ નથી, એવો એક પણ પ્રશ્ન નથી જેમાં ગાંધીજીએ કંઈ ને કંઈ ન કર્યું હોય. જેમ સૂર્ય ઊગે અને ખુલ્લામાં તો અજવાળું થાય, પણ બંધ બારણામાં પણ પ્રકાશ પ્રવેશે, તડોમાં પણ અજવાળું પહોંચે, તેમ તેમણે પ્રેરેલું ચેતન સમાજના અંધારામા અંધારા ભાગમાં પહોંચ્યું છે.''

ગાંધીજી તદ્દન સામાન્ય વ્યક્તિ હતા, પણ આત્મબળ અને આચરણબળના પ્રતાપે મહાત્મા કે અવતારી પુરુષ બની શક્યા. દક્ષિણ આફ્રિકાથી તેઓ તાજા જ ભારત આવેલા ત્યારની આ વાત છે. ડો. હરિપ્રસાદ દેસાઈ ત્યારે તેમને મળવા જતા અને તેમને જોતા, નિરીક્ષણ કરતા અને સમય મળે તો સાથે વાત કરતા. એક વખત ડૉ. દેસાઈ કહે ''આપના જેવા તો અમારાથી કેમ કરીને થવાય?'' ગાંધીજીએ તરત જવાબ આપેલો : ''એક દિવસ હું પણ તમારા જેવો જ હતો. તમારામાં અને મારામાં કશો ફેર નથી. એક જ બાબતમાં ફેર છે તે એ કે મને જે દિવસથી સમજાયું કે આ રીતે વર્તવાનું છે તે ઘડીથી હું એ રસ્તે ચાલવા માંડ્યો.'' આ નાનો લાગતો ફેર ખરેખર તો કેવડો મોટો છે! આ આચરણ નિષ્ઠા જ તેમને મહાન બનાવી શકી.

સાચું લાગ્યું તે સ્વીકાર્યું અને તેને વ્યવહારમાં મૂક્યું. એક અન્ય પ્રસંગે તેમણે કહેલું ''હું સર્વ સાધારણ માણસો કરતા કંઈક વિશેષ હોવાનો દાવો નથી કરતો. મારામાં કોઈ અસાધારણ યોગ્યતા પણ નથી. મેં જે કાંઈ મેળવ્યું છે તે કોઈપણ સ્ત્રી કે પુરૂષ મેળવી શકે.'' તેમણે વારંવાર કહેલું કે ''હું કંઈ પહેલેથી મહાત્મા જન્મ્યો નહોતો. મારામાં પણ અનેક દોષો હતા અને તે દૂર કરવા કાળજીપૂર્વક સતત પ્રયત્ન કરતો રહ્યો.'' બસ, આ જાગૃતિપૂર્વકનું આચરણ, પ્રત્યેક પળે સજાગતા એ તેમનો વિશેષ ગુણ હતો. તેથી જ ''મથામણા કરવાવાળો સામાન્ય જીવ'' સંસ્કૃતિ પુરુષ બની શક્યો.

મહાત્મા ગાંધી સંસ્કૃતિ પુરુષ બની શક્યા. મહામના ગોખલેએ તેમને વિશે કહેલું ''મારે ગાંધીજી સાથે નિકટનો પરિચય છે એને હું જીવનનો લહાવો સમજું છું અને હું તેમને માટે કહી શકુ છું કે એમના કરતા અધિક શુદ્ધ, અધિક પુણ્યશાળી અધિક શૂરવીર ને અધિક ઉન્નત કોઈ આત્મા મારા જાણમાં નથી. તેઓ પુરુષોમાં પુરુષોત્તમ, વીરોમાં વીરોત્તમ, દેશસેવકોમાં અગ્રેસર દેશસેવક છે અને આપણે એમ પણ કહી શકીએ કે એમના વખતે ભારતવર્ષની માનવતા પરમોચ્ચ શિખરે પહોંચી છે.''

મહાત્મા ગાંધી મૂળગત રીતે નીતિપુરુષ ધર્મ આચરણ પુરુષ હતા. તેમને દૃઢ પ્રતીતિ હતી કે ''આ જગત નીતિ પર જ ટકેલું છે'' અને નીતિ એટલે ''આત્માની દૃષ્ટિએ પાળેલો ધર્મ'' નીતિ એટલે ''સદાચાર.'' આ જગત તેના વિના ટકી ન શકે. તેમણે પોતાનું સમગ્ર જીવન આ નૈતિક આચારના પાયા પર જ ગોઠવ્યું. ધર્મની ગતિ અત્યંત સૂક્ષ્મ છે. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં, પ્રત્યેક વ્યવહારમાં તેને પ્રવાહિત અને પ્રકાશિત કરવી તે જાગૃતિપૂર્વકની સાધના વિના અસંભવ છે. ગાંધીજી તે પોતાના જીવનમાં તો કરી શક્યા પણ સમગ્ર રાષ્ટ્રજીવન અને તેના વિધવિધ ક્ષેત્રમાં તેનો વિનિયોગ કર્યો. સત્યાદિ વ્રતોની વાત કંઈ નવી નહોતી, પણ તેનો પ્રત્યક્ષ જીવનમાં પ્રવેશ તે વાત નવી હતી. તેમણે સત્ય અને અહિંસા વડે અન્યાય-અનીતિના પ્રતિકારનું અનોખું શાસ્ત્ર 'સત્યાગ્રહ' શોધ્યું. તેનો પાયો જ 'પ્રેમધર્મ' છે. તેમણે રાજકારણને અધ્યાત્મનો આયામ આપ્યો. સમાજ, રાજનીતિ, અર્થકારણ, ધર્મ, શિક્ષણાદિ જીવનના પ્રત્યેક સંયમમાં તેમણે નીતિ અને સદાચાર, શીલ અને ધર્મના આચરણનો પ્રયોગ કર્યો. તેમણે કહેલું ''વિજ્ઞાનશાસ્ત્ર જેમ પોતાના પ્રયોગો અતિશય નિયમસર, વિચારપૂર્વક અને ઝીણવટથી કરે છે, તેવું જ મારા પ્રયોગો વિશે મારો દાવો છે. મેં ખૂબ આત્મનિરીક્ષણ કર્યું છે, એકેએક ભાવને તપાસ્યો છે, તેનું પૃથક્કરણ કર્યું છે, પછી કહે છે ''હું તો ડગલે અને પગલે જે જે વસ્તુઓ જોઉં તેના ત્યાજ્ય અને ગ્રાહ્ય એવા બે ભાગ પાડી લઉં અને જે ગ્રાહ્ય સમજું તે પ્રમાણે જ મારા આચારોને ઘડું.''

એટલેજ જીવનના અંતિમ દિવસોમાં, ભારે વિષમ સંજોગોમાં, પૂર્વ બંગાળના નોઆખલીમાં તેઓએ પદયાત્રા કરતા હતા ત્યારે એક પત્રકારે તેમની પાસેથી 'તમારા જીવનનો શો સંદેશ' તેમ પૂછ્યું ત્યારે તરત જ તેમણે કહ્યું. 'મારું જીવન એ જ મારો સંદેશ.' સમગ્ર જીવન જ શાસ્ત્ર બની જાય તે કેટલી તો મોટી વાત! તેમણે ઘણી વખત કહેલું ''તમારી જીભ બોલે તે કરતા તમારું આખું જીવન વધારે જોરથી બોલી ઊઠશે.'' ''આપણી જીભ બોલે તેના કરતા આપણા આચરણોને બોલવા દેવા, ગુલાબ કંઈ કહેતું નથી કે આવો અને સૂંઘો!'' તેઓ કહેતા 'ખાંડી એક વિચાર કરતા અધોળ આચરણા ચડે.'

ગાંધીજીમાં આ આત્મતેજ, આત્મબળ કેમ પ્રગટયું હશે તેનો

વિચાર કરતા એક વસ્તુ સમજાય છે કે તેમને જે સાચું લાગ્યું, જે સંકલ્પ લીધો, જે વ્રત સ્વીકાર્યું તેનું કોઈપણ સંજોગોમાં પાલન કરવું. 'દેહ પાતયામિ, વા કાર્યં સાધયામિ' તેવો તેમનો દૃઢ નિશ્ચય રહેતો. તેઓ કહેતા ''દેહ જાઓ અથવા રહો, મારે તો આ વ્રત પાળવું જ છે.'' એક જગ્યાએ કહેલું ''જે વખતે મને જે ધર્મ લાગ્યો, તેનાથી હું કદી ડગ્યો નથી.'' તેથી જ વિનોબાજી કહી શકેલા : ''ગીતાના કર્મયોગનું પ્રત્યક્ષ આચરણ મેં બાપુમાં જોયું. સ્થિતપ્રજ્ઞના લક્ષણો જેને લાગુ પડે તેવા શરીરધારી ભાગ્યે જ શોધ્યા જડે, પણ આ લક્ષણોની બહુજ નજીક પહોંચી ચૂકેલા આ મહાપુરૂષને મેં મારી સગી આંખે જોયો.'' નાનપણમાં શ્રવણ પિતૃભક્ત અને સત્યવાદી હરિશ્ચન્દ્ર જેવા પાત્રોની તેમના પર જબરજસ્ત અસર થઈ અને તેવા બનવાનો મનથી નિર્ણય કર્યો. વિલાયતમાં ભણવા જવાનું નક્કી કર્યું તો માતા અને પરિવારજનોને ચિંતા થઈ કે ત્યાંના વાતાવરણમાં આ મોહન વટલાઈ તો નહીં જાય? અને માતાએ ત્રણ વ્રત લેવડાવ્યા - માંસ ન ખાવું, મદિરા ન પીવી અને પરસ્ત્રીગમન ન કરવું - આ વ્રતો અત્યંત વિપરિત સ્થિતિઓ વચ્ચે પણ પાળ્યા. તેઓ માનતા કે : ''મનુષ્ય જ્યારે એક નિયમ તોડે છે ત્યારે એની સાથે બીજો નિયમ પણ આપોઆપ તૂટી જાય છે.'' સામાન્ય માણસ પણ સમજે છે કે શું કરવું ઉચિત્ત છે અને શું કરવું અનુચિત્ત છે, પણ 'બનશે ત્યાં સુધી કરીશ' અથવા 'આપણાથી તો આ થાય જ નહીં' ગાંધીજી કહેતા : ''વ્રત એટલે અડગ નિશ્ચય. અગવડ સહન કરે છતા તૂટે નહીં તે જ અડગ નિશ્ચય કહેવાય.'' પોતાના દીકરા મણીલાલને પત્રમાં લખેલું : ''મનમાં એક નિશ્ચય કરો તો પછી તેને વળગી રહેજો.'' તેઓ કહેતા ''ઈશ્વરે મનુષ્યને એવો બનાવ્યો છે કે બગાગડવાના અનેક પ્રસંગો આવવા છતા તે ઉગરી જાય છે. એવી તેની અલૌકિક કલા છે.''

ગાંધીજીના જીવનમાં તેમની વ્રતનિષ્ઠાના પાર વિનાના પ્રસંગો જોવા મળે છે અને તેથી જ તેઓ નૈતિક બળ વિકસાવી શક્યા. તેઓ કહેતા : ''વ્રત બંધન નથી પણ સ્વતંત્રતાનું દ્વાર છે.'' આ વાત તેમની અનુભૂતિમાંથી પ્રગટેલી. આપણે બધું વાંચીએ, સાંભળીએ, વિચારીએ, સમજીએ પણ પછી ત્યાંના ત્યાં! લોકો ઉતાવળમાં, આવેશમાં પ્રતિજ્ઞા લઈ બેસે છે, પણ પછી પાળવાનો સમય આવે ત્યારે અકળામણ અનુભવે છે. ગાંધીજીએ એક ભાઈને પત્રમાં લખેલું ''ઉતાવળમાં કે વગર વિચાર્યે કંઈ ન બોલીએ. પૂરો વિચાર કર્યા વિના પ્રતિજ્ઞા ન લઈએ પરંતુ પૂરો વિચાર કર્યા પછી તે લઈએ તો તે પાળીએ જ.' આ સંકલ્પબળ, આચરણમાંથી જ તેમનું આત્મબળ પ્રગટ્યું. ગુરૂદેવ ટાગોરે નોંધ્યું છે ''ગાંધીજીની સફળતાનું મૂળ એમના આત્મબળમાં અને અણખૂટ ત્યાગમાં રહેલુ છે. એમનું જીવન એટલે જ અખંડ ત્યાગ. કોઈ સત્તાનો એમને લોભ નથી. નથી મોહ કોઈ હોદ્દાનો, ધનનો, નામનાનો, કીર્તિનો. ત્યાગની એમની શક્તિ દુર્જેય છે. એમની અસીમ નિર્ભયતા સાથે તેની ગાંઠ બંધાયેલી છે. મોટા મહારાજાઓ અને શહેનશાહો, બંદૂકો અને સંગીનતા, કારાવાસો અને યાતનાઓ - અરે! મોત સુદ્ધા, ગાંધીના જુસ્સાને ડગાવી શકે તેમ નથી.'' અંગ્રેજ સરકારના પ્રતિનિધિ અને ક્રિપ્સ મિશનના મુખ્ય સર સ્ટેફર્ડ ક્રિપ્સે પણ કહેલું : ''મને કોઈ યુગની, ખાસ કરીને ઈતિહાસની એવી બીજી કોઈ વ્યક્તિનો પરિચય નથી, જેણે ભૌતિક વસ્તુઓ પર આટલી શ્રદ્ધાથી આટલું અતુલ આત્મબળ પ્રાપ્ત કરી બતાવ્યું હોય.''

ગાંધીજીના અજેય વ્રતનિષ્ઠા અને નીતિમય જીવનનો વિચાર કરીએ છીએ ત્યારે પ્રશ્ન થાય છે કે તેમને આ બળ ક્યાંથી પ્રાપ્ત થયું? પ્રચંડ ઈશ્વર શ્રદ્ધા જ એવા મૂળમાં રહેલી જણાય છે. ગાંધીજીની બધી પ્રવૃત્તિમાં મૂળ અપાર ઈશ્વર શ્રદ્ધા હતી. ઠાકુર કહેતા કે ''ઈશ્વર કૃપાથી જ સઘળું કંઈ થઈ રહ્યું છે.'' ગાંધીજી પણ કહેતા કે ''ઈશ્વરની ઈચ્છા વિના પાંદડું પણ હાલતું નથી.'' એક વખત તેમણે કહેલું ''મારા બધાં કાર્યો ઈશ્વરની પ્રેરણાથી જ થાય છે.'' ૧૯૩૩ માં જેલમાં હતા ત્યારે અસ્પૃશ્યતા નિવારણના પ્રશ્ને તેમણે ઉપવાસ કરેલા. આગલે દિવસે અને રાત્રે તીવ્ર મનોમંથનમાંથી પસાર થયા. દિવસના કામકાજથી પરવારી તેઓ સૂતા. ઘડિયાળમાં અગિયારના ડંકા પડ્યા. અચાનક તેમની આંખ ઊઘડી ગઈ. ચિતમાં મહાસાગર જેવું તોફાન જાગ્યું. આ પ્રશ્ન માટે શું કરવું? આ બધાંની વચ્ચે જાણે દૂરથી એક અવાજ નજીકને નજીક આવતો હોય તેવું અનુભવાયું. ''તારે ઉપવાસ કરવા પડશે.'' ગાંધીજી કહે છે, મેં પૂછયું ''કેટલા દિવસના?'' અંતરમાંથી અવાજ આવ્યો, ''એકવીસ દિવસના'' ''ક્યારથી શરું કરું?'' ''આવતી કાલથી જ.'' બસ, તોફાન શમી ગયું. સાથીઓને કહે ''આ ઈશ્વરી આદેશ છે, મને કોઈ દબાણ કરશો નહીં.'' ઠાકુરે જેમ નરેન્દ્રને કહેલું તેમ ગાંધીજીએ એક વખત કહેલું : ''આ જગાએ તમે અને હું બેઠા છીએ એની જેટલી ખાતરી છે, તેના કરતા પણ વધારે ખાતરી મને ઈશ્વરના અસ્તિત્વની છે.''

૧૯૩૮માં વિખ્યાત પાદરી ડો. જ્હોન મોર તેમને મળવા આવ્યા. વાતવાતમાં તેમણે પૂછયુ કે ''અનેક મુશ્કેલીઓ, શંકાઓ, વિરોધોના પ્રસંગમાં આપના આત્માને પૂર્ણ સંતોષ કઈ વાતથી મળ્યો છે?'' ગાંધીજીએ જવાબ આપ્યો ''ઈશ્વર પરની અનન્ય શ્રદ્ધાથી.'' પાદરીએ પૂછયું ''આપને કદી પરોક્ષ કે અપરોક્ષ સાક્ષાત્કાર થયો છે ખરો?'' ગાંધીજી કહે ''મેં જોયું છે કે ઘોરમાં ઘોર સંકટ અને અંધકારની ઘડીએ આપણને પાપમાંથી ઉગારી લેનારા કર્મરૂપે તે પ્રગટ થાય છે.'' તેઓ કહે છે ''જેટલો હું તેને શરણે ગયો છું, તેટલો મારો આનંદ વધતો ગયો છે. સ્વેચ્છાએ જે તેનો દાસ બને છે, તેને આકરી અગ્નિપરીક્ષામાંથી નીકળવાનું

સામર્થ્ય આપ્યા વગર તે રહેતો નથી.... વરસો વીતતા જાય છે તેમ તેમ એનો અવાજ મને વધારે ને વધારે સંભળાતો જાય છે. અંધારીમાં અંધારી ઘડીએ પણ તેણે મને તરછોડ્યો નથી. દક્ષિણ આફ્રિકામાં તેમના દીકરા મણીલાલને ૧૦૪ જેટલો તાવ, શરીર ધ્રુજે ધ્રુજે ડોક્ટરને કહે ''જીવનદોરી તો એકલા ઈશ્વરના હાથમાં છે.'' તેમના ઉપવાસ વખતે પેશાબમાં ઝેરી તત્ત્વ એસિટોન નીકળવા માંડ્યું. સાથીઓ અને ડોક્ટરો ચિંતા કરવા લાગ્યા. ગાંધીજી કહે ''કાલે એ નહીં દેખાય.'' અને એમ જ થયું. હિન્દુ-મુસ્લિમ એકતા માટે દિલ્હીમાં ઉપવાસના તેરમા દિવસે ખૂબ નબળાઈ આવી ગઈ. ડોક્ટરે પાણીમાં ગ્લુકોઝ લેવા ખૂબ સમજાવ્યા, ગાંધીજી ન માન્યા. કહે ''તમારા આવા વચનો ઈશ્વર પરની અશ્રદ્ધા વ્યક્ત કરે છે. ઈશ્વરને મારી સેવાની જરૂર હશે તો તે આ અગ્નિ પરીક્ષામાંથી પાર ઉતારશે જ.''

તેમની અનન્ય ઈશ્વર શ્રદ્ધાના તો અનેક દૃષ્ટાંતો મળે છે. તેમને અણુ અણુથી વિશ્વાસ હતો કે ઈશ્વર છે અને તે જ સઘળું કરે છે. અંત સમયે પણ 'હે રામ' બોલી શક્યા. તુલસીદાસે કહેલું : 'જનમ જનમ મુનિ જતન કરાહીં, અંત રામ મુખ આવત નાહી! તેઓ કહેતા ''ઈશ્વરનું અસ્તિત્વ સિદ્ધ કરવાની જરૂર નથી, ઈશ્વર છે જ.'' આ ઈશ્વર દર્શન અંગે પ્યારેલાલજીના, માતુશ્રીને તેમણે એક પ્રશ્નના જવાબમાં લખેલું : ''ઈશ્વરને શરીર નથી એટલે તેના દર્શન શ્રદ્ધાથી જ થાય. જ્યારે આપણા હૃદયમાં કોઈપણ જાતના વિકારી ભાવ ન જાગે, કોઈપણ પ્રકારનો ભય ન રહે, નિત્ય પ્રસન્નતા રહે તો એ સૂચવે છે કે હૃદયમાં ભગવાન વાસ કરે છે.''

આટલું બધું અસાધારણ આત્મબળ-જીવનબળ ધરાવનાર અને વાપરનાર આ પુરૂષ પરંપરાવાદી હતા પણ ખરા અને નહોતા પણ ખરા. અત્યંત ઈશ્વરનિષ્ઠ અને ધાર્મિક હોવા છતાં તેઓ કહેતા ''જે નીતિમત્તાથી વિરુદ્ધ હોય, એવો કોઈપણ ધાર્મિક સિદ્ધાન્ત મને માન્ય નથી.'' ''જે કર્મ વ્યવહારમાં ન લાવી શકાય તે ધર્મ નથી.'' ''સત્ય અને સદાચાર કરતા ચડિયાતો બીજો કોઈ ધર્મ નથી.'' આમ તેમના ધાર્મિક વિચારો પરંપરાવાદી નહીં પણ સમજણ સાથેના, બુદ્ધિયુક્ત હતા. ઠાકુર અને સ્વામી વિવેકાનંદની પરંપરાને જાણે તેઓ એક કરી રહ્યા હતા એટલે જ સર્વધર્મ સમન્વયની વાત ગાંધીજીએ આગળ વધારી અને શિવભાવે જીવસેવાને તેમણે જીવનમાં ચરિતાર્થ કરી.

તેમની પૂર્ણ ઈશ્વરશ્રદ્ધા તેમના બધા ક્રિયાકલાપોમાં પ્રગટ થતી હતી. તેમની ઈચ્છા તો મોક્ષ મેળવવાની જ હતી પણ સેવા એનું માધ્યમ હતું. તેએ કહેતા ''માનવહિતની પ્રવૃત્તિથી જુદો એવો કોઈ ધર્મ હું જાણતો નથી.'' સ્વામી વિવેકાનંદે 'દરિદ્ર તારામણની ઉપાસના'ની અને 'વિધવાઓના આંસુ લૂછવાની' વાત કરી જ હતી. ગાંધીજી પણ લોકોને પ્રભુ સમજીને મળતા. આ કોઈ એવો માણસ નહોતો કે જેની પાસે પુષ્કળ સત્તા હોય, પણ તેઓ લોકોના માણસ હતા અને પ્રભુના માણસ હતા. તેઓ કહેતા 'મારે મોક્ષ પ્રાપ્ત કરવો છે, પણ તેનો રસ્તો તો પડોશીના ઘર પાસેથી જ પસાર થાય છે!'

લોકો સાથે અને ખાસ કરીને ગરીબો સાથે એકરૂપ થવાની તેમની અદ્ભૂત તાકાત હતી. દક્ષિણ આફ્રિકામાં તેઓ વકીલાત કરતા અને સારું કમાતા, પણ હિન્દીઓને થતા અન્યાય વિરુદ્ધ તેમણે સત્યાગ્રહ કર્યો અને હજારો ગરીબ હિન્દીઓ તેમના સત્યાગ્રહમાં જોડાયા. એ વખતે તેમણે કહેલું ''મારે ખાતર ભોળાં નિરસર એવા હજારોએ પોતાની આહૂતિ આપી છે. એ બધાં કેવળ મારી પાછળની શ્રદ્ધા માટે લડાઈના દાવાનળમાં કૂદી પડ્યા હતા. દેખ્યું ન જાય એટલું દુઃખ, તેમણે વેઠયું છે. એમનાથી વેગળો હું કેમ રહું? હવે મારે એમનામાંના જ એક બનીને રહેવું જોઈએ'' તેમના નીતિમય જીવનમાં સેવા એ માધ્યમ હતું અને એ માટે ત્યાગ એમના માટે સહજ હતો. તે વખતે તેમણે કોટ પાટલૂન છોડ્યા તે છોડ્યા અને પછી તો સાદાઈ અને કરકસર જીવનનો ભાગ જ બની ગયા.

ગાંધીજી કહેતા મારે ઈશ્વરનો સાક્ષાત્કાર કરવો છે, પણ તે લોકોની સેવા દ્વારા જ થઈ શકશે. આ દેહ એ સેવા માટે છે, દેહ એ સેવાની પૂજા સમાન છે. નિરહંકાર થઈને જ સેવા કરી શકાય. આવો નિઃસ્પૃહ, જાગૃતિપૂર્વક સતત સેવારત અને અંતર્ખોજ માનવી ભાગ્યે જ જોવા મળે. તેથી જ આઈન્સ્ટાઈન જેવો વૈજ્ઞાનિક પણ કહી ઉઠેલો ''થોડાક સમય પછી લોકો માની પણ નહીં શકે કે લોહીમાંસનો બનેલો આવો એક માણસ આ પૃથ્વી પર વિચર્યો હશે!'' ધર્મ અને નીતિ જીવનના બધાં સંત્રમાં, બધાં કાર્યમાં સૂક્ષ્મરૂપે ઓતપ્રોત. અંગત જીવન જુદું અને સામાજિક જીવન જુદું એવા નોખા કાટલા નહીં. તેઓ માનતા કે ''જે એકને સારું શક્ય છે તે બધાંને સારું શક્ય છે.'' આચાર-વિચારની અદ્ભૂત એકતા તેમનામાં પળે પળે દૃષ્ટવ્ય થતી.

પરમાત્મા પ્રાપ્તિનું માધ્યમ તે સેવા. ''પ્રભુ મેળવવાનું સારામાં સારું સાધન પ્રભુના પ્રાણીઓની અનન્યભાવે સેવા કરવી તે છે.'' તેમ તેઓ કહેતા. તેઓએ એક વખત કહેલું ''આ જગતમાં જન્મ પામીએ છીએ તે જગતનું લેણું ચૂકવવા સારું અર્થાત્ તેની સેવા સારું... માનવજાતની સેવા દ્વારા ઈશ્વરનો સાક્ષાત્કાર કરવા હું ઝંખું છું.'' આ તેમની આંતરિક અભિપ્સા હતી. આ દૃષ્ટિએ શરીર ટકાવવા જરૂરી આહાર અને વસ્ત્રાદિ. તેમના માટે આચરણ એ જ પ્રવચન, એ જ ઉપદેશ. તેઓએ કહ્યું છે ''મારું મગજ નાનું છે. મેં ઝાઝું સાહિત્ય વાંચ્યું નથી. મેં બહુ દુનિયા પણ જોઈ નથી. પણ મેં જીવનમાં કેટલીક વસ્તુઓ પર મારું લક્ષ્ય કેન્દ્રિત કર્યું છે અને એ સિવાય મને બીજો રસ નથી.'' તેથી જ તેઓ અક્ષરજ્ઞાન કરતા

સદ્ગુણો અને સદાચારને મહત્ત્વ આપતા. ''અક્ષરજ્ઞાન કરતા ઘણી વધારે જરૂર તો સચ્ચાઈ, સહનશીલતા, સમય-સૂચકતા, હિંમત અને વ્યવહારબુદ્ધિની હોય છે.'' તેમ તેમણે કહેલું.

મહાપુરુષો દીવાદાંડી સ્વરૂપ હોય છે. ભૂલ્યા ભટક્યાને રસ્તો બતાવવાનું કામ તેઓ કરતા હતા. ગાંધીજીનું મંથન સમસ્ત માનવજાત માટે હતું. તેઓ સમગ્ર જગત વચ્ચેની આંતરિક એકતા જોઈ શકતા હતા. તેઓ માનતા કે માનવજીવન અનેક પાસાંના સમન્વયથી બનેલું એક અને અખંડ છે. તેમનું પોતાનું જીવન કોઈ નકશા કે સમન્વિત પૂર્વયોજના અનુસાર નહોતું. તેમણે જીવનના જે કેટલાંક મૂળભૂત સિદ્ધાન્તો નક્કી કરેલા તે અનુસાર જીવતા. તેથી તેમના આચાર અને વિચારમાં એકતા સંવાદિતા વરતાય છે.

તેમના જીવનમાં સેવા તત્ત્વ ભારોભાર અને સહજ હતું. સેવાધર્મના સાચા દૃષ્ટાંતરૂપ તેઓ હતા. દ્વેષભાવથી તેઓ સર્વથા મુક્ત હતા. વિરોધીઓ પણ તેમના પર વિશ્વાસ મૂકી શકતા! સત્યનિષ્ઠા અને દ્વેષરહિતતાથી જાગૃતિપૂર્વકની તેમની સાધના હતી. ''આ સંસારમાં કોઈનો પણ તિરસ્કાર કરવા હું મને અસમર્થ માનું છું. ઈશ્વરપરાયણતાથી ખૂબ સંયમ કેળવીને ચાલીસ વર્ષ થયા કોઈના પર દ્વેષ કરવાનું છોડી દીધું છે.'' - આ વાત તેમણે ૧૯૨૫માં કરેલી.

અંદરની સંવેદનશીલતા, અનુકંપા, કરુણા વિના સેવાની ગંગોત્રી વહી ન શકે. ગરીબો માટે, અસ્પૃશ્યો માટે નાનપણથી જ અપાર કરુણાનો ભાવ આપણે જોઈ શકીએ છીએ. રાષ્ટ્રજીવનમાં તેમની આ કરુણાધારા શતમુખે વહી છે. માનવસેવા એ જ પ્રભુસેવા એ એમણે સાર્થક કરી બતાવ્યું. ઈશુ કહેતા 'I have come not to destroy, but to fullfil.' આ વાત ગાંધીજીનું જીવન જોતા પ્રત્યક્ષ થાય છે. ''માનવજાતની સેવા કરી તે દ્વારા હું ઈશ્વરને અનુભવવા મથું છે, કેમ કે હું જાણું છું કે ઈશ્વર ઉપર સ્વર્ગમાં નથી રહેતો કે તે અહીં નીચે નથી રહેતો, પણ તે હરેકમાં છે.'' ''મારું આખુંય જીવન સત્યની એક પ્રયોગશાળા છે. મારા આખા જીવનમાં કેવળ એક જ પ્રયત્ન રહ્યો છે અને તે મોક્ષની પ્રાપ્તિ. ઈશ્વરનું સાક્ષાત્ દર્શન અને તે સેવા દ્વારા.''

સેવાનું ઉદ્ગમ સ્થાન છે ભીતરી કરુણા. દક્ષિણ આફ્રિકામાં કેટલાંય પ્રસંગો તેમના દ્રવિત કરુણા હૃદયના મળે છે. સત્યાગ્રહી સૈનિકો જેલમાં હતા, તેમના પરિવારજનોની સંભાળ તો રાખતા જ, પણ નહાવા જાય તો તે પરિવારના કપડાં પણ ધોવા લઈ જાય અને ઘરકામમાં મદદ પણ કરે! જોહાનિસબર્ગમાં ગંદુ પાણી દર અઠવાડિયે ખાલી થતું અને તે ખાલી કરવા હબસીઓ ગાડી ખેંચીને આવે. તેમના માટે ગરમ ગરમ ચા બનાવે અને તેમના ટમલરમાં આપે. હબસીઓ તેમની ઝૂલૂ ભાષામાં ડાબો હાથ ઊંચો કરીને કહેતા : 'કોસ બાબા ફેઝલૂ - ઈશ્વર ઉપર છે, પણ તમારાથી તેની ખબર પડે છે!'

૧૯૨૬-૨૭માં ઓરિસાના ગામડાંઓની ગરીબાઈ જોઈને અત્યંત દ્રવિત થયા. તેમને થયું ''આ લોકો માટે શું કરી શકાય? મને થાય છે કે મરણની ઘડી આવે ત્યારે અહીં ઓરિસ્સામાં આવી આ લોકોની વચ્ચે મરું, કંઈ નહીં તો તે વખતે જેઓ મને મળવા આવશે તે આ લોકોની કરુણ દશા જોશે અને તેમાંના કોઈનું હૃદય પીગળશે તો આ લોકોની સેવા કરવા અહીં આવીને વસશે.'' આમ તેમને થતું. તેઓ સેવાગ્રામ રહેતા હતા ત્યારે શિયાળાની કાતિલ ઠંડીમાં ગોશાળા સાફ કરવા આવતા ગરીબ મજૂરને આશ્રમના પરિવારો પાસેથી ફાટેલી સાડીઓ ભેગી કરી અને ગોદડી બનાવીને તેને ઓઢવા માટે આપી! વિલાયતમાં પણ 'હું તો ગરીબોનો પ્રતિનિધિ છું..... હું ભારતના કરોડો ગરીબોમાંથી એક છું' તેમ કહી ગરીબ સત્તામાં જ રહ્યા એટલે વિનોબાજીએ એક વખત કહેલું ''ગાંધીજીમાં એક અપાર કરુણા કામ કરી રહી હતી.'' હરિજનોને પડતા દુઃખોથી પોતે જ વેદના અનુભવતા એટલે તેમણે કહેલું ''હું પુનર્જન્મ માગતો નથી, પણ હું આવતા જન્મે જન્મું તો અંત્યજ જન્મું અને તેમને પડતા દુઃખો અનુભવું.''

ગાંધીજીની આ શક્તિનો સ્રોત ક્યાંથી આવતો હતો? અસીમ ઈશ્વર શ્રદ્ધા તો ખરી જ, પણ તેનું મૂર્ત રૂપ તે પ્રાર્થના. તેઓ સતત સહજ પ્રાર્થનામય, ધ્યાનમય જ રહેતા. આપણને લાગે કે આ વ્યક્તિ તો સતત કર્મરત છે, પણ તે તેમનું બાહ્ય કર્મ ચાલતું હોય, અંદર પ્રાર્થના - રામ નામ સાથે અનુસંધાન હોય. તેઓ કહેતા ''શરીરને માટે અન્ન અનિવાર્ય છે, તેટલી આત્માને માટે પ્રાર્થના અનિવાર્ય છે. ખોરાક અને પાણી વિના કેટલાક દિવસ હું કાઢી શકું, પણ પ્રાર્થના વિના એક દિવસ પણ કાઢવો મારા માટે અશક્ય છે'' તેમ કહેતા અને તેમને વિશ્વાસ હતો કે ''ઈશ્વરે મારી પ્રાર્થનાનો જવાબ ન આપ્યો હોય તેવું કંઈ બન્યું નથી.'' આશ્રમમાં હોય કે જેલમાં, પ્રવાસમાં હોય કે કોઈ ગામમાં, પ્રાર્થના અચૂક કરતા જ. દરરોજ સવાર-સાંજ નિયમિત પ્રાર્થના તેમને શક્તિ, સામર્થ્ય, તાજગી આપતા દક્ષિણ આફ્રિકામાં પ્રેસ ચલાવતા. જાતે પ્રેસનું પૈડું ફેરવતા તે વખતના તેમના એક સાથીએ લખ્યું છે કે ''તેમના હાથ પૈડું ફેરવતા અને ચિત્ત ધ્યાનસ્થ રહેતું!'' વાઈસરૉય લોર્ડ રીડિંગે તેમને ગિરફતાર કરવાનો હુકમ કર્યો. પોલિસ અમલદાર ધરપકડ માટે આવ્યા. ગાંધીજીએ નમ્રતાથી કહ્યું ''હું ખુશીથી તમારી સાથે મારી મેળે આવું છું, પણ તે પહેલાં થોડો સમય મને પ્રાર્થના કરવી છે.'' તેથી આઈન્સ્ટાઈને કહેલું ''મંદિર, મસ્જિદ, દેવળમાં જે ઈશ્વર વહે છે, તેમાં મને શ્રદ્ધા કે નિષ્ઠા નથી, પણ ગાંધીજીમાં જે સત્ય વહે છે, તેમાં મને શ્રદ્ધા પણ છે અને નિષ્ઠા પણ છે.''

*(અનુસંધાન પાના નં.... ૨૯ ઉપર)*

# ધર્મ માત્ર - દિલની ધડકન

મીરાં ભટ્ટ

સમાન શીલેષુ સખ્યમ્ - ભાઈશ્રી સુરેશ ગાલા અને અમારી મૈત્રી ખૂબ જામે છે, કારણકે બંને માટે 'સ્વાધ્યાય' એ દૈનિક ભોજન જેટલી જ મહત્વની બાબત છે. તાજેતરમાં જ એમનું તાજું પુસ્તક - 'ભગવદ્ ગીતા અને જૈન ધર્મ હાથમાં આવ્યું અને હું ગાંધી-વિનોબા-કુલની દીકરી એટલે તરત મારું ધ્યાન પુસ્તકમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો અંગે શોધવામાં લાગી ગયું.

પૃષ્ઠ ૧૨૬ પર ગીતાનાં સ્થિતપ્રજ્ઞ-લક્ષણોનાં બે શ્લોકનું વિવરણ મને મળી ગયું. 'પ્રજ્ઞા' શબ્દ અધ્યાત્મ-જગતનો એક ખાસ મુકામ છે. પ્રજ્ઞા પ્રાપ્ત થાય ત્યાર પછી જ અધ્યાત્મનાં દ્વારા ખૂલે છે. લેખક લખે છે કે - આગમ સાહિત્યમાં પ્રજ્ઞા શબ્દનો પ્રયોગ 'નિર્મલ જ્ઞાનચેતના'માટે વપરાણો છે. આ પ્રજ્ઞા શાસ્ત્રાભ્યાસથી પ્રગટતી નથી, પરંતુ જ્ઞાનાવરણીય કર્મના ક્ષય કે ક્ષયોપશમથી પ્રગટે છે, જે અંતઃસ્ફૂર્ત જ્ઞાન જ્યોતિ છે.

આ 'પ્રજ્ઞા' એ આત્મપ્રકાશથી પ્રગટેલું જ્ઞાન છે. બૌદ્ધધર્મમાં પણ બુદ્ધત્વની પ્રાપ્તિ માટે 'પ્રજ્ઞા પારમિતા'ની અનિવાર્યતા બતાવી છે. ગીતાના આ અઢાર શ્લોકોમાં ચિત્રને આત્મભાવમાં સ્થિત કરવાની, પ્રજ્ઞા પ્રાપ્તિની પ્રક્રિયા બતાવી છે. ગીતાનું આ 'સ્થિર' વિશેષણ ખૂબ મહત્વનું છે. મનની બુદ્ધિની સ્થિરતા, સ્થિર-સમાધિ, સ્થિત-પ્રજ્ઞતા' વગેરે પ્રક્રિયા સાધકને 'હોવાપણાની સ્થિતિ'એ પહોંચાડવા માટે અનિવાર્ય છે. પરમાત્મા-આત્મતત્ત્વ સ્વભાવે આવા સ્થિર છે, સમત્વશીલ છે, અકર્તૃત્વશીલ છે, એટલે જ સાધકે પણ આ સમત્વ, સ્થિરતાની પ્રાપ્તિ કરવી પડે છે. સ્થિરતા એટલે સંતુલન-સમત્વ! વિનોબાએ એટલે જ 'ગીતા'ને 'સામ્યયોગ' કહ્યો. સ્વભાવમાં પ્રકૃતિનાં ત્રણે ય ગુણોની સમ્યક્તા ધારણ કરવાથી સંતુલન પ્રાપ્ત થાય છે.

બીજો મહત્વનો મુદ્દો-ઈશ્વરના કર્તા-અકર્તાભાવ અંગેનો છે. આપણે માનવી પોતાને પરમેશ્વરનાં જ પ્રતિબિંબ માનીને આપણું સઘળું પરમાત્મામાં જોવા ઇચ્છીએ છીએ. પરંતુ એ તો બુદ્ધ બ્રહ્મ છે, જ્યારે આપણે શુદ્ધાશુદ્ધ - ધરતીની રજથી રજોટાયલા, પ્રકૃતિના આ ત્રણ ગુણોને કારણે જ વિવિધ કર્મો થતાં હોય છે, ઈશ્વર પોતે અકર્તા છે. એ પોતે કશું કરતો નથી. સમસ્ત જગતનો આ સ્વામી તો ક્ષીરસાગરમાં શેષનાગની શય્યા પર પરમવિશ્રામમાં લીન છે. એ પોતે નથી કશું કરતો, નથી કશું કરાવતો. ગીતા તથા અધ્યાત્મસાર બંને કહે છે કે - જે માનવ આત્મતૃપ્ત હોય તેને કશું કરવા કે કરાવવાપણું હોતું નથી. પરંતુ આરંભે, નવોદિત યોગ, સાધકો માટે સત્કર્મ એ સાધન છે, જ્યારે યોગારૂઢ માટે 'શમ'એ સાધન છે, 'સમતામાં સ્થિર થવું જ મુખ્ય રહે છે. મુખ્ય ચીજ કર્મ કે કૃતિ નથી, પરંતુ 'કર્તૃત્વભાવ' છે.

ગીતાએ 'સમત્વ'ને જ યોગ કહ્યો. જૈન દર્શન પણ સમતા સિદ્ધિની વાત કરે છે. - જૈનધર્મમાં સાધુને 'શ્રમણ'-'શમણ' કહે છે, જે સમતાના આરાધક છે તે સમણ..જૈનોના ધર્મગ્રંથનું નામ જ છે. સમણ-સુત્તમ્ - લેખક અહીં કુશળતાપૂર્વક કર્મકૌશલ્યને 'અકર્મ'ની મંઝિલે પહોંચાડે છે, 'અભ્યાસ' અને 'વૈરાગ્ય'નાં સાધનો દ્વારા અસંગવૃત્તિ સાધીને જીવનમાં યોગસંન્યાસ સાધવાનો હોય છે. પૃ. ૮૧ પર લેખક આખી પ્રક્રિયા સૂચવે છે. - વ્યક્તિ દેહ કે મન નથી, પણ ચૈતન્યસ્વરૂપ આત્મા છે. આ આત્મતત્ત્વનો જીવતે જીવતાં અનુભવ કરી લેવો જોઈએ. આ અનુભવ કરવાની સાધના 'અભ્યાસ' એટલે કુશળ કર્મ જ્યારે 'વૈરાગ' એટલે ઈન્દ્રિયોના વિષયો સાથેના સંયોગથી થતા ખેંચાણનું ઘટતું જવું. યોગસૂત્રમાં આને 'ચિત્તવૃત્તિનિરોધ' કહ્યો છે. ટૂંકમાં, આ 'યોગસાધના' એ જ 'કુશળ કર્મ'

લેખકે, અત્યંત કુશળતાપૂર્વક આ યોગસાધનાને વિનોબાની ત્રિસૂત્રીમાં બાંધી આપી છે, જે નીચે મુજબ છે. (પૃ.૧૦)

૧- શુદ્ધિકરણ - ચિત્તને કર્મ, કષાય, સંસ્કાર, વાસનાદિથી મુક્ત કરવું.

૨- એકીકરણ - દેહથી ભિન્ન ચૈતન્ય તત્વ સાથે ઐક્યનો અનુભવ કરવો.

૩ - વિલીનીકરણ - દેહસ્થિત આત્મતત્વનું વિશ્વચૈતન્યમાં વિલીન થયું.

આપણે સૌ જાણીએ છીએ કે 'ગીતા'ની પાર્શ્વભૂમિ યુદ્ધ મેદાન છે. રણાંગણમાં કહેવાયલી આ બ્રહ્મવિદ્યા છે. પહેલી બ્રહ્મવિદ્યા પ્રગટી અરણ્યોમાં, બીજી પ્રગટી રણાંગણમાં-ધર્મક્ષેત્રે- કુરુક્ષેત્રે - 'યુદ્ધ'એનું વાતાવરણ છે. એટલે સ્વાભાવિક છે કે - 'હિંસા' તત્ત્વની ચર્ચા એમાં હોય! ત્રીજા પ્રકરણમાં લેખકે 'ગીતા'ના આ સમગ્ર સંદર્ભની ચર્ચા કરી છે. પૃથ્વી પરના માનવજીવનમાંથી હિંસાને શત-પ્રતિશત દૂર કરવા વિશેષ ઉત્ક્રાંતિ જોઈએ. એટલે જ કૃષ્ણે કહ્યું હશે. પૃથ્વી પર જ્યારે જ્યારે ધર્મ-ગ્લાનિ થશે ત્યારે ત્યારે હું જન્મ ધારણ કરીશ. કૃષ્ણે માત્ર 'ધર્મ-અધર્મ'ની વાત કરી, 'હિંસા-અહિંસા'ની નહીં. કારણ કે રાગ-દ્વેષ, મોહ-મમતા, કામ-ક્રોધ પણ એક પ્રકારની 'હિંસા' જ છે. આવો હિંસા-મુક્ત માનવી તો કોઈ વિરલ અરિહંત જ હોઈ શકે. અર્જુન અરિહંત નથી. કુશળ બાણાવળી છે. માનવમાં પડેલા ષડરિપુના ડંખના ઝેર કાઢી નાંખવા માટે ભગવાને ગીતા ઉદ્‌બોધી છે. ક્યારેક કુદરતને પણ હાથમાં લાઠી લેવી પડે છે. કુદરતી-કોપ, પ્રકૃતિ-પ્રલય, કાળો કેર, સર્વનાશ

વગેરે શબ્દો આ જ પરિસ્થિતિના સૂચક શબ્દો છે.

ભગવાન કૃષ્ણ અને મહાવીર -બંનેના અવતાર પાછળની એક ચોક્કસ પાર્શ્વભૂમિ છે. લેખક બંને પરિસ્થિતિનું સમ્યક્ વર્ણન કરે છે. ભગવાન મહાવીરના સમયમાં અધર્મ અને અન્યાયની ગાંઠ માત્ર દવાથી જ ઓગળી જાય એવી હતી, એટલે એમણે ફિઝિશિયનની ભૂમિકા અપનાવી, જ્યારે કૃષ્ણકાળમાં ગાંઠને હઠાવવા શસ્ત્રક્રિયા જુદી હતી, એટલે કૃષ્ણને ભાગે 'સર્જન'નો રોલ આવ્યો. મહામાનવને યુગની સાથે યુગબંધન હોવાનું જ, મહાવીરના યુગમાં રાજામહારાજાઓ, શ્રીમંતો ભોગવિલાસમાં નશાચૂર હતા, એટલે ભગવાને તપ, ત્યાગ, ઉપવાસ અને ઈન્દ્રિય સંયમનો માર્ગ અપનાવ્યો. ભગવાન કૃષ્ણે 'સ્થિતપ્રજ્ઞતા' 'ચિત્તના સમત્વ'ને પ્રાધાન્ય આપ્યું, જેથી નિર્ણયમાં અધર્મનો પ્રવેશ ન થાય. નીતિ-અનીતિથી પર એવી અતિ-નૈતિકતાની વાત ગીતામાં આવે છે. - મુખ્ય તો 'ભાવહિંસા જ હિંસાનો મૂલાધાર છે.' - યુદ્ધ કે અ-યુદ્ધ નહીં, ક્યારેક યુદ્ધ એ પણ ધર્મ બની શકે. 'ગાંડીવ ઊઠાવ, અર્જુન, હવે તો 'યુદ્ધ' એ જ ધર્મ!' - એ જ રીતે જૈન ધર્મ કહે છે - 'હિંસા કરવા છતાં અપ્રયત્ત સાધક અહિંસક છે. હિંસા ન કરવા છતાં પ્રમત્ત વ્યક્તિ હિંસક છે.'

આ જ રીતે, સંન્યાસ અને ગૃહસ્થાશ્રમની ચર્ચા પણ રસપ્રદ છે. (પૃ.૫૭) માનવ જીવન માટે અન્ન, પોષાક, આવાસ (પેટ-પહેરણ-પથારી) અથવા 'અશન-વસન-ભવન' અનિવાર્ય છે. પ્રત્યેક માણસ સંન્યાસી ન થઈ શકે. મોટા ભાગના લોકો માટે કર્મસંન્યાસ નહીં, પણ કર્મફળ ત્યાગનો માર્ગ અનુકૂળ આવે. એક સુંદર દૃષ્ટાંત લેખકે આપ્યું છે - કોઈ સૂફી સંતને એમનો શિષ્ય પૂછે છે - સૌથી મોટું દુર્ભાગ્ય કોને કહેવાય? ત્યારે સૂફી સંતે જવાબ આપ્યો કે - માનવ માટે હૃદયનું મૃત્યુ એ સૌથી મોટું દુર્ભાગ્ય કહેવાય અને દુનિયા તરફ આસક્ત થવું એટલે જ હૃદયનું મૃત્યુ. આસક્તિ એટલે ઈન્દ્રિયોનો વિલાસ, આસક્તિનો ડંખ નિષ્ફળ થાય પછી કોઈ કર્મ બંધનરૂપ નથી નીવડતું.

આ પુસ્તકમાં એક વિશેષ જાણકારી મળે છે તે 'ઉદ્ધવગીતા' ની. ઉદ્ધવ ભગવાન કૃષ્ણનો બાળસખા કૃષ્ણ પિતા વસુદેવના નાના ભાઈ દેવ ભાગનો પુત્ર. કૃષ્ણ-બળરામ અને ઉદ્ધવ-ત્રણેય ગોકુળ-મથુરામાં સાથે ને સાથે. યાદવ યુવાનો જ્યારે દ્વારિકાથી પ્રભાસ પાટણ તરફ ગયા, ત્યારે કૃષ્ણને વિનાશ નજીક છે એનો અણસાર આવી ગયો, ત્યારે ઉદ્ધવે ભગવાનને ઉપદેશ આપવા વિનંતી કરી. આ ઉપદેશ તે 'ઉદ્ધવગીતા, જેમાં એક હજાર શ્લોકો છે. અહીં ઉદ્ધવ કૃષ્ણને 'સર્વજ્ઞ' માનીને પ્રશ્નો પૂછે છે. ઉદ્ધવ શ્રીકૃષ્ણને 'નયનિપુણ' કહે છે, એટલે કે અનેકાંત દૃષ્ટિકોણ ધરાવતી વ્યક્તિ. ભગવાન મહાવીર માટે પણ આ વિશેષણ વપરાય છે. આ 'ગીતા'ની વિગતોમાં નહીં જઈએ, પણ મહદંશે 'સંન્યાસ ધર્મ'નું વર્ણન છે.

સારનો પણ સાર આ છે કે જૈનધર્મ એટલે સમત્વની પ્રાપ્તિ - સમણ ધર્મ. લેખક સુંદર ઉપમા આપે છે - બાળકોના બગીચામાં ઊંચા-નીચા થતાં એક જ પાટિયા પર બે બાળકો બે છેડે બેસે છે. (અંગ્રેજીમાં See-Saw કહે છે.) જીવનમાં રાગદ્વેષ જેટલા નીચા જાય, એટલું સમત્વ ઉપર આવે.

આખરે તો, જૈનધર્મ કે ગીતા જ નહીં, સર્વધર્મ એક જ તથ્ય કહે છે. एकम् सत् बहुधा विप्रः वदन्ति! માણસે માણસે કહેવાની લઢણ બદલાય. પરંતુ સુરેશભાઈએ આ પુસ્તક લખીને દિલોને જોડવાનું જે મહાન ધર્મકાર્ય કર્યું છે, તે બદલ અનેકાનેક અભિનંદન! આખરે ધર્મ માત્ર છે - દિલની ધડકન!

## સાચો કીમિયો

મિસરના સંત માર્કેરિયસની ખ્યાતિ સાંભળી એક દિવસ એક જિજ્ઞાસુએ એમની પાસે પહોંચી કહ્યું, "મારે મારા જીવનનું સાધવું છે, તો આપ એનો કોઈ કીમિયો મને બતાવો."

સંતે આ સાંભળી એને કહ્યું, "વારુ, તું કબ્રસ્તાનમાં જઈને ત્યાં કબરોમાં પોઢેલાઓને પુષ્કળ ગાળો આપી આવ."

જિજ્ઞાસુ તો સંતની આજ્ઞા શિરોમાન્ય ગણી કબ્રસ્તાન તરફ ઊપડ્યો, અને ત્યાં ઊભા ઊભા સંતના કહેવા પ્રમાણે અપાય એટલી ગાળો બધાં કબ્રવાસીઓને આપી.

બીજે દિવસે પાછા જઈ સંતને એણે આગલા દિવસની વાત કરતાં સંતે પૂછ્યું, "તને એમાંના કોઈએ કશો ઉત્તર વાળ્યો?"

"કોઈએ નહીં." પેલાએ જવાબ આપ્યો.

"તો આજે તું ફરીથી એ જ કબ્રસ્તાનમાં જા અને તેઓના વખાણ કરવા માંડ. તારાથી થાય એટલી એમની ખુશામત કરજે." જિજ્ઞાસુએ એ પ્રમાણે કર્યું.

બીજે દિવસે સંતને આ વાત કરતાં સંતે પૂછ્યું, "કેમ ભાઈ, તારે મોંએ પોતાનાં વખાણ સાંભળીને એ લોકોએ શો જવાબ આપ્યો?"

"મડદાં તે વળી શો જવાબ આપે?" પેલા જિજ્ઞાસુએ જરા ચિડાઈને કહ્યું, એને લાગ્યું કે સંત પોતાની મશ્કરી કરી રહ્યા છે!

સંત માર્કેરિયસે વાત્સલ્યપૂર્વક જણાવ્યું, "વત્સ, જીવન-કલ્યાણનો સાચો કીમિયો તને મળી ગયો. બસ, તું પણ આ મડદાંઓના જેવો બની જા. બીજાઓ તારી નિંદા કરે કે પ્રશંસા, એ પ્રત્યે બિલકુલ લક્ષ આપ્યા વિના તું તારી સાધનામાં આગળ ધપ્યે જા, તો તું સફળ અને સુખી થઈશ."

**સૌજન્ય : 'જીવનદીપ' પુસ્તકમાંથી**

# ભુતાન પ્રવાસના સંસ્મરણો : ૩

કિશોરસિંહ સોલંકી

## ૪. થિમ્ફુની સવાર

થિમ્ફુની સવાર. ગઈકાલે રાતે અંધારા ઓઢીને થિમ્ફુને પામવાનો પ્રયત્ન કરેલો પણ વ્યર્થ ગયેલો. વરસાદના કારણે ગાડી ઉપરની બેગ સંપૂર્ણ ભીની થઈ ગઈ હતી, કપડાં પણ. રાત્રે બેગ ખાલી કરીને સૂકવ્યા. જમ્યા પછી સૂઈ ગયા.

સવારમાં ઠંડીનો ચમકારો હતો. તૈયાર થઈને થિમ્ફુ દર્શને જવાનું હતું. આ ભુતાનનું સૌથી મોટું શહેર અને પાટનગર છે. ભુતાનના મધ્ય પશ્ચિમે ચારેબાજુ ખીણની વચ્ચે આવેલું છે. ભુતાનની ૨૭'' ૨૮'' ૦૦'' ઉત્તરે ૮૯'' ૩૮'' ૩૦'' પૂર્વમાં થિમ્ફુ શહેર આવેલું છે. ૧૯૫૫માં પુનાખા જૂની રાજધાનીને બદલીને થિમ્ફુની સ્થાપના થઈ અને ૧૯૬૧માં દેશની રાજધાની તરીકે ત્રીજા રાજા દ્રુક ગ્યાલ્પોજીગ્મા દોરજી વૉન્ગ ચુકે (Druk Gyalpojigme Dorji wang chuck) જાહેર કરી.

થિમ્ફુ વૉન્ગ ચૂ (નદી)ની ખીણોના પશ્ચિમ કિનારે ઉત્તર-દક્ષિણ દિશામાં વિસ્તરેલું છે. વિશ્વમાં ઊંચા શહેરોમાં ત્રીજા નંબરની ઊંચાઈએ આવેલ રાજધાની થિમ્ફુ શહેર ૨૩૦૦ મી. અને ૨૬૪૮ મી.ની વચ્ચેની ઊંચાઈએ આવેલું છે.

૧૯૬૦ પહેલાં થિમ્ફુ એ ખીણમાં છૂટા-છવાયા ગામડાઓનો સમૂહ હતો. જેમાંના ઘણાં તો આજે જિલ્લા મથકો બની ગયા છે. વૉન્ગ ચૂક શાસનમાં પ્રદેશમાં શાંતિ અને વિકાસ થયો. ત્રીજા રાજા જિગ્મે દોરજી વાન્ગ ચૂકે જાગીરદારીની પદ્ધતિ અને ગુલામી પ્રથાનો નાશ કરીને જમીનની ફરીથી વહેંચણી કરી અને વેરાઓનો અમલ કર્યો. અમલદારોની નિમણૂકોમાં અને ન્યાય પ્રણાલીમાં સુધારા-વધારા કર્યા. ચોથા રાજા જિગ્મા સીંગી વૉન્ગ ચૂકે દેશને વિકાસ માટે ખુલ્લો મૂક્યો. ભારતે મદદ કરીને એના વિકાસ માટે પ્રેરણા પૂરી પાડી. ૧૯૬૧થી થિમ્ફુ સત્તાવાર રીતે ભુતાનનું પાટનગર બન્યું.

થિમ્ફુમાં રાષ્ટ્રીય બંધારણીય સભાએ ૨૦૦૧માં ભુતાન રાજ્ય માટે બંધારણ ઘડવાનું શરૂ કર્યું અને ૨૦૦૫માં ભુતાનના ચોથા રાજાએ તેના પુત્ર પ્રિન્સ જિગ્મે ખેસર નામગ્યાલ વાન્ગ ચૂકે સત્તા સોંપી દીધી. ૨૦૦૮માં સંપૂર્ણ રાજાશાહીના શાસનને લોકશાહી બંધારણના શાસનમાં ફેરબદલી કરવાનો માર્ગ મોકળો મળ્યો. જેમાં થિમ્ફુને નવી સરકાર માટે મુખ્ય મથક રાખવામાં આવ્યું.

આ થિમ્ફુ શહેર ઊંચાઈ અને આબોહવામાં ફેરફારના કારણે ખીણમાં વસ્તીવાળો પ્રદેશ અને વન વિભાગ એમ બે પ્રદેશો જોવા મળે છે. જો કે ખીણમાં ગાઢ જંગલ પ્રદેશ ઉત્તર-પશ્ચિમ દિશામાં વિસ્તરેલા છે. શહેરના દક્ષિણ ભાગમાં શહેરની મધ્યમાંથી પસાર થતી વાન્ગ ચૂ (નદી) ઉપર લુંગટમ ઝામ્પા (Lungtem Zampa) પુલ નદીના પૂર્વ-પશ્ચિમ કિનારાને જોડે છે.

થિમ્ફુ ચુ બર્ફીલા મેદાન પ્રદેશમાં લગભગ ૨૩૦૦૦ ફૂટની ઊંચાઈ સુધી પહોંચે છે. તેમાં હિમાલયની ટોચ ઉપરથી આવતી ઘણી નાની-મોટી નદીઓ મળતી હોવાના કારણે થિમ્ફુ ખીણની ભૌગોલિક પરિસ્થિતિનું નિર્માણ કરે છે. થિમ્ફુ ખીણની રચના જ એવી છે કે નદી કિનારાથી છેક પૂર્વ છેડા સુધી ખૂબ જ સીધી ઊંડી ઢાળવાળી ખીણની રચના કરે છે. આ નદીના પશ્ચિમ કિનારાથી ડેન્ચોલીંગ (Dechencholing) અને સીમતોખા (simtokha) સુધી પ્રસરેલી છે.

ખીણમાંથી ટેકરીઓની હારમાળા ઉત્તર-દક્ષિણમાં એવી રચના કરે છે, જે ચોમાસામાં ભેજવાળા પવનો હિમાલયના અંદરના ભાગને અને નીચે આવેલી ખીણોના બરફને ઓગાળી નાંખે છે. ચોમાસામાં ગાઢ વાદળો અને વીજળીના ગડગડાટ સાથે વરસાદ પડે છે જેના કારણે જમીન ધસી પડે છે, રસ્તાઓ બંધ થઈ જાય છે. નદીઓ અને વરસાદી પ્રવાહો મોટા પ્રમાણમાં જંગલોનો કચરો ઘસડી લાવે છે. ઊંડા ખાબોચિયાં, ગાઢ કાદવ અને રોડ ઉપર જમીન ધસી પડવાને કારણે ઘણી વખત અવરજવર બંધ થઈ જાય છે.

૧૯૫૨થી થિમ્ફુને ભુતાનની રાજધાની તરીકે પસંદ કરવામાં આવેલું, પરંતુ ૧૯૬૧ સુધી કાયદેસર રીતે સ્થાપના થઈ નહોતી. સમય જતાં નદી કિનારે અને ઊંચા મેદાનના ભાગમાં ધીમે ધીમે શહેરનો વિકાસ થતો ગયો. નદીની નીચેના મેદાનો વિકસાવ્યા. ૧૯૭૪થી ૪થા રાજા જિગ્મે સિન્ગો વાન્ગચૂકથી આ દેશને પરદેશીઓની મુલાકાત માટે ખુલ્લો મૂકાયો ત્યારથી તેનો વિકાસ ઝડપી થવા લાગ્યો. હાલ થિમ્ફુની વસ્તી એક લાખ ચાર હજાર છે. શહેરમાં બધી જ સુવિધાઓ ઉપલબ્ધ છે; સાથે પરંપરાગત ઝોન્ગ (Znongs) મઠો અને ચૉરટન (chorten) આવેલા છે. થિમ્ફુનું આયોજન આધુનિક ગ્રામવિકાસ જેવું કરાયું છે. જેનો ઉદ્દેશ ખીણમાં નદી અને જંગલો જેવી પર્યાવરણની જાળવણી કરવાનો છે. લોકોની સુખાકારીના સાધનો જળવાઈ રહે અને ઉદ્યોગોમાં વૃદ્ધિ થાય એટલે મકાનોની ઊંચાઈ માટે પણ નિયમન કરવામાં આવ્યું છે.

માળખાકીય આયોજનનો મુખ્ય ઉદ્દેશ તેશીઓ ઝોન્ગ (Tashichheo Dzong), વાન્ગ ચુ (Wang chhu) પાણીના ઝરણાં અને સુંદર જંગલો વડે ઘેરાયેલી વનરાજીવાળી ટેકરીઓ, મઠો, મંદિરો, ચૉરટન બધાં ગામડાંઓનો વિસ્તાર સચવાઈ રહે. શહેર સીમોખા ઝોન્ગ તરફનું - દક્ષિણ તરફનો પ્રવેશ દ્વાર - ઉત્તર અને પશ્ચિમ દિશા તરફ વાન્ગ ચૂ ખીણ સુધી વિસ્તાર પામેલ છે.

રાહદારીઓ માટેની સુંદર પગદંડી, વિશાળ મકાનો, રમતના મેદાનો, રેસ્ટોરન્ટ, પ્રદર્શન હૉલ અને વાહન-વ્યવહાર માટેના માર્ગો. નદી કિનારાના વિસ્તારમાં બગીચાઓ અને ફૂટપાથનો વિકાસ થઈ રહ્યો છે. મકાનોના બાંધકામને મંજૂરીમાં જે ભૂતકાળમાં થતા હતા તેવા પરંપરાગત ભૂતાનીઝ સ્થાપત્યના નિયમોનો કડક અમલ કરાવવામાં આવે છે.

શહેરના મધ્યભાગમાં ઘણા ફ્લેટ્સ, નાના ઘર અને દુકાનો આવેલી છે. બધા જ મકાનોનું બાંધકામ પરંપરાગત બોધિષ્ટ રંગરોગાનવાળું હોય છે. થિમ્ફુના રહેણાંકના મકાનો પણ ભૂતાનની પારંપારિક કળાને હાનિ પહોંચાડ્યા વિના બાંધકામની પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યા છે. એ બધું જોતા જોતા અમે મેમોરિયલ ચૉરટન આવી ગયા.

## ૫. મેમોરિયલ ચૉરટન

થિમ્ફુનો વિસ્તાર જોઈએ તો ૨૬ વર્ગ કિ.મી. (૨૦ સ્કેલ માઈલ)નો અને દરિયાની સપાટીથી ૨૩૦૦ મી. ઊંચાઈએ આવેલો છે. ૨૦૧૫ની વસ્તી ગણતરી પ્રમાણે એક લાખ ચાર હજારની વસ્તી છે. ભૂતાનના ૨૦ જિલ્લા છે, એમાં આ થિમ્ફુ જિલ્લો છે. આમ તો આ શહેર છે, પણ આપણે ત્યાં જેમ જુદા જુદા જિલ્લા આવેલા છે એ પ્રમાણે અહીં પણ છે. જુન્ગશીના એ ઉત્તર તરફનો જિલ્લો છે. કાવાન્ગજીંગ્સાં પશ્ચિમ દિશા તરફ જે મોટી થેન્ગની ઉત્તરે અને ચુબા ચૂની ઉત્તર આવેલો છે. લાન્ગઝૂપાખા એ વૉન્ગ ચૂના ઉત્તર-પૂર્વ તરફનો જિલ્લો છે. મોટી થેન્ગ ભૂતાનની ઉત્તર-પશ્ચિમ દિશામાં આવેલો છે. જ્યાં ૧૯૭૪માં રાજા જિગ્મે શિન્ગવે વાન્ગચૂક રાજ્યાભિષેક વખતે મોટી થેન્ગ હોટલ બંધાવી હતી. ત્યાં ભૂતાનના પ્રખ્યાત રાષ્ટ્રીય પ્રાણી ટાકીન પ્રીઝર્વ પણ છે. સાન્ગ્યેન પશ્ચિમ તરફ અને યાન્ગમેનફૂગ પૂર્વ તરફનો જિલ્લો છે. ઝામાઝીન્ગકા એ પૂર્વ અને ઝૂલુખા એ ઉત્તરમાં આવેલા જિલ્લા છે. અહીં ઝૂલુખા નર્સરી આવેલી છે જે અગાઉના રાજા ડુબ્થોબે થેન્ગ થોન્ગ ગ્યાલવોની હતી. ૧૫મી સદીમાં એમની બહુમુખી પ્રતિભાના કારણે તે હિમાલયના લિયોનાર્ડો ડા વિન્સી તરીકે જાણીતા હતા.

આ ઉપરાંત ચાંગનખા, ચાંગઝાળથાકે અને હૉસ્પિટલ વિસ્તાર મેમોરીયલ ચૉરટનની દક્ષિણે આવેલા છે. અમે બજારમાં થઈને સીધા જ આવી ગયા છીએ મેમોરિયલ ચૉરટનના આગળના ભાગમાં. આ થિમ્ફુ ચૉરટન તરીકે પણ ઓળખાય છે. શહેરના દક્ષિણ મધ્યભાગમાં મુખ્ય રસ્તાની આસપાસ અને ઈન્ડિયન મિલીટરી હૉસ્પિટલની નજીક ડૉબૂમ લૅમ પાસે આવેલું છે.

ચૉરટનને સંસ્કૃતમાં 'સ્તૂપ' કહે છે. હિમાલયની આજુબાજુ આવેલા દેશોમાં તેને 'બુદ્ધનું મસ્તિષ્ક' માનવામાં આવે છે, તેથી તે પવિત્ર ગણાય છે. પરંપરાગત રીતે એની પ્રદક્ષિણા ઘડિયાળના કાંટાની દિશામાં એટલે કે જમણેથી ડાબી બાજુએ થવી જોઈએ.

બૌદ્ધ પરંપરા પ્રમાણે સૌ પ્રથમ ચૉરટન ભારતમાં નિર્માણ થયેલ, જેમાં બુદ્ધના અવશેષો સાચવવામાં આવ્યા હતા. હિમાલયના પ્રદેશોમાં આજે પણ હજારોની સંખ્યામાં ચૉરટનનું નિર્માણ ભક્તો દ્વારા થાય છે. ચૉરટન ધાર્મિક વ્યક્તિઓ મૃતાત્માઓની યાદમાં અથવા તો અનિષ્ટ તત્ત્વોનો નાશ કરવા નિર્માણ કરવામાં આવે છે.

પાંચ ભાગમાં એની બાંધણી હોય છે, જે મહાભૂત સાથે સંકળાયેલ હોય છે. પાયો એ જમીનનું પ્રતીક, ગુંબજ એ પાણીનું પ્રતીક, તેર પેરાસોલ (છત્રીઓ) એ અગ્નિનું પ્રતીક છે. સૂર્ય-ચંદ્ર એ હવાનું પ્રતીક અને એની ટોચ ઉપર જે જ્વાળા હોય છે તે 'ઈથર'નું પ્રતીક હોય છે.

ઈથર એક વાયુ છે જે દેવો શ્વાસમાં લે છે અને પૃથ્વીના વાતાવરણની બહાર સમગ્ર વિસ્તાર ઈથરથી છવાયેલો છે એવી માન્યતા છે. તેર છત્રીઓ છે તે આત્મજ્ઞાન માટે તેર તબક્કામાંથી પસાર થવું પડે છે તેનું પ્રતીક છે.

એવા આ પવિત્ર ચૉરટનના ચોગાનમાં આવી ગયા છીએ. એવું કહેવાય છે કે થિમ્ફુમાં વિશેષજ્ઞો અને સેવકો રહે છે. રસ્તામાં આવતા પ્રાકૃતિક દૃશ્યો સમયની સાથે બદલાયા નથી એ જ એની વિશિષ્ટતા છે. ભૂતાનની રાજધાની અને દેશનું સૌથી મોટું શહેર હોવા છતાં સીગ્નલ-લાઈટની કોઈ જ વ્યવસ્થા નથી કારણ કે પ્રજાની શિસ્ત એવી છે કે એની જરૂરિયાત લાગતી નથી. પોલિસ ક્યારેક જ દેખાય છે. નથી ક્યાંય બમ્પ કે નથી વાગતા વાહનોના હોર્ન! આ બધી જ બાબતો આપણને ઊડીને આંખે વળગે છે.

અમારી ગાડી અમને ઉતારીને તરત જ નીકળી ગઈ. ઘણાં પ્રવાસીઓ અહીં આવી ગયા હતા. આ એક મહત્વપૂર્ણ ધાર્મિક ભવન છે. ચૉરટનનો અર્થ થાય છે : 'બૌદ્ધ તીર્થધામ' - એની ખાસિયત એ છે કે તે શહેરની ઓળખની પ્રખ્યાત નિશાની છે. એનું શિખર સુંદર અને અભિભૂત કરે એવું છે. અત્યારે સૂરજના કિરણો એના ઉપર પડે છે એટલે એની શોભાને ચાર ચાંદ લાગી જાય છે. એના સોનેરી શિખરને જોતા આપણું મન ધરાતું નથી. એના ઘંટ સોનાના છે જે ભૂતાનમાં ખાસ જોવાલાયક ધર્મસ્થળ છે. ૨૦૦૮માં એનું સમારકામ કરવામાં આવ્યું હતું. તે આપણને ધર્મપરાયણની ઝાંખી કરાવે છે. ગોળ ગોળ ફરતા મોટા ધર્મચક્રોની ઘંટડીઓનો રણકાર આપણને ભાવુક બનાવે છે. વૃદ્ધ અને વયસ્ક લોકોની કતારો આ સ્થાપત્યની આજુબાજુ જોવા મળે છે.

અમે અંદર પ્રવેશ્યા તો આગળના ભાગે બગીચાનું કામ ચાલતું હતું. ડાબી બાજુમાં વિશાળ ધર્મચક્રોની આજુબાજુ વૃદ્ધ બૌદ્ધ સાધુઓ બેઠા બેઠા હાથમાંના ધર્મચક્રો ફેરવતા હતા. શિલાલેખથી સજેલી દીવાલો, બુદ્ધના ચિત્રો, રંગબેરંગી ધ્વજ અને હાથમાં ધર્મચક્ર

લઈને પ્રદક્ષિણા કરતા લામાઓ! મને એમની પ્રાર્થના પદ્ધતિ ગમી. ચૉરટનની ત્રણ પરિક્રમા કરવાની હોય છે. કેટલાકના હાથમાં માળા પણ હતી. કેટલાંક મોટા ધર્મચક્રની આજુબાજુ ફરતા પ્રાર્થના કરી રહ્યા હતા.

આ ચૉરટન ત્રીજા રાજા એચ એમ જિગ્મા દોરજી વૉન્ગચૂ જે ૧૯૭૨માં ગુજરી ગયા હતા એમના માનમાં ૧૯૭૪માં અધૂરું કામ પૂરું કરવામાં આવ્યું હતું. એમાં એમની મૂર્તિ કે અસ્થિ રાખવામાં આવ્યા નથી પણ નીચેના ભાગમાં શણગારેલા પવિત્ર પોશાકની સાથેનો ફોટો રાખેલો છે.

દિવંગત રાજાની ઈચ્છા એવી હતી કે બુદ્ધના જે મૂળભૂત ત્રણ આધાર સ્તંભ છે : બુદ્ધનો શબ્દ, બુદ્ધનું શરીર અને બુદ્ધના મનને મૂર્ત સ્વરૂપ આપવાનો પ્રયત્ન કરવો. બુદ્ધના ઉપદેશોને સોનેરી અક્ષરોમાં લખીને મૂકેલા છે; આ રીતે બુદ્ધના શબ્દોને મૂર્ત સ્વરૂપ આપ્યું છે. બીજું, એક હજાર બુદ્ધની મૂર્તિઓ બનાવીને શરીરને મૂર્તસ્વરૂપ આપ્યું છે પરંતુ મનને મૂર્તસ્વરૂપ આપતા પહેલાં તેમનું અવસાન થયું તો રાજમાતા આશી ફુન્ટશો ચોગ્રોને (Ashi phuntsho choegron) રાજા વતી એમની યાદમાં બનાવ્યું. તેની ડિઝાઈન તિબેટીયન પદ્ધતિની છે જેને જંગચુપ ચૉરટન (Janhchup charten) કહેવામાં આવે છે. એક વિશિષ્ટ સ્તૂપની જેમ શંકુ આકારના ચંદ્ર અને સૂર્યના બીજના ચંદ્રાકાર થાંભલાઓ જેવો આકાર આપવામાં આવ્યો છે. અહીં બીજી એક વિશેષતા એ છે કે ઘુમ્મટ આકારના બદલે ચળકતા ગોળાકાર ભાગે કુંડા જેવો આકાર બનાવ્યો છે.

ચૉરટનની આજુબાજુ બગીચો છે. અમે પણ પ્રદક્ષિણા કરી. એની અંદરના અને બહારના ભાગે પ્રતીકો મૂકવામાં આવ્યા છે. બોધિસત્ત્વ ત્રણ છે : (૧) અવલોકિતેશ્વર - એ દયાભાવનું પ્રતીક છે. (૨) મંજુશ્રી એ જ્ઞાનનું પ્રતીક છે અને (૩) વજ્રપાણી એ શક્તિનું પ્રતીક છે. અંદર ગુરૂ રિપૉચે, નામગ્યેલ અને બુદ્ધની ઐતિહાસિક ત્રણ મૂર્તિઓ મૂકેલી છે.

આ મેમોરિયલનું આયોજન ન્યીંગમાપા (Nyingmapa) ટ્રેડીશનની રીતે કરેલું છે; જે રિપૉચે નિર્માણ કરેલ, એ શૈલી પર આધારિત છે. એમાં જે ઐતિહાસિક બુદ્ધની મૂર્તિ જોઈ શકાય છે એની ચારે બાજુ બુદ્ધની મંડુલાથી આવૃત્ત છે. દક્ષિણ બુદ્ધ રત્નસંભવ છે; પશ્ચિમે હયાગ્રેવા, ઉત્તરમાં ફૂર્યા અને પૂર્વમાં વજસત્વથી મઢેલા છે. જે સંખ્યા અને આકાર છે તે દુષ્ટ તત્ત્વોને ભગાડવા માટે મૂકેલા છે. આ ચૉરટન વિશ્વશાંતિ અને સમૃદ્ધિ માટે બનાવવામાં આવેલ છે. અહીં વિશાળ કદના દેવોને વિશાળ સ્વરૂપમાં રજૂ કરવામાં આવ્યા છે. જેમાંના ૩૬ તો ખૂબ જ આકર્ષક રીતે ગોઠવાયેલા છે. એનો સંદેશો છે શાંતિ પ્રિયતા અને જ્ઞાનનો ઉદય.

મેમોરિયલ ચૉરટન એ તાંત્રિક બુદ્ધિઝમની લાક્ષણિકતાઓનું ઉત્તમ ઉદાહરણ છે. જો તમને યોગ્ય ગાઈડ ન મળે તો સાચી વાત સમજી શકાય જ નહિ. લોકો જોતા રહે, ફોટા પાડે, ધર્મચક્રની આજુબાજુ આંટા મારે, પ્રદક્ષિણા કરે અને 'અદ્ભૂત' છે કહેતા બહાર નીકળે. કેટલાંક પરદેશી લોકો તો ઝીણામાં ઝીણી વિગતોથી માહિતગાર થતા હતા તે જોઈને આપણને આનંદ થાય.

અમે પણ મેમોરિયલ ચૉરટનને પામીને જમણી બાજુના સંખ્યાબંધ ગોઠવાયેલા ધર્મચક્રોને ફેરવીને પ્રાર્થના કરતા કરતા બહાર નીકળ્યા ત્યારે સૂરજ અમારા માથે બેઠો હતો. એની કરડાકી નજરનો ભોગ બનીએ એ પહેલાં તો ગાડીમાં ગોઠવાઈ ગયા આગળના મુકામે જવા માટે...

❑❑❑

'ઋત' ૪૩, તીર્થનગર, વિ૦૧, સોલા રોડ,
ઘાટલોડીયા, અમદાવાદ - ૩૮૦૦૬૨.
મો. ૯૮૨૫૦૯૮૮૮૮

**'પ્રબુદ્ધ જીવન'નું લવાજમ સીધું બેંક એકાઉન્ટમાં જમા કરાવી શકાશે-**

Bank of India, Current A/c No. 003920100020260,
Prarthana Samaj Branch, Mumbai - 400 004.
**Account Name : Shri Mumbai Jain Yuvak Sangh**

પેમેન્ટ કરીને નામ અને સરનામું આ ફોર્મમાં ભરીને મોકલવું અથવા મેલ પણ કરી શકાય છે.

'પ્રબુદ્ધ જીવન'નું વાર્ષિક /ત્રિવર્ષિય / પાંચવર્ષિય / દસ વર્ષિય લવાજમ ચેક / ડીમાન્ડ ડ્રાફ્ટ નં. ................ દ્વારા આ સાથે મોકલું છું / તા. .............. ના રોજ 'પ્રબુદ્ધ જીવન' માટે ખાતામાં સીધું જમા કરાવ્યું છે. મને નીચેના સરનામે અંક મોકલશો.

વાચકનું નામ..........................................................................

સરનામું..................................................................................

.......................................................................................

પીન કોડ............................ ફોન નં. ...........................................

મોબાઈલ ...................... Email ID ...........................................

**વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂા. ૭૫૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫૦ ● દસ વર્ષનું લવાજમ રૂા. ૨૫૦૦**

**ઑફિસ : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**
૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી,
એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટેલિફોન : ૦૨૨ ૨૩૮૨૦૨૯૬.
Email ID : shrimjys@gmail.com

# તપની શુદ્ધ પ્રક્રિયા

**ડૉ. છાયા શાહ**

**શા**સ્ત્રોમાં કહ્યું છે કે, 'कर्मणाम् तापनात तपः' કર્મોને તપાવે તે તપ. આત્માને કર્મથી મુક્ત કરવા માટે તપ એ સૌથી શ્રેષ્ઠ અને સૌથી ત્વરિત માર્ગ છે, પણ એ ત્યારે જ બને છે કે જ્યારે તપ એની શુદ્ધ પ્રક્રિયા પ્રમાણે થાય. શાસ્ત્રોએ તપને એના મૂળભૂત સ્વરૂપ પ્રમાણે કરવાની કેટલીક પ્રક્રિયાઓ બતાવી છે.

**(૧) તપસ્વી જ્ઞાની હોવો જોઈએ :**

પોતે જે તપ કરે છે તે શા માટે કરે છે તેનું તપસ્વીને જ્ઞાન હોવુ જોઈએ. શાસ્ત્રો લખે છે કે તપ કરે છે ત્યારે તપસ્વી પોતાના આત્માનું જે મૂળસ્વરૂપ 'અણાહારીપણું' છે તેમાં પ્રવેશે છે. પરઘર છોડી નિજઘરમાં પ્રવેશવાનો આનંદ પ્રાપ્ત કરે છે. વારંવાર આ અનુભવ કરતા કરતા તપ વધતું જાય છે. આનંદ બેવડાતો જાય છે. મોક્ષસાધ્ય નજીક આવતું દેખાય છે. તપસ્વીને જો આવું જ્ઞાન હોય તો તપ તેને કષ્ટદાયક નહીં લાગે. આ જ્ઞાનને લીધે તપસ્વીથી તપ ખૂબ જ સાહસિક અને સ્વાભાવિક રીતે થઈ જશે.

**(૨) તપસ્વી વીર હોવો જોઈએ :**

તપસ્વી એટલે ખૂણામાં બેસીને મ્લાન મુખાકૃતિવાળો, માંડ માંડ દિવસો પસાર કરતો કે પારણાની રાહ જોઈને બેઠેલો કોઈ નિર્બળ વ્યક્તિ નહીં. તપસ્વીએ તો ઈન્દ્રિયો સામે યુદ્ધ માંડ્યું છે. ઈન્દ્રિયોની આસક્તિ સામે વિજય મેળવ્યો છે. આ વિજયની ખુમારી તપસ્વીના મુખ પર દેખાવી જોઈએ. યુદ્ધે ચડેલા સૈનિક જેવું શૂરાતન અને વીરતાનું દર્શન તપસ્વીના મુખ પર એવું દેખાવું જોઈએ કે સામેની વ્યક્તિ પણ પ્રભાવિત થઈ જાય. ૬ મહિના સુધીના ઉપવાસ કરનાર ચંપા શ્રાવિકાના મુખ પરનું તેજ જોઈ દિલ્હી સુલતાનનો માલિક રાજા અકબર પ્રભાવિત થઈ ગયો હતો અને પોતે હિંસાનો ત્યાગ કર્યો હતો.

**(૩) તપસ્વી શલ્યરહિત હોવો જોઈએ :**

અર્થાત્ તપને યથાર્થ સ્વરૂપમાં કરવા માટે તપસ્વીએ પ્રશંસા, લોભ, લાલચ, દંભ, આડંબર વગેરે દોષોનો ત્યાગ કરવો જોઈએ. તપસ્વીએ તપનું અભિમાન ન કરવું જોઈએ. બીજા પાસે પોતે અત્યંત તપસ્વી છે તે વાતનું સમર્થન ન કરવું જોઈએ. આ બધા શલ્યો છે. તપસ્વીએ આ બધા શલ્યોને ત્યાગી માત્ર ને માત્ર કર્મનિર્જરાના હેતુપૂર્વક જ તપ કરવું જોઈએ.

**(૪) તપસ્વી કષાય રહિત થવાનો સતત પ્રયત્ન કરે :**

તપસ્વી કષાયનો સતત ક્ષયોપશમ કરે. કષાયને ઉદયમાં જ ન આવવા દે. ઉદયમાં આવેલા કષાયને સફળ ન થવા દે. તપસ્વીથી કષાય થાય જ નહીં. કષાય તપસ્વીના તપનું મૂલ્ય ઘટાડે, તપની નિંદા કરાવે. સાધ્ય મેળવવામાં વિઘ્નરૂપ બને, દુર્ગતિમાં ધકેલી દે. તપસ્વીએ કષાયોને તિલાંજલી આપવા સતત જાગૃત રહેવું જોઈએ.

**(૫) તપસ્વીએ તપશ્ચર્યા દરમ્યાન તેના કર્તવ્યરૂપ યોગમાં હાનિ ન આવે તેનું બરાબર ધ્યાન રાખવું જોઈએ :**

આજે મારે ઉપવાસ છે તેથી કર્તવ્યરૂપ પ્રતિક્રમણ, પડિલેહણ વગેરે નહીં થાય, કાયોત્સર્ગ નહીં થાય, આ વસ્તુ યોગ્ય નથી. સાધુ કે શ્રાવકે રોજની ક્રિયા કે કર્તવ્યોને તપ દરમ્યાન ચૂકવાના નથી.

**(૬) તપસ્વી દ્રઢ હોવો જોઈએ પણ જડ નહીં :**

'ગમે તે થઈ જાય પણ આ તપ કરવું છે' આવી દ્રઢતા રાખનાર તપસ્વી અભિનંદનને પાત્ર છે, પરંતુ દ્રઢ તપસ્વી જડ ન હોવો જોઈએ. પોતાની સગવડતાઓ સાચવવા બીજાનો ભોગ લે અથવા પોતાના નિમિત્તે બીજાને આર્તધ્યાન કરાવે તેવી જડતા ન દાખવવી જોઈએ. તપસ્વીએ તપ સ્વાધીનપણે કરવાનું છે, પરાધીનપણે નહીં.

આવી રીતે શુદ્ધ પ્રક્રિયાથી તપ કરવામાં આવે તે તપથી નિર્જરા કર્મની થાય છે જ તે ઉપરાંત તે વિઘ્નો હરે છે, તપસ્વીને વચન - સિધ્ધિ પ્રાપ્ત થાય છે, અનંત લબ્ધિઓ ઉત્પન્ન થાય છે. અહિંસાનું પાલન થાય છે. તપથી તીર્થંકરત્વની પ્રાપ્તિ થાય છે.

**ઉપસંહાર :-**

જૈનાગમોએ પ્રતિપાદિત કરેલી ઉપરોક્ત શુદ્ધ પ્રક્રિયાપૂર્વક તપ કરવામાં આવે, તો જ તે તપ કર્મોની નિર્જરા કરી આત્માને કર્મમુક્ત કરે છે. તે જ તપ સાર્થક છે. અન્યથા તે માત્ર કાયક્લેશ કે બાલતપ જ બની જાય છે. ❑❑❑

૯૪, લાવણ્ય સોસાયટી, અમદાવાદ.
ટે. ૨૬૬૧૨૮૬૦. મો. ૦૯૯૯૮૩૩૬૯૯૨

**'પ્રબુદ્ધ જીવન' હવે ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ**

૧૯૨૯ થી માર્ચ ૨૦૧૫ સુધી 'પ્રબુદ્ધ જીવન'ના બધાં જ અંકો સંસ્થાની વેબસાઈટ www.mumbai-jainyuvaksangh.com ઉપર આપ વાંચી શકશો. તેમજ ડી.વી.ડી. સ્વરૂપે પણ આ બધાં અંકો ઉપલબ્ધ છે. જિજ્ઞાસુ અને પુસ્તકાલયોને આ ડી.વી.ડી. **વિના મૂલ્યે** અમે અર્પણ કરીશું.

આ ડી.વી.ડી. ના સૌજન્યદાતા :

૧. ફોરમ ઑફ જૈન ઈન્ટેલેક્ચ્યુઅલ
હસ્તે-અંજના રશ્મિકુમાર ઝવેરી અને મયૂર વોરા.

૨. નિર્મળાનંદ જ્યોત, રેખા-બકુલ નંદલાલ ગાંધી
**સંપર્ક : સંસ્થા ઑફિસ : ૦૨૨-૨૩૮૨૦૨૯૬**

# જિનાગમ : આત્મદર્શનનો અરીસો

પારૂલબેન ભરતકુમાર ગાંધી

**પ્રસ્તાવના :-**

તીર્થંકરોના સર્વાંગમાંથી વહેલી, અર્થરૂપે પરિણમન પામેલી, ગણધર ભગવંતે સુત્તાગમથી ગૂંથેલી, સ્થવિર ભગવંતો - મુનિ પુંગવોએ પંચમ આરાના દીન દુઃખી જીવોના દુઃખને હરવા, સત્યાતથ્ય યથાતથ્ય સ્વરૂપમાં સ્થિર કરવા પ્રવચનરૂપે, બોધિરૂપે આપીને જીવોનો ઉધ્ધાર કર્યો તે આગમ. વળી આ આગમમાં આચાર અને વિચારના સમન્વય દ્વારા જૈન તત્ત્વજ્ઞાનનું વિવેચન કરવામાં આવ્યું છે આથી જૈન પરંપરાનું જીવનદર્શન કહી શકાય. તીર્થંકર, કેવળજ્ઞાની, સર્વજ્ઞ, વીતરાગ પ્રભુની મૌલિક વાણી આગમ કહેવાય છે. આ=આત્મા તરફ, ગમ=ગમન કરવું તે આગમ. આ=આત્માનું ગમ=ભાન કરવું તે આગમ. પોતાની... પોતા દ્વારા... પોતા થકી... પોતા વડે જે ઓળખાણ કરાવવામાં સહાયભૂત બને છે તેને આગમ કહેવાય છે. જેવી રીતે અરીસો દેહનું દર્શન કરાવે છે તેવી રીતે આગમ અંતરનું દર્શન કરાવે છે. મુમુક્ષુ આત્માને મોક્ષ સુધી પહોંચવા માટે જીવનમાં આગમનું અવગાહન આવશ્યક નહીં અનિવાર્ય છે.

આગમજ્ઞાન મિથ્યાત્વનો નાશ કરી સમ્યગ્દર્શનનો દીપક પ્રગટાવે છે. સ્વની ઓળખાણ કરાવે છે. આત્માની શુધ્ધ અવસ્થા તે મોક્ષ છે અને કર્મ સહિત મલિન અવસ્થા સંસાર છે. આ સત્યની પિછાણ આગમ કરાવે છે. ચાર ગતિના ચકરાવામાં ભમતા અટકાવી, શિવસ્વરૂપી આત્મામાં રમણ કરાવે, તેવા ભાવધર્મને આગમ પ્રકાશિત કરે છે. આગમ અને શાસન બંને એકબીજાની સાથે સંકળાયેલા છે. એકની ઉપસ્થિતિમાં બીજું ઉપસ્થિત રહે છે. આગમ-શાસન વિદ્યમાન છે ત્યાં સુધી જીવના સુખ-સલામતી અને સદ્ગતિ પણ વિદ્યમાન રહે છે.

**આત્મ સુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ : આગમ :**

उत्पादो विगमो ध्रौव्यमिति पुण्यां पदत्रयीम् ।
उद्दिदेश जगन्नाथ सर्व वाङ्मय मातृकाम्।।
सचतुर्दश पूर्वाणि द्वादशाङ्गानि ते क्रमात्।
ततो विरचयामास्तुस्तत्रिपद्यनुसारतः।।

(હેમચંદ્રાચાર્યકૃત ત્રિષષ્ઠિ શલાકા પુરુષચરિત મહાકાવ્ય)

અર્થાત્ જગતના નાથ તીર્થંકર પરમાત્મા ગણધર પદની યોગ્યતાવાળા સાધુઓને સર્વ વાઙમય (સાહિત્ય)ના માતૃકાસ્થાનરૂપ પુણ્યમય-પવિત્ર એવા ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય આ ત્રણ પદનો ઉપદેશ આપે છે. ત્યારપછી આ ત્રણ પદને અનુસરીને ગણધરો શીઘ્ર (એક મુહૂર્ત યાને બે ઘડીમાં) ચૌદ પૂર્વ સહિત બાર અંગસૂત્રની ક્રમશઃ રચના કરે છે.

પ્રત્યેક વસ્તુ કે પદાર્થ દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે અર્થાત્ ધ્રુવ છે, પર્યાય અવસ્થાની અપેક્ષાએ અનિત્ય છે, પ્રત્યેક પદાર્થો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. સર્વ દ્રવ્ય નિત્ય-અનિત્ય સ્વભાવ ધરાવે છે. આ ત્રિપદી આગમના સારરૂપ છે. સોનામાંથી કંકણ બનાવવામાં આવે ત્યારે કંકણની ઉત્પતિ થાય છે, કંકણમાંથી કુંડળ બનાવવામાં આવે ત્યારે કંકણનો નાશ થાય છે પણ સોનું કાયમ રહે છે. મનુષ્યરૂપે જન્મ થાય એટલે મનુષ્ય પર્યાયની ઉત્પતિ થાય છે, મનુષ્યનું આયુષ્ય પૂર્ણ થાય ત્યારે મનુષ્ય પર્યાયનો નાશ થાય છે. જીવ કાયમ રહે છે, તે જીવ ધ્રુવ છે.

આ રીતે જડ કે ચેતન કોઈપણ પદાર્થોની અવસ્થાઓ, પર્યાયો પલટાતી રહે છે. પર્યાયો અનિત્ય છે, તેમાં પરિવર્તન થતું જ રહે છે, તેમ છતાં તેનું મૂળ સ્વરૂપ હંમેશાં ટકી રહે છે. જગતના તમામ પદાર્થો, સર્વ દ્રવ્યો ઉત્પાદ, વ્યય, ધ્રોવ્ય રૂપ ત્રિપદીમાં સમાવિષ્ટ થઈ જાય છે. ઉત્પાદ, વ્યય ધ્રૌવ્ય યુક્ત હોય તે સત્ છે અને જે સત્ છે તે દ્રવ્ય કહેવાય છે.

પોતાના નિજ દ્રવ્ય તરફ દૃષ્ટિ કરવામાં આવે, તો તે નિત્ય, ધ્રુવ, શાશ્વત છે. આત્મ દ્રવ્ય પોતે પોતાના નિજ સ્વભાવમાં કાયમ માટે સ્થિત જ છે. શુધ્ધ આત્મ સ્વરૂપમાં સ્થિત થઈ જવું, તે જ અધ્યાત્મ છે. દ્રવ્ય કેળવવાથી આત્મરમણતા થાય છે.

આત્મા વિભાવ દશામાં જાય તે અવસ્થા ઉત્પાદ, વ્યયના સ્વભાવવાળી છે. મોહજન્ય સર્વ વિકારો, રાગ, આસક્તિ, દ્વેષાદિ ભાવોમાં ઉત્પાદ વ્યય થયા કરે છે. વિચાર, વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે રાગાદિ ભાવો ઉત્પન્ન થાય ત્યારે પર્યાય દૃષ્ટિએ જોવાથી ખ્યાલ આવે છે કે આ તેની પરિવર્તનવાળી અવસ્થા છે, પર્યાય છે. જે પર્યાય ઉત્પન્ન થઈ છે તે નાશનો સ્વભાવ લઈને જ ઉત્પન્ન થઈ છે. તેમ પર્યાય દૃષ્ટિથી વસ્તુની અનિત્યતા સમજાય છે અને તેથી જ રાગ-દ્વેષ રૂપી વિભાવ શમી જાય છે અને આત્મા સમભાવમાં સ્થિત થઈ જાય છે. આ રીતે જગતના સર્વ પદાર્થો અને આત્મિક જગતના આધ્યાત્મિકતાના સર્વ રહસ્યો, સર્વ સિદ્ધાંતો ત્રિપદીમાં ગર્ભિત છે.

**આગમ : જીવન જીવવાની કળા :**

આગમમાં સિધ્ધાંતોનું વર્ણન કરવામાં આવ્યું છે. આ સિધ્ધાંતોનો જો ૫૦ ટકા પણ અમલ થાય તો આ દુનિયા સ્વર્ગ બની જાય છે. આગમ એટલે જ્ઞાન-વિજ્ઞાનનો, ન્યાય-નીતિનો, આચાર-વિચારનો, ધર્મ-દર્શનનો, અધ્યાત્મ અને અનુભવનો

અનુપમ તથા અક્ષય નિધિ છે. જીવન સારી રીતે જીવવા માટે જે જે શાસ્ત્રોની જરૂર પડે છે જેમ કે રાજ્યશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ખગોળ-ભૂગોળ, જ્યોતિષશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, નાટક, સંગીત, સાહિત્ય, જીવવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન વગેરે બધાનો સમાવેશ આગમમાં થયેલો છે.

વિશ્વને અહિંસા, અપરિગ્રહ, અચૌર્ય, અદત્તાદાન, બ્રહ્મચર્ય અને અનેકાંત દ્વારા, સર્વ ધર્મ સમભાવ કે સમન્વયનો પવિત્ર બોધ કરાવનાર આગમ છે. જીવન કેવી રીતે જીવવું ? તેની સંપૂર્ણ જાણકારી આગમમાંથી પ્રાપ્ત થાય છે. આવા આ આગમ જ્ઞાનના મહાસાગરનો પાર પામવો મુશ્કેલ છે. પશ્ચિમના સમર્થ અભ્યાસીઓએ પણ એકરાર કર્યો છે કે જ્ઞાનની અસંખ્ય શાખા-પ્રશાખાનો આટલો સૂક્ષ્મ અને ઊંડાણપૂર્વક અભ્યાસ કોઈ એક વ્યક્તિ કરી શકે નહિ. મહાન આત્મા જ આવું વિરલ સર્જન કરી શકે. હકીકતમાં આગમથી ચડિયાતી જીવમાત્રનું રક્ષણ અને કલ્યાણ કરનારી વાણી જગતભરના ધર્મશાસ્ત્રોમાં બીજી કોઈ નથી. અરે! એમ કહીશું તો પણ અતિશયોક્તિ નહિ ગણાય કે -

જ્યાં બીજા ધર્મોનું દર્શન પૂર્ણ થઈ જાય છે ત્યાંથી જૈનદર્શનની શરૂઆત થાય છે. આવા આ આગમોમાં વિચાર-વાણી અને વર્તનનો, વૃત્તિ-પ્રવૃત્તિ અને નિવૃત્તિનો, ભાવ-ભાવના અને ભક્તિનો, આસ્થા-શ્રધ્ધા અને સમર્પણનો જે સુમેળ જોવા મળે છે. તે અન્ય કોઈપણ દર્શનમાં જોવા મળતો નથી.

જેવી રીતે ભરત ચક્રવર્તીએ અરીસાભવનમાં અરીસામાં પોતાના દેહનું દર્શન કરતા કરતા નિત્ય-અનિત્યને ઓળખી લીધા તેવી રીતે આગમરૂપી અરીસામાં આત્મદર્શન કરનાર જીવોને પણ આ સંસારની, શરીરની નિત્ય-અનિત્યતા સમજાઈ જાય છે. સંસારનું સ્વરૂપ સમજાઈ જાય છે. તેમ જ આત્મા માટે શું કલ્યાણરૂપ છે અને શું અકલ્યાણરૂપ છે તેની ખબર પડી જાય છે. આગમમાં કેવી રીતે ચાલવું, કેવી રીતે ઊભા રહેવું, કેવી રીતે બોલવું, કેવી રીતે સૂવું તથા કેવી રીતે કાર્ય કરવું તેનો સ્પષ્ટ નિર્દેશ આપેલો છે જેથી આત્માને કર્મબંધન ન થાય અથવા ઓછું થાય.

**આગમ : આત્મદર્શનનો અરીસો**

રુદન અને રુચન નથી, અણ અને આંસુ નથી, હર્ષ અને હોહા નથી એવા વીતરાગ પ્રભુ કે જેઓ રાગ-દ્વેષને જીતીને અરિહંત બનેલા છે. આ સર્વજ્ઞોએ જ્ઞાન દ્વારા જે કહ્યું છે તે સત્ય જૈનશાસનના શાસ્ત્ર ખજાનામાં ચિરકાળથી ચાલ્યું આવે છે. તેમણે પ્રકાશેલી વાણીમાં અર્થપૂર્ણ વચનોમાં ત્રણે કાળમાં કોઈ જ ફેરફાર થતો નથી. આગમ એટલે ત્રણે કાળે સિદ્ધ થયેલી વસ્તુ. આથી જ એમ કહી શકાય કે,

*સાચા છે વીતરાગ, સાચી છે જિનવાણી,*
*આગમ છે આધાર, બાકી બધું ધૂળધાણી.*

વિશ્વ આખાના તત્ત્વ દર્શનમાં જૈન આગમ સાહિત્યનું સ્થાન અનોખું અને અપાર ગૌરવપૂર્ણ છે. તે માત્ર ને માત્ર અક્ષરદેહથી જ વિશાળ, વ્યાપક અને રોચક-રસાળ નથી પરંતુ વાસ્તવમાં અગાધ જ્ઞાનનો મહાસાગર છે. આગમમાં મોક્ષમાર્ગનું વર્ણન છે. મોક્ષ મેળવવો હોય તો આત્માનું કર્મોથી મુક્ત બનવું આવશ્યક છે. જ્યાં સુધી આત્મા પર આઠ કર્મોના પડળો જામેલા છે ત્યાં સુધી મોક્ષ મળી શકે નહીં. આ મોક્ષ કઈ રીતે મળી શકે તેનું સંપૂર્ણ માર્ગદર્શન આગમોમાં કરવામાં આવ્યું છે. આગમમાં શુદ્ધાત્માના વર્ણનને આધારે આપણે આપણા આત્માનું દર્શન કરી શકીએ છીએ.

આપણો આત્મા શું કરશું તો મેલો થશે, અને શું કરશું તો શુધ્ધ બનશે તે આગમનો આધાર લઈ જાણી શકાય છે. આગમ એ આત્મવિદ્યા અને મોક્ષવિદ્યાનો મૂળ સ્રોત છે. આ આગમોમાં જિનેશ્વર ભગવંતોએ જે પ્રરૂપ્યો છે તે જૈન ધર્મના જુદા જુદા સિદ્ધાંતો વણાયેલા છે. જો કે આ સિદ્ધાંતો એમાં એવી રીતે વણાયેલા છે કે તે શોધવા માટે આગમોને વારંવાર વાંચવા પડે. જ્યારે જ્યારે વાંચીએ ત્યારે ત્યારે તેમાંથી કંઈ ને કંઈ નવું મળ્યા જ કરે છે. આથી જ એમ કહી શકાય કે આગમ એ જ્ઞાનનો ભંડાર છે, જ્યારે વાંચો ત્યારે નવો ખજાનો હાથ લાગ્યા કરે છે.

આગમોમાં જૈન સિદ્ધાંતો જુદી જુદી રીતે વણાયેલા જોવા મળે છે. ક્યારેક તે આજ્ઞારૂપે સ્થાપિત થયેલા હોય છે તો ક્યાંક સાક્ષાત્ ક્રિયાના માધ્યમથી તારવેલા હોય છે. કેટલીકવાર તે આદેશરૂપે ગુપ્ત અને રહસ્યમયય રીતે અંદર વણાયેલા હોય છે જેને શોધીને બહાર લાવવા પડે છે. તો કેટલીક વાર એ પરંપરા, રીત-રિવાજ, પેઢી-દર પેઢી સંસ્કૃતિમાં વણાયેલા હોય છે. ક્યારેક વળી એ લોકપરંપરા અને લોકાચારમાં રૂઢ થયેલા જોવા મળે છે. આથી જ આ આગમોનું હજુ વધારે સંશોધન કરવામાં આવે તો, જુદી જુદી દૃષ્ટિથી તેના પર વિચાર કરવામાં આવે તો તેનું અત્યારે જેટલું મૂલ્ય છે તેનાથી કંઈક અધિકગણું મૂલ્ય વધી જાય અને વૈશ્વિક ધોરણે તેની વિરાટરૂપે પ્રતિષ્ઠા થઈ શકે તેમ છે. આથી જ આગમને આત્મદર્શનનો અરીસો કહી શકાય. આથી જ કોઈકે કહ્યું છે કે,

*આત્માના તારણહાર તત્ત્વ બે શાસ્ત્ર ને સદ્‌ગુરૂ,*
*શૂન્યમાંથી સર્જન કરનાર, તત્ત્વ બે શાસ્ત્ર ને સદ્‌ગુરૂ.*
*હેય, જ્ઞેય, ઉપાદેયનું જ્ઞાન કરાવનાર, સ્વરૂપને*
*ઓળખાવનાર...તત્ત્વ બે....*
*સાચા છે વીતરાગ, સાચી વીતરાગ વાણી, આગમ છે*
*મોક્ષ આધાર...તત્ત્વ બે....*
*જેના સહારે ભવ્ય જીવો તરતા, કરતા સ્વ-પરનો*
*ઉદ્ધાર....તત્ત્વ બે....*

આચાર્ય હરિભદ્રસૂરિએ લખ્યું છે કે, 'જેવી રીતે પાણી વસ્ત્ર પર રહેલા મેલને ધોઈ નાંખે છે, તે વસ્ત્રોને ઉજળા બનાવે છે

તેવી રીતે શાસ્ત્ર માનવીના અંતઃકરણમાં રહેલા કામ-ક્રોધ વગેરે કલુષિત મેલને ધોઈ નાંખી તેને પવિત્ર અને નિર્મળ બનાવે છે.'

આમ જેનાથી આત્માનો સમ્યગ્ બોધ થાય. આત્મા અહિંસા-સંયમ અને તપના ત્રિવેણી સંગમ દ્વારા પવિત્રતા તરફ પ્રયાણ કરે તેને શાસ્ત્ર એટલે કે આગમ કહે છે. વિશ્વને પોતાના ઉત્તમ સિદ્ધાંતો દ્વારા સર્વ ધર્મ સમન્વયનો પવિત્ર બોધ કરાવનાર શ્રેષ્ઠ સાહિત્ય આગમ છે. આગમના પર્યાયવાચી અનેક શબ્દો મળે છે. સિદ્ધાંત, સૂત્ર, શ્રુતજ્ઞાન, પ્રવચન, આપ્તવચન, જિનવચન, ગણિપિટક ઉપદેશ વગેરે પ્રત્યેક શબ્દ ખૂબ જ અર્થસભર છે.

**આગમ : અનેક સમસ્યાઓનું શ્રેષ્ઠ સમાધાન :**

આજે વિજ્ઞાનના યુગમાં માણસો એમ માને છે કે હવે બીજી કઈ વસ્તુની જરૂર છે? દરકાર છે? આજે દિવસ ઊગે ને નવી નવી શોધો શોધાય છે. દિવસે દિવસે વધુ ને વધુ સગવડતાપૂર્ણ જીવન બની રહ્યું છે. મોબાઈલ, ટેલીવિઝન, ઈન્ટરનેટના માધ્યમથી સેંકડો માઈલનું અંતર હોવા છતાં વિરાટ વિશ્વ દિવસે દિવસે નાનું બનતું જાય છે. આથી જ માનવીને એમ લાગે છે કે હવે કશું જ શોધવાની જરૂર નથી, પરંતુ આજે એ વાસ્તવિકતાને કહેવાતા સંશોધકો ભૂલી જાય છે કે વિજ્ઞાને કેવળ ભૌતિક સંશોધન કર્યું છે. બાકી માનવજાતિના એક પણ પ્રશ્નને તેઓ હલ કરી શક્યા નથી. એક પરમાણુ બોમ્બ ફૂટે ને લાખો માણસો મરણને શરણ થઈ જાય છે, પરંતુ એવો એક પણ બોમ્બ હજુ સુધી શોધાયો નથી જે એક મરેલી કીડીને પણ સજીવન કરી શકે.

ગરીબી, બેકારી, વસ્તી વિસ્ફોટ જેવી કેટલીય સમસ્યાઓ આજે રાક્ષસી કદ બનાવીને વિકસિત દેશો સામે પણ ઊભી છે. પરસ્પરના વિવાદો અને રાજકારણના અખાડાઓ, ધર્મના નામે થતા ઝઘડાઓ અને હુંસાતૂંસી માનવજાતિને વિનાશની ઊંડી ખીણમાં લઈ જાય છે. આવા આ કપરા સમયને સાચવવાનો જો કોઈ એક સર્વ સંમત, શ્રેષ્ઠ અને નિર્વિવાદ ઉપાય હોય તો તે છે જૈન આગમ. આજે આ જૈન આગમ વિશ્વાગમ બની જીવસૃષ્ટિનું, પ્રાણીમાત્રનું કલ્યાણ કરી શકવા સમર્થ છે. શરત એટલી કે તેને સાચા અર્થમાં સમજી યોગ્ય રીતે જગતની સામે નવા જ દૃષ્ટિકોણથી મૂકી શકાય.

**હિંસાની સમાપ્તિ: અહિંસાનું સામ્રાજ્ય અને એક નવા સમાજનો અભ્યુદય :**

આજનો આ સમય ભોગોની ભૂતાવળ લઈને, ચારે બાજુ હિંસાના અટ્ટહાસ્ય દ્વારા માનવતાના મૂલ્યોને હણી રહ્યો છે. આકાશ-ધરતી અને સમગ્ર સૃષ્ટિ જાણે રક્તથી રંગાઈ રહી છે. વિશ્વ યુધ્ધની આશંકાએ દરેક માનવી અંદરથી ફફડી રહ્યો છે. અણુબોંબ અને પરમાણુબોંબ પછી આજે ન્યુક્લિયર બોંબની શોધે સમગ્ર જીવસૃષ્ટિના અસ્તિત્વને હચમચાવી નાંખ્યું છે. ત્યારે આ પરિસ્થિતિમાં ફરી જરૂર છે અહિંસાના અમૃતમય સંદેશાની અને તેના સામ્રાજ્યની.

વળી જૈનધર્મમાં હિંસાનું ખૂબ જ સૂક્ષ્મ સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. જીવતા, હાલતા-ચાલતા જીવોની હિંસા તો ન જ કરાય પણ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ પાંચ સ્થાવરમાં જીવ હોવાથી તેની હિંસા પણ ન કરાય. આ અહિંસાનો સિધ્ધાંત ઘણો ઊંડાણભર્યો અને દૂરદર્શીપૂર્ણ છે. પાંચ સ્થાવરની અહિંસા હિંસાથી તો છોડાવે પણ પર્યાવરણનું પણ ખૂબ સુંદર રીતે રક્ષણ કરે છે વર્તમાન સમયમાં અહિંસા જ વિશ્વશાંતિનું શ્રેષ્ઠ સાધન મનાય છે. તેની અમોઘ શક્તિ પાસે સંસારની સમસ્ત સંહારક શક્તિઓ કુંઠિત બની જાય છે. ''જીવો અને જીવવા દો'' એવું તો કદાચ જૈન ધર્મની સાથે અન્ય ધર્મો પણ કહેતા હશે પણ ''પોતે મરીને પણ બીજાને જીવાડો'' એવી સર્વોત્કૃષ્ટ ભાવના માત્ર જૈનધર્મમાં જ જોવા મળે છે.

વળી જૈનધર્મમાં આચારને ઘણું મહત્વ અપાય છે. માત્ર ઉપદેશ કે વિચાર જ પર્યાપ્ત નથી. 'આચારે ધર્મ'ના આ સંદેશે જ ગાંધીજી જેવા એક અદના આદમીને અંગ્રેજો સામે લડવાની અદ્ભૂત હિંમત આપી. આ હિંમતે જ ભારતને આઝાદી, આત્મસમ્માન અને એકતાનો અનુભવ કરાવ્યો.

**બ્રહ્મચર્યના પાલન દ્વારા અનેક સમસ્યાઓથી મુક્તિ :**

કોઈપણ દેશનું ઉત્થાન તેની યુવાપેઢીને આભારી છે. યુવાપેઢી જો સક્ષમ હોય તો દેશની પ્રગતિને કોઈ અવરોધી ન શકે, પરંતુ આજે પરિસ્થિતિ બદલાઈ છે. ભોગોની ભૂતાવળને જ માનવી સુખનું કારણ માની બેઠો છે. સમગ્ર દુનિયાનું યુવાધન આ ભોગોની ભ્રમણાને વાસ્તવિકતા સમજી, તેમાં ફસાઈને પોતાને હાથે જ પોતાની કબર ખોદી રહ્યું છે. સમાજની પ્રગતિ, તેજસ્વિતા અને નૂરને હરી લેનાર આજના કુત્સિત, વાસનામય વાતાવરણમાં ભગવાન મહાવીરનો બ્રહ્મચર્યનો સિધ્ધાંત લાખોમાં એક છે.

આખાયે વિશ્વમાં આજે યુવાશક્તિનો હ્રાસ થઈ રહ્યો છે, વીર્ય વેડફાઈ રહ્યું છે તેની પાછળનું મહત્વનું કારણ દૂરદર્શન, ચેનલો, પોર્નોગ્રાફિક ફિલ્મો, અશ્લીલ સાહિત્ય, અશ્લીલ વેબસાઈટો અને અશ્લીલ સાહિત્યનું વાંચન છે. આથી આજના યુવાનને કુટુંબ, સમાજ, દેશ કે વિશ્વની કોઈ જ ચિંતા નથી. તે પોતાની મસ્તીમાં જ ડૂબેલો છે. તેને વિષયાસક્તિ, ભોગ-વિલાસ અને મોજ-શોખમાં જ રસ છે. આથી કેટલીયે સમસ્યાઓ જેમ કે કુટુંબનું તૂટવું, વિભક્ત કુટુંબો, લીવ ઈન રીલેશનશીપ, લગ્ન કરાર બની ગયા, સંસ્કાર મટી ગયા, છૂટાછેડા, ગર્ભપાત, વસ્તી વિસ્ફોટ વગેરે ઉદ્ભવ્યા છે. બ્રહ્મચર્યના પ્રભુ વીરના આ સિધ્ધાંતને જો યોગ્ય રીતે વિશ્વ સમક્ષ મૂકી શકાય તો બધી સમસ્યાઓનો અંત આવી

જાય. આ સિધ્ધાંતથી જે ફાયદાઓ થાય છે તેનો યોગ્ય રીતે પ્રચાર-પ્રસાર કરી તેને જગત સમક્ષ મૂકવાથી ઘણી સમસ્યાઓનું સમાધાન થઈ જશે.

**અપરિગ્રહ : આત્મસુખ મેળવવાની ચાવી :**

ભગવાને પરિગ્રહને જ સર્વ દુ:ખો અને ઝઘડાનું મૂળ કહ્યું છે. પરિગ્રહ અને તૃષ્ણા એકબીજાના પર્યાય છે. ભગવાને પરિગ્રહના બે પ્રકાર બતાવ્યા છે. ૯ પ્રકારનો બાહ્ય પરિગ્રહ અને ૧૪ પ્રકારનો અભ્યંતર પરિગ્રહ માનવીને ચોર્યાસીના ચક્કરમાં ભટકાવ્યા કરે છે. આવા પરિગ્રહથી વિરુદ્ધ અપરિગ્રહની અસીમ તાકાત દ્વારા સમગ્ર વિશ્વમાં શાંતિ અને વિકાસના વાવેતર શક્ય છે. આજે જ્યારે સારા-નરસા વચ્ચે, ભલાઈ-બુરાઈ વચ્ચે, સત્ય-અસત્ય વચ્ચે એક ખરાખરીનો ખેલ - અસ્તિત્વ ટકાવવાનો જંગ ચાલી રહ્યો છે ત્યારે આગમમાં પ્રરૂપિત અપરિગ્રહના સિદ્ધાંત દ્વારા પરસ્પરના સંઘર્ષો, ઝઘડાઓ અને સીમાઓના વિવાદિત પ્રશ્નોના સમાધાન શક્ય બને તે માટે એક નવી દૃષ્ટિની જરૂર છે.

**વિશ્વની પર્યાવરણ અંગેની સમસ્યાઓનું સમાધાન આગમોમાં :-**

આજે સમગ્ર વિશ્વમાં અસહ્ય ગરમી, અસહ્ય ઠંડી અને અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિની સમસ્યા ઊભી થયેલી જોવા મળે છે. કોઈપણ દેશ એવો નહિ હોય કે જ્યાં આ ત્રણમાંથી એકેય સમસ્યા નહિ હોય. વળી આજે પ્રકૃતિના રખેવાળ એવા ડુંગરો, વનો, નદીઓ વગેરેનું આડેધડ નિકંદન નીકળી રહ્યું છે. બંધો દ્વારા પાણી રોકાય છે. બોરીંગ દ્વારા પાતાળમાં રહેલા જળને કાઢી તેનો બેફામ, અવિચારી રીતે ઉપયોગ થાય છે. વૃક્ષોના ઉછેર અને નવા વાવવાને બદલે, જે છે તેને કાપી નખાય છે. ઔદ્યોગીકરણ દિવસે દિવસે વધે છે જ્યારે ખેતીની જમીનો બિનકાયદેસર રીતે બિનખેતી કરી, પ્રકૃતિ સાથે રહેવાને બદલે તેનાથી દૂર થતાં જાય છે. આ બધી સમસ્યાઓનું સમાધાન આગમમાં બતાવેલ છે.

શ્રાવકના વ્રતો અને સાધુના વ્રતો પાલન દ્વારા માનવી પ્રકૃતિથી દૂર ન જતાં, તેની સુરક્ષા કરી શકે છે. આગાર ધર્મ અને અણગાર ધર્મમાં કઈ રીતે જીવન જીવાય તે જોતાં આપણને ખ્યાલ આવે છે કે આગમોમાં પર્યાવરણને લગતા દરેક પ્રશ્નોનું સુંદર સમાધાન આપેલું છે. આથી આગમમાં રહેલા આ દૃષ્ટિકોણને સારી રીતે ઓળખી તેનો લોકોમાં યોગ્ય રીતે પ્રચાર થાય તો કેટલીય સમસ્યાઓના સમાધાન ઘણી સરળતાથી પ્રાપ્ત થઈ જાય.

**ઉપસંહાર :-**

સર્વજ્ઞ પ્રરૂપિત આગમો દ્વારા જે જે બાબતોની પીછાણ થઈ છે તેના પરથી એ સાબિત થાય છે કે જે બાબતો લોકોની સમક્ષ આવી છે તે તત્વદર્શી હોવા છતાં રંગબેરંગી પણ છે, ગંભીર હોવા છતાં અલ્લડ અને મસ્ત પણ છે અને વાસ્તવિક હોવા છતાં સરળ, સહજ અને અમલમાં મૂકીએ તો ઝીરોમાંથી હીરો બનાવનારી છે. આ જિનઆગમોમાં શું નથી?

સમર્થ વિદ્વાનોના વક્તવ્ય, દર્શન અને મંતવ્યો છે તો શ્રોતાઓનો સંદેહ, જિજ્ઞાસા અને તેનું સમાધાન પણ છે. જગતનો દરેક જીવ કર્મરોગથી પીડાય છે તેનો રામબાણ ઈલાજ પણ છે અને બે ઘડીમાં છદ્માવસ્થામાંથી ક્ષપકશ્રેણી માંડી શૈલેષીકરણ કરી, ચૌદ રાજલોકની ઉપર રહેલ મુક્તિસુંદરીને વરનારા મહાપુરુષોની પ્રેરણાત્મક વાતો પણ છે. ભોગોની ભૂતાવળની વિપુલતામાં દૈહિક સુંદરીને જ પોતાનું અંતિમ લક્ષ્ય માનનારા અને તેમાં ફસાયેલા માનવીને માટે મુક્તિ રમણીને વરવાનો ઉપાય પણ છે. આગમમાં વીર, કરૂણા, અદ્ભૂત આદિ નવેય રસોથી ભરપૂર ધર્મકથાનુયોગ પણ છે. સંગેમરમરની અદ્ભૂત શિલ્પ કૃતિઓને ટક્કર મારે તેવો ચરણકરણાનુયોગનો ઝપાટો પણ છે અને છ કાય, છ દ્રવ્ય, નવ તત્ત્વ, કર્મ પ્રકૃતિ, લેશ્યા આદિ દાર્શનિક તત્ત્વની વિપુલતાવાળો દ્રવ્યાનુયોગ પણ છે. સર્વજ્ઞ શાસનની આ ગહન, ગંભીર છતાં વાસ્તવિક વાતો ગળે ઉતારતા આવડે તેનો શ્વાસ સુગંધી બને છે, ભવભ્રમણરૂપી ઘટમાળ ઘટે છે.

અનંતકાળની કુંભકર્ણની જેમ નિદ્રામાં સૂતેલો આત્મા આ આગમના એલાર્મથી જો જાગી જાય તો ઘડીના છઠ્ઠા ભાગમાં તે ઊર્ધ્વગતિને આંબી જાય છે. આવા જીવનો સમય ગમે તેવો હોય સુખનો કે દુ:ખનો, બંનેમાં તે સમભાવે જીવી શકે છે. લહેરાતા મધુર પવનની જેમ માનવ મલકતો રહી શકે છે.

આથી જ આગમને આત્મસુધારણાના અમૂલ્ય દસ્તાવેજ તરીકે તો બિરદાવી શકાય પણ તેથી ય આગળ વધીને કહું તો જૈનાગમ એ જગતસુધારણાનો પણ વણલખ્યો દસ્તાવેજ છે. જો આત્માની સુધારણા થાય તો જગતની સુધારણા થયા વગર રહે નહિ. જગતની સુધારણા થાય તો સ્વર્ગ પૃથ્વી પર જ મળી જાય. જૈનાગમના સિદ્ધાંતો જો જગતના જીવો પાળશે, આરાધશે અને જીવનમાં ઉતારશે તો જગતની અને આત્માની બન્નેની કાયાપલટ થઈ જશે એ નિર્વિવાદ હકીકત છે.

ઈતિ સિધ્ધમ્

જય જિનેન્દ્ર

❑❑❑

ઉષા સ્મૃતિ, ૧ ભક્તિનગર સોસાયટી,
જૈન ઉપાશ્રય પાસે,
રાજકોટ - ૩૬૦૦૦૨.
મો. ૯૭૨૫૬૮૦૮૮૫ / ૦૨૮૧-૨૨૨૨૭૯૫

# શંખેશ્વર - એક વિશિષ્ટ મહાતીર્થ

આરતી ત્રિવેદી

'તીર્થ' શબ્દનો કોશગત અર્થ છે, કોઈ પવિત્ર કે જાત્રાની જગા, પાર ઉતરવાનો માર્ગ. તીર્થ, મંદિર, દેવાલય.... આ બધા જ શબ્દો ભક્તિ અને ભગવાન સાથે, પૂજ્યભાવ અને પવિત્રતા સાથે જોડાયેલા છે. મસ્તક જ્યાં સ્વયં નમે એ તીર્થ અથવા જેના વડે તરી જવાય તે તીર્થ એવી વ્યાખ્યા, તીર્થ સાથે પાવનતાના ભાવને સાંકળી લે છે. જે સ્થળ વ્યક્તિના માનસમાંથી કલુષિત ભાવો, વિચારો, કષાયોને, મેલને દૂર કરી, એને પવિત્ર કરે એ પ્રત્યેક સ્થળને 'તીર્થ' તરીકે ઓળખાવી શકાય. ગુજરાતી વિશ્વકોશ મુજબ જળાશય કે નદી ઉપરાંત વેદ, શાસ્ત્ર કે દર્શનના ગ્રંથો પણ મનુષ્યને પવિત્ર કરનારા છે, તો, જ્ઞાન આપીને પવિત્ર કરનાર ગુરુ, પવિત્ર કરનાર ઉપાય, એવો ઉપાય બતાવનાર અમાત્ય, પવિત્ર કરનાર યજ્ઞ કે કોઈપણ પવિત્ર સ્થળ પણ તીર્થ છે. ઉપરાંત, સજ્જન તો તીર્થ છે જ, પણ એ જ્યાં રહે છે એ સ્થળ પણ તીર્થ છે - એવું મહાકવિ કાલિદાસે 'કુમારસંભવ'માં કહ્યું છે.

આપણા આર્યાવર્તમાં વિવિધ સ્થાવર તીર્થો છે – જેવા કે રામેશ્વર, બદ્રીનાથ, કેદારનાથ, જગન્નાથપુરી, સમ્મેતશિખર, શત્રુંજય...... વગેરે. આપણું ગુજરાત પણ અનેક તીર્થોથી શોભતી તીર્થભૂમિ છે – જેવા કે અંબાજી, બહુચરાજી, સોમનાથ, દ્વારકા, ડાકોર, ગિરનાર, શંખેશ્વર, શેરિસા.......આદિ.

અલબત, સ્થાવર તીર્થો ઉપરાંત માતાપિતા, ગુરુ-જ્ઞાની-વિદ્વાન-સંતો-શિક્ષણસંસ્થાઓ વગેરે જંગમ તીર્થો છે. ઉપરાંત, સદ્‌ગુણોને પણ તીર્થ કહેવામાં આવે છે. સત્ય, ક્ષમા, ઈન્દ્રિય સંયમ, સરળતા, હૃદયની પવિત્રતા, દાન વગેરે તીર્થ છે. માન-અપમાન અને લાભ-હાનિમાં એકસમાન પુરૂષ તીર્થરૂપ છે. જ્ઞાન અને મંત્ર પણ તીર્થ છે, તો મનનો સંયમ, દયા, કરુણા અને પ્રેમ પણ તીર્થ છે.

પ્રત્યેક તીર્થસ્થાનનો મહિમા વધારવા માટે એની સાથે ચમત્કારને જોડવાની પરંપરા ઘણી પ્રાચીન છે. મારે જે મહાતીર્થ શંખેશ્વરની વાત કરવાની છે એની સાથે જોડાયેલી વિવિધ ચમત્કારોથી ભરપૂર લોકવાયકાઓ પણ મળે છે, જે નીચે મુજબ છે -

- ઝાલા રજપૂત મહામંડલેશ્વર રાણા દુર્જનશલ્યને કોઢનો રોગ થતા એના નિવારણ અર્થે એમણે ઝંઝુપુર (ઝીંઝુવાડા) માં આવેલા સૂર્યનારાયણના મંદિરમાં ભગવાન સૂર્યદેવની ખરા અંતઃકરણથી પૂજા-અર્ચના કરી, ત્યારે સૂર્યદેવે એમને સ્વપ્નમાં શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની આરાધના કરવાથી કોઢનો રોગ દૂર થશે એમ જણાવ્યું. ત્યાર બાદ રાણા દુર્જનશલ્યે શંખેશ્વર જઈને ત્યાં પાર્શ્વનાથ પ્રભુજીની ખૂબ ભાવથી ભક્તિ કરતા અલ્પ સમયમાં જ એનો રોગ નાબૂદ થઈ ગયો. પોતાના રોગનિવારણથી અત્યંત પ્રસન્ન થયેલા રાણાએ દેરાસરનો જીર્ણોધ્ધાર કરાવીને દેરાસરને દેવવિમાન જેવું બનાવી દીધું.
- ઓસવાલ જ્ઞાતિના નાગપુર સ્થિત ધનિક શ્રાવક ગૃહસ્થ સુભટ શાહ શંખેશ્વર તીર્થની યાત્રાની અભીપ્સાથી પોતાના પરિવાર સાથે ઘરેથી જરૂરી સામગ્રી લઈને નીકળ્યા, પરંતુ રસ્તામાં રાત્રિના સમયે લૂંટાઈ જવા છતાં, ઘણાં કષ્ટો વેઠીને સૌએ શંખેશ્વર પહોંચીને ત્યાં ખૂબ શ્રધ્ધાપૂર્વક પૂજા-આરાધના કરતા જ ચોરાયેલો સઘળો માલ તેમને પાછો મળી ગયો.
- થોડા સમય માટે શંખેશ્વર પાર્શ્વપ્રભુની મૂર્તિ ત્યાંના ઠાકોર પાસે હોવાથી, તેઓ એક એક સોનામહોર લઈને ભાવિકોને દર્શન કરવાની છૂટ આપતા. (એવો સંભવ છે કે શંખેશ્વર ગામમાં જૂના મંદિરનું જે ખંડિયેર ઊભું છે, તેને મોગલ બાદશાહ ઔરંગઝેબની મુસલમાન ફોજે આક્રમણ કરીને તોડી પાડ્યું હોય, ત્યારે ગામના ઠાકોરેએ બચાવ માટે સામું આક્રમણ કરીને ઉક્ત મંદિરની પ્રભુ પાર્શ્વનાથજીની મૂર્તિને સલમાત સ્થળે ખસેડી, મુસલમાન સૈન્યના ગયા બાદ થોડા વર્ષો સુધી એની સંભાળ રાખી હોય અને ભક્તો પાસેથી દર્શન કરવાને નિમિત્તે આ ઠાકોર પૈસા માંગતા હોય.) એ સમયે ખેડાના એક ગૃહસ્થે કાઢેલા સંઘમાં કવિવર ઉપાધ્યાયજી શ્રી ઉદયરત્નજી પણ શંખેશ્વર તીર્થની યાત્રા કરવા નીકળ્યા હતા, પરંતુ મોડા પડતા, સંઘને પ્રભુના દર્શન માટે ઠાકોરે દરવાજો ખોલવાનો ઈન્કાર કરતા, ભક્તિમાં તલ્લીન કવિવર ઉદયરત્નની 'પાસ સંખેસરા, સાર કર સેવકાં, દેવ કાં આવડી વાર લાગે' એવી આર્જવભરી વિનંતીથી પ્રસન્ન થયેલા નાગરાજ ધરણેન્દ્રએ ચમત્કારિક રીતે દેરાસરના દરવાજા ખોલી નાંખ્યા અને ઠાકોરે ભોંઠપ અનુભવી.
- એલગપુર શહેરના શારીરિક રોગ ધરાવતા મહારાજ એલંગદેવે શંખેશ્વરના પાર્શ્વપ્રભુજીનું સ્નાત્રજળ પોતાના શરીર પર લગાવ્યું અને એમનો રોગ નાબૂદ થઈ ગયો.
- પ્રાચીન સમયમાં શંખેશ્વર ગામની બહાર ઉત્તર દિશામાં સ્મશાન તરફના એક મોટા ખાડા પાસે ગામના એક સદ્‌ગૃહસ્થની ગાય ચરીને પાછી વળે ત્યારે એનું દૂધ ઝરી જતા, તપાસ કરતા એ ખાડાના સ્થળે (હાલમાં જેને ઝંડકૂવો કહે છે તે) શ્રી

શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ નીકળી અને જૈનોના સંઘે ગામમાં જ્યાં જૂના દેરાસરનું ખંડિયેર હતું ત્યાં નવું દેરાસર બનાવીને એમાં એ મૂર્તિની પ્રતિષ્ઠા કરી.

- શંખેશ્વરની આસપાસના પંથકમાં પ્રભુના પ્રભાવથી ચોર-લૂંટારા યાત્રિકોને પરેશાન કરતા નથી એ અંગેના એકાધિક ચમત્કારિક પ્રસંગો - લોકવાયકાઓ મળે છે તો, માર્ગ ભૂલેલા પથિકોને ચમત્કારિત રીતે માર્ગદર્શક પણ મળી રહે છે એવી કથાઓ પણ પ્રચલિત છે ઉપરાંત, આંખમાં મોતિયાની ખૂબ જ તકલીફવાળા પાટીદારે પ્રભુના નમણને સ્નાનના જળને ત્રણ વાર આંખ પર લગાડવાથી એમની મોતિયાની તકલીફ તાત્કાલિક દૂર થઈ ગઈ એ કથા પણ ઘણી જાણીતી છે.

અલબત, શંખેશ્વર તીર્થનો મહિમા દર્શાવતી આવી લોકવાયકાઓ ઉપરાંત, સાહિત્યકાર જયભિખ્ખુનો અંગત અનુભવ પણ શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ પરની શ્રદ્ધા, ભક્તિ અને આસ્થાથી ભરપૂર છે. વિ.સં. ૨૦૨૫ ના દિવાળીના તહેવારમાં નાદુરસ્ત તબિયત હોવા છતા શ્રી જયભિખ્ખુ શંખેશ્વર ગયા, ત્યારે તીર્થભૂમિની નજીક પહોંચતા જ એમની તબિયતમાં સુધારો જણાવા લાગ્યો અને તીર્થસ્થળે આવી પહોંચતા તબિયત અંગેની તમામ તકલીફો નાબૂદ થઈ ગઈ!

આમ, આવા ચમત્કારભર્યા પ્રસંગો ભક્તિના ધામમાં-તીર્થસ્થળમાં ભાવિકની, ભક્તની તથા આમ જનતાની આસ્થામાં જરૂર વધારો કરે.

- **પ્રાચીનતા**

કોઈપણ સ્થળ કે તીર્થભૂમિની પ્રાચીનતા, પ્રાચીન કે અતિ પ્રાચીન શિલાલેખોમાં એના કેટલા ઉલ્લેખો કે સંદર્ભો મળે છે, એને વિશે મળતા કે લખાયેલા કાવ્યો-સ્તવનો-સ્તોત્રો-છંદ-સ્તુતિ-શ્લોક વગેરે કેટલા પ્રાચીન છે, જે તે સ્થળના નામની ઉત્પત્તિ સાથે કઈ કઈ કથાઓ સંકળાયેલી છે વગેરેને આધારે નક્કી થઈ શકે.

'શંખેશ્વર' એ નામની ઉત્પત્તિ પાછળ મહાભારતકાળનો સંદર્ભ મળે છે. મહાભારતના યુદ્ધ બાદ ભગવાન શ્રીકૃષ્ણ અને જરાસંઘના સૈન્ય વચ્ચે લાંબા સમય સુધી ચાલેલા યુદ્ધને અંતે શ્રીકૃષ્ણનું સૈન્ય સામા પક્ષના સૈન્યને પરાજિત કરવાની તૈયારીમાં હતું, ત્યારે પરાજયને નહીં સ્વીકારનાર પ્રપંચી જરાસંઘ જરા નામની વિદ્યાનો સહારો લઈ, એના પ્રભાવથી શ્રીકૃષ્ણના સમગ્ર સૈન્યને વૃદ્ધ અને રોગી બનાવી દે છે. શ્રીકૃષ્ણ વાસુદેવ, રામ બળદેવ અને શ્રી અરિષ્ટનેમિ કુમાર જેવા પુણ્યાત્માઓને બાદ કરતા શિથિલ-રોગી બની ગયેલું શ્રીકૃષ્ણનું લશ્કર લડવા માટે અશક્ત અને અસમર્થ બની ગયું. જરા વિદ્યાના પ્રભાવ અંગે જાણીને શ્રીકૃષ્ણ ચિંતિત બન્યા અને શ્રીઅરિષ્ટનેમિ કુમારના સૂચનથી શ્રીકૃષ્ણે અઠ્ઠમની તપસ્યા કરી, નાગરાજ ધરણેન્દ્રની આરાધના કરીને, તેમના ભવનમાના જિનાલયમાં રહેલા ભાવિ તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રાચીન અને પ્રભાવક મૂર્તિનું સ્નાત્રજળ આખા સૈન્ય પર છાંટ્યું, પરિણામે જરા વિદ્યાનો પ્રભાવ નાબૂદ થતા એમનું સૈન્ય સામેના લશ્કર પર આક્રમણ કરીને વિજયી બન્યું. યુદ્ધમાં વિજય મળતા, આ સ્થળે ભગવાને એક નવું નગર વસાવ્યું અને ત્યાં નવું સુંદર જિનાલય બંધાવીને એમાં શ્રીકૃષ્ણે કરેલી પોતાની આરાધનાથી પ્રસન્ન થઈને નાગરાજ ધરણેન્દ્રે આપેલી શ્રી પાર્શ્વપ્રભુની મૂર્તિનું ભાવપૂર્વક સ્થાપન કર્યું. આ સ્થળે વિજયના આનંદની અભિવ્યક્તિરૂપે પ્રભુએ શંખ વગાડેલો હોવાથી એ નગરનું નામ શંખપુર તથા એ પ્રતિમાનું નામ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ તરીકે જાણીતું બન્યું. એમાં પ્રભુ શ્રીકૃષ્ણે નવું સુંદર જિનાલય બંધાવી, શ્રી નેમિનાથ ભગવાનના સૂચન મુજબ, શ્રી પાર્શ્વનાથ પ્રભુની સાત ફેણવાળી મૂર્તિનું સ્થાપન કર્યું અને સાથે પોતાની મૂર્તિ પણ મૂકાવી. લોકવાયકા તથા વિવિધ સ્તોત્રોમાંથી મળતી માહિતી મુજબ ભગવાન શ્રીકૃષ્ણે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય સ્થાપત્યકલાના એવા વિશિષ્ટ નમૂનારૂપે બનાવ્યું હતું કે તેઓ પોતે દ્વારિકા નગરીના પોતાના મહેલમાંથી શ્રી પાર્શ્વનાથ પ્રભુના અને મંદિર ઉપર ફરકતી ધજાના નિત્ય દર્શન કરી શકતા. વળી, નગરને શોભાયમાન બનાવવા માટે પ્રભુએ એમાં મંદિરો, ધર્મશાળાઓ, મઠો, ગઢ, પોળો, દરવાજા-તોરણો, વાડી, ઉદ્યાનો, વૃક્ષરાજિ તથા લોકોને બેસવા માટેના વિવિધ સુવિધાદાયક સ્થાનો પણ ઊભા કર્યા. એને પરિણામે, સામાન્ય વર્ગના લોકોથી માંડીને શ્રીમંત વેપારીઓ પણ આ નગરમાં આવીને વસ્યા અને શંખપુર સમૃદ્ધ નગર બન્યું, એની જાહોજલાલી પણ વધી. પ્રભુ પાર્શ્વનાથ એમના ભક્તોને સુખી બનાવે છે એવી લોકવાયકાઓથી ઘણા યાત્રાળુઓ, સંઘો અહીં તીર્થયાત્રાએ આવવા લાગ્યા.

- **ઉત્પત્તિ**

શ્રી પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિની ઉત્પત્તિ અંગે પણ જુદી જુદી કથાઓ વિવિધ સ્તોત્રો વગેરેમાં મળે છે. ગઈ ચોવીસીના આઠમા અથવા નવમા તીર્થંકર શ્રી દામોદર જિનેશ્વર પ્રભુને તેમના ભક્ત સમકિતી અને વ્રતધારી આષાઢી નામના શ્રાવકે પોતાને ભવના ફેરામાંથી ક્યારે મુક્તિ મળશે એ જાણવા માટે પૂછ્યું, ત્યારે જવાબમાં પ્રભુએ જણાવ્યું કે આવતી ચોવીસીમાં ચોથા આરામાં થનારા ત્રેવીસમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુના તમે આર્યઘોષ નામના ગણધર થઈને એ જ ભવમાં મોક્ષ પામશો. પ્રભુના ઉત્તરથી પ્રસન્ન થયેલા આષાઢી શ્રાવકે શ્રી પાર્શ્વનાથ પ્રભુની સુંદર પ્રતિમા કરાવી અને પોતે બંધાવેલા જિનાલયમાં શુભ મુહૂર્તમાં એની પ્રતિષ્ઠા કરાવી અને ખૂબ આસ્થાપૂર્વક એની ત્રિકાળ પૂજા કરવા માંડી. સમયાંતરે દેવલોક ગયેલા શ્રાવક આષાઢી એ પ્રતિમાને

પૃથ્વીલોક પરથી દેવલોકમાં લઈ ગયા અને લાંબા સમય સુધી એમની પૂજા કરી.

અન્ય કથા મુજબ વર્તમાન ચોવીસીમાં થયેલા આઠમા તીર્થંકર શ્રી ચંદ્રપ્રભ ભગવાનને પહેલા દેવલોકના તેમના સમયના સૌધર્મેન્દ્રે પોતાના મોક્ષ અંગે પૂછતા ભગવાને ઉત્તર આપ્યો કે ચાલુ ચોવીસીમાં ત્રેવીસમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ જિનેશ્વર થશે, એમના આઠમા ગણધર થઈને તમે એ જ ભવમાં મોક્ષ પામશો. આ સાંભળીને સૌધર્મેન્દ્રે પ્રસન્ન ચિત્તે દેવલોકમાં જઈને શ્રી પાર્શ્વનાથ પ્રભુની નવી સુંદર મૂર્તિ કરાવીને પોતાના વિમાનમાં એનું સ્થાપન કરીને એની ભક્તિભાવપૂર્વક પૂજા કરવા માંડી.

ઉપરાંત, વિ.સં. ૧૩૬૦ની આસપાસ શ્રીમાન્ જિનપ્રભસૂરિજી રચિત 'શ્રી પાર્શ્વનાથસ્ય કલ્પસંક્ષેપઃ' (સ્તોત્ર-૧) માં પણ આ મૂર્તિની ઉત્પત્તિ અંગેની એક કથા મળે છે. એ મુજબ શ્રી મુનિસુવ્રત સ્વામીના સમયમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની આ સુંદર દેદિપ્યમાન મૂર્તિ ચંપાનગરી પાસેના સમુદ્રના કિનારે જિનાલયમાં ભક્તો દ્વારા પૂજાતી હતી. શક્રેન્દ્રના કાર્તિક શેઠના સો વખત પડિમાવહનના એક્સો અભિગ્રહો-મનોરથો આ મૂર્તિના ધ્યાનથી પરિપૂર્ણ થયા હતા. કાર્તિક શેઠના દીક્ષા ગ્રહણ બાદ શક્રેન્દ્ર આ પ્રભાવી મૂર્તિને પોતાને ત્યાં લઈ જઈને ભક્તિભાવથી પૂજવા લાગ્યા. એ સમયે રામ-લક્ષ્મણના વનવાસ દરમ્યાન એમને શક્રેન્દ્રે આ મૂર્તિ દંડકારણ્યમાં દર્શન તથા પૂજન માટે આપતા સીતાજી સહિત સૌએ એની ભાવપૂર્વક પૂજા કરી, પરંતુ એમનો વનવાસ પૂરો થતા શક્રેન્દ્ર સૌધર્મએ મૂર્તિને પાછી લઈ ગયા અને આમ મુનિસુવ્રત સ્વામીના નિર્વાણ બાદ લગભગ ૧૧ લાખ વર્ષ સુધી આ પ્રતિમાનું શક્રેન્દ્ર સૌધર્મ દ્વારા દેવલોકમાં પૂજન થયું.

થોડા સમય બાદ શક્રેન્દ્રે આ મૂર્તિ જરાસંઘ સાથેના યુદ્ધ વખતે ભગવાન શ્રીકૃષ્ણ ને આપી. યુદ્ધમાં વિજય મળ્યા બાદ શંખપુરમાં ભગવાન નવા જિનાલયમાં શ્રી પાર્શ્વપ્રભુની નવી સુંદર મૂર્તિ કરાવીને ત્યાં સ્થાપન કર્યું અને લગભગ સાતસો વર્ષ સુધી એની ભાવપૂર્વક પૂજા કરી.

સમય જતા આખી દ્વારકા નગરી નાશ પામી, પરંતુ આ મૂર્તિના પ્રભાવથી મંદિર અક્ષીણ રહ્યું, પરંતુ થોડા સમય પછી મંદિર, મૂર્તિ અને દ્વારકાનગરી સમુદ્રના પાણીમાં ગરકાવ થઈ ગયા, ત્યારે સમુદ્રમાં નાગેન્દ્રે હજારો વર્ષ સુધી અને એ પછી વરુણદેવે ચાર હજાર વર્ષ સુધી આ મૂર્તિનું પૂજન કર્યું.

સમય જતા પદ્માવતી દેવીએ આ મૂર્તિ ધનેશ્વર સાર્થવાહને આપી. એમણે કાંતિનગરીમાં જિનાલય બંધાવીને મૂર્તિનું સ્થાપન કર્યું અને ૨૦૦ વર્ષ સુધી એનું પૂજન કર્યું. આ જ મૂર્તિના પ્રભાવે સ્તંભનતીર્થ-ખંભાત થયું. વિ.સં. ૧૩૬૦ની આસપાસમાં આ મૂર્તિ સ્તંભનતીર્થ-ખંભાતમાં પૂજાતી હતી.

આમ વિવિધ યુગોમાં વિવિધ સ્થળે આ મૂર્તિનું ભક્તિભાવે પૂજન ચાલુ રહ્યાના ઉલ્લેખો જુદાં જુદાં સ્તોત્રોમાં મળે છે અને શંખેશ્વર ગામમાં આ પ્રતિમાનું લગભગ સાડી છયાંસી હજાર વર્ષો સુધી જમીનમાં કે જિનાલયોમાં પૂજન થતું રહ્યું.

વિ.સં. ૧૧૫૫ (ઈ.સ. ૧૦૯૯) માં મહામંત્રી શ્રીમાન્ સજ્જન શેઠે (રાજા સિદ્ધરાજ જયસિંહના મહામંત્રી) શ્રી શંખેશ્વરમાં નવું જિનાલય બંધાવીને એમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની આ પ્રતિમા પધરાવી, જે આજ સુધી પૂજાય છે.

ત્યારબાદ શ્રી જિનહર્ષગણિરચિત 'શ્રી વસ્તુપાલ ચરિત્ર' માં જણાવ્યા અનુસાર મહારાજા ભીમદેવ બીજાના મહામાત્ય વસ્તુપાળ-તેજપાળે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ તીર્થના પ્રભાવ અંગે જાણીને ત્યાંનો સંઘ કાઢ્યો અને જીર્ણ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો તથા એને ફરતી બાવન જિનાલયની દેરીઓ ઉપર સોનાના કળશ ચડાવ્યા.

તો ઝંઝુપુર (ઝીંઝુવાડા) ના રાણા દુર્જનશલ્યને આ તીર્થની યાત્રાથી તથા ભગવાન પાર્શ્વનાથની આરાધનાથી કોઢનો રોગ નાબૂદ થવાથી એમણે પ્રસન્ન થઈને આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. (પરંતુ ઈતિહાસ જોતાં દુર્જનશલ્ય અને સજ્જન શેઠના સમયમાં લગભગ ૧૫૦ વર્ષનું અંતર છે.)

ઉક્ત જીર્ણોધ્ધારો બાદ ૧૪મી સદીના ઉત્તરાર્ધમાં ગુજરાત પર મોગલ-શાસન શરુ થતા, તેઓના આક્રમણથી શંખેશ્વરનું આ મંદિર નાશ પામ્યું, પરંતુ ધર્મપ્રેમી જનતાએ-શ્રી સંઘે મૂળ નાયકજીની આ અસલ મૂર્તિને ભૂમિમાં સંગોપીને એની સાચવણી કરી.

'શ્રીવિજયપ્રશસ્તિ' મહાકાવ્ય અને એની ટીકા, 'શ્રી વિજયદેવ સૂરિમાહાત્મ્ય' તથા 'તપાગચ્છ પટ્ટાવલી' વગેરેમાંથી મળતા ઉલ્લેખોને ધ્યાનમાં લેતા જાણી શકાય છે કે શ્રીમાન્ વિજયસેન સૂરિજી મહારાજના ઉપદેશથી શ્રી સંઘે ગામની વચ્ચે બાવન જિનાલયથી શોભતું શિખરબંધી મનમોહક મંદિર બંધાવ્યું અને શ્રીમાન વિજયસેન સૂરિશ્વરજી પાસે એની પ્રતિષ્ઠા કરાવી, પરંતુ મુસ્લિમ સૈન્યના આક્રમણને પરિણામે આ જીર્ણોધ્ધાર પામેલું મંદિર ૮૦ વર્ષ પણ રહી શક્યું નહીં અને ધરાશાયી બન્યું. કેટલીક મૂર્તિઓ પણ મુસ્લિમ સૈન્ય દ્વારા ખંડિત થઈ. મોગલ બાદશાહ ઔરંગઝેબના શાસનકાળમાં લગભગ વિ.સં. ૧૭૧૫ થી ૧૭૬૪ (ઈ.સ. ૧૬૫૯-૧૭૦૮). અમદાવાદના સૂબાએ વિ.સં. ૧૭૨૦ થી ૧૭૪૦ (ઈ.સ. ૧૬૬૪-૧૬૮૪) દરમ્યાન આ મંદિર પર આક્રમણ કરીને એને ખંડિત કર્યું. એ પછી આ મંદિરનો જીર્ણોધ્ધાર વિ.સં. ૧૭૫૦ (ઈ.સ. ૧૬૯૪)ની આસપાસ કરવામાં આવ્યો.

તો, મંદિરના સ્થળેથી મળતા લેખ મુજબ વિ.સં. ૧૮૨૮ (ઈ.સ. ૧૭૭૨) માં પુનઃ મંદિરનો જીર્ણોધ્ધાર થયો, જે આજની

હાલતમાં છે.

- **તીર્થ અંગેના સ્તવન આદિ**

શંખેશ્વર અતિ પ્રાચીન તીર્થ છે. એને લગતા કલ્પો, સ્તોત્રો, સ્તુતિ, શ્લોક, છંદ, સ્તવન વગેરે પૂર્ણ કે અપૂર્ણ અવસ્થામાં મળે છે. આ બધામાંથી આ તીર્થસ્થળની ઐતિહાસિક સામગ્રી મળી રહે છે અને એ બધું આ તીર્થની પ્રાચીનતા અને એનો મહિમા સૂચવે છે.

આ તીર્થમાં બિરાજમાન શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુનું કાનોમાત્ર વિનાનું એક સરળ છતાં દુર્લભ સ્તવન મળે છે જે નીચે મુજબ છે.

***સકલ કરમખલદલન કમઠ શઠ પવન કનક નગ***
***ધવલ પરમ પદરમન, જગતજન અમલ કમલ ખગ,***
***પરમતજલધર પવન, સજલ ઘનસમતન સમકર***
***પર અઘર જહર જલદ, સકલ જનનત ભવભયહર.***
***યમદલન નરકપદ છયકરન, અગમ અટત ભવજલ તરન,***
***વર સબલમદન વનહર દહન, જયજય પરમ અભય કરન.***

સકલ દુષ્ટ કર્મોનો નાશ કરનાર, કમઠ રૂપી વાયુને રોકવામાં સુમેરુ, નિર્મળ મોક્ષપદમાં વિચરનાર, જગતજનોરૂપી સ્વચ્છ કમલોને ખીલવવામાં સૂર્ય સમાન, અન્ય મતો રૂપી વાદળોને દૂર કરવામાં પવન સમાન, જલભર્યા મેઘ સમાન વર્ણવાળા, અન્યોની પાપરૂપી રજ ધોવામાં મેઘ સમાન, વિનમ્ર જનોનો સંસાર ભય દૂર કરનાર, યમને દમનારા, નરકબંધન તોડનારા, ઊંડા ને કિનારા વિહોણા ભવસાગરમાંથી તારનારા, બળવાન કામદેવરૂપી વનને બાળવામાં અગ્નિસમા પરમ અભય કરનારા શ્રી પાર્શ્વનો જય હો!

(નોંધ :- આ પાર્શ્વ સ્તવનમાં એક પણ અક્ષર દીર્ઘ નથી, એ એની મોટામાં મોટી ખૂબી છે. કાનો-માત્રા વિનાની આ પ્રકારની રચનાઓ મળવી દુર્લભ છે.)

ઉપરાંત કવિ દુર્લભજી ગુલાબચંદ રચિત (વલ્લભીપુર) પાર્શ્વનાથ પ્રભુજીના અકારાદિ પ્રમાણોના બધા નામોની સ્તુતિ મળે છે જે ખૂબ આસ્વાદ્ય છે, જે નીચે મુજબ છે.

**(સવૈયા-એકત્રીશા)**

*કેશરીઆજી, કુર્કટેશ્વર, કલિકુંડ કાપરડા નામ,*
*કાશી, કુંડલપુર, કંબોઈ, કરહડા, કલ્યાણ પ્રણામ;*
*કોકા, કંકણ, ખોહામંડણ, ખામણા, ગપ્ત, ગિરૂઆ નામ,*
*ગોડી, ગાલ્લવીઆ, ગંભીરા, ધૃતકલ્લોલ, ઘીયા પ્રણામ.* ૧

*ચિંતામણિ, ચારૂપમંડણ, ચેલ્લણ, જગવલ્લભ પ્રભુનામ,*
*જસોદરા, જોટવા , જગડીઆ, જગન્નાથપુરી જિન પ્રણામ;*
*જીરાવલા, ટાંકલા, ડોહલા, ડોસલા, તિવરી, જિનનામ,*
*દૌલતિ, દોક્કડિયા, દાદા, નવખંડા, નવલખા, પ્રણામ.* ૨

*નવસારી, નવફણા, નવપલ્લવ, નાગફણા, નાકોડા નામ,*
*નરોડી, નવનિધિ, પલ્લવિઆ, પુષ્કરાવર્ત, પોસીના પ્રણામ;*
*પંચાસરા, પોસલીઆ, પરોલી, પાર્શ્વ ફલોધિ, બલેજા નામ,*
*બદ્રિકેદાર, ભટેવા, ભાભા, ભદ્રેશ્વર જિનરાજ પ્રણામ.* ૩

*ભીલડીઆ, ભીડભંજન, મુહરિ, મુંડેવા, મોઢેરા નામ,*
*મનવાંચ્છિત,મહાદેવ, મનોરથકલ્પદ્રુમ, મગસીજી પ્રણામ;*
*મનરંજિત, મહિમપુરા જિન, મનમોહન, મનરંજન નમ,*
*રાવણ, રુદ્રવા, રાણકપુર, લોટા, લોદ્રવા, પ્રણામ.* ૪

*લોઢણ, વહિ, વાડી, વરકાણા, વલી, વિજયચિંતામણિનામ,*
*શંખેશ્વર, શામળા, શેરિસા, સમેતશિખર જિનરાજ પ્રણામ;*
*સહસ્રફણા, સહસ્રકૂટ, સાંકળા, સાંવલા, સુંધદંતી નામ,*
*સૂરજમંડણ, સોમચિંતામણિ, સુખસાગર, સેસલી, પ્રણામ.* ૫

*સપ્તફણા, સમેરીઆ સ્થંભન, સેસફણા, સ્વયંભૂ નામ,*
*સુલતાના, સમીના જિનવરજી, સોગટિઆ અમીઝરા પ્રણામ;*
*અજાહરા, અહિછત્રાસ્વામી, અંતરિક્ષ, અવંતિ નામ,*
*ઉપસર્ગહર, પાર્શ્વપ્રભુના અષ્ટોત્તરસમ નામ પ્રણામ.* ૬

*જન્મકલ્યાણ પોશ દશમી દિન, વિધિસહિત આરધે જેહ,*
*જરૂર સમાધિ મરણે જાતા, પરભવ સુધારે ભવિ તેહ;*
*'ૐ હ્રીં પાર્શ્વનાથાય નમઃ' ના, અષ્ટોત્તરસય જાપ પ્રભાત,*
*અહર્નિશ ગણતા જેહ ભવિજન, રોગ સોગ નાસે વ્યાઘાત.* ૭

*ઉદ્ધર્યો અધબળતા પન્નગને, આખર સમય દઈ નવકાર,*
*ઓગણી સત્તાણું વિક્રમમાં, જપવાને એ જગદાધાર;*
*'પ્રગટપ્રભાવી પાર્શ્વનાથ'ની બુકથી ઉદ્ધરતા એ નામ,*
*મૂળનાયક વળા જિનમંદિર, કર્તા 'દુર્લભદાસ' પ્રણામ.* ૮

વળી, શહેનશાહ જહાંગીરે શ્રી શાંતિદાસ શેઠને સર્વધર્મસમભાવ ધરાવતા આ તીર્થ શંખેશ્વર ગામનો ઈજારો રૂા. ૧૦૫૦/- માં આપ્યાનું ફારસી ભાષામાં ફરમાન મળે છે.

શંખેશ્વર તીર્થનો મહિમા કરતા વિવિધ ગ્રંથો, સ્તવનો આદિ મળે છે, જેમાં વિધવિધ રીતે એના વિશિષ્ટ પ્રભાવને વર્ણવવામાં આવ્યો છે જેમ કે (૧) સમ્મેતશિખર, વિમલાચલ, કાશી, નાસિક, પાવાપુરી, અષ્ટાપદ, રૈવતગિરિ, રાજગૃહી, મિથિલા વગેરે તીર્થોની યાત્રા અને પૂજાથી જેટલું ફળ મળે, એટલું ફળ માત્ર પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિના દર્શનમાત્રથી મળી શકે છે. (૨) પાટણમાં કોકા વસતિના મૂળ નાયક શ્રી પાર્શ્વનાથ પ્રભુની ૩૩ આંગળની મૂર્તિમાં પ્રભુ સૂર્યોદયથી ચાર ઘડી એટલે કે દોઢ કલાક સુધી વસતા હોવાથી એ સમય દરમ્યાન એમની પૂજા કરવાથી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની પૂજા જેટલું પુણ્ય મળશે એવો સંકેત ખુદ પ્રભુએ શ્રાવક દેલ્હણને સ્વપ્નમાં આપ્યો હતો.

ઉપરાંત, વિવિધ સ્તોત્રો, કાવ્યો વગેરેમાં શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના પ્રત્યક્ષ પરચા પૂરનાર, રોગાદિભયનિવારક, ભવતારણ,

સુખકારણ, અશરણશરણ, મનોરથપૂરક, પતિતપાવન, કલ્પતરુ, મનોરથપૂર્ણ કરનાર જેવા વિશેષણોયુક્ત વર્ણન લોકોની આ પ્રભુ પરની અપાર આસ્થા અને શ્રધ્ધાના દ્યોતક છે.

વળી વિવિધ લેખકો-કવિઓએ આ પ્રભુનો મહિમા કરતા સ્તોત્રો, સ્તવનો, સ્તુતિ, કાવ્યો, ગ્રંથો તથા તીર્થનો ઈતિહાસ વગેરે લખ્યા છે, તો કોઈએ પોતાના ગ્રંથના આદિ, મધ્ય કે અંતમાં શંખેશ્વર ભગવાનનું સ્મરણ, નમસ્કાર કરીને પોતાનો ભક્તિભાવ પ્રગટ કર્યો છે. મહાવિદ્વાન શ્રીમાન્ યશોવિજયજી મહારાજે સંસ્કૃતમાં ૧૧૩ શ્લોકોનું ભક્તિપૂર્ણ સ્તોત્ર રચ્યું છે. ઉપરાંત, એમણે સંસ્કૃતમાં 'શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન' પણ લખ્યું હતું, જેમાં શ્રી શંખેશ્વર પ્રભુની મૂર્તિના પ્રભાવનું અદ્ભૂત, આહ્લાદક વર્ણન મળે છે.

સમગ્ર ભારતવર્ષમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુના ઘણાં તીર્થો છે, વિવિધ સ્થળે એમના દેવાલયો અને પાદુકાઓ છે એવા ઉલ્લેખો જુદા-જુદા ગ્રંથોમાં મળે છે. એમાં શ્રી શંખેશ્વરજીનું તીર્થ ઘણું જ પ્રાચીન અને મહાપ્રભાવશાળી છે.

(૧) શ્રી સર્વાનંદસૂરિ રચિત 'જગડૂચરિત' મહાકાવ્યના સર્ગ ૬, શ્લોક ૫૭માં કચ્છના-ભદ્રેશ્વર-ભદ્રાવતી નગરમાં ચાંદીના બે પાયાવાળું પિત્તળનું શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું ગૃહચૈત્ય-ઘર દેરાસર જગડુશાહે કરાવ્યાનો ઉલ્લેખ મળે છે. (૨) તપાગચ્છીય શ્રીરંગવિજયજી રચિત (વિ.સં. ૧૮૪૯) 'શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પંચકલ્યાણ ગર્ભિત પ્રતિષ્ઠાકલ્પ સ્તવન' (ઢાળ ૧૯, કડી ૨૬૦) માં મળતા ઉલ્લેખ અનુસાર ભરૂચમાં ઊકેશ લઘુશાખાના (દશા ઓશવાળા) શાહ પ્રેમચંદના પુત્ર ખુશાલચંદ્રે અને તેના પુત્ર શાહ સવાઈચંદ્રે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની તથા અન્ય ઘણી મૂર્તિઓ બનાવીને એની પ્રતિષ્ઠા અને સ્થાપન દ્વારા મહોત્સવ કર્યો હતો. (૩) સૂરતમાં (૪) સિરોહી (રાજપૂતાના)માં પણ પ્રભુના દેરાસર-મંદિર છે. (૫) શ્રીમાન્ જગત્ચંદ્ર સૂરિજીને જે સ્થળે 'તપા' બિરુદ મળેલું, તે મેવાડના ઉદયપુરથી ત્રણ માઈલ દૂર આવેલા આઘાટ (આહડ) ગામમાં વિ.સં. ૧૮૦૫માં બનેલું શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુનું મંદિર છે.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુમાં ભરપૂર આસ્થા ધરાવતા ભક્તો માને છે કે પ્રભુજી દિવસના જુદા જુદા સમયે દરરોજ ત્રણ જુદાં રૂપ ધારણ કરે છે - પ્રભાતકાળે કુમાર અવસ્થા, મધ્યાહ્ને યુવાવસ્થા અને સાંજની પૂજાના સમયે વૃદ્ધાવસ્થાનું. આથી કેટલાક એમને 'બહુરૂપી' પણ કહે છે. સાયંકાળે થતી પ્રભુની પૂજા-આરતીના સમયે ધૂપદીપથી પ્રભુની આંગી મનોહર લાગતી હોય અને દર્શનાર્થીઓ મોટી સંખ્યામાં હોય, ત્યારે ભગવાનનું રૂપ વૃદ્ધાવસ્થાવાળું લાગતું હોવાથી લોકો એમને 'ડોસલાપ્રભુ' તરીકે પણ ઓળખાવે છે.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની ઉપર જણાવેલી બધી જ વાતો જુદી-જુદી કલમે રચાયેલા શ્રી શંખેશ્વરજીના છંદો, સ્તવનો, ગ્રંથો વગેરેમાં પણ મળે છે.

આજ પર્યંત ઘણા સંતો, મુનિઓએ ગ્રંથ-કાવ્યરચના દ્વારા, આ સ્થળની યાત્રા કરીને, એના જીર્ણોધ્ધાર માટે સૂચન કરીને આ તીર્થની ભક્તિ કરી છે. જ્યારે સંસારી ગૃહસ્થોએ આ સ્થળની યાત્રાના સંઘો કાઢીને, તીર્થને નિમિત્તે પૈસા ખર્ચીને, તીર્થનો જીર્ણોધ્ધાર કરીને એમ વિધવિધ રીતે આ પ્રભુજીની ભક્તિ કરી છે.

શંખેશ્વર એક મહાતીર્થ છે. અલબત, મહાતીર્થ એને જ કહેવાય કે જે મંદિરની શ્રી જિનેશ્વર ભગવંતોની મૂર્તિઓ ખૂબ પ્રાચીન હોય, દેવોથી પ્રાપ્ત થઈ હોય, જેના અધિષ્ઠાયક દેવો જાગતા હોય અર્થાત્ ભક્તોના વિઘ્નો દૂર કરીને ઈચ્છા મુજબ એમના મનોરથ પૂરા કરતા હોય તે સ્થળ. જ્યાંથી ઘણા તીર્થંકરો, ભગવંતો, ગણધર મહારાજો અને મુનિઓ મોક્ષ પામ્યા હોય, જ્યાંથી ઘણાએ આત્મકલ્યાણ સાધ્યું હોય તેને મહાતીર્થ કહેવાય. શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ ઘણી પ્રાચીન હોવાથી, આ પ્રભુ ભક્તોના મનોરથો પૂરા કરતા હોવાથી શ્રી શંખેશ્વર મહાતીર્થ છે. જો કે આ તીર્થમાં ભગવાનનું એક પણ કલ્યાણ-ગર્ભ, જન્મ, દીક્ષા, કેવલ, નિર્વાણ-થયું નથી, છતાં એનો પ્રભાવ મહાતીર્થનો છે.

બધા તીર્થંકરોમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ સવિશેષ પ્રભાવશાળી ગણાય છે. આથી જ શાસ્ત્રોમાં એમના નામની સાથે 'પુરુષાદાનીય' (જેમનું વચન લોકો માન પ્રેમપૂર્વક સ્વીકારે તે) અને 'પ્રગટપ્રભાવી' એવા વિશેષણો આદરપૂર્વક લગાવવામાં આવે છે.

ભગવાન શ્રીકૃષ્ણે, શ્રી પાર્શ્વનાથ પ્રભુજીની મૂર્તિના પ્રક્ષાલ-જળ દ્વારા જાદવની જરાનું નિવારણ કર્યું હોવાથી શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમાજીને પ્રક્ષાલતીર્થ તરીકે પણ ઓળખવામાં આવે છે. તો, વિઘ્નો દૂર કરી, ઈચ્છિત મનોરથ પૂર્ણ કરનાર કામિત તીર્થ તરીકે પણ શંખેશ્વરની ગણના થાય છે.

હાલમાં પાટણ જિલ્લામાં આવેલું શંખેશ્વર હવે તાલુકા મથકનું મોભાદાર સ્થાન ધરાવે છે. ગુજરાતના વઢિયાર પંથકમાં આવેલું આ તીર્થસ્થળ રાધનપુર, પાટણ, પંચાસર, સમી, હારીજ જેવા મહત્ત્વના નગરોથી ઘેરાયેલું છે, તો બહુચરાજી, લોટેશ્વર જેવાં તીર્થસ્થળોની નજીકમાં એ સ્થાન ધરાવે છે. લોલાડા, મુજપુર, કુંવારદ, દસાડા, ટુવડ, માંડલ જેવા નાના ગામો આસપાસમાં જ છે. રાધનપુર, સમી, મુજપુર, વડગામ તીર્થ અને ઉપરિયાળા તીર્થ - આ પાંચ ગામોને શ્રી શંખેશ્વરજીની પંચતીર્થી કહે છે. ગામની નજીક રૂપેણ નદી વહે છે, જેના કાંઠે હિંદુ મંદિરો છે.

જૈનધર્મના આ પવિત્ર સ્થળે આમજનતાના આરોગ્યની કાળજી અને સાચવણી માટે સરકારી હોસ્પિટલ અને ખાનગી દવાખાના

છે. અહીં યાત્રિકોને રહેવા માટે ૨૦ થી ૨૫ ધર્મશાળાઓની સગવડ છે, જૈનોએ બંધાવેલા પુસ્તકાલયમાં જૈનધર્મને લગતા ૩ થી ૪ હજાર પુસ્તકો છે, ત્યાં રહેતા લોકો માટે પોસ્ટ ઓફિસ અને બેંકની સુવિધા છે, ગામના અને આસપાસનાં નાના ગામડાંના વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક શાળા, હાઈસ્કૂલ, આર્ટ્સ અને કૉમર્સની વિદ્યાશાખાનું શિક્ષણ આપતી કૉલેજ, ઔદ્યોગિક તાલીમ આપતી સંસ્થા (ITI) વગેરે પણ ઉપલબ્ધ છે. દસથી પંદર હજારની વસ્તી ધરાવતા આ ગામમાં વિવિધ કોમના લોકો સંપથી રહે છે. ગામમાં પાકા રસ્તા, પાણી અને વીજળીની સુવિધા પણ છે. તાજેતરમાં ગુજરાત સરકાર તરફથી શંખેશ્વર થી બોરિવલી (મુંબઈ) વોલ્વો બસ સેવા શરૂ કરવામાં આવેલ છે. આ ધાર્મિક સ્થળે વર્ષ દરમ્યાન ત્રણ મેળા ભરાય છે - (૧) ચૈત્રી પૂનમ (૨) કાર્તિકી પૂનમ અને (૩) પોષ દસમી. મેળા દરમ્યાન અને સમગ્ર વર્ષ દરમ્યાન આ પવિત્ર સ્થળ અસંખ્ય ભક્તો અને યાત્રાળુઓની અવરજવરથી અને એમની ભક્તિ-પૂજાથી સાચા અર્થમાં તીર્થ બની રહે છે. આ જૈન તીર્થધામમાં દાનનો પ્રવાહ પણ અવિરતપણે ચાલુ જ રહે છે.

પ્રત્યેક તીર્થસ્થળનો પોતાનો અનેરો મહિમા છે. આથી અંતમાં તો એટલું જ કહીશું કે –

**નામ જુદા છે કામ એક જ છે,**
**હા, બધાં તીર્થધામ એક જ છે.**

**સંદર્ભ ગ્રંથો :**


૧. 'શંખેશ્વર તીર્થ' – અતીતથી આજ
લેખક-પૂર્ણચન્દ્ર સૂરિશ્વરજી

૨. 'શંખેશ્વર મહાતીર્થ' – મુનિરાજ શ્રી જયંતવિજયજી - ભાગ-૧,૨


❑❑❑


ગુજરાત આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ.
૭૦૩, મુરલીધર સોસાયટી, નહેરુ નગર,
આંબાવાડી, અમદાવાદ-૧૫


---

*(ક્રમશઃ પાના નં....૧૩ થી)*

## મહાત્મા ગાંધી : જીવનના કલાકાર

એક વખત પ્રાર્થના કરવાની રહી ગયેલી, ખૂબ થાકી ગયેલા એટલે બે-અઢી વાગે આંખ ખૂલી અને યાદ આવ્યું કે આજે સાંજની પ્રાર્થના કરી નથી. તેઓ લખે છે ''મને એવો આઘાત લાગ્યો કે આખું શરીર ધ્રુજવા લાગ્યું. પરસેવે રેબઝેબ થઈ ગયા. ઘણો પસ્તાવો કર્યો. જેની કૃપાથી હું જીવું છું, મારા જીવનની સાધના કરું છું, તેને જ ભૂલી ગયો?'' ભારે સંતાપ અનુભવ્યો. તેમનું જીવન જ પ્રાર્થનામય હતું, ઈશ્વરમય હતું એટલે નહેરુએ તેમના અવસાન પછી કહેલું ''તેઓ આપણા આત્માના કણકણમાં પ્રવેશ કરી ગયા. ઠીક એ સમયે તેઓ આપણી વચ્ચે આવ્યા કે જ્યારે આપણે આપણી આત્માની તાકાત ખોઈ બેઠા હતા.''

ગાંધીજીને આપણે મહાત્મા કહીએ છીએ, રાષ્ટ્રપિતા કહીએ છીએ પણ તેઓ તો શુદ્ધ, બુદ્ધ, પરમ ચૈતન્ય સ્વરૂપ સાથે અનુસંધાન કરવા મથનારા મહાસાધક હતા. પોતાના અંતરના અવાજને અનુસરનાર, સિદ્ધાન્ત-વ્રતની અસિધારા પર ચાલનારા, મન હૃદયની સ્ફટિક સમી પારદર્શક અવસ્થાયુક્ત વિભૂત હતા. ગાંધી જીવનનો જેમ જેમ વધારે અભ્યાસ થતો જશે તેમ તેમ આપણને તો ખરો જ, પણ સમસ્ત વિશ્વને તેથી લાભ જ થશે. આજે જગત પોતાના ભૌતિક સાધનોનો જે વિકાસ કરી રહ્યું છે અને તેને પરિણામે જે સંકટો, તનાવ, અવસાદ પેદા થઈ રહ્યા છે તેમાં ગાંધી જીવન અને વિચાર માર્ગદર્શક બની શકે તેમ છે. ગાંધી મૂલ્યો, ગાંધી વિચાર એ સનાતન સત્યોનો જ વ્યવહારામાં આવિષ્કાર છે. તેમણે પોતાના માટે કદી કશું માગ્યું નથી, કદિ કશી સ્પૃહા રાખી નથી, માનપાનની કે સ્થાનની પણ કોઈ ખેવના સેવી નથી, પોતાની અહંતાનો સિક્કો પડે એવું પણ કશું ઈચ્છયું નથી. સતત અંતર્ખોજપૂર્વક પોતાને સુધારતા અને વિકસાવતા રહ્યા. અંતર્બાહ્ય આવી એકરૂપતા તેમને નીતિના , સદાચારના, સનાતન નિયમોના પાલનથી મળી. કુદરતે તૈયાર કરેલો માણસ આપણી વચ્ચે નહોતો મૂક્યો, પણ ડગલે ડગલે, જાગૃતિપૂર્વક આચરણથી તેઓ પૂર્ણત્વને પામવા પ્રતિ ગતિ કરતા રહ્યા. પ્રત્યેક મનુષ્ય આવી યાત્રા કરી શકે છે. તે વિશ્વાસ તેઓ આપતા રહ્યા. આપણા કવિ ઉમાશંકર જોષીએ તેમની એક કવિતામાં કહેલું :

*માર્ગમાં કંટક ખડય,*
*સહુને નડયા,*
*બાજુ મૂક્યા ઉંચકી*
*તે દિ' નક્કી, જન્મ ગાંધી બાપુનો!*

બસ, સદાચરણ એ જ જીવન માર્ગ, વિનોબાજી કહેતા 'જીવન એટલે ગુણ સંવર્ધન' ગાંધીજીએ કહેલું' જો વ્યક્તિએ પોતાનું ચારિત્ર ખીલવવું હોય તો સદાચરણ કરવું. આપણે આપણા આચરણને - વ્યવહારને તપાસતા રહીએ અને ગાંધીજીની જેમ ગ્રાહ્ય અને ત્યાજ્ય એવા બે ભાગ પાડી ગ્રાહ્યને અપનાવીએ, ત્યાજ્યને છોડીએ એ જ રાષ્ટ્રપિતાને સાચી અંજલિ. બે વર્ષ પછી તેમની દોઢસોમી જયંતી આવી રહી છે. તેની ઉજવણી, સાર્થકતા, કસોટી અને આવી સદ્વર્તનના આ નિયમને સમજવામાં અને જીવવામાં છે. ❑❑❑


અક્ષરભારતી, ૫, રાજ ગુલાબ શોપિંગ સેન્ટર,
વાણીયાવાડ, ભુજ - કચ્છ. પીન - ૩૭૦૦૦૧.
મો. ૦૯૮૨૫૧૯૧૦૨૯

# ''રાજ'' માર્ગ એકજ

જયકાન્ત એસ. ઘેલાણી

વિશ્વમાં અને તેમાં પણ ખાસ, ભારતની પવિત્ર ભૂમિ ઉપર, સમયે-સમયે યુગપુરૂષોએ જન્મ લઈ, આધ્યાત્મિક આત્મધર્મનો સંદેશ દોહરાવી સમસ્ત વિશ્વને, સત્ય, અહિંસા અને અપરિગ્રહનો મર્મ સમજાવી, સત્ય પુરૂષાર્થ દ્વારા, દરેક આત્મા સિધ્ધ થવાને પાત્ર છે, તેવો પરમ ઉપકારી સંદેશ આપી, વિશ્વની સમસ્ત પ્રજાને સ્વકલ્યાણ સાથે પરકલ્યાણનો અનુપમ માર્ગ બતાવેલ છે. તેમાં વિશેષ ઉલ્લેખનીય અને આગવુ નામ, પરમ ઉપકારી શ્રીમદ્ રાજચંદ્રજીનું જ આવે છે.

અહિંસા જેનો પાયાનો સિધ્ધાંત છે, તેવા જૈનધર્મના તીર્થંકર ભગવંતોની અમૃતવાણી દ્વારા મુમુક્ષુઓને, આત્મભાવમાં કેમ રહેવું, તેના સરળ અને સચોટ રહસ્યો સમજાવ્યા છે - બતાવ્યા છે, તે પરમ ગુરૂવર શ્રીમદ્ રાજચંદ્રજીની, સમસ્ત વિશ્વમાં ''જન્મ શાર્ધ શતાબ્દી'' (૧૫૦મી જન્મ જયંતિ) ઉજવાઈ રહી છે. ભારત સરકારે સ્પેશીયલ કોઈન્સ (સિક્કા) તેમ જ Postal Stamps બહાર પાડી ઉચિત સન્માન કર્યું છે, અને વીરવાણીને સરળ અને સચોટ રૂપે આપણને સમજાવી છે તેવા યુગપુરૂષ શ્રીમદ્ રાજચંદ્રજીનો આપણા ઉપર અથાગ ઉપકાર છે.

ભગવાન મહાવીરના સત્ય-અહિંસા અને અપરિગ્રહના અનુપમ સિધ્ધાંતોનું કળયુગમાં પણ અક્ષરઃ, રસ પાલન કરી, સમસ્ત માનવજાતને, પોતાને થયેલા આત્મજ્ઞાનનો આપણને સાક્ષાત્કાર કરાવેલ છે અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ પોતાની આત્મકથામાં વિશેષ ઉલ્લેખ કર્યો છે કે ''મેં કવિશ્રીના જીવનમાંથી ઘણું-ઘણું ગ્રહણ કર્યું છે.'' અને તેઓની યુગપુરૂષ તરીકેની ગણના કરી, પોતાના જીવનમાં આવેલી ગંભીર ક્ષણોએ, જેમને માર્ગદર્શન મળ્યું છે - મેળવ્યું છે તેવા શ્રીમદ્ તરફના પોતાના અહોભાવ વ્યક્ત કર્યા છે, જે બંને મહાન પુરૂષોની મહાનતાના આપણને દર્શન કરાવે છે.

આજે ભૌતિક સુખની દોડમાં, ધન વધતા લોકોને માન પણ વધુ જોઈએ છે અને તેનો તદ્ન ગેરવ્યાજબી લાભ મેળવવા દંભી ધર્મગુરૂઓની - લાંબી લાઈન લાગી છે. પ્રત્યક્ષ ગુરુ શ્રીમદ્ રાજચંદ્રજી હયાત નથી તેથી પોતાને પ્રત્યક્ષ બતાવી, પોતાને પૂજવા -પૂજાવવા લોકોને ભરમાવી રહ્યા છે ત્યારે, શ્રીમદ્ રાજચંદ્રજીના સાચા અનુયાયીઓને દુઃખ થાય તે સ્વભાવિક છે કારણ ''રાજ માર્ગ'' એક જ છે, તેને દંભી ધર્મગુરૂઓ પોતાના બનાવેલા અનેક ડાયવર્ઝન માર્ગ તરફ મુમુક્ષુઓને ભરમાવી રહ્યા છે.

શ્રીમદ્ રાજચંદ્રજી પ્રેરિત આત્મધર્મના મુખ્ય માર્ગમાં-રાજમાર્ગમાં કહેવાતા ગુરૂઓ પોતાની જાતને ઓળખાવતા ગુરૂઓ, ''મૂળ માર્ગ સાંભળો જીનનો રે''ની જગ્યાએ પોતાના-વ્યક્તિગત ગીતો ગવરાવવા લાગ્યા છે, જે સરળ રાજમાર્ગને વિકટ ડાયવર્ઝન તરફ દોરી જાય છે.

ત્યારે સાચા-સરળ મુમુક્ષુઓને એટલી જ વાત જણાવવી જરૂરી છે કે, ''એકલવ્યને તેના પ્રત્યક્ષ ગુરૂએ, કોઈ અકળ કારણોસર તેના (એકલવ્યના) ગુરૂ બનવાની ના પાડી, છતાં એકલવ્યને તે જ ગુરૂમાં સાચી શ્રધ્ધા-અટલ વિશ્વાસ હતો, તેથી તેણે સાચા ગુરૂની માટીની પ્રતિમા બનાવી, સાચી શ્રધ્ધાથી ગુરૂની મનોમન સાચી આજ્ઞા મેળવી, ''ધનુર્વિદ્યા''માં પારંગતતા મેળવી જ હતી. તેવી જ રીતે ભ્રામક ગુરૂઓની જાળમાં આવ્યા વિના - પ્રત્યક્ષ ગુરૂના બ્હાના નીચે દંભી ગુરૂના અવલંબન વગર પણ, તમે ''સનાતન આત્મધર્મ''ને પામી જ શકો છે, સાચી શ્રધ્ધા જ પ્રત્યક્ષનો છેદ ઉડાવે છે.

આજે સનાતન જૈનધર્મમાં પણ સૈકાઓથી અનેક પંથ, સંપ્રદાયો અને ફિરકાઓ છે અને તેણે એક કરવા, અનેક સાચા ધર્મગુરૂઓના-શ્રાવકોના પ્રયત્નો હજી સુધી સફળ બન્યા નથી. તે કાર્ય અઘરું છે અને કઠીન છે, તેવા દુષ્કર સમયે, શ્રીમદ્ રાજચંદ્રજી પ્રેરિત આત્મધર્મના મુખ્ય માર્ગમાં, કહેવડાવતા ધર્મગુરૂઓએ, પોતની પ્રશંસાના ગીતો ગાવાનું ગવરાવવાનું શરૂ કરેલ છે તે કેટલું વ્યાજબી છે?

સરળ આત્મધર્મનો રાજમાર્ગ, વિકટ ડાયવર્ઝન બને તે પહેલા કહેવડાવતા ધર્મગુરૂઓ શ્રીમદ્ રાજચંદ્રજીની ૧૫૦ મી યાદગાર જન્મ જયંતિના શુભ પ્રસંગે, પોતાની જાતને ''ગુરૂ'' તરીકે ઓળખાવવાનું બંધ કરે અને ''ગુરૂ'' શબ્દની ગરીમા જાળવવા આગળ આવે, અને પોતાના જ સાચા ગુરૂ તરીકે શ્રીમદ્ રાજચંદ્રજીને સ્થાપિત કરી, સમાજમાં મુમુક્ષુઓમાં એકતાના બીજનું રોપણ કરે, તે અમર આશા સફળ બને તેવી વીરપ્રભુને નમ્ર પ્રાર્થના આ જ.

પ્યારે શ્રીમદ્ રાજચંદ્રજીના અનન્ય ભક્ત અને તેમના જ આત્મધર્મના માર્ગને અજવાળવા, પોતાના અસ્તિત્વને ભૂલનારા શ્રી લઘુરાજ સ્વામીમાં કેટલી વિશાળ લઘુતાના આપણને દર્શન થાય છે.

*લઘુતામાં પ્રભુતા વસે, પ્રભુતા સે પ્રભુ દૂર*
*એક જ દે ચિનગારી, રાજપ્રભુ એક જ દે સમજદારી*
*મત-મતાંતર મીટાવવા, એક જ દે ચિનગારી*
*રાજપ્રભુ એક જ દે સમજદારી*

સ્વ, સાથે પરના કલ્યાણ માટે આપણે સૌ આગળ વધતા રહીએ તે જ વીરપ્રભુને નમ્ર પ્રાર્થના. ❑❑❑

એ/૨૯, બદ્રીનાથ એપાર્ટમેન્ટ, શિંપોલી રોડ,
સોની વાડી નજીક, બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨.

# ઉપનિષદમાં પાંક્તવિદ્યા

**ડૉ. નરેશ વેદ**

ઉપનિષદમાં જીવનવિજ્ઞાન સમજાવવા માટે કેટલીક વિદ્યાઓ આપેલી છે, એ પૈકીની એક વિદ્યા છે, પાંક્તવિદ્યા 'તૈત્તિરીય ઉપનિષદ'ની પહેલી વલ્લી (પહેલા ખંડ)ના સાતમા અનુવાકમાં એનું નિરૂપણ થયેલું છે. વ્યષ્ટિ અને સમષ્ટિ વચ્ચેનો, વ્યક્તિ અને વિશ્વ વચ્ચેનો, આત્મા અને પરમાત્મા વચ્ચેનો શો સંબંધ છે, એ વાત સમજાવવા માટે આ વિદ્યામાં વિગત આપવામાં આવી છે. આ વાત સામાન્ય અને નાનીસૂની નથી, ઘણી અગત્યની અને મહત્ત્વની છે; પરંતુ ઉપનિષદના ઋષિએ અહીંએ ટૂંકાણમાં સમજાવી છે.

પહેલાં ઋષિ પોતાના સમયની ભાષામાં આ વાત કેવી રીતે કરે છે એ જોઈએ. એમના કહેવા મુજબ पृथ्विव्यन्तरिक्षं द्योदिशोऽवान्तरदिशाः। अग्निर्वायुरादित्य-चद्रमा नक्षत्राणि। आप आषधायो वनस्पतय आकाश आत्मा। इत्यधिभूतम्। अथाध्यात्मम् प्राणो व्यानोऽपान उदानः समानः। चक्षुः श्रोत्रं मनो वाक् त्वक्। चर्म माँस स्नावास्थि-मज्जा। एतदधि विधाय ऋषिरवोचत्। पाक्तं वा इदं सर्वम्। पांक्तनैव पांक्त स्पृणोतीति।।

એટલે કે પૃથ્વી, અંતરિક્ષ, દ્યુલોક, દિશાઓ અને અવાન્તર દિશાઓ (દિશાઓ વચ્ચેનો ખૂણાઓ) - આ પાંચને લોકરૂપ પાંક્ત કહે છે. અગ્નિ, વાયુ, આદિત્ય, ચંદ્રમા અને નક્ષત્રો - આ પાંચને દેવતારૂપ પાંક્ત કહે છે. જળ, ઔષધિ, વનસ્પતિ, આકાશ અને આત્મા - આ પાંચને ભૂતરૂપ પાંક્ત કહે છે. આ ત્રણ પાંક્તો આધિભૌતિક એટલે કે ભૂત સંબંધી છે.

આધ્યાત્મિક એટલે કે શરીર સંબંધી પાંક્તો આ પ્રમાણે છે : પ્રાણ, વ્યાન, અપાન, ઉદાન અને સમાન - એ પાંચને પ્રાણરૂપ પાંક્ત કહે છે. આંખ, કાન, મન, વાણી અને ત્વચા (ચામડી) - એ પાંચને ઇન્દ્રિયરૂપ પાંક્ત કહે છે. ચામડી, માંસ, સ્નાયુ, હાડકાં અને મજ્જા - એ પાંચને ધાતુરૂપ પાંક્ત કહે છે.

આ બધું જ ગજત પાંક્તરૂપ છે. આધ્યાત્મિક પાંક્ત વડે મનુષ્ય બહારનું પાંક્ત જાણે છે. આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક એમ ત્રણેય પાંક્તોનો સમૂહ છે. આ પાંક્તો પરસ્પર સંકળાયેલાં છે. મતલબ કે પાંક્તથી જ અન્ય પાંક્તોની પૂર્તિ થાય છે.

અહીં ઋષિનો કહેવાનો આશય એ છે કે વ્યષ્ટિ અને સમષ્ટિ, વ્યક્તિ અને વિશ્વ અને આત્મા અને પરમાત્મા વચ્ચેનો સંબંધ સમજવા માટે પાંચ પાંચ સદસ્યોના સમૂહવાળા ત્રણ જૂથો છે, અને એ જૂથો પરસ્પર સંકળાયેલાં છે. વેદ-સંહિતામાં આ આખી વાતને સમજાવવા માટે પાંચ દૃષ્ટિઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ પાંચ દૃષ્ટિઓ એટલે (૧) અધિલોક (૨) અધિજ્યોતિ (૩) અધિવિદ્યા (૪) અધિપ્રજ અને (૫) અધ્યાત્મ.

આપણે આ દૃષ્ટિઓને સમજીએ. પહેલી દૃષ્ટિ છે અધિલોક. લોકત્રણ છે : પૃથ્વીલોક, દ્યુલોક (સ્વર્ગલોક) અને અંતરીક્ષ લોક. વિરાટ બ્રહ્માંડમાં તેમ માનવદેહમાં પણ આ ત્રણેય લોકનું અસ્તિત્વ છે. કોઈ વિરાટ ગોળાના બે ભાગ કરવામાં આવ્યા હોય, એવી રીતે આ વિરાટ ગોળામાં દ્યૌલોક અને પૃથ્વીલોક આવેલા છે, અને આ બંને લોકને જોડનાર ત્રીજો અંતરિક્ષલોક છે. પૃથ્વીલોક આપણને પથ્થર-માટીના ગોળારૂપે ભાસે છે અને દ્યુલોક ઉપરના આકાશ (અવકાશ) રૂપ જણાય છે. ધરતી આપણને ધારણ કરે છે, જન્મ આપે છે, પાળેપોષે છે અને આકાશ પ્રકાશ, અંધકાર અને પાણીરૂપે સ્રવે છે. એટલે પૃથ્વી માતાનું અને દ્યુલોક પિતાનું પ્રતીક છે. શાસ્ત્રો કહે છે કે અનંત કોટિ બ્રહ્માંડો છે. એ બધાં બ્રહ્માંડોમાં રહેવી પૃથ્વી જીવો-ભૂતોની માતા છે. જોવા જઈએ તો એક નાનકડા ઘાસના તણખલાંથી માંડી દેવીદેવતાઓ સુધી કોઈ એવું નથી કે જેના જન્મ માટે માતાની જરૂર ન હોય. આપણા ભૌતિક ધરાતલ ઉપર કોઈ પણ વ્યક્તિ કે વસ્તુનો જન્મ માતા વિના થઈ શકતો નથી. તો આ પૃથ્વી, વ્યક્તિ અને બ્રહ્માંડ જે પાંચ મહાભૂતોનાં બનેલાં છે, એ ધરતી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ - એ પાંચેય મહાભૂતોનું પ્રતીક છે. જ્યારે દ્યુલોક એ પ્રાણોનું પ્રતીક છે. જેટલાં દેવી-દેવતાઓ છે તે બધાં દ્યુલોક (સ્વર્ગ)નાં સંતાનો છે. આપણે એમની મનુષ્યશરીરવાળી આકૃતિઓરૂપે તસવીરોમાં જોઈએ છીએ, તેઓ એવી કોઈ મનુષ્યદેહધારી વ્યક્તિઓ નથી, પણ આ સચરાચર સૃષ્ટિને મળેલી શક્તિઓ છે.

બીજી દૃષ્ટિને અધિજ્યોતિ કહેવામાં આવી છે. પૃથ્વીલોક, દ્યુલોક અને અંતરીક્ષ - એ ત્રણેય લોકમાં ત્રણ જ્યોતિઓ અસ્તિત્વ ધરાવે છે. એ છે : અગ્નિ, વાયુ અને આદિત્ય. આ ત્રણેય જ્યોતિઓ ત્રણેય લોકના સંચાલક પ્રાણ છે. ઋગ્વેદમાં આ ત્રણ જ્યોતિઓને 'त्रिणीज्योतीषि' કે 'त्रिरोचन' કહીને ઓળખાવવામાં આવેલ છે. સમસ્ત વિશ્વમાં અને મનુષ્ય કે અન્ય જીવોના શરીરમાં રહેલી મૂળ શક્તિ કે મૂળ ઊર્જા તેને ઋષિઓએ વૈશ્વાનર કહીને ઓળખાવેલ છે. સમગ્ર જીવસૃષ્ટિમાં આ જ્યોતિ પ્રાણાગ્નિરૂપે વિદ્યમાન છે. તે પ્રાણ જીવશરીરમાં પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન - એમ પાંચ રૂપોમાં વિભાજિત થઈ શ્વાસોચ્છ્વાસ, રૂધિરાભિસરણ, ચયાપચય, ઉત્સર્ગ અને સર્જન-એવી પાંચ ક્રિયાઓ કરે છે. પ્રાણથી અપાન અને અપનાથી પ્રાણ આ બે બિંદુઓની વચ્ચે ઉપર્યુક્ત અગ્નિશક્તિ વડે નિરંતન સ્પંદન (થડકાર) થતો રહે છે. મતલબ

કે પ્રાણશક્તિનાં એ બે રૂપોને ગતિશીલ થવા માટેની ઊર્જા એ પૂરી પાડે છે. એ સ્પંદન (થડકાર) હૃદયધબકાર (heart beats) અને નાડીધબકાર (puls beats) રૂપે આપણે અનુભવીએ છીએ; જેને તબીબો સ્ટેથોસ્કોપના સાધનથી માપે છે. જીવ-શરીરમાં રહેલી આ ઊર્જા કે શક્તિને વેદમાં 'રોચના' કહીને ઓળખાવી છે. અગ્નિ આ પૃથ્વીલોકમાં અને આદિત્ય દ્યુલોકમાં આ શક્તિ કે ઊર્જારૂપે કાર્યકરી રહેલાં છે.

ત્રીજી દૃષ્ટિ છે અધિવિદ્યા. વૈદિક અને ઉપનિષદકાલીન સમાજમાં આ બધા લોક અને એમાં રહેલી શક્તિઓના પારસ્પરિક સંબંધોનું જ્ઞાન આપતી વિદ્યાઓનું વિતરણ ગુરુકુલોમાં થતું. જીવ, જીવન, જગત અને જગદીશ્વર વચ્ચે શો સંબંધ છે, એમનું સ્વરૂપ અને કાર્ય કેવાં છે, એમના આંતરસંબંધો કેવા છે - એ બધી વાતો આ વિદ્યાઓ રૂપે શીખવવામાં આવતી હતી; અને એ પણ વૈજ્ઞાનિક ઢબે. ગુરુની વૈજ્ઞાનિક દૃષ્ટિ અને પદ્ધતિ અને શિષ્યની મેધા અને શ્રદ્ધાના સંયોગથી એ સમયના લોકો, જીવનને સફળ અને સાર્થક કરવામાં ચરિતાર્થતા અનુભવતા હતા.

ચોથી દૃષ્ટિ છે અધિપ્રજની, એટલે કે પ્રજનન વિદ્યાની. આજે આપણે જેને જીવવિજ્ઞાન (bio science) કહીએ છીએ. માતા, પિતા અને સંતાન એ ત્રણ એનાં મુખ્ય સૂત્રો હતાં. પ્રાણની ભૂમિકાએ માતા અને પિતાના સંયોગથી સંતાનરૂપી નવા અગ્નિઓ જન્મ થાય છે. મતલબ કે નવી ઊર્જા, નવી શક્તિનો ઉદય થાય છે. આપણે પંચાગ્નિવિદ્યામાં જોયું હતું તેમ શ્રદ્ધા, પર્જન્ય, પિતા, માતા સૌ અગ્નિના તણખાસમાં છે. પુરાણોમાં અદિતિને દેવમાતા તરીકે ચિત્રિત કરવામાં આવી છે, એનો અર્થ જ એ છે કે એ દેવી-દેવતારૂપ શક્તિઓ (powers) ને જન્મ આપે છે. જેમ કે, ગણેશ પૃથ્વીના દેવતા છે, વિષ્ણુ જળના દેવતા છે, આદિત્ય અગ્નિના દેવતા છે, પરામ્બિકા ભગવતી ચિતિ વાયુના દેવી છે, શિવ આકાશના દેવતા છે. આ ચારેય દેવો અને એક દેવી શરીરધારી જીવોને આ પાંચ પ્રકારની શક્તિ આપે છે.

પાંચમી દૃષ્ટિ અધ્યાત્મની છે. આ દૃષ્ટિ મનુષ્યના શરીર સાથે સંબંધ ધરાવે છે. કેમકે જે બ્રહ્માંડે છે તે જ પિંડે છે. મનુષ્ય દેહ બ્રહ્માંડનો આબેહૂબ નમૂનો છે.

હવે જરા વિગતમાં ઉતરીએ. લોક કેવી રીતે બને છે ? એ બને છે પાંચ પાંક્તો વડે. એ છે : પૃથ્વી, દ્યુલોક, અંતરીક્ષ, ચાર દિશાઓ (પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ દિશા), અને ચાર દિશાઓ વચ્ચેનો ખૂણાઓ (ઈશાન, અગ્નિ, વાયવ્ય અને નૈઋત્ય) દ્વારા.

આધિદૈવિક લોક બને છે આ પાંચ પાંક્તો દ્વારા - અગ્નિ, વાયુ, આદિત્ય, ચંદ્રમાં અને નક્ષત્રો દ્વારા.

આધિભૌતિક લોક બને છે આ પાંચ પાંક્તો દ્વારા, જળ, ઔષધિ, વનસ્પતિ, આકાશ, અને આત્મા દ્વારા. જોવા જઈએ તો આ ત્રણેય પાંક્તો પંચ મહાભૂત સંબંધી હોઈ એમને આધિભૌતિક કહી શકાય.

જ્યારે બાકીના બે પાંક્તો શરીર અને ઈન્દ્રિયોસંબંધી છે, એટલે એમને આધ્યાત્મિક પાંક્તો કહી શકીએ. વ્યક્તિ અને વિશ્વ આ રીતે કુલ ત્રીસ પાંક્તોનું બનેલું છે. શરીર અને ઈન્દ્રિયો વડે આપણે બહારના એટલે આધિભૌતિક અને આધિદૈવિક પાંક્તોને ઓળખી શકીએ છીએ. કહેવાનો મતલબ એ છે કે માણસ પાસે શરીર ખરું સાધન છે. શરીર વડે સર્વકાંઈ ઓળખી સમજી શકાય છે. પિંડવડે બ્રહ્માંડને, આત્મા વડે પરમાત્માને ઓળખી સમજી શકાય છે.

સમજવાનું એ છે કે નીચે (પૃથ્વી), મધ્ય (અંતરીક્ષ) અને ઉપર આકાશ (દ્યુ), તથા ચાર દિશાઓ અને ચાર દિશા કોણો વડે લોકનિર્માણ થાય છે. સૂર્ય, ચંદ્ર, નક્ષત્રો અગ્નિ અને વાયુરૂપ પાંચ શક્તિઓ આ ભૂ, ભુવર, સ્વર એ ત્રણેય લોકમાં કામ કરતી શક્તિઓ છે. આ લોકમાં આ શક્તિઓ દ્વાર પાંચ પ્રકારનાં તત્ત્વો - જળ, ઔષધિ, વનસ્પતિ, આકાશ અને આત્મા સક્રિય બને છે. એ જ રીતે પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ જેવા પાંચ મહાભૂતો, ઉપર્યુક્ત પાંચ શક્તિઓની સહાયથી પ્રાણવાન બની સક્રિયતા અનુભવે છે. શરીર દ્વારા લેવાતાં અન્ન, જળ અને પ્રાણ વડે ઈન્દ્રિયો અને ધાતુઓનો વિકાસ થાય છે. ઈન્દ્રિયો બાહ્ય જગતના પદાર્થોના અનુભવો આપે છે તથા અન્નજળ વડે શરીરમાં માંસ, મજ્જા, હાડકાં, સ્નાયુઓ અને ચામડીનું ઘડતર અને સંવર્ધન થાય છે.

જેમ પાંચ મહાભૂતોથી બ્રહ્માંડોનું સર્જન થયેલું છે તેમ એ જ પાંચ મહાભૂતોથી જ જીવશરીરનું નિર્માણ થાય છે. આવા જીવો એટલે કેવળ મનુષ્યો જ નહિ, પરંતુ જીવજંતુકીટકો, પશુપંખી, ઔષધિવનસ્પતિ વગેરે અંડજ, ઉદ્‌ભિજ, સ્વેદજ, યોનિજ ચારેય પ્રકારની યોનિના જીવોનું અસ્તિત્વ. બધાંના શરીરોમાં પ્રાણ વડે જુદી જુદી પ્રક્રિયાઓ થાય છે.

આ છ પાંક્તો વચ્ચે સાવયવ (organic) સંબંધો છે. એટલે કે સજીવ, પ્રાણમય સંબંધો છે. બધાં પરસ્પર સાથે સંકળાયેલાં છે. આ જીવોને લોકનાં સ્થળ અને કાળનાં પરિમાણો અસરકર્તા રહે છે. તેમ તેને પાંચ મહાભૂતોના સ્થિરતા, ફળદ્રૂપતા, શીતળતા પ્રવાહિતા, દાહકતા, પ્રભાવકતા, ગતિશીલતા, ચંચળતા, વિશાળતા અને નિઃસીમતાનો અનુભવ થાય છે. શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધનો અનુભવ થાય છે. આકર્ષણ અને વિકર્ષણનો અનુભવ થાય છે. ધન, પ્રવાહી વાયવીય અને તરલ અવસ્થાઓનો અનુભવ થાય છે. જીવશરીરો આ કારણે જન્મે છે, વૃદ્ધિ પામે છે, બીમાર થાય છે, ક્ષીણ થાય છે, મરણાધીન છે. જીવ શરીરોને બળ (force) વેગ (velocity) અને વજન (weight) નો અનુભવ થાય છે.

જેમકે સૂર્યના પ્રખર તાપથી વનસ્પતિના પાનમાં ક્લોરોફિલ પેદા થાય છે, જળાશયોના પાણીનું બાષ્પીભવન થાય છે. સૂર્યની પ્રાણશક્તિથી જીવજંતુની ઉત્પત્તિ થાય છે. એટલે તો શીતોષ્ણ કટિબંધ કરતાં ઉષ્ણકટિબંધોવાળા દેશોમાં વસ્તી વધારો થાય છે. ચંદ્રનાં શીતળી કિરણોની અસરથી દરિયામાં ભરતી આવે છે, પાગલ મનુષ્યો વધારી ઉન્માદી બને છે, સૂર્ય-ચંદ્રની ગતિથી નક્ષત્રો બદલાતાં રહે છે, એની અસર જુદી જુદી રાશિયો ધરાવતી વ્યક્તિઓ અને વસ્તુઓ ઉપર પડે છે. અગ્નિ જઠરાગ્નિ, વડરાગ્નિ, ક્રોધાગ્નિ, પ્રાણાગ્નિ, કામાગ્નિ, વિરહાગ્નિ રૂપે અસર કરે છે. વાયુ પ્રાણરૂપે કાર્ય કરે છે, પુષ્પબીજનું સ્થળાંતર કરી છોડને ફલાન્વિત કરે છે. આ બધાં વડે શિયાળો, ઉનાળો, ચોમાસા જેવી ઋતુઓનું નિર્માણ થાય છે. આ ઋતુઓ વડે સૌને ઠંડી, ગરમી અને વર્ષાનો અનુભવ મળે છે. જીવશરીરો જીવી શકે અને વિકસી શકે એવું પર્યાવરણ રચાય છે.

આમ, છ પાંક્તો પરસ્પર સંકળાયેલાં છે અને એકમેકને પ્રભાવિત કરે છે. આ બ્રહ્માંડમાં રહેલ કીડી મંકોડા આને અળસિયાથી માંડી મધ્યમ કદના માનવીઓ અને વિશાળ કદનાં પશુપંખીઓ કેવળ સહોદરો જ નથી, સહજીવી અને સાજીદારીવાળાં પણ છે. આમાંથી કોઈ એક જીવશરીરની સાથે, તત્ત્વો-સત્ત્વો-પદાર્થો સાથે કે પર્યાવરણ સાથે આપણે કોઈપણ પ્રકારની અનિષ્ટ છેડછાડ કરીએ છીએ ત્યારે કુદરતના વૈશ્વિક કાનૂન અને ધારાધોરણોનો ભંગ થાય છે. એમની વચ્ચેની સંવાદિતા નષ્ટ થાય છે. એને પરિણામે ઋતુચક્ર અનિયમિત થાય છે. ગ્લોબલ વૉર્મિંગ અને પર્યાવરણની અનેક સમસ્યાઓ સર્જાય છે. ઈશ્વર નિર્મિત આ બ્રહ્માંડમાં જે કાંઈ હયાતી ધરાવે છે તે સહેતુક છે. એમાંનું કશું વધારાનું અને અનિચ્છનીય નથી. પ્રત્યેક જીવ, પદાર્થ, સત્ત્વ, તત્ત્વ કે ક્રિયા વૈશ્વિક ધારાધોરણ અને નિયમાનુસાર જ અસ્તિત્વ ધરાવે છે અને કાર્ય કરી સમગ્ર બ્રહ્માંડમાં જે કાંઈ ફાળો આપવાનો હોય છે તે યોગદાન રૂપે આપે છે.

જો આપણે આપણી અંદર રહેલા ત્રણ પાંક્તોને અને બાહ્ય સૃષ્ટિમાં રહેલાં ત્રણ પાંક્તોને અને તેમની વચ્ચેના અવિનાભાવિ સંબંધોને, તેમની પરસ્પર પુરકતાને સમજી શકીએ તો આપણે યથાયોગ્ય જીવન જીવી શકીએ. હાલનું જગત જે અસંબદ્ધતા, અસંગતિ, અરાજકતા, અનવસ્થા વગેરેનો અનુભવ કરી રહ્યું છે તેનું કારણ વ્યષ્ટિ અને સમષ્ટિના આ બંધારણનું આપણું અજ્ઞાન છે. જરૂર છે આત્મા, શરીર અને સમષ્ટિના બંધારણને સમજવાની. જે કોઈ આ બંધારણ સમજીને જીવે છે તે પોતાના જીવનમાં અનેક પ્રકારની આધિ, વ્યાધિ અને ઉપાધિઓથી બચી શકે છે. જીવ અને જગતના મૂળભૂત બંધારણને સમજાવતી આ વિદ્યા all are parts of a stupendous whole નો સિદ્ધાન્ત સમજાવે છે, જેને આજનું વિજ્ઞાન જોરશોરથી અનુમોદન આપી રહ્યું છે.

❑❑❑

'કદમ્બ' બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી,
સૌરાષ્ટ્ર કોલોની પાસે,
મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર,
પિન કોડ - ૩૮૮૧૨૦
ફોન નં. ૦૨૬૯૨-૨૩૩૭૫૦
સેલ નં. ૦૯૭૨૭૩૩૩૦૦૦

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

### જમનાદાસ હાથિભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| રકમ | નામ |
|---|---|
| ૨૦,૦૦૦/- | અસિતા એન્ડ કાન્તિલાલ કેશવલાલ શેઠ ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૦૦/- | અમુભાઈ શાહ |
| ૨૦,૫૦૦/- | |

### શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આજીવન સભ્ય

| | |
|---|---|
| ૫,૦૦૦/- | શ્રી રાજેશ એમ. ગાંધી |
| ૫,૦૦૦/- | |

### શ્રી મુંબઈ જૈન યુવક સંઘ જનરલ ડોનેશન

| | |
|---|---|
| ૨,૫૦૦/- | શ્રી રાજેશ એમ. ગાંધી |
| ૨,૫૦૦/- | |

## કોણ છે ?

અર્ધરાત્રિએ જયપુરની ધર્મશાળાના દ્વાર ખખડ્યા. અંદરથી ચોકીદારે પૂછ્યું, "કોણ છે?"

જવાબ મળ્યો, "વિદ્યાવાચસ્પતિ, વિદ્યાલંકાર, સિદ્ધાંતશાસ્ત્રી, પ્રવચન પ્રભાવક, વિદ્વત્જનવલ્લભ, પંડિત શ્રી દુર્ગાદાસ તુલસીદાસ શાસ્ત્રી."

ચોકીદારે કહ્યું, "ભાઈઓ. દ્વાર નહીં ખૂલે. આટલા બધા માણસોને સુવડાવવાની અહીંયા જગ્યા જ નથી." પંડિતજીએ કહ્યું, "હું એકલો જ છું. મને અંદર આવવા દો."

ચોકીદારે કહ્યું, "મને મૂરખ ન બનાવો. હું દરવાજો ખોલું એટલે બધાએ અંદર ઘૂસી જવું છે."

આપણે પણ પ્રભુના દ્વારે ટકોરા મારીએ છીએ - પણ પદ, પ્રતિષ્ઠા, પ્રભુતા, વિષયવિકારો બધાને સાથે લઈને જઈએ છીએ!

# અભ્યંતર તપ - સ્વાધ્યાય-ધ્યાન અને કાયોત્સર્ગ

સુબોધીબેન સતીશ મસાલીઆ

ગતાંકમાં આપણે જોયું કે સ્વાધ્યાય માટે મન-વચન કાયાની સ્થિરતા કરવી પડશે. કેમકે કર્મને બાંધવાવાળા પણ આ ત્રણ મહારથી જ છે. **મન-વચન-કાયા**. આ ત્રણમાંથી એકનું-બેનું કે ત્રણેયનું સહેજ પણ હલન ચલન થયું હશે કે કર્મ આત્મપ્રદેશો પર ચોંટશે. જો શુભ માટે હલન ચલન થયું હશે તો શુભ કર્મનો આશ્રવ થશે ને અશુભ માટે હલનચલન (કંપન) થયું તો અશુભ કર્મનો આશ્રવ થશે. જો શુભ કર્મનો આશ્રવ સોનાની બેડી છે તો અશુભ કર્મનો આશ્રવ લોખંડની બેડી છે. પણ છે તો બંને બેડી જ ને. તો **કર્મોના આશ્રવને રોકી એટલે કે સંવર કરી, જૂના કર્મને ઉદીરણામાં લાવી તેને અંતરમાં જાગૃતપણે સમતામાં સ્થિર થઈ, સમાતાભાવે સ્વીકાર કરી ફક્ત તેના દૃષ્ટા બની, ન્યુટ્રલ રહી તે ઉદિરણામાં આવેલ કર્મની પ્રતરોને નીર્જરવી તેનું નામ છે સ્વાધ્યાય.**

હવે આપણે ગતાંકમાં એ પણ જોયું કે કાયાને સ્થિર કરવી એટલી અઘરી નથી. થોડા વખતના પ્રયત્ન પછી એક-બે કલાક કાયાને સ્થિર કરી શકાશે. વાણીનું મૌન કાયા કરતાં થોડું અઘરૂં ખરૂં પણ પ્રયત્ન દ્વારા સાધી શકાય. સૌથી અઘરી છે મનની સ્થિરતા **અહીં એક વાત ખાસ ધ્યાનમાં રહે કે આપણે મનની એકાગ્રતાથી સંતોષ નથી માનવાનો. આપણું અંતિમ લક્ષ્ય છે મનને નિર્વિકાર કરવાનું. ચિત્તની એકાગ્રતા એમાં થોડી મદદરૂપ થઈ શકે, પણ એ સાધન માત્ર છે. સાધ્ય નથી. સાધ્ય તો મનની નિર્મળતા છે.** કોઈ વિકારનો સહારો લઈને પણ કે રાગનું અવલંબન લઈને પણ ચિત્તને એકાગ્ર કરી શકાય છે. દ્વેષ, મોહ, મૂઢતાનું અવલંબન લઈને પણ ચિત્તને એકાગ્ર કરી શકાય છે. ધારો કે કોઈને કોઈના પ્રત્યે પ્રેમ થઈ ગયો તો કલાકોના કલાકો સુધી એ આના વિચારોમાં, ધ્યાનમાં રહેશે. એનું ચિત્ત એમાં એકાગ્ર થઈ જશે. જો કોઈએ અપમાન કર્યું કે કોઈના પ્રત્યેનો દ્વેષ મનમાં આવ્યો તો ચિત્ત એમાં એકાગ્ર થઈ જશે. જો કોઈ મંત્રનું રટણ કરવા લાગ્યા તો ચિત્ત એમાં એકાગ્ર થઈ જશે... થોડી વાર માટે આપણને શાંતિ પણ લાગશે. પણ તેથી કરીને વિકારોની જડ જે અવચેતન મનમાં પડી છે તે નીકળવાની નથી. આપણા સ્વાધ્યાય નામના તપનું અંતિમ લક્ષ્ય ફક્ત એ નથી કે મનને શાંત કરવાનું, નિર્વિચાર કરવાનું કે નિર્વિકલ્પ કરવાનું આપણે તો નિર્વિકાર બનવું છે.

તમે કહેશો કે ભાઈ નિર્વિકાર મન શા માટે?

અરે... માણસનો સ્વભાવ જ એવો બની ગયો છે કે જ્યારે જુઓ ત્યારે વિકાર પેદા કરે છે ને વ્યાકુળ થાય છે. કોઈ નથી ઈચ્છતું દુઃખી થવું, દરેક સુખી થવાનું ચાહે છે પણ કરે છે એવું કે જેનાથી દુઃખ વધી જાય છે. વિકાર પર વિકાર જગાવે છે ને દુઃખી થાય છે. ભય-વાસના-ક્રોધ, અહંકાર-**કોઈપણ પ્રકારનો વિકાર જાગ્યો કે આપણા મનની શાંતિ નષ્ટ થઈ જશે. આપણે દુઃખી થઈ જશું. આ, કુદરતનો અબાધિત નિયમ છે. જેટલા વિકાર ઘટ્યા, અંદર સાચા અર્થમાં સુખશાંતિ માટે આપણું અંતિમ લક્ષ્ય છે, આપણા અવચેતન મનને વિકારમુક્ત બનાવવાનું. દરેક વ્યક્તિએ પોતાના વિકારોથી મુક્તિ સ્વયં પ્રયત્નથી, સાધનાથી, સ્વાધ્યાયથી કરવી પડશે. તેના માટે અંતરમુખી બનવું પડશે.**

મને કોઈ કોઈ વ્યક્તિ એવું પણ પૂછતા હોય છે કે "બેન, તમે ધ્યાનમાં બેસતા હશો ત્યારે તો કયાંય ખોવાઈ જતાં હશો ને? કયાંક બહાર તમારૂં મન ચાલ્યું જતું હશે ને? ખૂબ આનંદ આવતો હશેને? મજા આવતી હશેને?"

અરે ભાઈ... આપણું મન બહાર જ છે. જન્મ્યાં ત્યારથી બહિર્મુખી બનીને જ જીવ્યા છીએ. ચોવીસે કલાક મન ભટકતું જ છે, ખોવાઈ ગયેલું જ છે. એને પાછું અંદર લાવવા માટેનું કાર્ય આ સ્વાધ્યાયમાં કરવાનું છે. ધ્યાનમાં બહાર નથી જવાનું, આપણે ઓલરેડી બહાર જ છીએ ત્યાંથી અંદર આવવાનું છે. કેટલી કેટલી ખોટી ભ્રમણા આ સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ વિષે પ્રસરેલી છે!!!!! ધ્યાન એ કોઈ મજા કરવા માટે નથી. **જ્યાં જ્યાં મજા કરી કે આનંદને માણ્યો ત્યાં ત્યાં સજા ભોગવવા તૈયાર રહેવાનું છે. તે કુદરતનો અબાધિત નિયમ છે. જ્યાં આનંદ આવ્યો કે દુઃખ આવ્યું તે ક્ષણે તેનો તેજ રૂપમાં સ્વીકાર કરી, બીજી ક્ષણે એને યાદ પણ નથી કરવાનું. યાદ કર્યું તેનો મતલબ જ એ કે તમે ભૂતકાળમાં ગયા...ને ભૂતમાં ગયા તો મર્યા... એ કર્મ ઘૂંટાઈ ને નિકાચિત બની જાય, તેના ગુણાકાર થઈ જાય.** જે ક્ષણે જે બન્યું તેનો સહજભાવે સ્વીકાર કરી અંતરયાત્રામાં, 'સ્વ' ના અધ્યયનમાં આગળ વધવાનું છે. વિકાર અંદર જાગે છે, બહાર નહિ. ઘટના બહાર બને છે, પણ વિકાર અંદર જાગે છે. જો તેને જાણશું નહિ તો તો વિકાર જગવવાના સ્વભાવને પલટશું કઈ રીતે? પોતાના અંતરમનના વિકાર પેદા કરવાના સ્વભાવને પલટવો આસાન નથી. કામ અંદર કરવું પડે છે. બહારનું કોઈપણ કર્મકાંડ, કે બહારની કોઈપણ વ્યક્તિ, આપણા મનના વિકારોને નષ્ટ કરે એ અસંભવ વાત છે. દરેકે પોતાના પરિશ્રમથી વિકારોને નીકાળવાનું છે. તેના માટે આ સ્વાધ્યાય તથા ધ્યાન સાધના છે. અંદરની સચ્ચાઈને સ્વઅનુભવથી જાણવાનું છે. જાતે જાણીને માનવાનું છે. કોઈના કહેવાથી નહિ. તે માટે મનને સૂક્ષ્મ બનાવવાનું કામ પહેલાં કરવું પડશે. બહાર ભટકતું મન બાદર છે, સ્થૂળ છે. તે બાદર મન અંદરનો અનુભવ કરી શકે નહિ. એને સૂક્ષ્મ બનાવવા માટે મનને એક વસ્તુ પર

ટકતા શીખવવું પડે. જેમકે કોઈ તોફાની છોકરો છે તેને ના પાડો તોય અહીં-તહીં ભટક્યા જ કરે છે ને તોફાન કર્યા જ કરે છે. તો તેને એક જગ્યાએ ટેકવવા શું કરવું? તો કે એને કાંઈ કામ સોંપો કે ભાઈ..જો આ ડબ્બામાં ગોટી છે તે પેલા ડબ્બામાં નાંખ, નંખાઈ ગઈ? તો પાછી પેલા ડબ્બામાંથી આ ડબ્બામાં નાંખ. મન પણ આવું તોફાની છોકરા જેવું છે. મન માટે તો પહેલાં એ જાણવું પડશે કે તેને ભટકાવનાર પરિબળો કયા છે? એ પરિબળોને ઓછા કર્યા વગર, દૂર કર્યા વગર મનની સ્થિરતા લાવવી અસંભવ છે. તમે કહેશો કે ભાઈ સીધે-સીધું કહી દો ને કે... સ્વાધ્યાય-ધ્યાન કેવી રીતે કરવું? અરે ભાઈ...હું તો કહી દઉં પણ તમે કરી નહી શકો. કેમ કે આજુબાજુની જગ્યા સાફ કર્યા વગર સ્વચ્છ પીક્ચર દેખાવું શક્ય નથી. હું તો બતાવી દઉં કે જો પેલા ડુંગરાની ટોચ પર મંદિર છે ને ત્યાં પહોંચવાનું છે પણ ત્યાં પહોંચવા માટે રસ્તો તો કરવો પડશે ને? રસ્તામાંથી કાંટા, કાંકરા, ઝાડી, ઝાંખરાને દૂર તો કરવા પડશેને? **મનની સ્થિરતા માટે મનને ભટકાવનાર પરિબળોને ઓળખીને દૂર નહિ કરો તો સ્વાધ્યાય કરશો કેવી રીતના? પછી તમે જ કહેશો કે બેન..અમે બે કલાક સ્વાધ્યાય-ધ્યાન કર્યું પણ અંદર તો કાંઈ થયું જ નહિ...**

તો મનને ભટકાવનાર કોણ છે?

તે છે અઢાર પાપસ્થાનક. અઢાર પાપસ્થાનકમાં ગળાડૂબ બેઠેલા માણસ કેટલો પણ પ્રયત્ન કરે, કદી પણ એના મનને સ્થિર કરી શકતો નથી. ઘણા મને કહે છે કે, ''બેન કેટલો પણ પ્રયત્ન કરીએ પણ મન સ્થિર થતું જ નથી.'' તે કયાંથી થાય? પહેલા દરેક પ્રકારના પાપને વિચારો..(ચિંતન-મનન) શું પાપ છે? મારી શું માન્યતા છે? હું કયાં છું? એ વિચારી તે પ્રમાણે પાપથી પાછા હઠવાનો પ્રયત્ન કરો. તો જ મનને સ્થિર કરી શકશો. બાકી આ અઢાર પાપસ્થાનક તો ઘૂઘવતો મહાસાગર છે. તે મનને સ્થિર થવા દેજ નહી... થોડા પાછા હઠવાથી તેની ગતિની તીવ્રતા ઓછી થશે. તો જ મન રૂપી સાધન દ્વારા સ્વાધ્યાય અને ધ્યાનના તપમાં ડૂબકી લગાવી શકીશું. આપણે બે-ચાર પાપસ્થાનક વિષે ઉંડાણમાં જઈએ જેથી આગળ બીજા પાપ સ્થાનક વિષે વિચારવાની દિશા મળે. એ પણ તમે જુઓ કે ૨૬૦૦ વર્ષ પહેલાં મહાવીરે બતાવેલા ૧૮ પાપસ્થાનકમાં જ દુનિયાના દરેક પાપનો સમાવેશ થઈ જાય છે...એવું કોઈ પાપ બચતું નથી કે જેને ૧૯ મો નંબર આપી શકાય. ભગવંતના જ્ઞાન પ્રત્યે કેટલો અહોભાવ જાગે છે!!!!!

પહેલું જ પાપસ્થાનક છે..''પ્રણાતિપાત''. કોઈપણ જીવને કોઈપણ પ્રકારે દુ:ખ આપવું તે હિંસા છે. એમાં આપણે જૈનો એમ માનીએ કે, અમે તો અહિંસાના પૂજારી...હા..અમે જેના અનુયાયી છીએ, એ મહાવીરની કરૂણાનો જગમાં કયાંય જોટો નથી..મહાવીરે દરેક જીવને સમાન મહત્તા આપી છે... પછી તે સૂક્ષ્મમાં સૂક્ષ્મકાય ધરાવતો નિગોદનો જીવ હોય, પૃથ્વી, પાણી, તેઉ, વાયુ કે વનસ્પતિનો જીવ હોય કે પશુ-પક્ષી-તીર્યંચ-બે ઇંદ્રિય કે ત્રેઇંદ્રિય કે ચૌરેન્દ્રિયનો જીવ હોય કે પછી દેવ-નારક કે મનુષ્ય નો જીવ હોય, દરેક જીવને સુખ-દુ:ખની લાગણી સમાન છે એમ મહાવીરે જ્ઞાનમાં જોઈને કીધું. કોઈપણ જીવને દુભાવવાથી હિંસાનું પાપ લાગે છે... જીવ તો એનો એજ છે, એના આત્મપ્રદેશો તો એજ છે, એવું નથી કે મારો જીવ અત્યારે મનુષ્યપણામાં છે એટલે હું મોટો જીવ ને કાલે હું નિગોદમાં ચાલી જાઉં તો મારો નાનો જીવ...ના ભાઈ ના... જીવ ફક્ત ખોળિયા નાના મોટા ધારણ કરે છે જીવના આત્મપ્રદેશોમાં કોઈ ફરક પડતો નથી. એ તો આત્મપ્રદેશનો ગુણ છે કે **જ્યારે નાનું ખોળિયું મળે ત્યારે સંકોચાઈને બધાજ આત્મપ્રદેશો એટલામાં સમાઈ જાય છે. મોટું ખોળિયું મળે ત્યારે એટલાજ આત્મપ્રદેશો એમાં વિસ્તરીને રહે છે...એ તો આપણે પાંચમા આરાના વક્ર અને જડ બુધ્ધિધારીઓની બલિહારી છે કે આપણે કોઈ જીવને મોટો જીવ માનીએ છીએ તો કોઈ જીવને નાનો જીવ માનીએ છીએ. વ્યવહારમાં પણ એવું જ દેખવા મળે છે.. કોઈ કહે છે મેં ''પાંચ મોટા જીવ છોડાવ્યા ને બે નાના જીવ..'' આ મિથ્યાવચન છે તે સમજો..** પહેલા તો મગજમાં એ ફીટ કરો કે કોઈ જીવ નાનો મોટો છે જ નહીં, દરેક જીવ એક સરખી જ સુખ-દુ:ખની લાગણી અનુભવે છે, પછી તે આંખે ન દેખી શકાય તેવા અગ્નિકાય કે વાયુકાયના જીવ હોય તોય ભલે કે વિશાળકાય યુગલિયાના જીવ હોય તોય ભલે...સૌ પ્રથમ તો દરેક જણ પોતાનું આત્મનિરિક્ષણ કરે કે મહાવીરની માન્યતા સાથે મારી માન્યતા ૧૦૦% મેચ થાય છે ખરી? બિનજરૂરી સંહાર, સૂક્ષ્મકાય જીવોનો બિનજરૂરી સંહાર જોઈને મારો જીવ ઉકળી ઉઠે છે ખરો? અથવા હું પોતે એવા કેટલા જીવોનો સંહાર કરૂં છું કે જે ન કરૂં તો ચાલે? વીજળીના ઉત્પાદનમાં કેટલા અપકાય ને તેઉકાય જીવોનો ખાત્મો? એ વિજળીનો બિનજરૂરી ઉપયોગ કયાં કયાં કરીએ છીએ તે વિચારો. લાઈટીંગ જોઈને ખુશ થાઓ ખરા? બીજાને પ્રેરણા કરો કે બહુસરસ છે જોવા જેવું છે? રાતની પાર્ટીઓમાં વૃક્ષની ઉપર લાઈટીંગ જોઈને ખુશ થાવ, વખાણ કરો કે જીવ બળે? કે આ જૈન તરીકેનો માનવદેહ ધારણ કરી.. હું આ પાણીકાય, વાયુકાય, તેઉકાય ને વનસ્પતિના જીવની કિલામણાની અનુમોદના કરૂં છું, એવું મનમાં થાય ખરૂં? દિવાળી કે પર્યુષણ કે દિક્ષા મહોત્સવ પ્રસંગે... દેરાસર, ઉપાશ્રય, પર લાઈટીંગો જોઈને, એવું થાય ખરૂં કે જેણે એક કાંટાને પણ નથી દુભાવ્યો, એવા અહિંસાના પુજારીના દેરાસરને શણગારવા અનંતા-અનંતા જીવોનો સંહાર!!! પેલા ગાય-ભેંસ-બકરાનું કતલખાનું દેખાય છે, આ કતલખાનું નથી દેખાતું? ઘણી વખત એવો જવાબ મળે છે કે અન્યધર્મીને આકર્ષવા માટે આવું બધું કરીએ છીએ..આ સાવ ખોટો જવાબ... જો કોઈ અન્ય ધર્મી આકર્ષાશે તો આવા જીવસંહારના શણગારથી નહી પણ તમારા ત્યાગથી આકર્ષાશે. ગણપતિના મંદિરો પણ લાઈટીંગથી શણગારે ને તમારા

પણ... તો આપણા ને એમનામાં ફરક શું? ગાય-ભેંસ-બકરાની હિંસાને પાપ તો અન્યધર્મી પણ માને જ છે, પણ આ સૂક્ષ્મકાય જીવોની હિંસામાં પણ એટલું જ પાપ છે એવું જો તમે માનતા ન હોય, તમારા આચરણમાં ન હોય, એ જોઈને તમારા દિલમાં જો કોઈ દુઃખ ન હોય ઉપરથી હોંશે હોંશે આ કતલખાનું ચલાવતા હોય, તો અન્યધર્મી અને આપણામાં ફરક શું? શું આપણે મહાવીરના અનુયાયી કહેવાવાને લાયક છીએ? આત્મનિરીક્ષણ કરો કે મારા હૃદયમાં અહિંસાનું સ્થાપન થયું છે કે હિંસામાંજ રમી રહ્યો છું? બીજા શું કરે છે તે જોવાનું છોડી દો... વિચારો કે હું કયાં છું? મને આ સુક્ષ્મકાય જીવોની હિંસા જોઈને હૃદયબળે છે કે રાચીમાચીને ખુશ થાઉં છું? એકને બદલે બે ગાડી આવે કે બે બંગલા આવે તો ખુશી કે દુઃખ? ઘરમાં એ.સી. આવે, ફ્રીજ આવે... જીવસંહારના અન્ય સાધનોના વખાણ કરતાં થાકતા નહોતો, કહી દો તમારા આત્માને કે હિંસામાં તારી અનુમોદના છે. મહાપૂજાના નામે કેટલા ફળ-ફૂલ-પાનનો સંહાર...!!! સામાન્ય બુદ્ધિથી પણ કોઈ વિચારે તો પણ સમજી શકાય કે મહાવીર કોઈ એવી હિંસક વ્યક્તિ નહતી કે જે આટલી બધી અધધ હિંસા કરીને એનાજ મંદિરને શણગારવાનું કહે? કોઈ કોઈ એવી દલીલ કરે છે કે 'શાસ્ત્રમાં કહ્યું છે' અરે ભાઈ... કેવા સમયમાં કેવી સમયની માંગ પ્રમાણે આ રચનાઓ થઈ છે તે જાણો છો? આજથી ૨૦૦-૫૦૦ વરસ પહેલાનો સમય એવો હતો કે કયાંક કયાંક છૂટાછવાયા ઘર હતા અને ચારે બાજુ ખૂબ જ વનરાજી હતી. એટલે જમીન પર એટલા બધા ફૂલ-પાંદડાનો ઢગલો થઈ જતો કે જમીન પણ ઢંકાઈ જતી. તે સમયે કહ્યું કે જે ફૂલ વૃક્ષથી છૂટા પડી ગયા છે તેમાંથી જે સુગંધિત છે, જે અખંડ છે તેવા ફૂલ લઈને પૂજા કરો... (સુરભિ અખંડ કુસુમ ગ્રહી) સમય પ્રમાણે શાસ્ત્રની રચના થઈ...પણ આજે એ સમય નથી...આજે તો ફૂલની સાથે કળીઓ પણ ચૂંટી લેવાય છે...આટલા ફૂલો ચૂંટવા માટે કેટલી અન્ય વનસ્પતિ ખુંદવી પડે છે. એટલું તો વિચારો..શું આવી હિંસામાં મહાવીરની મંજૂરી હોય? આજે દિક્ષાર્થી લોકો, વીજળીથી ચાલતા, ઉપર લટકતા એવા સાધનમાં ઉભા રહી વર્ષીદાન ફેંકે છે. આજથી સો બસો વરસ પછી આ શાસ્ત્ર બની જશે કે આપણા પૂર્વજો આવા સાધનોનો ઉપયોગ કરતા હતા... અમારા શાસ્ત્રમાં છે, એની વાતો છે, ફોટા છે.. માટે એ જ કરો..એ ધર્મ છે..બસ આમ ધર્મ ડહોળાતો રહે છે..**પણ સુજ્ઞ લોકો ફક્ત મહાવીરના સિધ્ધાંતને અનુસરો...''કોઈપણ જીવને દુઃખ પહોંચાડવું એ હિંસા છે'' એટલા સિધ્ધાંતને પકડી લો ને એ સિધ્ધાંત પર ચાલવાની કોશીષ કરો, તો જ હિંસા નામના પાપથી પાછા હટાશે**...પાછળના અનુયાયીઓ જે કેવળજ્ઞાની નથી તેમાં મતભેદ પડે છે, વાડા અલગ પડે છે ને સહુ-સહુની મતિ પ્રમાણે રચનાઓ થવા લાગે છે. જુઓ ગણિતમાં ગમે તેટલા મોટા સમીકરણો આવે પણ મૂળ સિધ્ધાંત ક્યારેય બદલાતા નથી. $AxA=A^2$ જ થાય. એવા સિધ્ધાંત બદલાતા નથી એમ મહાવીરના સિધ્ધાંતને આત્મસાત કરી અહિંસાના પલ્લામાં ઉભા રહેવાની કોશિશ કરો.. જ્યાં સુધી નાની સરખી હિંસામાં આપણી અનુમોદના હશે ત્યાં સુધી આપણે આપણા આત્મામાં સ્થિર થઈ શકશું નહિ. સ્વાધ્યાય કે ધ્યાન નામા તપમાં ઉંડાણ સાધી શકાશે નહિ.

(સ્વાધ્યાય-ધ્યાન વિષે વધુ આવતા અંકે)

(કોઈના પણ સવાલ આવકાર્ય છે. ફોન ૮૮૫૦૦૮૮૫૬૭)

❑❑❑

૧૯, ધર્મપ્રતાપ,
અશોક નગર,
કાંદિવલી (ઈસ્ટ) ૪૦૦ ૧૦૧.

**મધ્યકાલીન જૈન સાહિત્યના હસ્તપ્રત સંશોધન-સંપાદનના પ્રદાનને અનુલક્ષીને**

**ડૉ. કાન્તિભાઈ બી. શાહને**

**તા. ૧૫-૧૦-૨૦૧૭ના રોજ શ્રી આંબાવાડી જૈન સંઘ, અમદાવાદ ખાતે**

## 'આચાર્યશ્રી વિજય-પ્રદ્યુમ્નસૂરીશ્વરજી એવોર્ડ'

**તેમજ એક લાખ રૂપિયાના પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.**

**આચાર્યશ્રી વિજયપ્રદ્યુમ્નસૂરીશ્વરજી સ્મૃતિમાં શરૂ કરાયેલો આ સૌ પ્રથમ એવોર્ડ આચાર્યશ્રી રાજહંસસૂરિજીની નિશ્રામાં કાન્તિભાઈને અર્પણ કરાયો છે.**

**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ શ્રુતજ્ઞાનની અનુમોદનાના આ અવસરે, કાન્તિભાઈનો પરિચય આપવા સાથે પ્રાસંગિક વક્તવ્ય રજૂ કર્યું હતું.**

**આ અગાઉ કાન્તિભાઈને ઈ. ૨૦૧૩માં આગમપ્રભાકર મુનિવરશ્રી પુણ્યવિજયજી એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. તે ઉપરાંત ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમીનાં પારિતોષિકો અને શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટના સુવર્ણચંદ્રક દ્વારા એમના સંશોધન-સંપાદનના ગ્રંથો પુરસ્કૃત થયેલા છે.**

જૈન પરંપરાના પુનરુધ્ધારકો-૧૦

# ન્યાયતીર્થ, ન્યાયવિશારદ મુનિરાજ શ્રી ન્યાયવિજયજી : ક્રાંતિકારી સાધુ

આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી

જેમની જ્ઞાન પ્રતિભાથી વીસમી સદી શોભાયમાન થઇ છે તેવા મહાન જૈન મુનિ શ્રી ન્યાયવિજયજીને (વિ.સં. ૧૯૪૬ - વિ.સં. ૧૯૭૦) સંભારીએ છીએ ત્યારે પ્રાચીન પરંપરાના એક જ્ઞાની પુરુષને સંભારવાનો આપણને આનંદ પ્રાપ્ત થાય છે.

'કાશીવાળા' તરીકે જાણીતા શ્રી ધર્મસૂરિજી મહારાજે સમાજમાંથી જે ચૂંટીને રત્ન સમાન તેજસ્વી વિદ્યાર્થીઓ ભેગા કર્યા અને જૈનશાસનને જ્ઞાનીજનોની ભેટ આપી, તેમાંના એક એટલે શ્રી ન્યાયવિજયજી મહારાજ.

મૂળ માંડલના અને જીવનનો અંત સમય પણ માંડલમાં વિતાવનારા શ્રી ન્યાયવિજયજી ધર્મસૂરિજી મહારાજ પાસે દીક્ષા ગ્રહણ કરીને જૈનધર્મના પ્રકાંડ વિદ્વાન તરીકે પ્રગટ થયા અને સમગ્ર દેશના વિદ્વાનોનું ધ્યાન એમણે ખેંચ્યું. ગુજરાતી, હિન્દી, સંસ્કૃત,પ્રાકૃત, અંગ્રેજી ભાષાના અપૂર્વ વિદ્વાન એવા આ મુનિવરે કલકત્તા અને બનારસ યુનિવર્સિટીથી પરીક્ષા આપીને 'ન્યાયતીર્થ' અને 'ન્યાયવિશારદ'ની ઉચ્ચ પદવીઓ મેળવી. સંસ્કૃત ભાષાના તેઓ આશુ કવિ હતા. આજથી ચારસો વર્ષ પહેલાં થયેલા ઉપાધ્યાયશ્રી યશોવિજયજી પછી શ્રી ન્યાયવિજયજીએ રચેલા 'અધ્યાત્મ તત્ત્વાલોક' અને 'કલ્યાણ ભારતી' નામના ગ્રંથો વિશેષ ધ્યાન ખેંચે છે. આ બંને ગ્રંથો જોઈને નાગપુર અને ઉજ્જૈનના બ્રાહ્મણ પંડિતોએ તેમને સન્માનપત્ર અર્પણ કર્યું અને તેમાં નોંધ્યું કે, 'આ વિશ્વ પ્રસિદ્ધ બૌદ્ધ પંડિત 'અશ્વમેઘ'' છે કે સંસ્કૃત સાહિત્યના અદ્વિતીય 'મહાકવિ કાલિદાસ' છે તે જ સમજાતું નથી!'

શ્રી ન્યાયવિજયજી સુધારક સાધુ હતા. તેઓ કહેતા કે જૈન સમાજે આધુનિકતા સાથે મેળ ખાય તેવા કદમ ઉઠાવવા જોઈએ. આધુનિક શિક્ષણ સાથે સમાજને ક્રાંતિના પગલે દોરવો જોઈએ. તેમના પ્રવચનો સાંભળવા માટે હજારો લોકોની ભીડ જામતી હતી. મુનિશ્રી તે સમયે સમજાવતા કે રાષ્ટ્રપ્રેમ વિના અને ધર્મની અખંડ શ્રદ્ધા વિના કોઈનું કલ્યાણ થવાનું નથી. આત્મઉન્નતિ માટે અહિંસાનું પાલન ચમત્કાર સર્જી શકે. શાસ્ત્રોનું વાંચન કરવું અને શાસ્ત્રો સમજવા કદાચ સહેલા છે, પણ જીવનમાં તેનું અવતરણ કરવું ઘણું મુશ્કેલ છે. બીજાની પંચાતમાં પડીને પોતાના આત્માનું ગુમાવી ન બેસાય તેનું ધ્યાન રાખવું જોઈએ. બધી નાત જમી જાય અને વરરાજા જ રહી જાય એવું ન થાય તેનું ધ્યાન રાખો.

મુનિશ્રીની આવી ક્રાંતિકારી વાતોથી ચોતરફ હલચલ મચી ગઈ. તેમણે દાનની દિશા બદલાવાનું કહ્યું. તેમણે પર્યુષણમાં ખાદીના વસ્ત્રોની તપસ્વીઓને પ્રભાવના કરાવીને એક નવો ચીલો પાડ્યો.

મુનિશ્રી ન્યાયવિજયજી રચિત 'જૈનદર્શન' નામનું પુસ્તક તેમણે પોતે જ હિન્દી, ગુજરાતી અને અંગ્રેજીમાં લખ્યું છે અને તે વિશ્વભરમાં લોકપ્રિય છે. તેમણે લખેલા લગભગ ૮૫ પુસ્તકોમાં તેમણે જૈનધર્મની મહાનતા પ્રગટ કરી છે અને અકાટ્ય દલીલો દ્વારા જૈનધર્મનું મૌલિક તત્ત્વ સમજાવ્યું છે. એવું લાગે છે કે મુનિશ્રી ન્યાયવિજયજી એમના જમાનાથી એક સૈકો આગળ હતા અને એટલે જ કદાચ આજનો જૈન સમાજ તેમને વિસરી ગયો છે.

શ્રી ધર્મસૂરિજી 'કાશીવાળા'એ જે શ્રેષ્ઠ વિદ્વાન મુનિવરોની પેઢી તૈયાર કરી તેમાં શ્રી વિદ્યાવિજયજી, શ્રી જયંતવિજયજી, શ્રી વિશાળવિજયજી અને શ્રી ન્યાયવિજયજી વગેરે છે પણ તે તમામને લગભગ સૌ વિસરી ગયા છે, પણ સાધુજનોએ પોતાના જ્ઞાન, અનુભવ અને શ્રદ્ધા દ્વારા જૈન પરંપરાને એક કદમ આગળ લઈ જવામાં મહત્વનું યોગદાન આપ્યું છે તેમાં બે મત નથી. આ માટે તેમણે ખૂબ પરિશ્રમ ઉઠાવ્યો છે અને ખૂબ સહન પણ કર્યું છે. જે સમાજ પોતાની ગઈકાલને ભૂલી જાય છે તેની આવતીકાલ વામણી બની જાય છે. ધાર્મિક વિદ્વાનો તૈયાર કરવા ક્યાં સરળ છે? એ તો ધર્મસૂરિજી (કાશીવાળા) ની જેમ જે ભેખ લઈને બેસે તે જ કરી શકે. વિહાર એ જૈન મુનિ માટે અતિ કઠિન વાત છે, પણ આજે તો તે થોડુંક સરળ બન્યું છે, પરંતુ ધર્મસૂરિજી મહારાજના સમયમાં તો ભારે મુશ્કેલ હતું. તે સમયે તેઓ છેક કાશી પહોંચ્યા, રહ્યા ને સૌને ભણાવીને તૈયાર કર્યા.

મુનિશ્રી ન્યાયવિજયજી તેમની ગુરૂભક્તિ માટે ખૂબ જાણીતા હતા. અસ્વસ્થ તબિયતને કારણે જીવનના છેલ્લા વર્ષોમાં તેઓ પોતાના વતન માંડલમાં રોકાયા અને માંડલ જૈન સંઘે તેમની ખૂબ ભક્તિ કરી. તેઓ માંડલમાં હતા ત્યારે તેરાપંથી આચાર્યશ્રી મહાપ્રજ્ઞજી તેમની સાથે વાર્તાલાપ કરવા માટે એક દિવસ માટે માંડલ પધારેલા અને મુનિશ્રીની વિદ્વતાના દર્શન કરીને ત્રણ દિવસ રોકાયા!

કોઈએ તેમને પૂછ્યું કે, 'માંડલમાં ગમે છે?'

મુનિશ્રીએ કહ્યું, 'માંડલ જૈન સંઘની મહિલાઓ પોતાના પુત્રને સાચવે તેમ મારી સેવા કરે છે માટે અહીંથી ક્યાંય જવું ગમતું નથી.'

મુનિશ્રી ન્યાયવિજયજી કાળધર્મ પામ્યા તેના આગલા દિવસે ઉપાશ્રયની અગાસીમાં આંટા મારતા હતા અને અચાનક તેમને પેરેલીસીસનો એટેક આવ્યો. શ્રાવકોએ તેમને ઉપાડીને સંથારામાં

સૂવાડ્યા ત્યારે પણ તેઓ પ્રસન્નતાથી મલકતા હતા. શ્રાવકોએ નક્કી કર્યું કે તેમને અમદાવાદ લઈ જવા. મુનિશ્રીએ ના પાડી અને બીજા દિવસે સવારે ૧૦ કલાકે તેઓએ સતી મુદ્રામાં નવકાર મંત્ર સાંભળતા સાંભળતા દેહ છોડ્યો.

જ્ઞાનના એક વિરલ સાધક મુનિવરે આ દુનિયા છોડીને પરલોક ભણી વિદાય લીધી. ❑❑❑

# પ્રતીક્ષા અને પ્રતીતિ વચ્ચેનો સેતુ એટલે જ 'ધ્યાન'

ધ્યાનની સાધના એ માત્ર સાધ્ય માટેનું જ સાધન નથી પણ તે સાધન અને સાધ્ય બન્ને છે, ધ્યાનનો અર્થ જીવનના સત્યની પ્રતીક્ષા અને પ્રતીતિ વચ્ચેનો સત્ય રૂપી સેતુ, આપણા સમગ્ર જીવન સંગ્રામમાં ભોગો આપણને સદા ય બહાર જ ખેંચી જાય છે, જ્યારે આપણી આંતરિક ચેતનામાં ભોગો નથી એટલે ધ્યાનમાં આપણે બહારના ભોગોમાં આપણી આંતરિક ચેતના પરોવાય તે જ જોવાનું હોય છે એટલે જ ધ્યાનમાં ટટ્ટાર, અને સ્થિર બેસી દ્રષ્ટિ અને મનને ભૃગુટિમાં સ્થિર કરવાના હોય છે, જે આજ્ઞા ચક્રનું અધિષ્ઠાન છે, જ્યારે બે આંખો વચ્ચેના આ મધ્યભાગમાં સ્થિર થવાય છે અને પ્રાણ અને અપાનને સમાન કરાય છે અને શ્વાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કરાય છે, ત્યારે શ્વાસ અને ઉચ્છ્‌વાસનો સહજ રીતે જ વિચ્છેદ થાય છે અને પછી પ્રાણ અંદર ઘૂંટાય છે, ત્યારે અંદર થતો સુખનો, પ્રકાશનો અને શાંતિનો અનુભવ અદ્‌ભૂત હોય છે ત્યારે આપણી પોતાની સ્વસ્થતા શુદ્ધતા, પવિત્રતા અને સત્યતા જ સત્ય રૂપી જ્ઞાનને પ્રદર્શિત કરે છે અને શાંતિ સુખ અને આનંદમાં સ્થિર થવાય છે, ટૂંકમાં ધ્યાન એટલે અંતરમાં વર્તમાન સ્થિતિમાં જાગૃતિપૂર્વક આપણા, સચેતન સાથે સ્થિર થવું તેનું નામ ધ્યાન છે, આ સ્થિતિમાં સ્થિર થઈએ ત્યારે, આપણી ઈચ્છા, કામના, ભય, ક્રોધ, અહંકાર, આસક્તિ મોહ વગેરેને ધીરે ધીરે બહાર ફેંકવાના હોય છે અને શુદ્ધતા પ્રાપ્ત કરવાની હોય છે, આ રીતે ધ્યાનની સાધના નિરંતર કરવાથી ધીરે ધીરે બુદ્ધિ અને મનથી પર થઇ જવાય છે, લાંબે ગાળે આ શક્ય બને છે, ત્યારે જ આત્મજ્ઞાનની પ્રાપ્તિ શક્ય બને છે, જેને આત્મસ્થ થવું, સ્વ સ્વરૂપમાં સ્થિર થવું, જાતને જાણવી, બ્રહ્મ સ્વરૂપ થવું અને આપણે પોતેજ પોતાની રીતે પરમતત્ત્વ પરમાત્માને બલી ચડી જવું છે, એટલે કે આપણે આપણું અસ્તિત્વ જ મિટાવી દેવું ને પરમતત્ત્વ પરમાત્મામય થઇ જવું, આપણે ભૂંસાઈ જવું તે જ ધ્યાન યોગની સિદ્ધિ છે.

ધ્યાનયોગમાં આપણી અંતઃસ્ફૂરણાનું ઘણું મહત્વ છે, તેમાં આપણે નિરંતર જાગૃતિ જાળવી રાખવાની હોય છે એટલે કે આંતરિક રીતે નિરંતર વર્તમાન સ્થિતિને ધારણ કરીને રહેવાનું છે, આવી શુદ્ધ અને જાગૃત અંતર ભૂમિમાં જ જ્યારે પૂરેપૂરી સ્વસ્થતા, શુધ્ધતા, સાત્વિકતા, અને સત્યતાની આંતરિક સ્થિતિ પ્રાપ્ત થતા જ સત્ય ઉજાગર થાય છે એટલે કે સત્ય તો માત્ર ને માત્ર વિશુદ્ધ અંતરમાં જ પ્રદર્શિત થાય છે, તેને આપણે સત્યતા અને જાગૃતિપૂર્વક જાળવી રાખવાનું હોય છે.

જેમણે ધ્યાન દ્વારા પોતાના અસ્તિત્વને જાણવું છે, તેમાં સ્થિર થવું છે, જેમણે પોતાના જ સ્વસ્વરૂપને શોધવું છે, અદ્વૈતમાં સ્થિર થવું છે તેમણે પ્રથમ તો અંદરથી અને બહારથી સાવ જ જંપી જવું પડે છે, એટલે કે સરળ સહજ અને સત્યમાં સ્થિર થવું જ પડે છે અને મનની તમામ ભ્રમણ વૃત્તિમાંથી બહાર નીકળી સ્થિરતા, જાગૃતતામાં અને વર્તમાનમાં સ્થિર થવું પડે છે અને ધ્યાન દ્વારા સૃષ્ટિમાં વ્યાપી રહેલા જીવન લયની સાથે પોતાના લયને એકત્વ સાધવાનું છે, આની પ્રાપ્તિ માટે ઊંડા આત્મસંશોધનની જરૂર પડે છે, તે વગર એકત્વ સધાવું શક્ય નથી, આ રીતે જ ધ્યાન એ આપણા પોતાના પરમ અસ્તિત્વનો લય પામવાની ઉત્તમ સાધના છે અને પરમ લયમાં લીન થવાની ઉત્કૃષ્ટ આરાધના છે એટલે કે આપણું પોતાનું જ વિલિનીકરણ કરવાનું છે, લીન થઇ જવું છે, મટી જવું છે, અધ્યાત્મ સાધનાનો પાયો જ અનુભૂતિનો છે, આમ અધ્યાત્મ એ કોઈ સંસ્થાગત કે સામાજિક બાબત સાથે સંકળાયેલ વસ્તુ નથી, તે તો સર્વથા સર્વ રીતે અને સંપૂર્ણપણે વ્યક્તિગત બાબત છે, આમ ધ્યાન એ વિશ્વ નિર્મિતના ધબકારામાં સીધા જ સંપર્કમાં આવવાની અને સંપ્રજ્ઞતાને સ્થાયી ભાવમાં રૂપાંતરિત કરવાની આખી પ્રક્રિયા છે, આમ ધ્યાન એટલે આપણા પોતાના જ અસ્તિત્વનો અર્થ શોધવાનો છે, એનું નામ ધ્યાન. આમ ધ્યાન ઊંડા આત્મ સંશોધન વગર શક્ય બની શકે તેમ નથી. આમ ધ્યાન એ પરમ અસ્તિત્વનો લય પામવાની સાધના છે.

ધ્યાનયોગની સાધનામાં જ્યારે આપણે સાવ જ નિર્વિચારની સ્થિતિમાં આવીએ છીએ અથવા અમનની સ્થિતિ પ્રાપ્ત થાય છે ત્યારે, અચાનક અગ્નિની જ્યોત આપણા તરફ એકદમ ધસમસતી આવે છે તેવી અનુભૂતિ થાય છે, આ અનુભૂતિને સ્વસ્થ રીતે માણવાની હોય છે, આ સત્યની અનુભૂતિ હોય છે, ગભરાઈ ગયા ને બી ગયા તો બધી જ મહેનત પાણીમાં ગઈ માનજો, આવા વખતે પૂર્ણરૂપે સ્વસ્થતા જાળવી રાખવાની જરૂર છે, આ અનુભૂતિના, પ્રકાશને માણવો જોઈએ, જો સ્વસ્થ રીતે માંણીએ તો ચમત્કારિક રીતે આપણે સાવ બદલાઈ જઈએ છીએ ને આપણું સમગ્ર રીતે આંતરિક પરિવર્તન થઈ જાય છે, જે અદ્‌ભૂત હોય છે, આને જ સત્યની ઉપલબ્ધિ કહેવામાં આવે છે. આને જ સત્યની પ્રાપ્તિ કહેવામાં આવે છે, જે જીવનમાં ધન્યતા બક્ષે છે.

જીવનમાં આવી આંતરિક ક્રાંતિ જ આપણા અંધકારને ખતમ કરે છે, આવી ક્રાંતિની શરૂઆત ધ્યાન વખતે કોઈક અજાણ્યા ખૂણેથી જ થતી હોય છે અને આ ક્રાંતિનો સંદેશ જીવનમાં તમામ ખૂણે ખાંચરે પહોંચી જાય છે અને આપણું સમગ્ર રીતે ઉર્ધ્વીકરણ કરી જ નાંખે છે એ જ જીવનની સિદ્ધિ છે, આનું નામ જ સત્યની પ્રાપ્તિ છે, જન્મથી મુક્તિ છે.

**તત્ત્વચિંતક વી. પટેલ**
૫૦૦ પેન્ટ ક્રીક સીટી મરફી
ટેક્સાસ ૭૫૦૯૪. યુ.એસ.એ.

## જીવનપંથ : ૪

# ઈમોનેશલ મધર અને ડિવાઈન ફાધર...!

ડૉ. ભદ્રાયુ વછરાજાની

'તું માસ્તર થઇ જા. તું હાઈસ્કૂલમાં શિક્ષક થઈ શકીશ અને ઘણું બધું કામ કરી શકીશ. ભાવિ પેઢીને ઘડવાની તક તારા હાથમાં હશે.' ફરી એકવાર વિજયભાઈના શબ્દોને બ્રહ્મ આદેશ તરીકે સ્વીકારી હું સૌરાષ્ટ્ર હાઈસ્કૂલમાં પ્રાથમિક શિક્ષક થયો અને વિજયભાઈના નૉમીનેશન લેટરની મદદથી બી.એડ્. ની તાલીમમાં જોડાયો...ત્યારથી જીવનની ગાડી શિક્ષકત્વના પાટા પર એવી દોડી કે આજે પણ ધીમી છતાં મક્કમ ગતિએ 'માસ્તરપણું' કાયમ છે! હું Official Qualified Teacher થઈ ગયો.

વિજયભાઈ પાસે ભણતો હતો, સાથે જીવતો હતો અને હવે તેમનાં સીધા માર્ગદર્શનમાં કામે લાગ્યો. ખુબ નજદીકથી એમને નીરખવાનું અને અનુસરવાનું થયું. તેઓની Humanitarian Behaviour અને Jack of all રહેવાની તત્પરતા મને સ્પર્શી ગઈ. મારી સ્કૂલ સૌરાષ્ટ્ર ગુજરાતની નામાંકિત સ્કૂલ બની હતી, પ્રવેશ માટે ધસારો અને ભલામણોનો મારો રહેતો હતો, હવે ભૌતિક સુવિધા પર્યાપ્ત હતી, વિદ્યાર્થીઓની સંખ્યા માતબર થઈ હતી,.. પણ એક મારા વિજયભાઈ એ જ ઋજુ હૃદયે અને ખુલ્લા મને સંચાલન કરતા હતા. મને અપાર મોકળાશ અને સ્વાયત્તતા એમણે આપી. કહો ને કે, મને ઑલ રાઉન્ડર શિક્ષક તરીકે ઊગવાની બધી જ સહાય તેઓ કરતા રહ્યા અને હું Sky is the Limit ની જેમ વિસ્તરતો રહ્યો. સવારના સ્કૂલમાં અને બપોર પછી વિજયભાઈનાં ઘરે અમારી જોડી કામના ઢગલા ઉકેલતી. હું કેટ કેટલું શીખ્યો? યાદી બનાવું તો વૃદ્ધત્વ આવી જાય... પણ ત્યાં એક Milestone Event of my Life બન્યો.

અમારી જ શાળામાં એક શિક્ષિકા તરીકે કાર્યરત સંસ્કારી કન્યા સાથે મારો પરિચય અને પ્રેમ થયો અને પરિણયની શક્યતા ઊભી થઈ. આ યુવતિ મારા પથદર્શક વિજયભાઈની સગી ભાણેજ. તે મારાં કરતાં ઉંમરમાં ચાર વર્ષ વધુ, પણ તે અમારા માટે બાધા ન હતી. અમે બન્ને વિજયભાઈના ચાહક, એટલે અમારાં ભાવિ પગલાં માટે પહેલી વાત અમે વિજયભાઈને કરી. પોતાના સાઢુભાઈ જક્કી અને અમલદારી સ્વભાવના, તે વાત વિજયભાઈ જાણે, એટલે School Hours માં જ વિજયભાઈએ અમને બન્નેને બેસાડીને બરાબર નાણી જોયાં અને અમારી મક્કમતાની ખાતરી થતાં તેમણે પોતાના સાઢુભાઈને મનાવી લેવાના અથાક પ્રયાસો આદર્યા. વિજયભાઈનાં પાસાં અવળાં પડયાં. ઘરમાંથી બંધન વધતાં ભાણેજ નિશાળે આવવા નીકળી તે જીવનભાર પાછી ન ફરી, તેને માસા-માસીએ સાચવી લીધી. ફરી બાર કલાક વિજયભાઈ મથ્યા કે બધું નિયમસર થાય પણ વિધિને તે માન્ય ન હતું. બન્ને પ્રેમીઓ અતિ મક્કમ હતાં એટલે માસા-માસીનાં એ જ ઘરમાં બીજી વહેલી સવારે બન્નેની ટૂંકી લગ્નવિધિ થઈ અને ભાણેજનું કન્યાદાન માસા વિજયભાઈ અને માસી દિવ્યાબેને કર્યું.....! આમ મારા પથદર્શક વિજયભાઈ મારા જીવનદર્શક બન્યા! ૩૦ જૂન, ૧૯૭૮ ની સવારે અમે બન્ને લગ્નગ્રંથિથી જોડાયાં અને અર્ધા દિવસથી C.L. મુકી, અમે બન્ને તથા વિજયભાઈ ફરી સ્કૂલે પહોંચી ગયા!! જીવન એ ફરજપરસ્તી છે એવું તો પાયામાં ધરબાયેલું!. સંઘર્ષમય છતાં સંતોષપૂર્ણ જીવન અમે બન્ને જીવવા લાગ્યા. બાર વર્ષ સુધી અમારા ચારેયનો One Way Traffic ચાલ્યો મારાં સાસરાં સાથેનો! અમારા એક માત્ર પુત્રનો જન્મ થયો વિજયભાઈને ઘરે.. અને બાર વર્ષના હાર્દિકની સાથે હોળીની રજામાં ચેસ રમવાનું પ્લાનીંગ કરી નિદ્રાધિન થયેલા વિજયભાઈને અર્ધી રાત્રે હૃદયરોગનો ભયાનક હુમલો થયો. અમે ત્રણ મારતે સ્કુટરે વિજયભાઈ પાસે પહોંચ્યાં. ડૉક્ટર્સ પહોંચ્યા. સારવાર કરી પણ નિષ્ફળ ગયા. અમારી સાથે વાતો કરતાં કરતાં વિજયભાઈએ દેહ છોડયો, અમારા જ હાથોમાં!! એમણે વસિયતનામું કરેલું નહીં. વિજયભાઈ વારંવાર દિવ્યાબેનની વિનંતીને ઠુકરાવતા અને એક વાક્ય બોલતા : 'આપ મુઆ ફિર ડૂબ ગઈ દુનિયા'.. મેં પહેલી જાણ મારી નાનીમાને કરી ત્યારે હું મારી નાનીને વળગી પડીને મોંફાટ રડી પડ્યો. મારા અને વિજયભાઈના દિવ્ય સંબંધને મારી નાનીમા સિવાય કોણ વધુ સમજી શકે?? મને પચ્ચીસ વર્ષો પછી ય તાદ્દશ્ય છે કે, મારી નાનીમાને વિજયભાઈ પાસે લાવ્યો ત્યારે મારી વ્હાલી નાનીમા ફાટફાટ રડેલી. અમે બન્ને લાચાર અને નિઃસહાય હતા કારણ અમારા બન્નેનો સેતુબંધ આજે તૂટ્યો હતો.. રાજકોટ અર્ધો દિવસ બંધ રહ્યું! છાપામાં બીજે દિવસે, નેવું વર્ષ જૂની શાળાના મોભીની વિદાય અંગે તંત્રીલેખો લખાયા!. વિજયભાઇની અંતિમયાત્રા ખુલ્લાં વાહનમાં ધીમી ગતિએ આગળ વધી કારણ ઠેર ઠેર આ વિરલ-શિક્ષકને પુષ્પાંજલિ થતી રહી!. ૧૦ માર્ચ, ૧૯૯૦નાં મધ્યાહ્ને મારાં Biological Father ની હાજરીમાં મેં મારા Divine Father ને અગ્નિદાહ દીધો ત્યારે મને 'ઋણાનુબંધ'નો અર્થ સમજાયો!! આપણે કયાં કંઈ નક્કી કરીએ છીએ? 'એ' નક્કી કરે તે મુજબ આપણે તો જીવી જઈએ છીએ..

મને આંગળી પકડીને ચાલતો કરનાર મારી નામીમાએ

મારામાં લાગણી રોપી, તો મને બાવડું પકડીને દોડતો કરનાર મારા પિતાતુલ્ય પરમ શિક્ષકએ મારામાં કર્તવ્યનિષ્ઠા આરોપી. Emotional Mother તે મારી નાનીમા અને Divine Father તે મારા પરમ શિક્ષક!!

આજે પણ મારાથી 'લાગણી વગરનું કોઈ કર્તવ્ય' થતું નથી, અને 'કર્તવ્યમાં ન પરિણમે તેવી લાગણી' મને થતી નથી...બસ, બે વિશિષ્ટ ટેવો મારી બે દિવ્યવિભૂતિઓએ મને વારસામાં આપી છે, તે મારું ભવોભવનું ભાથું છે.!


ભદ્રાયુ વછરાજાની

..આજીવન માસ્તર..

મો. ૦૯૮૯૮૯૨૦૩૩૩ / ફોન : (૦૨૮૧)૨૫૮૮૭૧૧

ઈમેલ : bhadrayu2@gmail.com


સરનામું : પ્રેમમંદિર, નર્મદા પાર્ક-૪, અમીન માર્ગ, રાજકોટ.



## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત

**આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં**

**ડી.વી.ડી.**




**॥ મહાવીર કથા ॥**
**બે ડી.વી.ડી. સેટ**

ભગવાન મહાવીરના જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીત-સભર 'મહાવીરકથા'. કિંમત રૂ.




**॥ ગૌતમ કથા ॥**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમ-સ્વામીના પૂર્વજીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર 'ગૌતમકથા'. કિંમત રૂ. ૧૫૦




**॥ ઋષભ કથા ॥**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

રાજા ઋષભના જીવનચરિત્ર અને ત્યાગી ઋષભનાં કથાનકોને આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભ-દેવનું ચરિત્ર અને ચક્રવર્તી ભરતદેવ અને બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી 'ઋષભ કથા'




**॥ નેમ–રાજુલ કથા ॥**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

નેમનાથની જાન, પશુઓનો ચિત્કાર, રથિ નેમીને રાજુલનો વૈરાગ્ય ઉદ્‌બોધ અને નેમ-રાજુલના વિરહ અને ત્યાગથી તપ સુધી વિસ્તરતી હૃદયસ્પર્શી કથા. કિંમત રૂ. ૧૫૦



**પાર્શ્વ–પદ્માવતી કથા**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

પાર્શ્વનાથ ભગવાનના દસ પૂર્વભવોનો મર્મ. ભગવાનનું જીવન અને ચ્યવન કલ્યાણક. શંખેશ્વર તીર્થની સ્થાપના. પદ્માવતી ઉપાસના. આત્મ-સ્પર્શી કથા. કિંમત રૂ. ૧૫૦

**॥ શ્રી હેમચંદ્રાચાર્ય કથા ॥**
**ત્રણ ડીવીડીનો સેટ**



કલિકાલ સર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રનું નામ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. તેઓ એક મહાન ગુરુ, સમાજ-સુધારક, ધર્માચાર્ય અને અદ્ભુત પ્રતિભા હતા. તેમણે સાહિત્ય, દર્શન, યોગ, વ્યાકરણ, કાવ્યશાસ્ત્ર અને વાઙ્મયનાં દરેક અંગો પર નવા સાહિત્યની રચના કરી તથા નવા પંથકોને આલોકિત કર્યા. તેમના જીવન અને કવન વિશે વધુ જાણો ડીવીડી દ્વારા...
ત્રણ ડીવીડી કિંમત રૂ.૧૫૦

**॥ શ્રીમદ્ રાજચંદ્ર કથા ॥**
**ત્રણ ડીવીડીનો સેટ**



ગાંધીજીના આધ્યાત્મ ગુરુ શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ દેવદિવાળીના દિવસે મોરબી પાસેનાં વવાણિયા ગામે થયો હતો.તેઓ નાનપણમાં 'લક્ષ્મીનંદન', પછીથી રાયચંદ અનેત્યારબાદ શ્રીમદ્ રાજચંદ્ર તરીકે પ્રસિદ્ધ થયા. કહેવાય છે કે તેમને સાત વર્ષની વયે પૂર્વ જન્મનું જ્ઞાન થયું હતું. આઠ વર્ષની ઉંમરે કવિતા લખવાનો આરંભ કર્યો હતો. વધુ જાણો આ ડીવીડી દ્વારા.ત્રણ ડીવીડી કિંમત રૂ.૨૦૦

**એક ડીવીડીના ચાર સેટ સાથે લેનારને ૨૦% ડિસ્કાઉન્ટ**

**ઘરે બેઠાં દીવાનખાનામાં ધર્મતત્ત્વ કથાશ્રવણનો દશ્ય લાભ**

**કુમારપાળ દેસાઈની સંગીતને સથવારે ભાવભરી પ્રભાવક વાણી દ્વારા વહેતી આ કથાઓ આપને દિવ્ય જ્ઞાનભૂમિનું આત્મસ્પર્શી દર્શન કરાવશે જ. સમૂહમાં સ્વાધ્યાય અને શ્રવણનો દિવ્ય આનંદ મેળવી સામાયિકનું પુણ્ય પ્રાપ્ત કરો. ● વસ્તુ કરતાં વિચારદાન શ્રેષ્ઠ છે.**

**ધર્મ પ્રચાર અને પ્રભાવના માટે કુલ ૭૫ ડીવીડી – પ્રત્યેક કથાના ૨૫ સેટ – લેનારને ૫૦ % ડિસ્કાઉન્ટ**

● બેંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 IFSC : BKID 0000039 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડીવી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.રવાનગી ખર્ચ અલગ

ઉપરની ડી.વી.ડી. સંઘની ઑફિસ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪માં મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬.

ગાંધી વાચનયાત્રા

# ૧૯૪૩થી ૧૯૪૮ : મહાત્માની આખરી તાવણી અને ચિરવિદાય

સોનલ પરીખ

૧૯૪૩થી ૧૯૪૮ના વર્ષો ભારતના જ નહીં, વિશ્વના ઇતિહાસના પણ મહત્ત્વનાં વર્ષો છે. તેનો ઇતિહાસ આપણે સહુ જાણીએ જ છીએ. પણ વાત માત્ર સાલ-બનાવની હોતી નથી. વાત હોય છે એ સમયખંડને ફરી જીવવાની, તેની ઉત્તેજના અને પીડાને ફરી એક વાર અનુભવી લેવાની. ૧૯૪૩થી ૧૯૪૮ દરમ્યાન ગાંધીજી બોમ્બેમાં ઓછું આવ્યા હતા. પણ તેમનાં એ કાળનાં કાર્યોની, તેમની વ્યથાની અને તેમની ચિરવિદાયની અસર બોમ્બે પર સતત રહી હતી. જોઇએ કે 'ગાંધી ઇન બોમ્બે'ના પૃષ્ઠોમાં આ કાળ કઇ રીતે ઝિલાયો છે.

૧૯૪૩ની ૨૬ જાન્યુઆરીએ બોમ્બેના લોકોએ સ્વાતંત્ર્યદિન ઊજવ્યો ત્યારે ગાંધીજી આગાખાન પેલેસમાં શોકાતુર દિવસો ગાળી રહ્યા હતા. ૧૫ ઑગસ્ટ ૧૯૪૨ના દિવસે ગાંધીજીના જમણા હાથ સમા મહાદેવભાઇ દેસાઇ હૃદયરોગના હુમલાથી આગાખાન પેલેસની કેદમાં મૃત્યુ પામ્યા હતા. પુત્ર સમા મહાદેવભાઇની ચિતાને પોતાના હાથે જ અગ્નિ આપતા તોંતેર વર્ષના ગાંધીજી હચમચી તો ગયા હતા, પણ ભાંગી પડવાનું પાલવે તેવું ન હતું. બહાર તોફાનો ચાલતાં હતાં અને સરકાર ગાંધી પર દોષારોપણ કરી રહી હતી. તેનો વિરોધ કરવા અને આ અન્યાય તરફ વિશ્વનું ધ્યાન ખેંચવા ગાંધીજીએ ૧૯૪૩માં ઉપવાસ કર્યા. ૧૯૪૪ના એપ્રિલમાં કસ્તૂરબાએ પણ ચિરવિદાય લીધી. મહાદેવભાઇ અને કસ્તૂરબા વિના ગાંધીજી ખૂબ એકલા થઇ ગયા હતા.

૧૯૪૪ના મે મહિનામાં સરકારે ગાંધીજીને મુક્ત કર્યા. તેમનું બધું ધ્યાન હવે કોમી શાંતિ પર હતું. પણ હિંદુ-મુસ્લિમ વચ્ચે ખાઇ વધારે પહોળી થતી દેખાતી હતી. બીજી બાજુ ઝીણા દ્વિરાષ્ટ્ર સિદ્ધાંત પકડીને બેઠા હતા. ગાંધીજી બોમ્બે આવ્યા અને ઝીણા સાથે ઘણી મુલાકાતો કરી. ઝીણા પર ગાંધીજીની સમજાવટની કે ઉદારતાની કોઇ અસર થતી ન હતી.

૧૯૪૫માં બીજું વિશ્વયુદ્ધ પૂરું થયું. એ વર્ષના માર્ચ-એપ્રિલમાં ગાંધીજી બોમ્બેમાં હતા. લોકોનો ઉત્સાહ પરાકાષ્ટાએ હતો. ગાંધીજી એ ઉત્સાહની પાછળ રહેલા ભીષણ ભાવિને જોઇ શકતા હતા અને સતત ભાષા અને વિચારની શુદ્ધિ તેમ જ આચરણમાં અહિંસા પર ભાર મૂકી રહ્યા હતા.

૧૯૪૬માં દેશની સ્થિતિ વધારે તંગ થઇ. ૧૯૪૬માં ચોપાટી પર એક લાખ લોકોની જંગી મેદનીને સંબોધતાં સરદાર પટેલ અને નહેરુએ કોમી હિંસાને વખોડી. ૧૯૪૬ના ફેબ્રુઆરી મહિનામાં બોમ્બે હાર્બરમાં ફાટી નીકળેલો બળવો પછી કરાંચી અને કલકત્તા સુધી ફેલાયો. ૧૦૦૦૦ ખલાસીઓ અને ૬૬ જહાજો તેમાં સંકળાયા. બ્રિટિશ સરકારે યુદ્ધજહાજોની મદદથી ક્રૂરતાપૂર્વક વિદ્રોહ દબાવવા કોશિશ કરી. બોમ્બેમાં લોકો ઉશ્કેરાઇને હિંસા અને તોડફોડ પર ઊતરી આવ્યા. ગાંધીજીએ દુઃખપૂર્વક કહ્યું, 'મારું પ્રિય સુંદર બોમ્બે અહિંસાના કબ્રસ્તાન સમું દેખાય છે !'

૧૯૪૭ની પંદરમી ઑગસ્ટે આઝાદી આવી. બોમ્બે હિલોળે ચડ્યું. શહેરભરમાં રોશની ને આતશબાજી થઇ. ગાંધીજી ત્યારે બોમ્બેમાં ન હતા. દિલ્હીમાં પણ ન હતા. તેઓ કલકત્તામાં કોમી હિંસા અને ભાગલાથી પીડિત લોકોના ઘા પર મલમ લગાડી રહ્યા હતા. બૉમ્બેમાં દસ લાખ રૂપિયાના ખર્ચે આઝાદીનો ઉત્સવ ઉજવાયો તે જાણીને ગાંધીજી ખિન્ન થયા - આટલા રૂપિયા કેટલા બધા લોકોને કામ આવત !

ઑક્ટોબરમાં બોમ્બેના લોકો તેમનો જન્મદિન ઊજવવા આતુર હતા. ગાંધીજી દિલ્હીમાં હતા. બહુ દુઃખી હતા. બોમ્બેમાં દરેક કોમે ભેગા થઇને તિથિ પ્રમાણે ગાંધીજીનો જન્મ ઊજવ્યો. ૨ ઑક્ટોબરને રજા જાહેર કરી. ચોપાટી પર કૉંગ્રેસપ્રમુખ કૃપાલાનીએ જાહેર સભાને સંબોધી. ન્યૂયૉર્કના પાદરી ડૉ. જે.બી. હૉમ્સે ગાંધીજીને 'ઇસુ પછીના સૌથી ઉદાત્ત આત્મા' કહ્યા.

૩૦ જાન્યુઆરી ૧૯૪૮ના દિવસે ગાંધીની હત્યા થતાં બોમ્બેમાં રોષ અને હતાશા થી થોડા તોફાન થયાં, પણ તરત બધું અંકુશમાં આવ્યું. ત્રણ લાખ માણસ દરિયાકિનારે ઊમટ્યું. ત્યાં બાપુની ચિતા પ્રગટી, અહીં શોકાતુર લોકોએ ચૂપચાપ સમુદ્રસ્નાન કર્યું. ફેબ્રુઆરીમાં બાપુનાં અસ્થિ બોમ્બેમાં આવ્યાં. ટાઉનહૉલમાં તેના દર્શને આવતા લોકો તીર્થયાત્રાએ જતા હોય તેવા શ્રદ્ધાભક્તિભર્યા હતા.

દુનિયાભરમાંથી શ્રદ્ધાંજલિઓ આવતી હતી. જીવનભર લડતા રહેલા મહાત્મા ગાંધીજીએ પોતાના માટે કદી કંઇ ઇચ્છયું ન હતું. બોમ્બે ગવર્નમેન્ટે પોતાની જિંદગી માનવતાને માટે સમર્પી દેનાર ગાંધીજીને ભાવપૂર્વક અંજલિ આપી.

પુસ્તક દર્શાવે છે કે ગાંધીજી અને બોમ્બેનો સંબંધ ઐતિહાસિક અને અવિભાજ્ય છે. ગાંધીજી પર બોમ્બેની અને બોમ્બે પર ગાંધીજીની અમીટ અસર હતી. ગાંધીજીના નવા અને મૌલિક વિચારોએ બોમ્બેના લોકોમાં અનેરી સ્ફૂર્તિ ભરી દીધી અને બોમ્બેના લોકોની આધુનિકતા અને ઉદારતાએ ગાંધીજીને ઘણા પ્રોત્સાહિત કર્યા. ખૂબ સુંદર રીતે એક નાના વાક્યમાં પુસ્તક ઘણું કહે છે : ગાંધી એનર્જાઇઝ્ડ ધ સિટી એન્ડ ધ સીટી નર્ચર્ડ હીમ.

'ગાંધી એન્ડ બોમ્બે'ની આ ઊડતી મુલાકાત અહીં પૂરી થાય છે. આ પુસ્તકનું ગુજરાતી રૂપ પણ થોડા સમયમાં વાચકોને મળશે. ગાંધીપુસ્તકોના અંબારમાં એક જુદું તરી આવતું માહિતીસભર અને રસપ્રદ 'ગાંધી એન્ડ બોમ્બે' વાંચવા, વંચાવવા અને વસાવવા જેવું ખરું. ❑❑❑ 

મોબાઈલ : ૯૮૩૩૭૦૮૪૯૪

# સર્જન-સ્વાગત

**ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **જૈન કથા સાહિત્ય - એક અધ્યયન**
લેખક : ડૉ. સાધ્વીજી શ્રી વૃષ્ટિયશાશ્રીજી
સંપાદક : પ.પૂ. જૈન વિજ્ઞાની આચાર્યશ્રી વિજય નંદિઘોષસૂરિજી મહારાજ
પ્રકાશક : શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી, દોલતનગર, બોરીવલી (પૂર્વ), મુંબઈ -૬૬
ફોન : ૨૨-૨૮૯૩૧૫૩૫/ ૨૮૯૩૫૭૪૪
પ્રાપ્તિસ્થાન : શ્રી શ્વે. મૂ.પૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ), પાર્શ્વદર્શન, જૂના નાગરદાસ રોડ અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯.
ફોન નં. ૨૬૮૨૪૭૧૮
મૂલ્ય : રૂા. ૪૦૦/- પાના : ૬૧૫
આવૃત્તિ : પ્રથમ




પ.પૂ. શાસનસમ્રાટ તપાગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્‌વિજયનેમિસૂરિજી મહારાજના સમુદાયના પ.પૂ. વિદૂષી વૃષ્ટિયશાશ્રીજીએ 'જૈન કથા સાહિત્ય' વિષય પર 'મહાનિબંધ' તૈયાર કર્યો છે અને આ નિબંધ મુંબઈ યુનિવર્સિટી દ્વારા પીએચડીની ડીગ્રી માટે માન્ય કરવામાં આવેલ છે. આ મહાનિબંધ ડૉ. કલાબહેન શાહના માર્ગદર્શનમાં તૈયાર કર્યો છે.

સંસારનું સાચું સ્વરૂપ જણાવવા અને તેનું ભાન થાય તે માટે દૃષ્ટાંત કથા મહત્વનું માધ્યમ છે. ધર્મના રહસ્યો અને કઠીનતમ પદાર્થનો બોધ ધર્મકથા દ્વારા સરળતાથી થઈ શકે છે માટે કથાનું વિશેષ મહત્વ છે. જિનશાસનમાં થયેલ સમર્થ મહાપુરૂષો પણ કથાના માધ્યમ દ્વારા બોધ-ઉપદેશ આપતા હતા.

સંસ્કૃત, પ્રાકૃત, અર્ધમાગધી, અપભ્રંશ, ગુજરાતી, હિન્દી વગેરે ભાષામાં નિર્માણ પામેલ જૈન સાહિત્યમાં સેંકડો ધર્મકથાઓ ઉપલબ્ધ છે. તેમાં ધર્મના વિવિધ તત્વનું નિરૂપણ, દર્શનજ્ઞાન ચરિત્રનું સ્વરૂપ, સંસારનું સ્વરૂપ, ક્રોધાદિઆંતરશત્રુઓનું સ્વરૂપ તથા મહાપુરૂષોના ચરિત્રો પણ આવે છે. તેમાંથી કેટલીક ધર્મકથાઓનો આધાર લઈ. પૂ. સાધ્વી શ્રી વૃષ્ટિયશાશ્રીજીએ તુલનાત્મક અને સમીક્ષાત્મક અધ્યયન કર્યું અને પ્રસ્તુત મહાનિબંધ તૈયાર કર્યો.

સમગ્ર મહાનિબંધનું અવલોકન કરતાં જણાય છે કે પૂજ્યશ્રીએ મહાનિબંધનો ચાર પ્રકરણમાં વિભાજિત કર્યો છે.

(૧) જૈન કથા સાહિત્યના ઉદ્‌ગમ, સ્વરૂપ, વ્યાખ્યા પ્રયોજન તથા જૈન કથાના લક્ષણો અને પ્રકારો
(૨) જૈન કથા સાહિત્યના સર્જકોની કથાઓની સમીક્ષા આગમ કાલીન અને આગમંતર
(૩) મધ્યકાલીન જૈન કથાસાહિત્ય
(૪) અર્વાચીન કથા સાહિત્ય

મનુષ્યભવની દુર્લભતા સમજવા માટે ઐતિહાસિક કથાનકો દ્વારા સરળતાથી સમજાવી શકાય છે. જૈન શાસનનો આગમરત્નાકર સાગરમાં આવી કથાઓને ભરપૂર ખજાનો છે. આ કથાઓને પ્રકરણ-૨ માં સુંદર રીતે રજૂ કરાઈ છે જેમાં જ્ઞાતાધર્મકથા ઉપાસકદશકથા, અંતકૃતદશા, નંદીસૂત્રની કથાઓ ઉત્તરાધ્યાયન સૂત્ર આદિ. અનેક આગમોને સમાવેશ થાય છે. આ આગમો ઉપદેશપ્રધાન છે. કથા દ્વારા ઉપદેશને સુંદર રીતે ગૂંથી લેવાયો છે.

આગમેતર સાહિત્યમાં વસુદેવહીંડી, મહાપુરાણ, સમારાદિત્ય ચરિત્ર, ઉપદેશપદ, કુવલયમાલા, ચઉપન્ન મહાપુરુષચરિત્ર, ઉર્પામતિ ભાવ પ્રપંચકથા વગેરેનો સમાવેશ થાય છે. આ કથાઓમાં અનેક વિષયો પર બોધ મળી રહે છે.

પ્રકરણ ૩ માં બારમીથી અઢારમી સદીના સમયમાં રચાયેલ ગ્રંથોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમયમાં કથારત્નકોશ કથાકોશ પ્રકરણ પૃથ્વીચંદ્ર - ગુણસાગર ચરિત્ર, ભવભાવના પ્રકરણ ત્રિર્ષાકઠશલાકા પુરુષચરિત્ર, કુમારપાળ પ્રતિબોધ, જૈન મહાભારત, પાંડવપુરાણ, ઉપદેશમાળા આદિ અનેક ગ્રંથો રચાય છે જેમાં દરેક ગ્રંથની આગવી વિશેષતા છે.

પ્રકરણ-૪ માં આ. પ્રદ્યુમ્નસૂરિ મહારાજ, આચાર્ય શીલચંદ્રસૂરિજી, આ. રામચંદ્રસૂરિજી, આ. ભદ્રગુપ્તસૂરિજી, આ. મનોહર કીર્તિસાગર સૂરિજી, પં. ચંદ્રશેખરવિજયજી, તથા જયભિખ્ખુ, રતિલાલ દીપચંદ દેસાઈ, સારાભાઈ નવાબ, વગેરે વિદ્વાનો દ્વારા રચાયેલ કથાઓનું વિવેચન છે.

ધર્મકથા દ્વારા કોઈપણ વાત સમજાવવી સરળ પડે છે. જૈન ધર્મમાં કથાની આગવી વિશેષતા છે. વૈરાગ્યની પુષ્ટિથામ તેવો જ બોધ આપવામાં આવે છે. અંધારૂ દૂર કરવા માટે આ કથાગ્રંથ દીવા જેવું કાર્ય કરશે.

❖❖❖

પુસ્તકનું નામ : **મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી રચિત 'સમકિતના સડસઠ બોલની સજ્ઝાય' -એક અધ્યયન**
લેખિકા : ડૉ. સાધ્વીજી શ્રી ચૈત્યયશાશ્રીજી
સંપાદક : પ.પૂ. જૈન વિજ્ઞાની આચાર્ય નંદિઘોષસૂરિજી મહારાજ
પ્રકાશક : શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી, દોલતનગર, બોરીવલી (પૂર્વ) મુંબઈ - ૪૦૦૦૬૬.

મૂલ્ય : રૂા. ૪૦૦/- પાના : ૩૯૯
આવૃત્તિ : પ્રથમ



પરમપૂજ્ય તપાગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ નેમિસૂરીશ્વરજી મહારાજના સમુદાયના પ.પૂ. સાધ્વીશ્રી ચૈત્યયશાશ્રીજીએ પાંચ વર્ષના પરિશ્રમપૂર્વક મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજીરચિત 'સમકિતના સડસઠ બોલની સજઝાય' ઉપર સંશોધનાત્મક મહાનિબંધ ડૉ. કલાબહેન શાહના માર્ગદર્શનમાં તૈયાર કરેલ છે. જે મુંબઈ યુનિવર્સિટી દ્વારા પીએચ.ડી.ની ડીગ્રી માટે માન્ય કરેલ છે.

સજઝાય દ્વારા પ્રશસ્ત ધ્યાન થાય છે. સ્વાધ્યાયથી પરમાર્થનો બોધ થાય છે અને સ્વાધ્યાય કરતા સાધુ-સાધ્વીઓને વૈરાગ્ય પેદા થાય છે માટે સાધુજીવનમાં સ્વાધ્યાય સર્વસ્વ છે. સજઝાય પ્રાચીન કાળમાં સંસ્કૃત કે પ્રાકૃત ભાષામાં કાવ્યમય પદ્યમાં રચવામાં આવતી હતી. જેમાં અધ્યાત્મ દાર્શનિક, તત્વજ્ઞાન, ધર્મના વિવિધ તત્વોનું નિરૂપણ તથા મહાપુરુષોના અને મહાસતીઓના જીવનનો વિષય લઈ રચવામાં આવતી. પ્રતિક્રમણ દરમ્યાન રાગબદ્ધ મીઠા, મધુર સ્વરે બોલાતી સજઝાય લોકોમાં અપૂર્વભાવ પેદા કરી શકે છે.

સજઝાયોની રચના મોટે ભાગે હિન્દી કે રાજસ્થાની બોલીમાં બની. આ પ્રકારની સજઝાયોમાં મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે રચેલ 'સમકિતના સડસઠ બોલની સજઝાય'ને અનુલક્ષીને મહાનિબંધ તૈયાર કર્યા છે. પૂ. ચૈત્યયશાશ્રીજીએ વિવિધ ગ્રંથોનું અધ્યયન કરીને તુલનાત્મક તથા સમીક્ષાત્મક મહાનિબંધ તૈયાર કર્યો છે.

આ સજઝાયમાં ઉપાધ્યાય યશોવિજયજીએ આત્માનો મુખ્ય ગુણ જે સમ્યગ્દર્શન છે. તેને બતાવી જીવને જાગૃત કરવા ખૂબ પ્રયત્ન કર્યો છે. પહેલા અધિકારમાં યશોવિજયજીએ ચાર શ્રદ્ધાનું વર્ણન કર્યું છે. તેમાં અભયકુમાર, પુષ્પચૂલાસાધ્વીનું, જમાલિનું અને ગૌતમસ્વામીનું વર્ણન કરીને અધિકાર સમજાવ્યો. બીજો અધિકારમાં યશોવિજયજીએ ત્રણ લિંગનું વર્ણન કર્યું છે. અને તે દૃષ્ટાન્ત દ્વારા વર્ણવ્યો છે. જેમાં સુદર્શન શ્રેષ્ઠી, ચિલાતીપુત્ર, નંદિષેણ વગેરેના વર્ણન કરીને જણાવ્યું છે. આમ ૧૦ પ્રકારના વિનયમાં ભુવનતિલકનો પ્રબંધ સમજાવ્યો છે. ત્રણ શુધ્ધિમાં આનંદશ્રાવકનું કલિકાચાર્યનું, વજકર્ણનું દૃષ્ટાંત આદિ સમજાવી જીવનમાં ઉતારવાનો બોધ આપ્યો છે.

આમ વિવિધ ૧૨ અધિકારને ઉપા. યશોવિજયજીએ સુંદર ઢાળોમાં ઢાળીને શ્રોતાનો રસ ન તૂટે એની રીતે સ્વનું ભાન કરાવવા અથાગ મહેનત કરી છે.

પ્રકરણ ૪ માં સમકિતનું સ્વરૂપ આલેખ્યું છે. દરેક ધર્મમાં સમકિત સમજાવ્યું છે. ભલે બધાની પરિભાષા જૂદી હોય પરંતુ જીવને કષાયમાંથી વિરમી જઈને સ્વમાં લીન થવાની પ્રેરણા છે માટે જીવે આ અમૂલ્ય રત્ન સમાન સમકિતને મેળવવા પુરૂષાર્થ કરવો જોઈએ.

પ્રકરણ-૧: જૈન સાહિત્યની ભૂમિકા, સજઝાયનું સ્વરૂપ અને વિકાસ,
પ્રકરણ-૨ : ઉપા. યશોવિજયજીનું જીવન અને કથન,
પ્રકરણ-૩ : સમકિતના સડસઠ બોલની સજઝાય સાહિત્યકીય અને તાત્વિક દૃષ્ટિએ સમીક્ષા,
પ્રકરણ-૪:સમકિતનું સ્વરૂપ વિવિધ દૃષ્ટિએ.
પ્રકરણ-૫ : સમકિતના સડસઠ બોલની સજઝાયનું અન્ય કૃતિ સાથે તુલનાત્મક અધ્યયન
પ્રકરણ -૬ : ઉપસંહાર

♦♦♦

પુસ્તકનું નામ : યોગસાર સંગ્રહ
લેખક : શ્રી ગુરુદાસ
સંપાદક અને અનુવાદક : ડૉ શુદ્ધાત્મ પ્રકાશ જૈન (પ્રભારી નિદેશક) ક. જે. સોમૈયા સેન્ટર ફોર સ્ટડીઝ ઈન જૈનીઝમ, વિદ્યાવિહાર.
મૂલ્ય : ૬૦ રૂપયે

મૂળ સંસ્કૃત 'યોગસાર સંગ્રહ' પુસ્તકનો અનુવાદ હિન્દી ભાષા માં છે. યોગ શબ્દ ભારતીય સંસ્કૃતિમાં અમુલ્ય છે.

ડૉ શુદ્ધાત્મ પ્રકાશ દ્વારા સંપાદિત યોગાસર સંગ્રહ પુસ્તકની વિષયવસ્તુ છે ધ્યાનયોગ. જે ચિંતન મનન કરવા યોગ્ય છે. જૈન દર્શનનો યોગ પતંજલિ થી પણ પ્રાચીન સિદ્ધ થાય છે. ધ્યાનના આલંબન રૂપ જપ વિષે પણ પ્રેરણાત્મક ચિંતન છે. અનેક બીજ મંત્રો પણ છે.

અનુપ્રેક્ષા વગર ધ્યાન અધુરૂ છે. આ એક આધ્યાત્મિક સાધના છે જેમાં દશલક્ષણ ધર્મ વગેરે અનેક પ્રકારના આચારનો સમાવેશ થાય છે. યોગ દ્વારા આત્માનો સાક્ષાત્કાર એ જ ધ્યેય છે. અંતિમ ઉદ્દેશ મોક્ષ પ્રાપ્તિ છે. યોગની વિસ્તૃત પરંપરામાં જૈન યોગનું પણ પોતાનું વિશિષ્ટ સ્થાન છે. અને મહત્ત્વ છે. આમ યોગ વિષયક વિવેચન આ પુસ્તકમાં જોવા મળે છે જે માનનીય છે. આ નાનકડી પુસ્તકનું શીર્ષકજ એની વિષયવસ્તુ સ્પષ્ટ કરે છે.

- જરૂરી નથી કે સંબંધોને ગાઢ બનાવી વિકસિત કરવા, સાફ-સૂથરા નમસ્તે અગર સલામમાત્રથી પણ ચાલી શકે, પરંતુ મારે કોઈની સાથે બનતું નથી તેવો સમય તો જીવનમાં ન આવવા દેશો.
- તકલીફ ભોગવ્યા બાદ પણ વસ્તુને તેની મૂળ જગ્યાએ ન મૂકવી એ ટેવ નહીં, કુટેવ છે. આવી કુટેવને ક્યાં સુધી પાળી-પોષીને મોટી કરશો ?

- વિનુભાઈ બાવીશી

સૌજન્ય : 'સ્વીકાર સુવિચારનો' પુસ્તકમાંથી

# ભાવ-પ્રતિભાવ



ગૌતમ બુદ્ધ, ક્ષત્રિય રાજકુમાર, મહેલમાં એશોઆરામ ભર્યું જીવન જીવતા, સંસારના અગણિત દુઃખોથી અજાણ, છતા જ્યારે તે જણાયા, ત્યારે સંસાર ત્યાગ કરીને, ઘર છોડીને નીકળી પડ્યા, તે 'મહાભિનિષ્ક્રમણ'! આ દુઃખોમાંથી મુક્તિનો માર્ગ શો? તે વિચારતા રહ્યા. પરિણામે, વિશ્વને બૌદ્ધદર્શન સાંપડ્યું. આગળ જતાં તેનાં બે ફાંટા પડ્યા, તે મહાયાન અને હિનયાન.

તેમણે ચતુષ્કોટિ વિનિર્મુક્તિનું પ્રતિપાદન કર્યું, તે વૈભાવિક, સૌત્રાંતિક, યોગાચાર અને માધ્યમિક.

માધ્યમિકમાં જીવાત્મા શૂન્યતા પ્રાપ્ત કરે. ચાર સ્થિતિઓના વર્ણનમાં, 'છે', 'નથી', 'છે અને નથી', અને ચોથી સ્થિતિ તે - 'છે અને નથી, એ બંન્ને નથી તે'

શું છે? અને શું નથી? નો ઉત્તર, 'બંન્ને નથી તે.'

આપણે દરરોજ ચા, જે તપેલીમાં ઉકાળીએ છીએ, તેમાં પાણી કે દૂધ હોય છે, એ નથી હોતા ત્યારે આપણે તેને 'ખાલી છે' એમ કહીએ છીએ, પણ હકીકતમાં તે 'ખાલી' હોતી નથી, તેમાં 'હવા' તો હોય છે જ. તે કાંઈ (Air-Tight) નથી હોતી!

આ વિશ્વમાં, નરી આંખે ના દેખાય, તેવું ઘણું બધું હોય છે! આપણા ચર્મચક્ષુને મર્યાદા હોય છે, સુગંધ કે દુર્ગંધ, બે નાકનો વિષય, તો સ્વાદ એ થયો જીભનો વિષય, સ્પર્શ દ્વારા પરખ, એ થયો ચામડીનો વિષય. પાંચે ઈન્દ્રિયો દ્વારા મેળવાતું જ્ઞાન પણ સીમિત. તેનાથી પર (above) જવું કે થવું, તેમાં આત્માએ શૂન્યતા પ્રાપ્ત કરવાની રહે છે. જેને આપણે મુક્તિ કે મોક્ષ તરીકે ઓળખીએ છીએ.

**હરજીવન થાનકી, સીતારામ નગર, પોરબંદર**

●●●

(જાદવજીભાઈ ઈન્ટરનેટના યુગમાં પત્રમૈત્રી દ્વારા મનુષ્ય મૈત્રીને જીવંત રાખવાનું ભગીરથ કાર્ય કરી રહ્યાં છે. તેમનો એક પત્ર)

સાદર નમસ્કાર, આશા છે કે કુશળ હશો. મારા તા. ૬ઠી ફેબ્રુઆરી, ૨૦૧૭ના પત્રના પ્રત્યુતરરૂપે આપનો ઈ-મેઈલ મળ્યો. 'પ્રબુદ્ધ જીવન' જેવા લબ્ધ પ્રતિષ્ઠિત સામાયિકના તંત્રીપણાની અતિ વ્યસ્ત જવાબદારીઓ વચ્ચે પણ આપે મારા પત્રનો વિગતવાર પ્રત્યુત્તર પાઠવવાનું સૌજન્ય દાખવ્યું એ બદલ આભારી છું.

આપે લખ્યું છે કે, 'ઈન્ટરનેટના આ યુગમાં પત્ર વ્યવહારનો આનંદ હોય છે. પ્રત્યુતર દ્વારા સામેના માણસના હૃદયના પડઘા સંબંધને વધારે મજબુત બનાવે છે. વિચારોના આદાનપ્રદાન દ્વારા વિચારોનું મંથન થતાં એક સામાજીક તથા વૈચારિક ભૂમિકા ઊભી થાય છે.' આપના મંતવ્ય સાથે હું સંમત છું. આ સાથે મોકલાવેલા પત્રશ્રેણીના પત્ર ક્રમાંક ૩૪માં આપ નોંધશો કે પત્રોના લખાણ વિશે કવિશ્રી મેઘબિન્દુજી લખે છે કે, "પત્રમૈત્રી એ આજના કાળમાં સત્સંગનું કાર્ય કરે છે. રૂદ્રાક્ષનો મણકો હોય કે માણસ, જો એ એક મુખવાળો મળી જાય તો બેડો પાર થઈ જાય. દિવસે દિવસે પરિવારો ટૂંકા થતા જાય છે, જ્યારે પત્રમૈત્રી પરિવારનો વિકાસક્રમ વિકાસને માર્ગે આગળ વધતો રહ્યો છે."

વડોદરાથી શ્રી શાંતિલાલ ગઢિયા લખે છે કે, "ગમતાંનો ગુલાલ કરતી આપની પત્રલેખનની પ્રવૃત્તિ આટલો વિરાટ મેળો ઊભો કરશે એવી તો કલ્પના જ ક્યાંથી હોય! આપણે ખરેખર કેટલા અહોભાગી છીએ કે જૈફ વયે પણ ઉમદા સાહિત્ય સંપાદનમાં વ્યસ્ત રહેનાર ઋષિતુલ્ય વ્યક્તિત્વ ધરાવતા શ્રી મહેન્દ્રભાઈ મેઘાણી તથા ગાંધી વિચારમાળાના અણમોલ મોતી સમાન શ્રી મનુભાઈ પંડિત જેવા વડીલો આપણી પત્રયાત્રામાં સામેલ થયા છે એ ખરે જ બહુ મોટી વાત છે."

ભુજ, કચ્છથી ગાંધીયુગના વયોવૃધ્ધ વડીલ શ્રી રમેશભાઈ સંઘવીએ કેટલું ભાવાત્મક લખ્યું છે કે, "તમારા પત્રોનો એક હૃદયધર્મીઓનો વર્ગ છે અને તેમની સાથેનું પારસ્પરિક ચિંતનપ્રદાન ઉભય માટે શ્રેયસ્કર બની રહેતું હોય છે. યાત્રા તો અનંત છે. કોઈ શિખરે વીરમે, પણ તે શિખર પરથી કેટલાંય શિખરો દ્રશ્યમાન થાય જ છે! તૃપ્તિમાં ય અતૃપ્તિ! એ જ જીવન! વ્યક્તિની શોધ અને ચાહ તો મૂળ શ્રોત સાથે અલપઝલપેય મુલાકાતની હોય છે, અને તે અકળ જ આવી પ્રવૃત્તિઓ દ્વારા, જે આખરે જાતમાં જ વીરમે અને અનુસંધાન કરાવી આપે."

આપ લખો છો કે, 'મને પણ ઘણી વાર સંવાદની ગેરહાજરી સાલે છે. હું ઘણી વાર ઈચ્છું કે લોકો પ્રતિભાવ દ્વારા વાત કરે, વિવાદ કરે, સંવાદ કરે અને એક વાતાવરણ હોય જેમાં વૈચારિકોના મંતવ્યોથી વાતાવરણ ગુંજી ઊઠે.' સેજલબેન, આપની વાત સંપૂર્ણ સાચી છે. પ્રબુધ્ધ જીવનના અગાઉના તંત્રી ડૉ. ધનવંતભાઈ શાહ આવું જ વિચારોનું-સંવાદોનું હળવું વાતાવરણ સર્જી શક્યા હતા. કેટલીય વાર તે પોતાના પર જ રમુજ દ્વારા ગંભીર લેખોમાં પણ હળવાશનું વાતાવરણ ઉત્પન્ન કરતા હતા. આપણા લખાણોમાં ગાંભીર્યતાને સ્થાને જો સહજતા-હળવાશનું વાતાવરણ હોય તો કદાચ વાચકોને તે વધારે આવકાર્ય અને સ્વીકાર્ય બને. આવા લખાણો વાચકોને વધારે ગમતા હોય છે અને પરિણામ સ્વરૂપે સંવાદ-વિચારોના આદાનપ્રદાનનું તત્વ વધે છે. ફક્ત ૧૦૦ જેટલા મિત્રોથી શરૂ થયેલી મારી પત્રશ્રેણીની પ્રવૃતિમાં આપ જેવા વિદ્વાન મહાનુભવોના સાથ અને સહકાર થકી હાલમાં ૩૯૦ જેટલા

પત્રમિત્રોનો કાફલો ઊભો થઈ શક્યો છે. અવારનવાર કેટલાય મિત્રો પત્ર-ટેલીફોન અથવા ઈ-મેઈલ દ્વારા કે પછી રૂબરૂ મળે ત્યારે પોતાના પ્રતિભાવો વ્યક્ત કરતા હોય છે. જ્યારે પણ શક્ય હોય ત્યારે જો સાંપ્રત-વર્તમાનના બનાવો, પ્રસંગો કે ઘટનાઓને અનુરૂપ લખાણ તેના અધ્યાત્મિક પરિપ્રેક્ષ્યમાં રજુ કરવામાં આવે તો નિશ્ચિંતપણે તે લોકભોગ્ય બનવાની સાથે સાથે સુ-સંદેશ વહનનો હેતુ પણ શક્ય થતો હોય છે. આ રીતે સંવાદનો આપણો હેતુ પણ બર આવતો હોય છે. આપણે જો આ બાબત પર ધ્યાન દઈશું તો ચોક્કસપણે આપણે એક સંવાદ ઉભો કરી શકીશું જે દ્વારા સુવિચારોનું આદાનપ્રદાન તથા એક જીવંત વાતાવરણ ખડું થાય.

**જાદવજી કાનજી વોરા**
મુલુન્ડ (વેસ્ટ) મુંબઈ
મો. ૯૮૬૯૨૦૦૦૪૬

❋❋❋

''પ્રબુદ્ધ જીવન'' છેલ્લા ૫૦ વર્ષથી વાંચી રહી છું, જ્યારથી પત્રિકા આવતી હતી ત્યારથી. આજે તો ખૂબજ સુંદર અંક બની ગયો છે. આપ દિન-પ્રતિદિન પ્રગતિ કરતા રહ્યા છો તે માટે ખૂબ ખૂબ અભિનંદન. આપણા તંત્રીને. આ વખતના માતૃભાષા નો જે અંક લખાયો છે તે ખરેખર પ્રશંસનીય છે. સમાજમાં જાગૃતતા લાવવા માટે ખૂબજ સરળ પંથ બતાવ્યો છે.

આપણી માતૃભાષા પરિવારના હરેક સભ્યને આ યુગમાં પણ આવડવી જ જોઈએ. ભલે અંગ્રેજી માધ્યમમાં ભણ્યા હોય. મેં મારા પૌત્ર-પૌત્રીને, જ્યારે તેઓ ૪ વર્ષના હતા ત્યારે જ ક,ખ,ઘ શીખવાડ્યા હતા. ખૂબ જ સરળતાથી અને આનંદથી લખતા હતા. પછી તો તેઓ નસીબદાર કે એમની શાળામાં જ ૮મી કક્ષાથી ગુજરાતી ભાષાનો વિષય આવી ગયો. ''ગ્રીન લોન્સ'' શાળા જે વોર્ડન રોડ પર આવી છે. તેઓને ખૂબ જ સુગમતા પડી અને સારા એવા ગુણાંકથી ઉત્તીર્ણ થયા.મને એનું ગૌરવ છે. આજે પણ દાદા-દાદી સાથે ગુજરાતીમાં જ વાત થાય. મારા પુત્ર અને પુત્રવધુ પણ ગુજરાતીમાં જ વાર્તાલાપ કરે છે. આજે મારા પૌત્ર-પુત્રી પરદેશમાં છે તો કોઈ લખવું હોય તો પણ ગુજરાતીમાં જ. તેઓ વાંચીને સમજી શકે છે. હરેક પરિવારના વડીલો આગ્રહ રાખે તો આપણી માતૃભાષા હમેશ જીવંત રહેશે. કોઈની પર પણ જબરજસ્તી નહિ કરવી પડે. આપણી ભાષામાં જે ઉંડાણ અને શક્તિ છે એ કયાંય નહિ મળે.

હું શકુન્તલામાં ભણી છું. આજે એનું અસ્તિત્વ છે પણ બાળકો-બાળકોની શાળા બની ગઈ છે. અંગ્રેજી માધ્યમ બની ગયું છે. સમયને સંજોગને અનુસાર બાબુ પન્નાલાલજી. અસ્તિત્વ નથી એનું અનહદ દુઃખ થાય છે.

અંતમાં મારું એક મંતવ્ય રજુ કરું છું કે જે મુખપૃષ્ઠ પર બાપુની ઘડિયાળ મૂકી છે તેમાં ગુજરાતી આંક લખ્યા હોતે તો વધારે દીપી ઉઠતે.

આપના અંકની હમેશ આતુરતાથી રાહ જોતી

**ભારતી-દિલીપ શાહ**
૯૮૨૦૫૭૪૪૫૬

❋❋❋

ડૉ. સેજલબેનની સેવામાં, વંદન ગાંધીમાર્ગે, માતૃભાષાને, સાંપ્રત સમયે, સજીવન કરવાની, તમારી ભાવના ગમી. મુખપૃષ્ઠ સુંદર રહ્યું. નર્મદ, નરસિંહ અને પૂ. ગાંધીજીની તસ્વીરમાં ચરખાનાં સ્થાને ઘડિયાળની કલ્પના સુંદર રહી. રઈશ-મણીયારની પંક્તિઓ પણ પ્રેરક રહી. માતૃભાષા, ગુજરાતી, જીવંત રહેવી જોઈએ. અંગ્રેજી માધ્યમમાં શિક્ષણની ઘેલછાઓ પવન, આપણાં ગામડાંઓમાં એ ફૂંકાતો જાય છે, ત્યારે પાણી પહેલાં પાળ બાંધવાનો 'યોગ' આવકાર્ય બની રહે છે આપણી શહેરી સંસ્કૃતિ, વિકૃતિ તરફ ઝડપથી આગળ વધી રહી છે. દીવાળી દરમ્યાન પંદર દિવસ, અમદાવાદ રહેવાનું થયું, ત્યારે ડ્રાઈવ-ઈન થીએટરમાં 'ગોલમાલ' જેવી ફિલ્મ જોવા આવતી મોટરોનો ધસારો જોયો, વિચાર્યું, આ દર્શકોનાં જીવન-વ્યાપારમાં પણ કેટલી 'ગોલમાલ' થઈ રહી હશે! મા. શ્રી રઘુવીરભાઈ ચૌધરીનો બચાવ પૂરતો નથી, ગામડાઓ પણ ઝડપથી શહેરીકરણ પામતા જાય છે. આખું વિશ્વ બેંકની જેવું બની રહ્યું છે. ત્યારે આપણી માતૃભાષા દ્વારા સંસ્કૃતિને બચાવવાની જરૂર છે જ. હું પણ અંગ્રેજી ભાષા-સાહિત્યનો સ્નાતક છું. અંગ્રેજી ભાષામાં Honesty, punctuality, Patriotism જેવા ગુણ અપનાવવાને બદલે આપણે તેને Medium તરીકે અપનાવતા થઈએ છીએ, તે યોગ્ય નથી આજે તો પ્રાચીન ગુરૂકમોમાં પણ અંગ્રેજી માધ્યમ દ્વારા શિક્ષણ આપવાની શરૂઆત થઈ ગઈ છે, જે યોગ્ય નથી જ. માતૃભાષાને બચાવતા લેખો, પ્રબુદ્ધ વાચકોને નવી ઉંચાઈ બક્ષી ગયા. તમે, કંઈક નવું પૂરું કરતાં રહ્યાં છો તે ગમે છે. કેવળ બહારથી ટાપટીપથી કશું વળતું નથી.

**હરજીવન થાનકી**
સીતારામ નગર, પોરબંદર

❋❋❋

નિયમિત પ્રબુદ્ધ જીવન મળે જ છે. ઊંમરને કારણ અનુકૂળતાએ વાચન, મનન થાય છે.

પ્રત્યેક લેખો સાચે જ ચિંતન લક્ષી જીવનને ઉજાગર કરી શકેજ.

આજે પ્રખર સાહિત્યકાર સારસ્વત કવિ સિતાંશુજી યશચન્દ્રજીની પદ્યકૃતિ ઑક્ટોબર ૨૦૧૭ થી પ્રભાવિત થવાયું જ. પાના નં, ૩૫,૫૨,૫૩ વિશેષમાં, અખબાર માધ્યમે જાણ્યું કે, ગુજરાતી સાહિત્ય પરિષદની ચુંટણીમાં વિજયી બન્યા છે ૭૧૫ મતથી પ્રમુખ તરિકે દિ.ભા. માં આજે ૨૪-૧૦-૧૭ના રોજ વાંચ્યુ.

અમારા પરિવાર તરફથી અભિનંદન હોય જ. મને રસ, રુચિ છે ને આ પ્રકારની જાણકારીથી પ્રેરકભાવ બેવડાય છે. નવા વર્ષની અનેક શુભેચ્છાઓ સર્વ કર્મીગણને સહુ સુખિના ભવન્તુ સર્વે...

પુનઃ શુભ લાગણી વ્યક્ત કરુ છું.

**દામોદર ફૂ. નાગર 'જૂગનું'**
ઊમરેઠ, જિ. આણંદ,
મો. ૯૭૨૩૪૪૯૦૯૨

❀❀❀

જગતમાં બહુમાનને લાયક પાંચજ છે એની અપેક્ષાએ બાકીના આપોઆપ ઉપેક્ષીત થઈ જાય છે. એ પાંચ એટલે અરહંતથી લઈ સવ્વસાહુણં આ બધાના પોતપોતાના ગુણો છે અને એનું રટણ મનથી કે મોકળાશથી જીવ કરતો રહે છે જે ૧૦૮ મણકાના રૂપમાં જગતમા બીજે કયાયથી એમની બલાખડી નહી મલે.

આવા ગુણ અને એના જ્ઞાનની જે આરાધના કરે પોતાને તન-મન-ધન એ પુજ્યોના ચરણે ઘરે એ ભલે ગમે ત્યાં ગમે એ ક્ષેત્રમાં હોય પણ એનું સન્માન કરવું એ જ્ઞાનીના સન્માન બરાબર છે. એમનું બહુમાન જ્ઞાનનું બહુમાન જ્ઞાનીને પહોચે છે.

પુ. શ્રી સાગરમલ જૈન એ નામપ્રમાણે જ્ઞાનનો દરીયો છે એમની એક એક વાત અને સંશોધન સ્વાતી નક્ષત્રમાં બંધાયેલ મોતી જેવા છે એને કોઈ ઉતરતું કહીજ ન શકે એવા સાહિત્યના મીમાંસુંને કોણ નથી જાણતો દરેક ક્ષેત્રના જીગ્નાસુને તૃપ્તિનો ઓડકાર કરાવે એ વ્યક્તિને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તથા દીપક ફાઉન્ડેશન મળીને જ્ઞાનીના બહુમાનથી હોય જ્ઞાનના બહુમાન.

જગજાહેર ચમકતા સીતારાને કોઈ શબ્દોથી તોલી કે મુલવી ન શકાય જેટલું એમણે કરેલ છે આપણે અનુક્રમ પણ નહી કરી શકીએ.

એવોર્ડ સાથે એમના જીવનમાં યષ-આરોગ્ય આયુષ આદર ઉન્નતિના સોપાન સર કરે એવી શુભ કામના સાથે,

**મહેન્દ્ર ભણસાલી,**
મુંબઈ - ૪૦૦ ૦૦૪.
મો. ૯૮૬૯૩૫૬૭૩૧/૯૪૮૪૦૦૮૧૮૮

❀❀❀

પ્રબુધ્ધ જીવન નવેમ્બર ૨૦૧૭ નો અંક મળ્યો.

''વિશ્વ ઉત્પત્તિ - ષડદ્રવ્ય'' વિષય પર ૨૮મા પાના પરનો લેખ વાંચ્યો. સેવંતીભાઈ પટણીને અભિનંદન. ગહન વિષય પર લખવા માટે.

પ્રથમ તો જણાવવાનું કે જૈન દર્શન વિશ્વની ઉત્પત્તિમાં માનતું જ નથી. કારણ ઉત્પન્ન થાય તેનો નાશ અવશ્ય હોય જ.

બીજું ૩૨માં પાના પર ઉર્ધ્વલોકમાં દેવો ચાર પ્રકારે છે તેમાં ભવનપતિના ભવતો અધોલોકમા, વ્યંતર અને જ્યોતિષ દેવો તિર્ચ્છાલોકમાં અને વૈમાનિક દેવોજ ફક્ત ઉર્ધ્વલોકમાં છે. તે સુધારો સૂચવું છું.

જોકે તેમણે વિષય વિશાલ હોવાથી અલ્પમતિના કારણે ભૂલનું મિચ્છામિ દુક્કડમ્ માંગી લીધું છે તે તેમની યોગ્યતા સૂચવે છે.

**વિજય શાહ**
વાલકેશ્વર રોડ, મુંબઈ - ૪૦૦૦૦૬.

❀❀❀

''આમ પણ અરધી ઓળખ ગુમાવી ને કોલાજ જેવા થઈ ગયા છીએ. હજી કેટલું ગુમાવવું છે, સેજલ શાહ ગહન બુનિયાદી તાત્વિક સત્યોને પણ જે વેધક રીતે લખે છે એટલી જ વેધકતા અને તર્કબધ્ધતા આ રાષ્ટ્રભાવકેન્દ્રી અગ્રલેખ માં જોઇ. ધોબીના કૂતરા જેવી સરેરાશ મનોદશા ધરાવતા લોકોના સગવડિયા તર્કને ભારે મજબૂતીથી સાણસામાં લીધા છે. સેજલબેને તંત્રીપદ સંભાળ્યું પછી સમકાલીન વિષય પરનો કદાચ આ પહેલો પણ જનોઇવઢ લેખ જોઇને એમનાં વિદૂષી વ્યક્તિત્વનાં નવાં તાજગીસભર પરિમાણનાં દર્શન થયાં.

સાથેજ મૂકાયેલ ''આતમ ભણી''માં ખૂબ સહજતા થી કવયિત્રી અને મૂળભૂતરીતે નખશિખ દાર્શનિક સેજન ઓળખાઈ જાય છે. આપણા જાતે રચેલાં કેદખાનામાં થી બહાર આવવાની તડપ. કદાચ એમના બધાજ આજ સુધી ના અગ્રલેખો નો સ્થાયીભાવ રહ્યો છે. જીવનના વિવિધ રંગો સાથેના પ્રવાસનો સ્વીકાર અને સમાન્તર વહેતી દાર્શનિક જાગૃતિ વાળો આ લેખ, સગોત્ર વાચકને ચોક્કસ એક ''આન્તરિક આરત'' તરફ ખેંચી જાય છે. ''કોઈ ને કોઈ કારણ વગર પ્રેમ કરી શકાય?'' સેજલબેન, આ જ તો સંતત્વ છે. તમારા જેવો સહપ્રવાસી મળ્યો એ પ્રબુધ્ધ જીવન ના ખાસ કક્ષાના વાચકોનો અવર્ણનીય ''રુહાની આનંદ'' છે!!!! ખૂબ અભિનંદન...

ઓહ.. પંથે પંથે પાથેય. બેહદ ગમ્યો. હુ પણ એક મોટા પરિવાર નો મોટો ભાઇ છું. કમાલની વાસ્તવિક વાતો લખી છે. સેજલ. એક જબરદસ્ત વાત કહું. આખો લેખ અમારી વાર્ષિક હિમાલય મુલાકાત નું exact ચિત્ર છે. આયોજન ઓમ પરિવારનું. એ લોકો મને અને મારાં બા ને આમંત્ર. ફરક એટલો કે આવનારા લોહીના સંબંધીઓ નથી હોતા. પણ Concept exactly આ જ ઘણા ઠાવકાઓને આઘાત લાગે કે સર્વેશભાઇની શિબિરમાં ''આધ્યાત્મિકતા'' (કહેવાતી) ગૌણ અને અન્ય મનોરંજન પર વધુ ભાર હોય. પણ તમારો આ લેખ મારાં મનનો જ જવાબ સ્પષ્ટ કરે છે. મને ભાષણછાપ, પહેરેલી સાંપ્રદાયિક આધ્યાત્મિકતા પ્રત્યે ભયંકર અને હાડોહાડ સૂગ છે. તમારૂ અને મનીશભાઈ નું નામ સાથે જોઈને ખૂબ ખુશી થઈ. આ ''ખુબ ખુશી'' એટલે કહુ છું કે પતિપત્ની. આ લેખના પ્રચ્છન્ન મેસેજની બુનિયાદ છે. આ પરિવાર તમારો જ હશે એમ માનુ છું. જો કે આ કન્સેપ્ટ અદભુત હોવા છતાંય કેટલીક સૂક્ષ્મ મુશ્કેલીઓ છે.

**ડૉ. સર્વેશ વોરા,** મુંબઈ

## બેંગ્લોરની વર્ધમાન ભારતી દ્વારા વતન અમરેલીમાં અભૂતપૂર્વ આયોજન

# યુગપુરૂષ શ્રીમદ્ રાજચંદ્રજી ૧૫૦મી જન્મજયંતી ઉત્સવ

(૧) અગિયાર દિવસનો બાળકુમાર શ્રીમદ્ રાજચંદ્ર ગાન-જ્ઞાન ધ્યાન-મૌન શિબિર
(૨) શ્રીમદ્ રાજચંદ્રજી-રચિત પદોની વર્ધમાન ભારતીની સી.ડી. પર ગાનસંગીત સ્પર્ધા.
(૩) રાજ-કવિ-સંમેલન : બે બેઠકોમાં અમરેલીના કવિશ્રી હર્ષદ ચંદારણા, હરજીવન દારૂડા, ડૉ, કાલિન્દી પરીખ, સુશ્રી પારુલ ખખ્ખર, શ્રી પરેશ મહેતા ઈ. ની શ્રીમદ્જી પર કવિતાઓ.
(૪) શ્રીમદ્જી-સૂચિત આત્મધ્યાન પ્રયોગ ધ્યાન-સંગીત દ્વારા પ્રસ્તુત : પ્રત્યક્ષ અને સી.ડી.
(૫) 'શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધી ચિંતન-સત્ર' : બે બેઠકોમાં : ડૉ. કાલિન્દી પરીખ (કવયિત્રી, વિદુષી) અને તેમના પ્રજ્ઞાવાન પિતાશ્રી ડૉ. વસન્ત પરીખ દ્વારા બે ગહન ચિંતનાત્મક અપૂર્વ પ્રવચનો : પ્રા. પ્રતાપકુમાર ટોલિયા અને શ્રી પરેશ મહેતાની મહત્ ભૂમિકાઓ સાથે પ્રસ્તુત

આ સર્વાયોજનો જાણે પરમગુરુઓનો પરમ અનુગ્રહ ન ઊતર્યો હોય, તેમ અભૂતપૂર્વ રૂપે કલ્પનાતીતપણે સંપન્ન થયા - લાગ લગાટ અગિયાર દિવસ સુધી!

બાલક-બાલિકાઓએ ન કેવળ ઉલ્લાસભેર 'બહુપુણ્ય કરો', 'હે પ્રભુ!' 'સફળ થયું' આત્મભાવના, 'સહજાત્મસ્વરૂપ' સમા સર્વસ્પર્શી શ્રીમદ્-પદો-મંત્રો ગાયા અને ગુંજાવ્યા, પણ તેની ધૂનો મચાવી જન હૈયે ન હોઠે રમતાં કર્યા.

અમરેલી-અમરવલ્લી એટલે કવિઓની નગરી. અનેક કવિઓનો ત્યાં નિત્ય જાણે મેળો જામે! સમયાભાવે અનેકોમાંથી થોડા જ કવિઓને આ વેળા ચૂંટીને નિમંત્રવા પડયા. તેમણે શ્રીમદ્જીની કાવ્ય-કૃતિઓ ન માત્ર પેટ ભરીને માણી અને ગુંજતી બાલ-ધુનોમાંથી જાણી, પણ સ્વરચિત કૃતિઓમાં શ્રીમદ્જીના જીવનદર્શનને પ્રતિધ્વનિત કર્યું! એ બધી ગ્રંથસ્થ થશે.

કવિઓની જેમ ગહન અભ્યાસી ચિંતકો પણ અમરનગરી અમરેલીમાં 'છુપા રુસ્તમ' જેમ, વિશાળ જગતથી અજાણ પડયા છે, તેનો પરિચય વિશ્વને હવે થશે જ્યારે તેમની રાજચંદ્ર-ગાંધી ચિંતનની મૌલિક અંતઃશ્રુતિઓ ગ્રંથ-પ્રકાશ પામશે. અહીંના સત્રમાં પણ ડો. વસંત પરીખ, ડો. કાલિન્દી પરીખ, શ્રી પરેશ મહેતા અને શ્રીમદ્જી પર પી.એચ.ડી. થયેલા ડો. રમાબેન દેસાઈ જેવા હજુ તો થોડાનો જ પરિચય થયો, તેમનો લાભ બૃહદ્ ગુજરાતે પ્રવર્તમાન પ્રબુધ્ધ શ્રીમદ્-સાહિત્ય-પ્રવક્તાઓ સાથે જ લેવા જેવો છે. આ સર્વને ચૂકી શકાય?

**વિશેષ નૂતન અભિયાનો-નિર્માણો :** આ ઉત્સવ અવસરે 'પરમકૃપાળુકુટિર'નું લઘુ પિરામિડ-ધ્યાન ભક્તિ માટેનું નૂતન નિર્માણ થયું. હંપી શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમની તરુતલકગુફાસ્થિત અને બેંગલોરની જિનભારતી સ્થિત શ્રીમદ્ રાજચંદ્ર આત્મવિદ્યા વિદ્યાપીઠના અમરેલી કેન્દ્રનુ ત્રિવિધ વિદ્યાકેન્દ્ર ખુલ્લું મૂકાયું. પ્રા. પ્રતાપકુમાર ટોલિયા લિખિત 'રણગાથા' પુસ્તક મુદ્રણાધીનનું પુરોવચન ડો. વસંત પરીખ દ્વારા લખાયું અને શ્રીમદ્ રાજચંદ્ર કીર્તિસ્તમ્ભ'નું ભાવી બીજ રોપાયું. વિશ્વભારતી વિવિધ શ્રીમદ્ ઉજવણીઓમાં નાનીથી અમરેલીની અમરનગરીએ અભૂતપૂર્વ ભાત પાડી. (સંબધ્ધ : પ્રેસ રિપોર્ટો + માત્ર બે કાવ્યકૃતિઓ)

**પ્રેષક : જિનભારતી - વર્ધમાન ભારતી પ્રેસ સર્વિસ**
(૦૯૬૧૧૨૩૧૫૮૦/૦૯૮૪૫૦૦૬૫૪૨/ ૦૮૦-૬૫૯૫૩૪૪૦)

***

## જ્ઞાનપ્રતાપ

કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની ૧૫૦મી જન્મજયંતિ જ્યારે વિશ્વભરમાં યોજાઈ રહી છે ત્યારે શ્રીમદ્ને જ્ઞાનસભર ભાવાંજલિ અર્પતો શ્રી પ્રતાપકુમાર ટોલિયાનો 'રાજગાથા' ગ્રંથ જિજ્ઞાસુઓ ને ભાવકો માટે અનેક રીતે ઉપયોગી બનાવતો, પ્રકાશિત થઈ રહ્યો છે તે ખરેખર એક 'અપૂર્વ અવસર' છે.

શ્રી પ્રતાપભાઈના સંઘર્ષપૂર્ણ જીવનનો હું સાક્ષી છું. તેમણે અનેક કષ્ટો વેઠયાં છે, પણ કદિયે આત્મવિશ્વાસ ખોયો નથી. સદ્ગુરૂઓનો સંગ, સદ્ગ્રંથોનું વાંચન અને સતત આત્મચિંતન એ ત્રણ અદ્ભુત સાધનો તેમને સહાયરૂપ નીવડયાં છે. વિશેષતઃ શ્રીમદ્ રાજચંદ્રના સંપૂર્ણ જીવન અને સર્જનનું એમણે કરેલું ગહન ચિંતન તેમના જ્ઞાનને પ્રતાપી બનાવી રહ્યું છે. વર્ધમાન ભારતીના નિયામક તરીકે એમણે જૈનધર્મ અને ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા અનેક પુસ્તકો લખ્યાં છે. સ્વયં એક કુશળ સિતારવાદક અને ગાયક કલાકાર હોઈ શ્રીમદ્ની ગાથાને સંગીતમાં ઢાળી અનેક સી.ડી. પણ બહાર પાડી છે. વળી શ્રીમદ્ના 'આત્મસિધ્ધિ શાસ્ત્રને' એકી સાથે સાત ભાષાઓમાં પ્રકાશિત કરી તેમણે અભૂતપૂર્વ કાર્ય કર્યું છે.

પ્રસ્તુત ગ્રંથમાં પાને પાને એમનું શ્રીમદ્ના ગ્રંથનું અર્થઘટન અને જૈન તેમજ ઈતર દર્શનનું જ્ઞાન પ્રગટ થયું છે. વળી તેમણે ગાંધીજી, વિનોબાજી પં. સુખલાલજી, પૂ. વિમલાજી, પૂ. સહજાનંદઘનજી જેવા મહાન ચિંતકોના પૂ. રાજચંદ્રજી વિષેના

વિચારોનું દોહન કરી ગ્રંથને વ્યાપક પરિમાણ આપ્યું છે.

ગણધરવાદ વિશેનો લેખ એમના સન્નિષ્ઠ સંશોધનનો પરિપાક છે. આ ગ્રંથમાં સુશ્રી સુમિત્રાબેન ટોલિયાનો એક સુંદર લેખ છે. આ બધું જોતાં શ્રીમદ્‌માં જ્ઞાન, કર્મ, ભક્તિ અને ધ્યાનનો કેવો દિવ્ય ચતુષ્કોણ રચાયો છે તેની પ્રતીતિ થાય છે. પૂ. મહાવીર પછી વર્ષો વીત્યાં બાદ આનંદઘનજી અને તેમના પછી વરસો બાદ શ્રીમદ્ રાજચંદ્રજી મળ્યા અને આજે હવે શ્રી પ્રતાપ ટોલિયા મળે છે એમ આ જ્ઞાનધારા નિરંતર ચાલુ જ રહેશે એવી આશા જાગે છે. પ્રા. શ્રી પ્રતાપ ટોલિયાના આ રૂડા ગ્રંથનું ભાવપૂર્વક સ્વાગત કરું છું.

શ્રીમદ્‌ની ૧૫૦મી જ. જયંતિ,

અમરેલી, ૪-૧૧-૨૦૧૭

**ડૉ. વસંત પરીખ**

❖❖❖

## "જૈન ધર્મના પુસ્તકો વિના મુલ્યે ઘેર બેઠાં"

જોકે આજના કળિયુગમાં તાલી મિત્રો, થાળી મિત્રો, પ્યાલી મિત્રો ઘણા હોય છે, પણ કલ્યાણ મિત્ર હોતા નથી. જૈન ધર્મનાં પુસ્તકો હૃદયમાં ઉતારવામાં આવે તો 'કલ્યાણ મિત્ર' ની ગરજ સારે છે. જીવનનો Turning Point આવે છે. જીવન ઉત્થાનને માર્ગે આવે છે. જો તમો રોજ સામાયિક કરતા હો. ચોવિયાર કરતા હો કે એકાસણું કરતા હો કે જૈન ધર્મનું કોઈપણ વ્રત કરતા હો તો જૈન ધર્મના ગુજરાતી ધાર્મિક પુસ્તકો તમોને વિના મૂલ્યે ઘરે બેઠા મળશે તે માટે તમારુ સરનામુ English માં અને Mobile No. પત્રથી મોકલવું.

**Pravinchandra H. Shah**
A/111, Dattani Tower, 11th Floor,
Near Kora Kendra Hall, R.M. Bhattad Marg,
Borivali (W), Mumbai - 400 092.

પુસ્તકો પોસ્ટથી મળશે.

❖❖❖

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘની પહેલ વટવૃક્ષ રૂપે પ્રગટી!

છેલ્લા આઠ વર્ષથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ડૉ. કુમારપાળ દેસાઈની વિવિધ વિષયો પરની ત્રિદિવસીય કથાનું આયોજન થાય છે. શ્રી ધનવંત શાહની પરિકલ્પના સાથે શ્રી મુંબઈ જૈન યુવક સંઘે શરૂ કરેલી આ કથાશ્રેણીની પહેલ શ્રી ધનવંતભાઈના અવસાન પછી મુંબઈ જૈન યુવક સંઘના હોદ્દેદારો અને શ્રી નિતીન સોનાવાલા અને સેજલ શાહના પ્રયાસોને કારણે અવિરતપણે ચાલુ રહી છે. પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા આલેખાતી આ કથાના પ્રસંગો, શૈલી અને પ્રસ્તુતિ અને એના અનેકવિધ સંદર્ભો બહોળી ચાહના પામ્યા છે અને એને કારણે લોસ એન્જલિસ, લંડન, અમદાવાદ, ધરમપુર જેવા ઘણાં શહેરોમાં એમની આ કથાનુ આયોજન થયું છે.

ઈ.સ. ૨૦૧૫માં શ્રીમદ્ રાજચંદ્ર કથાનું શ્રી મુંબઈ જૈન યુવક સંઘે આયોજન કર્યું હતું અને તાજેતરમાં અમદાવાદમાં સર્વપ્રથમવાર આયોજન થયું. આ પ્રસંગે ડૉ. કુમારપાળ દેસાઈએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને શ્રી ધનવંતભાઈ શાહના પુરુષાર્થનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે એને પરિણામે જ આજે અનેક સંસ્થાઓના સહયોગથી આ વટવૃક્ષનું નિર્માણ થયું છે.

એ નોંધવું જોઈએ કે આ વ્યાખ્યાનશ્રેણીમાં શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ તથા વિહાર ભવન ટ્રસ્ટ (અમદાવાદ-વડવા-ઇડર), શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા, શ્રી રાજસોભાગ સત્સંગ મંડળ, સાયલા, શ્રીમદ્ રાજચંદ્ર મિશન. ધરમપુર જેવી રાજપરિવારની ચારેય સંસ્થાઓ ઉપરાંત ગુજરાતમાં શિક્ષણ, સામાજિક સુધારણા અને કેળવણીના ક્ષેત્રે દોઢસો વર્ષથી કાર્યરત એવી ગુજરાત વિદ્યાસભા, તેમજ જૈન ધર્મ, કલા અને સંસ્કારના પ્રચારનું કાર્ય કરતી ભારત અને બ્રિટનની ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી પણ આમાં સામેલ થઈ. વળી આ વ્યાખ્યાનોમાં જુદા જુદા સંપ્રદાયોના તેમજ શેઠ શ્રી આણંદજી કલ્યાણજી પેઢીના અગ્રણીઓ ઉપસ્થિત રહેતા એક વિશાળ માહોલ સર્જાયો હતો.

પોતાની પ્રભાવક, પ્રમાણભૂત અને અનેક રસપ્રદ સંદર્ભો ધરાવતી વ્યાખ્યાનશૈલીથી સતત ચાર દિવસ ડૉ. કુમારપાળ દેસાઈએ સહુને અભિભૂત કર્યાં. સવિશેષ તો તેના પ્રથમ દિવસે શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબાના પ્રણેતા પૂજ્યશ્રી આત્માનંદજી નાદુરસ્ત તબિયત હોવા છતાં ઉપસ્થિત રહ્યા અને એમના આશીર્વાદ સાથે આ કથાનો પ્રારંભ થયો.

આ વ્યાખ્યાનમાં ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે, "શ્રીમદ્ રાજચંદ્રએ દાંભિક ધર્માચરણો અને ક્રિયાકાંડનો વિરોધ કરીને આત્મધર્મનો પુનઃ પ્રસાર કરવા માટે અવિરત પ્રયાસ કર્યો. એમને માત્ર સાત વર્ષની વયે જાતિસ્મૃતિજ્ઞાન પ્રાપ્ત થતાં આટલાં જન્મો લક્ષ્યસાધક નીવડ્યા નહીં, તો આ જન્મ લક્ષ્યસાધક નીવડે તે માટે એમણે મોક્ષમાર્ગ પ્રતિ તીવ્ર ગતિ કરી. એમે જ્યારે એમ લાગ્યું કે આ એમની મોક્ષમાર્ગની પ્રવૃત્તિમાં શતાવધાનના પ્રયોગો અને જ્યોતિષશાસ્ત્ર અવરોધક છે, તો એને તત્કાળ તિલાંજલિ આપી દીધી.

માતાની અનિચ્છાને કારણે એમણે દીક્ષા લીધી નહીં, અને જીવનભર એકનિષ્ઠાથી માતાની સેવા કરતા રહ્યા. જુદાં જુદાં નિવૃત્તિક્ષેત્રોમાં રહીને એમણે સાધના કરી અનેજૈનધર્મના સિદ્ધાંતોના નિચોડ સમા ગ્રંથો રચ્યા. એમનામાં કવિતા અને તત્ત્વજ્ઞાન એવા લય અને તાલ સાથે પ્રગટ થયા કે અગણિત મુમુક્ષુઓના અંતરમાં આજ સુધી એનું અવિરત ગુંજન ચાલ્યા કરે છે. એમણે રચેલું "આત્મસિદ્ધિશાસ્ત્ર" આત્માનું ઉપનિષદ ગણાયું અને અપૂર્વ અવસર નામનું એમનું કાવ્ય મહાત્મા ગાંધીજીને ઘણું પ્રિય હતું.

આ વ્યાખ્યાનશ્રેણીમાં ડૉ. કુમારપાળ દેસાઈએ જણાવ્યું કે, મહાત્મા ગાંધીજીના જીવન પર કોઈનો સૌથી વધુ પ્રભાવ પડ્યો હોય તો તે શ્રીમદ્ રાજચંદ્રનો હતો. એમની પાસેથી ગાંધીજી અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અનેકાન્ત જેવી ભાવનાઓ પામ્યા અને ગાંધીજીએ એનો પોતાની રીતે રાષ્ટ્રકલ્યાણમાં વિનિયોગ કર્યો. શ્રીમદ્ રાજચંદ્રજીએ શ્રી સોભાગભાઈ અને બીજા અનેક મુમુક્ષુઓને પત્ર દ્વારા માર્ગદર્શન આપ્યું અને એમનાં પત્રો આજે અધ્યાત્મસાધકો માટે રાજપથ બની રહ્યા છે.

''મતભેદ રાખી કોઈ મોક્ષ પામ્યા નથી'' એમ કહેનાર શ્રીમદ્ રાજચંદ્રજીએ સંપ્રદાયની સંકુચિતતા અને મતોના આગ્રહ છોડી આત્મકલ્યાણનો માર્ગ પામવાનો પડકાર કર્યો, તેમજ સમર્પણશીલ ભાવયુક્ત ભક્તિને એમણે સર્વોત્કૃષ્ટ માર્ગ તરીકે બતાવી. એમની ઇચ્છા શુદ્ધધર્મ માર્ગનો પ્રકાશ આપવાનો હોવાથી એમણે વીતરાગ પ્રણીત માર્ગને યથાર્થ રીતે દર્શાવવાનો હોવાથી પરસ્પરના શાસ્ત્રોનું સાદર વાંચન થાય. જુદા જુદા ફિરકાઓ વચ્ચે એકતા સધાય તેવો એમનો આશય હતો.

મહાત્મા ગાંધીજીની અધ્યાત્મિક ભીડ સમયે હંમેશાં માર્ગદર્શક બની રહેલા અને હિંદુ વિશે મહાત્મા ગાંધીજીની શંકાઓને દૂર કરનારા શ્રીમદ્જીને કારણે મહાત્મા ગાંધીજીએ નોંધ્યું છે કે ''એમણે મારા ૨૭ પ્રશ્નોના આપેલા ઉત્તરોને પરિણામે મારું મન હિંદુ ધર્મમાં ઠર્યું.'' આ રીતે માત્ર ૩૩ વર્ષના અલ્પ આયુષ્યમાં શ્રીમદ્ રાજચંદ્ર પરમ આત્મકલ્યાણ સાધી અનેક મુમુક્ષુઓને જીવનદૃષ્ટિ આપનારો આત્મકલ્યાણનો માર્ગ બતાવી ગયા.

આ ચારેય દિવસ પોતાની અસ્ખલિત, પ્રવાહી અને ચિંતનશીલ વાણીથી શ્રોતાઓના હૃદયને ભીંજવનારા ડૉ. કુમારપાળ દેસાઈનું છેલ્લે સંસ્થાઓએ અભિવાદન કર્યું અને પૂ. આત્માનંદજી, પૂ. શ્રી ગોકુળભાઈ, આત્માર્પિત શ્રી અપૂર્વજી, પૂ. શર્મિષ્ઠાબેન, પૂ. વિક્રમભાઈ પૂ. સુરેશજી જેવા તથા ''રાજસેવા'' સંસ્થાના કાર્યકરો અને સર્વશ્રી અરવિંદભાઈ શાહ, શ્રી ભરતભાઈ મહેતા, શ્રી જસવાણી, શ્રી દિનેશભાઈ, શાહ વગેરેએ આયોજન માટે ભારે જહેમત ઉઠાવી હતી અને ઉપસ્થિત રહ્યા હતા તથા સર્વશ્રી કલ્પેશ વી. શાહ, અંબરિષ શાહ (ગુજરાત વિદ્યાસભા), શ્રીપાલ શાહ અને ગૌરવ શેઠ (શેઠ આણંદજી કલ્યાણજી પેઢી), નીતિન શુક્લ (પૂર્વ સી.ઈ.ઓ. સેલ હજીરા), વિનય શાહ (ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી, બ્રિટન) વગેરે દ્વારા દીપ-પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી અનામિક શાહે ડૉ. કુમારપાળ દેસાઈએ અંગ્રેજીમાં લખેલા ''શ્રીમદ્ રાજચંદ્ર અને મહાત્મા ગાંધી'' પુસ્તકનું વિમોચન કર્યું હતું. શ્રીમદ્ રાજચંદ્રજી અને મહાત્મા ગાંધીના સંબંધો દર્શાવતું અંગ્રેજીમાં લખાયેલું આ સર્વપ્રથમ પુસ્તક છે. પૂ. વિક્રમભાઈ, શ્રીમતી પિકોલા શાહ, શ્રીમતી મોનિકા શાહ અને અમીબેન ફોજદારે સંગીત-સાથ આપ્યો હતો.

**નલિની દેસાઈ**

# સાહિત્ય સંસદ, યુએસએ

પૂર્વે ૧૯૨૮માં સ્થપાયેલી સંસ્થાનું નામ ''સાન્તાક્રુઝ સાહિત્ય સંસદ'' હતું તે સંસ્થાને જુલાઈ ૧૯૬૪માં મહાવિદ્વાન પ્રાચાર્ય રામપ્રસાદ પ્રેમશંકર બક્ષીએ ''સાહિત્ય સંસદ, સાંતાક્રુઝ'' તરીકે પુનઃ પ્રસ્થાપિત કરી. સંસ્થાના સ્થાપકપ્રમુખ રામભાઈ સંસ્કૃતસાહિત્ય, ગુજરાતીસાહિત્ય, તત્વજ્ઞાન, રસશાસ્ત્ર, અને ભાષાશાસ્ત્રના ઊંડા અભ્યાસી, વિદ્વાન તથા વિવેચક તરીકે પ્રતિષ્ઠા પ્રાપ્ત વિદ્વદ્વર્ય પુરુષ હતાં. અનેક શૈક્ષણિક-સામાજિક સંસ્થાઓના સ્થાપક તેમજ માર્ગદર્શક હતાં. શિક્ષણક્ષેત્રે એક અત્યંત નિપુણ, જાગૃત અને કાર્યદક્ષ આચાર્ય તરીકે નામના હતી. ૧૯૮૯માં આચાર્યશ્રીના અવસાન બાદ ધીરુબેન પટેલે ૧૯૯૫-૯૬માં સંસ્થાને શ્રી સુધીરભાઈ દેસાઈ અને કનુભાઈ સૂચકની સહાય સાથે ફરી સક્રિય કરવા પ્રયાસ કર્યો. ૧૯૯૮માં કનુભાઈ સૂચકે પ્રમુખ તરીકે પદભાર સંભાળતા કહેલું ''પ્રખર વિદ્વાન અને પ્રકાંડ પંડિત રામભાઈ બક્ષીની ચરણરજ જેવી જ મારી લાયકાત છે. રામાયણના ભરતની જેમ તેમની ચરણપાદુકાને લક્ષ્યમાં રાખી હું સાહિત્યની સેવા કરીશ.'' શુદ્ધ સાહિત્યના જ કાર્યક્રમ કરતી આ સંસ્થાએ તે ઉપાસના શુધ્ધતા અને સાદાઈના પ્રતીક સમા રામભાઆઈના પંથે જ કરી છે. કવિ, લેખક અને વિવેચક સ્વ. પ્રા.નીતિન મહેતાએ આ સંસ્થાને ''શુદ્ધ સાહિત્ય માટે કાર્ય કરતી મુંબઈની એક માત્ર સાહિત્ય સંસ્થા'' તરીકે ઓળખાવી તે સંસ્થા માટે એક ઉત્તમ પુરસ્કાર હતો. આ ઉપરાંત 'મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી' તરફથી ૨૦૧૪માં આ સંસ્થાને 'જીવનગૌરવ' પુરસ્કાર આપવામાં આવ્યો તે સંસ્થા દ્વારા થયેલ અનેક સાહિત્યિક કાર્યોની ગુણવત્તાની કદર સ્વરૂપો હતો. આવા અનેક કાર્યક્રમો સાથે સંસ્થાએ 'સર્જક-ભાવક સંવાદ'માટે દર ગુરુવારની બેઠક શરુ કરી. લગભગ ૨૦ વર્ષથી અખંડ ચાલતી આ બેઠકોમાં અનેક સર્જકો અને ભાવકોએ સહૃદય સંસ્પર્શની અનુભૂતિ માણી છે. કારયિત્રી અને ભાવયિત્રી સંવેદનાનો આ પ્રયોગ સાહિત્ય ગુણવત્તાના પ્રસાર અને તેને પ્રોત્સાહક પરિબળ તરીકે જરુરી સિદ્ધ થયો. જીવન સાથે અનુસંધાન સાધે તે સાહિત્ય.

ગુજરાતીઓની ઓળખ 'વિવેકબૃહસ્પતિ' તરીકે છે. સંજોગ અને સંઘર્ષમાંથી સારાસારનો વિવેક કરી નિર્ણય લેવાની આપણી અદ્ભુત ક્ષમતા સમગ્ર વિશ્વમાં પંકાયેલ છે. અમેરિકામાં વસતા અનેક સાહિત્યસર્જકો અને ભાવકો આ પ્રયોગ અને તેની સફળતાના પ્રસંશકો રહ્યા છે અને ત્યાં ઘણાં મિત્રોએ નિર્ણય લીધો છે કે 'સાહિત્ય સંસદ, યુએસએ'ની શરૂઆત કરી આ પ્રયોગ ત્યાં પણ કાર્યાન્વિત કરવો. અમેરિકામાં સહુ ગુજરાતી સાહિત્ય રસિક મિત્રો દૂર-સુદૂર વસતા હોય તો પણ આ પ્રયોગમાં સહભાગી થઇ શકે છે.

**શ્રી કનુભાઈ સૂચક** ❑❑❑

# જ્ઞાન-સંવાદ

**પ્રશ્ન પૂછનાર : શ્રી અનિલભાઈ શાહ**
**ઉત્તર આપનાર : વિદ્વાન ડૉ. પાર્વતીબેન ખીરાણી**

સવિનય લખવાનું કે આપના મુંઝવતા પ્રશ્નો વાંચ્યા. જિજ્ઞાસા માટે ધન્યવાદ, પરમ શ્રદ્ધેય, પ.પૂ. સુધાબાઈ મહાસતીજી (ગોંડલ સંપ્રદાય પ્રાપ્ત પરિવાર) ના માર્ગદર્શક મુજબ જવાબ આપવાનો પ્રયત્ન કરૂં છુ. આશા છે આપને સંતોષ થશે.

**પ્ર.૧ આપણા જૈનધર્મમાં જીવની ચોથી ગતિ નરક અથવા નારક છે. આ માન્યામ નથી આવતુ કારણ કે જૈનધર્મમાં જ કહ્યું છે કે દરેક જીવ તેના શુભાશુભ કર્મનું ફળ ભોગવે અને નરક પણ ભોગવે આ તો બેવડો માર બીજું નરકમાં નરકગામી જીવને પરમધામી દેવો ખૂબજ ત્રાસ અને વેદના આપે છે. તો શું પરમાધામી દેવોને તે કર્મનું ફળ ભોગવવું ન પડે? બીજો પ્રશ્ન એ પણ છે કે જીવ પરમાધામી દેવ ક્યારે બને?**

જ.૧ સૌ પ્રથમ કર્મના ફળ એટલે શું?

જે કર્મ જે રીતે બંધાયેલું હોય એ જ પ્રકારે જે રીતે ઉદયમાં આવે એ ફળ કહેવાય એ ફળ શુભ પણ હોય અશુભ પણ હોય. અશુભ ફળ ૮૨ પ્રકારના છે જેમાં નરકગતિ, નરકાનુપૂર્વી અને નરકનું આયુષ્ય. એટલે નરક અને કર્મફળ આ બંને ભિન્ન છે જ નહિ જેથી બેવડા મારનો પ્રશ્ન જ ઊભો થતો નથી.

નરકનું ફળ ભોગવવાની રીતના ત્રણ પ્રકાર છે - ક્ષેત્રવેદના, પરમાધામીકૃત વેદના અને અન્યોન્યકૃત વેદના.

જેમ અહીં જેલમાં એક બેરેકમાં ઘણાં બધા કેદીઓ સંકડાશમાં રહેતા હોય જ્યા સરખું સુવાય-બેસાય નહિ. ગરમી થાય બધા વચ્ચે કોમન સંડાસ બાથરૂમ હોય એ સમાન ક્ષેત્રવેદના, કેદીઓ પરસ્પર લડે તે અન્યોન્યકૃત વેદના અને જેલર દ્વારા અપાતો દંડ = પરમાધામીકૃત વેદના. જેલર બધાને જ દંડ આપે એ જરૂરી નથી એ જ રીતે પરમાધામી બધાને જ ત્રાસ આપે એ જરૂરી નથી. અસંખ્યાતા નારકી પરમાધામીના ત્રાસથી બચી જતા હોય છે.

અહીં વિવિધ ક્રીમીનલ અપરાધી પ્રમાણે વિવિધ સજા થાય છે જેણે અપરાધ કર્યો છે તે સ્વબચાવમાં થયો છે, આવેશમાં થયો છે, યોજનાબદ્ધ થયો છે કે રીબાવી રીબાવીને ત્રાસ આપીને થયો છે. એ બધા પાસાઓને ધ્યાનમાં રાખીને સાદી જેલ. સખત કાર્ય સાથેની જેલ, આજીવન કેદ કે ફાંસીની સજા મળે છે. એમ જેણે ઘણાં ક્રૂર ઘાતકી કર્મો કર્યા હોય એને એવા કર્માનુસાર ૧ થી ૭ નરકમાં જવું પડે છે.

ત્યાં પરમાધામી દેવો ૧ થી ૩ નરકના જીવોને એમની ફરજ રૂપે નારકીને દુઃખ આપવાનું કાર્ય કરે છે. એમાં એમના રાગદ્વેષ અનુસાર કર્મબંધ થાય છે એ કર્મ અનુસાર એમને પણ એમના ફળ ભોગવવા મનુષ્ય કે તિર્થંચ ગતિમાં જવું પડે છે.

પરમાધામી દેવ ક્યારે બને?

જે મનુષ્ય કે તિર્થંચ ધર્મ કરે, પુણ્યના કાર્યો કરે પણ દ્વેષ ઘણો કરે જેમ કે હિન્દુ મુસલમાનને જોઈને વેર કરે. આમ ધર્મ તો કરે, વ્રતો પણ આદરે પરંતુ વેર-દ્વેષ કરવાથી પરમાધામી જેવા નીચલી કક્ષાના દેવ બને અને દ્વેષના સંસ્કારને કારણે નારકીને મારે, દુઃખ આપે એમાં રાજી થાય.

**પ્ર.૨ બીજો એક નિયમ છે કે એક જીવ મોક્ષમાં જાય ત્યારે એક જીવ અવ્યવહાર રાશિ (નિગોદ) માંથી વ્યવહાર રાશિમાં આવે અર્થાત્ બેઈન્દ્રિયમાંથી પંચેંદ્રિયમાં આવે. શું અત્યારે એટલા બધા જીવો મોક્ષમાં ગયા છે કે વિશ્વની વસ્તી ફદકે ને ભૂસ્કે વધતી જાય છે?**

જ. ૨ અવ્યવહાર રાશિ એટલે સૂક્ષ્મ નિગોદ અને બાદર નિગોદ વનસ્પતિકાયના અપર્યાપ્તા પર્યાપ્તા એ ચાર ભેદવાળા જીવો. આ જીવો જ્યાં સુધી અન્ય કાય, જાતિ, ગતિ આદિમાં જવા નથી પૃથ્વીકાય આદિ સાથે એનો વ્યવહાર શરૂ થતો નથી ત્યાં સુધી અવ્યવહારરાશિના કહેવાય છે. એક વખત પાણનિગોદનું સ્થાન છોડી પૃથ્વી આદિમાં જઈને પાછા નિગોદમાં જાય તો પણ વ્યવહારરાશિના જ કહેવાય છે આ લોકમાં અવ્યવહારરાશિનું એક સ્થાન છે જે જીવોથી ઠસોઠસ ભરેલું છે. અનંતા જીવો સિદ્ધ થયા પછી પણ એમાંથી માત્ર અનંતમા ભાગના જીવો જ ખાલી થયા છે. અર્થાત્ નિગોદના ૧ ગોળામાં અસંખ્યાતા શરીર હોય પ્રત્યેક શરીરમાં અનંત જીવ હોય. એમાંથી ૧ શરીરમાં રહેતા અનંતા જીવો પણ ખાલી થયા નથી. એટલા જીવો છે. બીજું સ્થાન વ્યવહાર રાશિનું છે. એમાં પણ અનંતા જીવો છે. પણ એ જેટલા છે એટલા જ રહે છે. (વોટર લેવલ મુજબ) અર્થાત્ જઘન્ય ૧ અને ઉત્કૃષ્ટ ૧૦૮ સુધીના જીવો સિદ્ધ થાય એ પ્રમાણેના જીવો અવ્યવહાર રાશિમાંથી આવીને જગ્યા પૂરી દે. ત્રીજું સ્થાન છે સિદ્ધનું જેમાં પણ અનંતા જીવો છે જ્યાં જીવો આવે છે છતા ક્ષેત્રમાં ૧ જ્યોતમાં બીજી જ્યોત મળે એમ સમાતા જાય છે માટે અવ્યવસ્થા નથી થતી. એમાં જીવોની વૃદ્ધિ થતી રહે છે. અવ્યવહારરાશિમાં ઘટતી રહે છે અને વ્યવહારરાશિમાં યથાવત રહે છે અર્થાત્ ૧ જીવ જાય એટલે ૧ જીવ આવી જાય.

હવે આપનો પ્રશ્ન છે કે અત્યારે એટલા બધા જીવો મોક્ષે ગયા છે કે વિશ્વની વસ્તી કૂદકે ને ભૂસ્કે વધતી જાય છે? આપનો પ્રશ્ન માનવવસ્તીને સૂચવે છે જ્યારે અવ્યવહારરાશિમાંથી નીકળેલો પૃથ્વીકાય આદિ એકેન્દ્રિયમાંથી પસાર થતો થતો પંચેંદ્રિયમાં પહોંચે છે અવ્યવહારરાશિમાંથી નીકળીને તરત જ મનુષ્ય થઈ જતો નથી. તેમજ મનુષ્યની વસ્તી કેટલી પણ વધે તો ૨૯ અંક (ડિજિટ)થી વધારે ન વધી શકે એનો રેશિયો ઓછો વધુ થઈ શકે. જેમ ૧૦૦ અને ૯૯૯ બંને ત્રણ ડિજિટની સંખ્યા છે એમાં એકથી કરીને ૯૯૯ જેટલો ફરક આવી શકે. એમ ૨૯ અંકની સંખ્યા માટે સમજવું એટલે મનુષ્યોની વસ્તી મનુષ્ય ક્ષેત્રમાં ૨૯ અંકથી વધી જ ન શકે કદાચ અહી વધતી લાગે તો બીજા ક્ષેત્રમાં ઘટીને સરભર થઈ જશે.

માટે મોક્ષમાં ગયેલાને અને વસ્તી વધારેને કોઈ કનેક્શન નથી. અને મનુષ્ય કિંવા એકેન્દ્રિયથી પંચેંદ્રિયમાં જીવની સંખ્યાની વધઘટ ડિજિટની અંતર્ગત જ થાય છે.

**પ્ર.૩ કેટલાક માનવીઓ કેટલાંક દેવોની સ્તુતિ, ભક્તિ વિગેરે કરીને પ્રસન્ન કરે છે. પ્રસન્ન થયેલા દેવો ધન, સંપત્તિ કે પુત્ર પ્રદાન પણ કરે છે. તો આ સદ્કર્મોનું ફળ દેવોને ભોગવવું પડે? કઈ ગતિમાં?**

**વાણવ્યંતર દેવો કેટલાક માણસોને હેરાન-પરેશાન કરે છે તો તેમને પણ આ ખરાબ કર્મનું ફળ ચાર ગતિમાંથી કઈ ગતિમાં ભોગવવું પડે?**

જ.૩ દેવો ભક્તિવશાત્ કે અનુગ્રહવશાત્ જે કાંઈ પણ મદદરૂપ ધનસંપદા આપે છે તે એમની પોતાની માલિકીની કે દેવલોકની નથી હોતી કારણકે એ વૈક્રિય પુદ્ગલોની વસ્તુઓ મનુષ્યે માટે કામની હોતી નથી વૈક્રિયરૂપથી બનાવેલી વસ્તુ ૧૫ દિવસથી વધારે ટકતી પણ નથી એટલે મનુષ્યલોકની જ વસ્તુઓ ગમે ત્યાંથી લઈને આપી શકે છે. એ એમની વૈક્રિયશક્તિનું પરિણામ છે. દેવોને અવધિજ્ઞાન હોય છે એના આધારે એ જેમને મદદ કરવા ઈચ્છે છે એમના ભાગ્યમાં એ વસ્તુઓ છે કે નહિ એ પણ જાણી લે છે એ પ્રમાણે સહાય પણ કરે છે દેવો સંપત્તિ, સંતતિની લિંક પણ જાણતા હોય છે જેમ કે કોની સંપત્તિ કોને આપવી કે સંતતિનું પણ સાહરણ કોની સાથે કરવું વગેરે. જેમ કે શાલિભદ્રને ત્યાં ૯૯ પેટી ઉતરતી હતી તો વળી દેવકીના છ પુત્રને સુલાસાને ત્યાં મૂકવામાં આવ્યા આ બધામાં એમનો જ્ઞાત હોય અથવા કોઈ દેવ જ્યાં અવતરવાના હોય ત્યાં જઈને કહે પણ ખરા કે આપને ત્યાં પુત્ર થશે વગેરે. ઘણી વાર કાગને બેસવું ડાળને પડવું જેવા જોગ સંજોગ પણ સર્જાઈ જતા હોય છે. એવા પણ કેટલાય પ્રસંગ જોવા મળશે કે દેવોની ભક્તિ કરવા છતાં સફળતા મળતી નથી. આમાં દેવોને નહિ પણ પોતાના કર્મોનો જ વાંક હોય છે. આ એમનું સત્કાર્ય જ હોય જરૂરી નથી. ઋણાનુબંધ પણ હોઈ શકે. એમના કર્મબંધ પ્રમાણે. એ મનુષ્ય કે તિર્યંચગતિમાં જઈ શકે છે. દેવ માણસને હેરાન પરેશાન કરે એમાં પૂર્વભવનું વેર હોઈ શકે છે. વેરાનુબંધ વગર કોઈને હેરાન ન કરી શકે. દેવમાંથી મનુષ્ય કે તિર્યંચ ગતિમાં જ જવાય છે.

**પ્ર.૪ સીંગતેલ અને હળદર પ્રથમ દૃષ્ટિએ કંદમૂળ ગણાય. સીંગતેલ અને હળદરથી બનેલ આહાર જૈન સંતો-સાધુઓ વહોરે છે તો તેમને દોષ ન લાગે? કેટલાક જૈન સાધુ સૂંઠ પણ વહોરે છે.**

જ. સીંગતેલ અને હળદર બંને વનસ્પતિકાયના અચેત પર્યાયો છે માટે એને વહોરવામાં કોઈ વાંધો નથી. અહીં કંદમૂળ એટલે સાધારણ વનસ્પતિકાયના અર્થમાં લેવાનું છે. પ્રજ્ઞાપનાસૂત્રમાં કંદમૂળ નહિ પણ સાધારણ વનસ્પતિ જે અનંતકાય છે એની હિંસા કરવાની મનાઈ છે. સાધારણ ૧૧ જમીનની અંદર ઉગતી હોય અને બહાર પણ ઉગતી હોય છે. એના લક્ષણ બતાવ્યા છે એના આધારે નક્કી કરવાનું છે. મુખ્યાત્વે -ચાર લક્ષણ છે. (૧) ગુપ્ત શિરા (૨) ગૂઢ-ગુપ્ત (સ્પષ્ટ ન જણાય તેવા) સંધિસ્થાન (૩) પર્ણો-ધડ-ડાળ વગેરેના સાંધાઓ અને જેને ભાંગતા સરખા ભાગ થાય અર્થાત્ જે મૂળને તોડવાથી તેમા અત્યંત સમાન ચક્રના આકારના ભાગ દેખાઈ આવે એ બધા સાધારણ વનસ્પતિના લક્ષણો છે. આ લક્ષણો મૂળ, કંદ, સ્કંધ, ત્વચા, શાખા, પ્રવાસ પાંદડા, ફળ, ફૂલ, બીજ (વનસ્પતિના ૧૦ અંગ)ને તોડવાથી સમાન ભંગ થાય તો અનંત જીવવાળા સમજવા એ જ રીતે પૂર્વોક્ત વનસ્પતિના મૂલાદિ દસ અંગને ભાંગવાથી હીર = વિષમ છેદ દેખાય સમાન ભંગ ન દેખાય તો તેને પ્રત્યેક શરીરી સમજવા. જે મૂળનું કાષ્ઠ અર્થાત્ મધ્યવર્તી સાર ભાગની અપેક્ષાએ છાલ અધિક મોટી હોય તો તે છાલને અનંત જીવવાળી સમજવી જોઈએ એ જ રીતે કંદ, સ્કંધ અને શાખાના સારભાગ કરતાં છાલ મોટી મોટી હોય તો અનંત જીવવાળા હોય અને એનાથી વિપરીત પાતળી છાલવાળા હોય તો પ્રત્યેક જીવવાળા અર્થાત્ ૧ શરીરમાં ૧ જીવવાળા હોય.

**(સંદર્ભ - પ્રજ્ઞાપના સૂત્ર)**

એ અપેક્ષાએ સાંગમાં અનંતકાયના કોઈ લક્ષણ નથી માટે

તે સાધારણ વનસ્પતિ-કંદમૂળની કોટિમાં ન આવે. તેમજ હળદર, આદુ વગેરે પોતાની મેળે જ સૂકાઈ જઈને ગાંઠિયામાં રૂપાંતર થઈ જાય છે. અને કાપીને સૂકાવવાની જરૂર નથી પડતી. માટે એનો ઉપયોગ કરવામાં પણ વાંધો નથી આવતો. કારણ કે એનો પાવડર અચેત છે જે વાપરી શકાય છે. એનો ઉપયોગ સ્વાદ માટે નહિ પણ ઔષધરૂપે કરવાનો હોય છે. સાધારણ વનસ્પતિની પ્રકૃતિ સંગ્રહ અને શોષણ વૃત્તિની હોય છે. સંગ્રહવૃત્તિમાં રાગ છે. શોષણવૃત્તિમાં ક્રૂરતા છે બીજાને આગળ ન આવવા દે ખુદ પોતાના છોડનું પણ શોષણ કરે આ બંને પ્રકૃતિ સાધનામાં બાધક છે. જીવની પરિણામધારા જ બદલી નાંખે છે. માટે જ હિંસાના કારણ ઉપરાંત આ કારણ માટે પણ એનો આહારમાં ત્યાગ કરવો જોઈએ. સાધારણ વનસ્પતિનો આહાર તામસિક ગણાય છે. જ્યાં સાધનાની વાત આવે ત્યાં આહારને મહત્વ આપવામાં આવે છે. આહારની અસર વિચાર પર પડે છે અને વિચાર પ્રમાણે આચાર શક્ય બને છે માટે સાધારણ વનસ્પતિ ન ખાવી જોઈએ.

**ડૉ. પાર્વતીબેન ખીરાણી**

❑❑❑

# મનુષ્ય જીવન અને મરણ

**નટવરભાઈ દેસાઈ**

આપણો આત્મા ''પરમાત્મા''નો અંશ છે એ આપણે સૌ જાણીએ છીએ. આત્મા પરમાત્માથી છૂટો પડે ત્યારે જીવાત્મારૂપે અવતરે અને તેનું જે કાંઈ જીવન નિર્માણ થયું હોય તે પૂરું થાય એટલે તે જીવાત્માનો આત્મા પરમાત્મામાં ભળી જાય. મનુષ્ય માત્ર જન્મે ત્યારથી તેને દિવ્ય આનંદ અને પરમ શાંતિની ઝંખના હંમેશાં રહેતી હોય છે. પરમ શાંતિ અને દિવ્ય આનંદ માટે તે જાતજાતના ખેલ કરે છે કારણ તે જન્મે ત્યારથી તેની ઉપર માયાનો પડદો ઈશ્વરે મૂકી દીધો હોય છે. આ માયાના પડદાને કારણે દરેક મનુષ્ય સુખ-શાંતિ માટે સંસારમાં ભટકતો રહે છે. ભૌતિક દુનિયામાં જે કોઈપણ વસ્તુ પ્રાપ્ત થાય તે હંમેશાં ક્ષણિક હોય છે. આ સંસારમાં શાશ્વત કંઈ જ નથી, સઘળું જ ક્ષણભંગુર છે. જીવાત્માને જેની ઝંખના છે તે પરમ શાંતિ અને દિવ્ય આનંદ પોતાની જાતમાં જ શોધવાનો છે, પરંતુ માયાના આવરણને કારણે કોઈપણ જીવાત્માની તે તરફ દૃષ્ટિ જતી નથી. અમુક જ પુણ્યશાળી જીવાત્માઓમાં વહેલી મોડી આ સમજ આવે છે ત્યારે ઈશ્વરકૃપા હોય તો માયાનો પડદો હટી જાય અને પોતાનો અહમ્ ઓગાળી પરમ સુધી પહોંચી શકાય.

આત્મા પરમાત્માથી છૂટો પડે તે પહેલાં તે ખુદ પરમાત્મા હોય છે જે હંમેશાં પરમ શાંતિ અને દિવ્ય આનંદનો સ્રોત છે. તેમાંથી તેનો અંશ જ્યારે છૂટો પડે ત્યારે ઈશ્વરની લીલાને કારણે તે જીવાત્માને સંસારી માયાનું આવરણ આવી જાય છે જે તેના મરણ સુધી તેને છોડતું નથી. જ્યારે જીવાત્માનું મરણ થાય ત્યારે તેનો આત્મા પરમાત્મામાં ભળી જાય છે અને તેને પ્રભુમાં ભળી જવાથી પરમ શાંતિ અને દિવ્ય આનંદ પ્રાપ્ત થાય છે. મરણ પછીની આત્માની ગતિ તે જ્યાંથી આવ્યો ત્યાં પાછા જવાની હોય તે મુજબ તે ફરી પરમાત્મામાં ભળી જાય છે. માણસ જન્મે ત્યારે આનંદ થાય છે અને મૃત્યુ પામે ત્યારે શોક થાય છે તે અયોગ્ય છે કારણ આખું જીવન જે પ્રાપ્ત કરવા માટે જીવે વલખાં માર્યા હોય છે તે તેના મૃત્યુ બાદ તેને પ્રાપ્ત થાય છે એટલે મૃત્યુને મંગલ અવસર કહેવામાં આવે છે.

વ્યક્તિએ પોતાના જીવન દરમ્યાન જો દિવ્ય આનંદ અને પરમ શાંતિ પામવી હોય તો તેણે અનાસક્તિ ભાવ કેળવી, તેણે જે કાંઈપણ પ્રાપ્ત કર્યું હોય તે એક દિવસ છોડવાનું છે એમ સમજીને માયા અને મમતાથી દૂર રહી સાક્ષીભાવે જીવન જીવે તો એનો અંતરાત્મા હંમેશાં પ્રફુલ્લિત રહી પરમ શાંતિ અને દિવ્ય આનંદનો અનુભવ કરી શકે.

આત્મા-પરમાત્મા, જીવ અને શિવ ક્યાંથી આવ્યા ક્યાં જવાના તે બધા જ ગૂઢ અને ગહન પ્રશ્નો છે, તેમાં તર્ક-વિતર્ક કરી ઊંડા ઉતરવા જેવું નથી. જીવાત્માએ ફક્ત એટલું જ સમજવાનું છે કે જ્યાંથી હું આવ્યો છું ત્યાં પાછું જવાનું છે. જે ઘરેથી અવતરણ થયું તે જ ઘરમાં સમાપ્તિ થવાની છે એટલે પોતાના ઘરે આવે અને જે હાશકારો થાય તે હાશકારો અને છૂટકારાનો આનંદ મૃત્યુ સમયે થવો જોઈએ. આંખ મીંચાઈ ગયા પછી હું કોણ અને તું કોણ? જે કાંઈપણ આધિ, વ્યાધિ, ઉપાધિ હોય તે કાયમને માટે જતી રહે અને આ જીવાત્મા પરમાત્મામાં પાછો ભળી જાય તેને મંગળ અવસર કહેવાય. આસક્તિ, મમતા, મોહ, દુઃખના કારણો છે અને તે જો અતિક્રમી જઈએ તો પરમ શાંતિ અને દિવ્ય આનંદ હાથવગા છે તેવી સમજણ આપણને સૌને પ્રભુ આપે અને મૃત્યુના ડરથી ગભરાઈએ નહીં અને તેને સહર્ષ સ્વીકારી લઈએ તો જીવનમાં હંમેશાં પ્રફુલ્લિત રહી શકાય. એવા અનેક જીવો છે કે જે પરમાત્માની કૃપાથી માયાના પ્રપંચમાંથી અલિપ્ત રહી પરમ શાંતિ અને દિવ્ય આનંદનો અનુભવ કરતાં હોય છે. આપણે પણ તેવી રીતે જીવન દૃષ્ટિ રાખી મોહ, માયા અને મમતાથી અલિપ્ત થઈએ તેવું પ્રભુ પાસે માંગીએ.

❑❑❑

મોબાઈલ : ૯૩૨૧૪૨૧૧૯૨

# Aparigraha in Jainism

**Prof. Sagarmal Jain**

Our age is the age of science and technology. Science and technology have done a great service to the mankind by providing amenities of pleasant living. Scientific discoveries have enabled man to master nature. But, now, man is in form of monster showing the defects of 'slave turned master'. The scientific achievements and mastery over the nature have turned man into a selfish being to temptation. Selfishness and temptation have eroded our spiritual and moral values of self sacrifice and service to the needy. In their place the mad scramble for power and wealth, a mad race that have endangered our social institutions. These values can survive only if we check our selfish and greedy attitudes. Lord *Mahavira* in *Uttaradhyana* Sutra has rightly observed 'where there is inner desire for material gain and possession of worldly objects of enjoyments, there is greed. The limitless desire for power and wealth has caused man to lose his sense of respect for others. This attitude, in turn, has created a gulf between have and have nots, which has resulted in the loss of mutual faith and sense of fraternity brotherhood. The desire for power and possession has also given birth to the race for atomic weapons. This desire to accumulate more power and wealth is called *'Parigraha'*. And not to accumulate power and possession beyond minimum requirement, constitutes the principle of *aparigraha*, a constituent of *pancayama* of *Lord Mahavira's* philosophy. Though *Mahavira* has laid stress on the principle of non-violence *(Ahimsa)* yet, he also observed that in the root of all violence and war there is the lust for power and possession. Therefore, in order to restore peace and brotherhood and to uproot violence we will have to develop mutual faith and sense of security. Everyone has right to use the gift of the nature, but has no right to deprive others of using these gifts.

In Jainism and *Patanjali*-yoga system, the principle of non-possession *(aparigraha)* is accepted as fifth vow, but if viewed seriously it is the first basic principle. *Jaina* thinkers are of the view that if this very principle is violated all other vows automatically become violated because at the root of violence and theft there is lust for power and possession.

According to *Uttaradhyayana* Sutra the root of all physical and mental sufferings is the desire for worldly enjoyment, therefore only detachment from the worldly enjoyment can put an end to suffering. While materialism seeks to eliminate suffering by fulfillment of human desire it cannot eradicate the primal cause from which the stream of suffering swells up. Materialism does not have an effective means to quench the thirst for possession of worldly objects. It only attempts at temporary appeasement of a yearning, and this has the opposite effect of causing the desire to flare up like fire fed by an ablative of butter. Uttaradhyayana states : Even if an infinite number of mountains of Gold and Silvers, each as large as the *Kailasa* are conjured up, they would not be able to satisfy the human desire for possessions because the desire is as infinite as the sky.

The concept of *aparigraha* does not forbid an individual to fulfill his basic needs such as hunger, thirst, etc. The fundamental message of this principle is to eradicate the desire for power and possessions and lust for sensuous enjoyments. This principle also makes us aware of every living being's right to nature's bounty. It questions the very concept of possession, for possession implies denying and depriving the others of thier right to that which is possessed. This truth is stated in *Mahabharata* too : so far as fulfillment of one's organic need is concerned everyone has the right to use the gifts of nature but one who tries to take possession of them and deprives others from them, is a thief.

Jainism is not alone in its belief that the root cause of suffering is attachment towards wordly objects and lust for their enjoyment. All spiritual traditions are agreed on this. In *Dasavaikalika*, *aparigraha* is defined as amurcha i.e. the detachment. *Tattvarthsutra* of *Umasvati* also supports this view. *Amrtacandra* also points out that he who is unable to root out the lust

for enjoyment and attachment to his belongings, cannot be said to have been established in the vow of non-possession, even if he gives up all his belongings. In the real sense attachment is an obstacle in the way of emancipation. Attachment is born out of 'mineness' which ultimately binds the soul. All misteries suffered by the self are born of attachments towards the alien associations and so it is imperative to abandon the sense of 'mineness' with regard to these external objects.

*Jainism* regards abandoning of 'I and mine sense' and attachment as the only way for self-realisation. As long as there is attachment, one's attention is fixed not on self (soul), but on self, i.e. material objects. Materialism thrives on this objects-oriented attitude or indulgence in the not-self. According to *Jaina* philosophers, the identification with the not-self and regarding worldly objects as a source of happiness are the hallmarks of materialism. It is true that by detached attitude one can free oneself from his mental as well as physical suffering. *Jainism* maintains that the attachment is responsible for all our worldly sufferings. The most intense vasana is called *granthi* which is nothing but a deep attachment towards worldly objects and a desire for their enjoyment. The classical term for Jainism is *Nigganthadhamma*. The term *nigganth*a means one who has unknotted his *hrdaya-granthi*, or one who has eradicated his attachments and passions. The term *'Jaina'* also conveys the same meaning; a true *Jaina* is one who has conquered his passions. *Mahavira* says the attachment towards sensuous objects is the root of our worldly existence. The five senses along with anger, conceit, delusion and desire are difficult to conquer, but when the self is conquered, all these are completely conquered. There is a vicious circle in the origin of desire and delusion, desire is produced by delusion and delusion by desire. Attachment and hatred are the seeds of *Karma* which have delusion as their source. *Karma* is the root of birth and death which is the sole cause of misery.

*Aparigraha* is one of the five *Pancasilas* truly a part of universal ethics. Its role in restoring peace and harmony in the world cannot be neglected. It is needed to be closely associated with modern society, its economic growth, environment preservation. Consuming 'too much' or possessing 'too much' has become an object of social concern as this is a real threat to the social environment. *Aparigraha* is the solution as it means limiting consumption and acquisition. ❑❑❑

## નુકસાન ભરપાઈ કરવું પડે

નેપાલિયનના બાળપણનો એક કિસ્સો છે. એક દિવસ પોતાની નાની બહેન સાથે રમતાં રમતાં એ બહુ દૂર નીકળી ગયો. રસ્તામાં એક ખેડૂતની છોકરી માથે ફળનો ટોપલો લઈને જતી હતી. નેપોલિયનની બહેનનો તેને ધક્કો લાગ્યો અને ટોપલો નીચે પડી ગયો. ફળ નકામાં થઈ ગયાં. ખેડૂતની છોકરી રડવા લાગી.

નેપોલિયનની બહેન તો કહેવા લાગી, ''ચાલ, આપણે બે ભાગી જઈએ! પણ નેપોલિયન બોલ્યો, ''ના, એવું ન કરાય. એ તો બહુ ખોટું. આપણાથી આનું નુકસાન થયું છે તો એ નુકસાન આપણે ભરપાઈ કરી આપવું જોઈએ.''

બહેન કહે, ''મા જાણશે તો આપણને વઢશે.''

પરંતુ નેપોલિયને તો પોતાના ખિસ્સામાં થોડા પૈસા હતા તે ખેડૂતની છોકરીને આપી દીધા અને તેને આશ્વાસન આપ્યા પછી કહ્યું, ''ચાલ, અમારી સાથે. ઘરે જઈને તારું બધું નુકસાન અમે ભરપાઈ કરી આપીશું.''

નેપોલિયન તેને લઈને ઘેર આવ્યો. મા પ્રથમ તો આ બધું જાણીને બહુ ગુસ્સે થઈ. પણ નેપોલિયને કહ્યું, ''મા, ભૂલ અમારી છે. મને તું જે ખિસ્સાખર્ચ આપે છે, તે આ છોકરીને આપી દે.''

મા બોલી, ''ઠીક છે. હવે તને દોઢ મહિના સુધી એક પાઈ નહીં મળે!''

પેલી ખેડૂતની છોકરી પૈસા મળતાં ઘણી ખુશ થઈ પોતાને ઘેર ગઈ. તે જોઈને નેપોલિયનને બહુ આનંદ થયો. પોતે કંઈક ખોટું કામ કર્યું હોય તો તેનાં પરિણામો ભોગવવાં જોઈએ અને ભાગી જવું જોઈએ નહીં, એ વાત નેપોલિયનના હ્રદયમાં બરાબર બેસી ગઈ હતી.

**સૌજન્ય : 'જીવનદીપ' પુસ્તકમાંથી**

# Obstinacy to yourself...through "TRUE MIRROR" !

**Prachi Dhanvant Shah**

I'm rest assured, for once in your life, you have certainly reared by right in front of a mirror and focused yourself how you look. Adjusted your angle as to make sure you have worn appropriate attire, making sure your hair is well set, and your outlook is decent and appealing to your eyes. To convey it undiluted, for me it's not just once but every time, every day in my life. I make sure my physical reflection is very much appealing to my eyesight, and when I am ready to step out of my house, I assure myself more confidently with what my mirror reassures. When you look in the mirror, you look for reassurance from yourself and from the image in front of you. We ask for reassurance from the mirror in front of us. Reassurance of allure, apt outlook and enthrall. But have you ever witnessed other's image in that mirror? For instance, your partner, your friend or a stranger? Maybe you would find their image disorientating from your hallucination. Undoubtedly for them, that reflection what their mirror reassures, is just ideal. I realized this one day when I was getting ready in front of my mirror and was enhancing my eyes with liner and Kajal. I looked at my eyes from left, right, straight and I was assured by my mirror that it was just perfect. But my son, who was watching me from behind, said mum your left eye looks a bit smaller than your right eye in the mirror. His sigh took me to the flashback when I was little. I used to enjoy watching over my dad shaving in front of the mirror. I would sit behind him with my hand on my chin and just gaze at him until he finished. But after he finished, I would ask him the same as my son did to me, " Pappa, your one eye is smaller than the other eye, maybe a couple of meters, but it is smaller and why is that so?" I was simply worried and inquisitive for this always in my childhood. He would laugh it out and just smile at me. It bothered me until I grew up and I realized, the image that the mirror reflects your eyes, could be different as perceived by the third eye. I never thought over and gave importance to this perspective until the history repeated and my son asked me the same. For the matter of fact, this element has so much to learn from in our life.

Observing our self in a regular mirror, being concerned about your physical appearance will never serve the resolution of one's life. We got to look at yourself in a "True Mirror". When we look in a regular mirror for a reflection, we look for a reassurance, but when we look at our self in a "True Mirror", we don't look AT our self but FOR our self. You look for revolution and not reassurance. What is this True Mirror? What is the revolution that we look for? This mirror exists in your hallucination, within yourself, deep inside somewhere within you. And we look for the revolution to be oneself, to know who you are and what you can be. Be it your profession, activities that fascinate you and make you feel good, or be it your spiritual journey. Every individual is born with a unique incarnation in their life. It is just that right time to consider the "TRUE MIRROR" and identify this unique manifestation. What you look in the regular mirror might not be your complete persona and might not be how others would appreciate you for. The display of your outer shell might not be the tangible you. But what you look for yourself through "True Mirror" would certainly be the absolute of you and would positively beguile other's perspectives. But the question is, do we need to allure other's perspectives? Maybe yes for those whom we respect and love. But more importantly, we need to allure our self through the "True Mirror".

Addressing the youth of today and the generation facing challenges in life, I would like to lure their attention to the occupation they are doing. The job you are doing as in your routine. Be it an occupation in a corporate, a job as a banker, a teacher, businessman, etc., or a job of a housewife and a mother. Now, ask yourself, are you successful in your job? When I say successful, it does not mean monetarily successful. But the success that gives you an allure of content to yourself. Are you happy with what you are doing? Any kind of profession you are committed to, does it give you that unique ability to justify that job? Is this the same profession that the universe gifted you when you incarnated in this birth? This probably is the simplest and the most completed question you have ever asked

yourself. The answer to this could possibly be in the question, "what life expects out of you and NOT what you expect from life". To this, If the answer is yes, then you have triumphed success. But if the answer is no, then it is time to see yourself in the "True Mirror" and ignite the revolution within you. Discover the talent you are gifted with and then put that to the service of your goal in life. You might feel it is too late when thinking about it practically, but remember, it is never too late. It is just our mental perception that we block our mind with certain terms and conditions. And now when you select a job, it does not dictate the choice of job, but what it dictates is HOW you do it.

In life, if we perceive, there are only two phases when one is complete to themselves and when they are happy from within their soul. One phase is when you are a child and as fresh as a flower. This is the phase when you are to yourself, without worrying much about others and just enjoy to fullest. The second phase is when you are wrinkly. When you have bypassed the phase of responsibilities, commitments, and stress. The phase when you do not have to worry much about others but can concentrate on oneself. Everything in life becomes more intense. You become more honest with yourself, become more contented, and less compromising towards yourself. But why are there only these two phases of life when you are genuinely happy? Why not in your youth? Why not in your adulthood? Why can't we make our self-happy all the time? Why is it just when you are in your childhood, you are great at being yourself and happy? Why is it just when you are old, you are great at being yourself and being happy? Why not the bit in the middle? This bit in the middle is what is the most problematic, we need to accommodate to situations to adapt to others, we are required to socialize. During this middle phase of life, when we suffer physically or emotionally, we look outside of us and search for the cause of your suffering. But the fact is, the cause and the reasons are lying within you. You yourself are responsible for your sufferings. And these reasons you can unveil by witnessing yourself in your "True Mirror".

We can be happy and be to our self in this bit of middle too in our life. But for that, we must take a resolution today to peek into the "TRUE MIRROR" again and again and every day. To ask for reassurance and revolution about yourself to the mirror hidden within you. Because the truth is, you have far more power over your physical and mental wellbeing. You have much more impact engraved on you then you give yourself the credit for.

Let us not just waste this one precious life gifted to us. Let us be obsessed with transformation, specifically how dreams in our head and heart can be transformed into physical reality with the help of your own "TRUE MIRROR". To transform what you see outside around you, you must first transform who you are from inside. Transform our vision as to how we see others. Let us contribute an obstinacy to our self to take out time in life every day to see our self in this "True Mirror" and plan further to pursue our dreams, our spiritual contentment. Let us not waste our life's potential. Let us change our concept of self which is inauthentic and weak. Let us become who we really are. The spiritual glimmer, the mystical soul within you, ought to shine out and let it not take a back seat in your life. Identify yourself, understand yourself and then befit IT. Shift your focus towards inwards and question your thoughts in front of your own "TRUE MIRROR" in a way of interrogation. Seek to rediscover your true self through contemplation with your own "MIRROR".

You will never be able to change your life unless you change your everyday routine. The secret of success is enthralled in your daily routine. It is just the right time to stand up for yourself, bring a change within you by captivating a tenacity, a resolution, to change your everyday schedule and commencing an inmost debriefing with your "TRUE MIRROR".

***"You yourself as much as anybody in the entire universe, deserve your love and affection "***

**• Gautam Buddha**

❑❑❑

49, wood ave, Edison,
N.J. 08820. U.S.A.
prachishah0809@gmail.com
+1-9175825643

# Jainism Through Ages

Dr. Kamini Gogri

## LESSON - 3

- **Development in Western Orissa**

There are insufficient archaeological findings of Jaina antiquity in South Kosala, particularly in Western Orissa. However, we have some important literary sources to prove that Jainism was there in concerned period, which was under review. According to Bhagavati Sutra and Harivamsha Purana, Mahavir started his earliest preaching of Dharma at Nalanda, Rajgriha, Paniya Bhumi, Siddharthagrama. According to some scholars, (D.C.Sircar) Punita Bhumi is a synonym of Paniya Bhumi as per Ardha Magadhi language. It is the same as Paniya Bhumi or Nagoloka, the present Nagpur, and it is further identified as Bhogapura , the modern Bastar, region of Chhattisgarh and Koraput, Kalahandi district of Orissa.

The Bhagavati Sutra informs that Mahavir stayed at Paniya Bhumi for last six years with Acharya Gosala. From there, they proceeded towards Kurmagrama and Sidharthagrama, which were identified with Erandapali and Sirkurman in Srikakullam district of Andhra Pradesh. The ancient tract through which Mahavir traveled from Paniya Bhumi to Kurmagrama and Sidharthagrama is the same road on which Samudragupta marched to Kalinga.

Western Orissa was incorporated in the Chedi Empire under the Kharavela, a great follower of Jainas. Here we can mention that Jainism was one of the major religious systems of South Kosala during the Chedi rule.

We have number of archaeological evidences including cult image of Jaina Tirthankara belonging to the 5th, 6th and 7th century A.D. The image of Parsvanatha found at Pendra in Bilaspur district is important. The deity is represented engrossing in meditation, a seven headed snake from a canopy over the head of the deity. The Jaina temple at Bhanda is supposed to be the most ancient Jaina monument of Daksina Kosala. Image of different Trithankaras found there and local people worship them in the name of Parganoadev.

There are several other icons of Jaina Tirthankars discovered at Adhabhar, Malhar, the bronze image at Sirpur, two images preserved in the Konthi temple at Ratanpur, a Jaina goddess image at Sarangarh, image of Rsabhanath found at Ratanpur and Malhar which are preserved in the Raipur Museum.

We also find Jaina temples at Kurra and Sirpur in Raipur district. Another ten inches of Mahavir sculpture has been found at Maraguda valley and is preserved in modern Jaina temple of Khariar Road in Nawapara district. It is ten inches in height chiseled on four sides with its cognisance lion at the bottom and the Srivatsa symbol is found on the chest.

Apart from the above sites, we found a Jain temple at Subei in Koraput district. Subei – as a popular religious site The researcher, himself visited the excavated place at Subei, which is located near-by Nandapur and 35 Kms. from Koraput district headquarter. In ancient period, the areas of the district formed part of the Dandaka forest. The tract was also remaining with the Attavika region. The next phase of political domination in the area is marked by the occupation of the Satavahana, the Matharas, and the Ikshvakus.

The Jaina monuments of the village are noticed at the foot of the Panagiri hill. The images are thickly covered with moss and lichen and attended very rarely by the local people. Government or NGOs has made no attempt for proper maintenance of these monuments. Of the ten shrines, only two are somewhat standing at present. All the figures of the Trithankara, one has been depicted in sitting position on the pedestals. The Tirthankaras flanked by chauri bearers are provided with Kevala tree, tri-linear umbrella, Prabhamandala and flying Apsaras. The hairs on the head of the figures are arranged in matted locks. One prominent figure of Rsabhanatha affixed to the outer wall, near the entrance to the premises, is carved in seated Yogasana pose along with other twenty-three Tirthankaras on the sides.

On the basis of the architectural features, V. Dehejia has traced this temple back to the formative phase that is before 700 A.D. but from one of the basis of the iconographic features, the temple can be assigned to the ninth century A.D.

- **Excavated site found in South Kosala**

  **Raipur (Chhattisgarh)**

  Kurra

  Sirpur

  Ratanpur

  Malhar

**Bilaspur (Chhattisgarh)**
Pendra
**Nawapara (Orissa)**
Maraguda Valley
**Koraput (Orissa)**
Subai

- **Influence in Society**

Jainism has played a very significant role in the development of language, philosophy, architectural, sculpture and the way of the life of the people. From third century B.C. to fourth century A.D., according to N. Pattnaik, the political organization and social structure might have been at the best at the level of chiefdom or, state of proto-state formation.

The earliest introduction and spread of Aryan religious practice in Western Orissa came with the initial incursion of the Jaina religion. It is anti-vedic and did not recognize Vedic metaphysics. The first acquaintance the tribal Kosali's had at Aryan was with Jainism. Here we can find the Jaina practices and tribal deities' influence on Western Orissan social life.

The ancient trade route linking the port of Paloura on the Eastern coast of Bay of Bengal with the trade center of Deccan passed through this areas. The rulers gave patronage to Jainism to construct temples under the influence of monks who were travelling in these areas to spread their religion. The creed has had its impact on the life of Oriya and Kosali's peoples. Worship of the Vata tree (Ficus), Kalpavata social custom is drawn from Jainism. Many Jaina scholars were employed as astronomers and administrators of the court of various South Indian royal families as observed by D.C. Sircar.

These Jaina astronomers seem to have introduced the Saka Era in this region. The Jainism also influences the medieval Oriya literature. The story of the Jagannath in the Oriya Mahabharata of Sarala Das appears to be a Jaina parable in a different form. The Vishnu-garbha Purana of Chaitanya Das is replete with version of Jaina philosophical discussion and practices.

Gopinath Mahanty (Gyanapitha awardee) referring to an account in the Sarala Mahabharata(Oriya) assumes that Janughanta was probably a very powerful king of Kalinga, who lived on begging alms, remained neacked (Digambara) and followed the principle of Non-violence. These practices are quite in common with Jaina religious faith. The followers of this king are known as Janughantia in rural Orissa.

They have mathas in Baramba, Narasingpur, Kendrapara areas of Cuttack and Puri district. Hence we can conclude that it is difficult to accept that the Aryan people came in large numbers and subjugated the local tribes and superimposed their own culture and language on the Orissan people. The Orissan situation is principal case of regional variation.

- **Naga Culture in Association with Jainism**

The worship of the Naga culture is found in the different parts of Orissa, especially of the tribal and low caste Hindus of the hilly tracts of Western Orissa. Naga is familiar and common that there is a peculiar place of Naga in their religious life, like the early Egyptians worshipping the snake with totemistic rituals. The people worship snake after being initiated to a religious order (Nagabachcha) like the Upanayana of Brahman.

These Naga cultural traditions still worship in Western Orissa. But we have evidence that it was started since pre-Gupta period in Western Orissa. It is important to observe that there is no restriction of caste, creed or sect for selection of individuals for its ceremony. Generally, the leader of the (Nagabachcha) is called Jhankar, Ojha or Pujhari. The Jaina Parsvanatha is represented either with a seven-hooded serpent expanding over his head or as sitting on the expanded hoods of a serpent with many heads.

According to Jain legend, when Parsvanatha was engaged in devotion, his enemy Kamatha or, Katha caused a great rain and thunder-storm to disturb him in his meditations. The serpent king Dharanendra or Dharana with his wife Padmavati came to protect the lord and shadowed his head with his seven hoods as an umbrella. Such sculptures are found in the cave temples of Badami and Ellora and it has been noticed in Alakapuri- Gumpha of the Khandagiri and Udayagiri.

From the above literary and archaeological information, it can be assumed that there may be more Jaina monuments and serpent images available in Western Orissa, and it seems that there is a lack of excavation in Western Orissa.

**To Be Continued In The Next Issue**

❑❑❑

76-C, Mangal Flat No. 15,
3rd Floor, Rafi Ahmed Kidwai Road,
Matunga, Mumbai-400019.
Mo : 96193 / 79589 / 98191 79589.
Email : kaminigogri@gmail.com

## અતીતની બારીએથી આજ

સંકલન અને પ્રસ્તુતકર્તા : બકુલ ગાંધી

''વિજ્ઞાન અને ધર્મ એકમેકના વિરોધી નથી પણ એકમેકના પૂરક છે. વિજ્ઞાનને ધર્મના સંસ્કારની જરુર છે; ધર્મને વિજ્ઞાનના નિરુપણની જરુર છે. ધર્મ વિજ્ઞાન વિના પાંગળો છે અને વિજ્ઞાન ધર્મ વિના આંધળું છે. વિજ્ઞાન શક્તિ છે, ધર્મ તેનો નિયામક છે'' મહાસતી ઉજ્જવલકુમારીજીનું (સપ્ટેમ્બર ૧૯૪૮) ધ્વનિવર્ધક યંત્રના ક્રાન્તિકારી ઉપયોગથી આપેલ વ્યાખ્યાન...ડિસેમ્બર ૧૯૬૮ના એપોલો ચંદ્રયાનના નીલ આર્મસ્ટ્રોંગની સફળતા બાદ... આગમવાણી અને અદ્યતન વૈજ્ઞાનિક સંશોધન (માર્ચ ૧૯૭૦) શું શાસ્ત્રોને પડકાર આપી શકાય? (મે ૧૯૬૯), (ઓક્ટોબર ૧૯૬૯), ચંદ્રની સમીપે (જાન્યુઆરી ૧૯૬૯) ''અધ્યાત્મ અને વિજ્ઞાન એ બે માનવ જીવનના મોટા પ્રશ્ન છે. જીવન સાથે બન્નેના ઘનિષ્ઠ સંબંધો હોવા છતાં બન્નેની આજે જૂદી ભૂમિકા રચાઈ ગઈ છે. અધ્યાત્મને બાહ્ય ક્રિયાકાંડ અને રુઢિગત માન્યતાઓ સાથે સાંકળી લેવામાં આવ્યું છે અને વિજ્ઞાનને કેવળ ભૌતિક જગત સાથે બાંધી લેવામાં આવ્યું છે. બન્નેમાં એક પ્રકારની વૈચારિક પ્રતિબદ્ધતા આવી ગઈ છે, તેના કારણે એક વિરોધાભાસ ઉભો થયો છે, એટલે કે એકબીજાને પરસ્પર વિરોધી માનવામાં આવે છે. ધાર્મિક જન વિજ્ઞાનને જુઠું કહે છે અને વિજ્ઞાન કહેવાતી ધાર્મિકતાની હાંસી ઉડાવે છે.'' જ્યારે દૈનિક જીવનમાં વૈજ્ઞાનિક શોધનો ઉપયોગ અનિવાર્ય બન્યો છે, ત્યારે આ ચર્ચા વાંચતા સ્પષ્ટીકરણ મળી રહે છે.




**આ બધાજ લેખોને આખા વાંચવા માટે www.mumbai-jainyuvaksangh.com પર વાંચો.**

To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 - Postal Registration No. MCS/147/2016-18. WPP Licence No. MR/TECH/WPP-36/SOUTH/2017. & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai - 400 001.



# જો હોય મારો અંતિમ પત્ર તો...

**ધીરુ પરીખ**

જો મારો આ છેલ્લો જ પત્ર હોય તો એ કોને ઉદ્દેશીને લખું ? થાય છે કે કોઈ પણ વાચકને ઉદ્દેશીને એ લખું. કદાચ એવું પણ બને કે કુદરત ઈચ્છે, તો આના પછી પણ કોઈ પત્ર લખવાનું બને. પણ અત્યારે તો માની લઉં છું કે આ છેલ્લો પત્ર છે.

આમ તો શાળાના અભ્યાસકાળથી પત્રલેખનની કળા શીખ્યો છું. પણ એમાં આડંબર ના જોઈએ, સૌથી પહેલો વિચાર તો એ જ આવે છે કે હું વળી પત્ર લખનાર કોણ? જો તત્ત્વજ્ઞાનથી, ભારતીય અધ્યાત્મ-જ્ઞાનથી વિચારીએ તો ખુદ એકાકી બ્રહ્માને એકલાપણું લાગતાં અનેક રૂપે પ્રકટવાનું તેમણે વિચાર્યું : એકોઽહમ્ બહુસ્યામ, હું એકમાંથી અનેક બનું અને આમ સૃષ્ટિનું સર્જન થયું. આ દૃષ્ટિએ જોવા જતાં હું પણ બ્રહ્મસ્વરૂપ જ છું તેમ વિનમ્રભાવે સ્વીકારવું રહ્યું. પ્રત્યેક મનુષ્ય બ્રહ્મસ્વરૂપ છે. એટલે દરેક જણે શુદ્ધ વિચાર અને વિશુદ્ધ આચાર કરવો જોઈએ. વળી બાઈબલ પ્રમાણે પેલો સેતાન પણ મારામાં પ્રચ્છન્ન રહી, ના, મનુષ્યમાત્રમાં પ્રચ્છન્ન રહી સક્રિય હોય છે. એને હંફાવવા માટે પણ ઘણી મહેનત કરવી પડે છે. મેં તો એ અનુભવ્યું છે કે મનુષ્યભવમાં સેતાન અને સંત બન્ને કામ કરી રહ્યા હોય છે.

આથી મેં તો જીવનમાં સેતાનને હંફાવવાનું કર્યું છે. ભલે હું નાસ્તિક ગણાતો હોઉં પણ મનની સેતાનિયત તો કુટિલપણે ક્યારેક માથું ઊંચું કરી જતી હોય છે. અને એ સેતાનને દબાવવા માટે જ જીવને મોટો સંઘર્ષ ખેડવો પડે છે. ઈસુ, મહાવીર કે બુદ્ધ આ રસ્તે જ પરમત્વ પામ્યા છે. આ કોઈ કાલ્પનિક વાર્તા નથી પણ મનુષ્યમાત્રની અસલિયત છે. એટલે માણસે અન્યની સામે લડત આપતાં પૂર્વે પોતાની જાત સાથે જ લડવું પડે છે. મેં જીવનના અનેક પ્રસંગે આ વિચારયુદ્ધનો આશરો લીધો છે.

આ રીતે જાતને બને તેટલી વિ-શુદ્ધ રાખવી તેને હું મારું કર્તવ્ય સમજું છું. આમાં હું કેટલો સફળ થયો છું તે તો મારા મનનો આંતરિક આનંદ જ સાક્ષી પૂરે છે. કોઈ પણ કપરા સંજોગમાં, વિપદ કે વિષાદમાં આવી મનઃસ્થિતિ જ ખપમાં લાગી છે. ત્યારે વિનમ્ર ભાવે એમ કહી શકું કે મેં જીવનમાં દુઃખ કરતાં સુખની વધુ પળો માણી છે. સુખનો અનુભવ મનુષ્યમાત્રના મન પર જ ખૂબ આધાર રાખે છે. 'મનઃ ઈવ મનુષ્યાણામ્ કારણમ્ બંધ મોક્ષયોઃ', એવું ગીતામાં કહેવાયું છે તે આજના માનસશાસ્ત્રીઓ વૈજ્ઞાનિક પુરાવા સાથે સ્વીકારતા થયા છે. આથી હું તો કહીશ જ કે મનને કાબૂમાં રાખવાથી જ જિંદગી આનંદદાયક બની શકે છે. પણ આ આદર્શ સ્થિતિને પામવી તે ઘણું મુશ્કેલ કામ છે અને એને જે પાર પાડે છે તે સારું જીવન જીવી ભવસાગર તરી જાય છે. મેં તો આ જ આદર્શથી જીવનનો રાહ સ્વીકાર્યો છે ત્યારે સંત કબીર યાદ આવી જાય છે.

ઝીની ઝીની બીની ચદરિયા,
જો ચાદર સુર નર મુનિ ઓઢી,
ઓઢકે મૈલી કીની ચદરિયા;
દાસ કબીર જતન સે ઓઢી,
જ્યોં કી ત્યોં ધર દીની ચદરિયા

❑❑❑

Postal Authority Please Note : If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai - 400004.

Printed & Published by : Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh & Published from 385, SVP Rd., Mumbai - 400004. Tel. 23820296 Printed at Rajesh Printery, 115, Pragati Industrial Estate, 316, N.M.Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Tel. 40032496 / 9867540524. Editor : Sejal M. Shah Temporary Add.: 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai - 400004.